

[illegible]

[illegible]

२१८८७ [illegible] १८०

[illegible]

॥ ॐ નમઃ શિવાય સદાશિવોમ્ ॥

સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસ-
પરિવ્રાજકાચાર્યઆત્માનંદસરસ્વતીપ્રણીત

शैवसर्वस्वाख्यरुद्राध्यायभाष्य.

અર્થાત્

(શ્રીમન્માધવાચાર્યે તથા શ્રીભટ્ટભાસ્કરપ્રણીતરુદ્રાધ્યાયસભાષ્યાનુવાદ)

(शैवसर्वस्वशिवापामार्जनशिवापराधक्षमापनस्तोत्रसहित.)

मुग्धेंदुचूडकरुणातरणिं विहाय खद्योतवद्विधिहरींद्रमुखान्सुरांश्च ।
सेवंति गाढतमसैकविनाशहेतुम्मूढा हि ते दृढतरा मृडभक्तिहीनाः ॥

(મહર્ષિ અગસ્તિ.)

संशोधकः—

शास्त्री अमृतलाल त्रिकमजी आचार्य जामनगरनिवासी

प्रकाशकः—

राजगुरु पण्डित रविशंकर ज्येष्ठारामात्मज जदुरामशर्मा

प्रचारकः—

पण्डित नारायण मूलजी पुस्तकालय
कालिकादेवीरोड दावीशेठ आग्यारीलेन मुंबई नं. २

सने १९३९.] प्रथमावृत्तिः [शके १८६१.


मूल्यं १-८-० सार्धोरूप्यकः

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya Sagar Press, 26–28, Kolbhat Street, Bombay.

Published by Jaduram Ravishankar Trivedi, Proprietor, Pandit Narayan Mulji Sanskrit Book Depot, Kalbadevi Road, Anand Bhuvan, Bombay. 2



શ્રી શિવલિંગ.



मृत्युंजय महादेव त्राहि मां शरणागतम् ।
जन्ममृत्युजराव्याधिपीडितं कर्मबन्धनैः ॥

Indian Art P, Press, Bombay 2



संस्थान धरमपुर महाराणाश्रीना राजगुरु

पण्डित रविशंकर ज्येष्ठाराम.

બે બોલ

આ વૈદિક પ્રયોગો વાંચ્યા પછી આપને જરૂર એવું તો મનમાં આવશે કે ભારતવર્ષની પ્રગતિ કે સિદ્ધિ જગતમાં આજે નજરે પડતી ઇતરદેશની સિદ્ધિઓની સિદ્ધિ કરતાં જરાય ઉતરતી ન હતી. ઉલટું વૈદિક સિદ્ધિથી ઇહલૌકિક અને પારલૌકિક બન્ને કાર્ય સિદ્ધ કરી શકાતાં હતાં. વસિષ્ઠે વિશ્વામિત્રનું સસૈન્ય પોતાના આશ્રમમાં આવતાં જે જાતનું સ્વાગત કર્યું હતું. એ કાંઈ નાની સુની વાત ન હતી. જે ઋષિની આગળ માત્ર દર્ભાસન, એકાદ બે વલ્કલ વસ્ત્રો કે પૂજાપાઠને માટે રૂદ્રાક્ષની માળા, શિષ્યો અને એક કામધેનુ ગાય શિવાય બીજું કાંઈ પણ સાધન ન હોવા છતાં તેઓએ વિશ્વામિત્રનું પોતાને ત્યાં એવું તો સ્વાગત કર્યું હતું કે તે સ્વાગતની અપૂર્વતા જોઈ પોતે પણ તેવું સ્વાગત કરવા પોતાને અસમર્થ સમજતાં વસિષ્ઠની સિદ્ધિ પર મોહિત થઈ સ્વાગત કરવાના સાધનરૂપ કામધેનુની માગણી કરી હતી.

પરંતુ ખરો વિચાર કરતાં આ સિદ્ધિ કેવળ કામધેનુનીજ નહિ પણ વસિષ્ઠની વૈદિક–માંત્રિક ઉપાસનાની હતી. આજે પણ કોઈ દ્વિજ પોતે શુદ્ધ થઈ ઉપર માત્ર દિગ્દર્શનરૂપે બતાવેલ મંત્રોના અનુષ્ઠાન પૈકી એક પણ અનુષ્ઠાન સવિધિ કરશે અથવા એ અનુષ્ઠાન કરવાને યોગ્ય સારા વિદ્વાન્ બ્રાહ્મણપાસે કરાવશે તો જરૂર તેમાં લખેલ ફળને પૂર્ણપણે મેળવી શકશે પરંતુ દેશ, કાળ, દ્રવ્ય વિગેરેની તૈયારી પૂર્ણ હોવી જોઇએ એ ભૂલવાનું નથી.

ગુર્જરગીરામાં ભાષાંતરકર્તા જાતે ગુજરાતના વતની ન હોવા છતાં આ ભાષાંતર એટલું બધું સરળ કરેલ છે કે, તેઓશ્રીએ જ્યાં જ્યાં જે જે શબ્દો વાપર્યા છે તેની શબ્દરચનામાં ફેરફાર કરવામાં આવે કે કયાંક કયાંક જોઇતી જગોએ એથી પણ વધારે સમજણ પડે એ ખાતર શબ્દરચના નવી કરવામાં આવે તો જરૂર ઘણુંજ સરળ થાય તેમ હોવા છતાં ભાષાંતરકર્તાનો એક પણ શબ્દ ફેરવ્યો નથી, કે બદલ્યો નથી એનું મૂળ કારણ એટલુંજ છે કે જે સ્વારસ્ય એઓના ભાષાંતરમાં છે તે કદાચ બદલાઈ જાય અને તેઓ જે અર્થ કહેવા માગે છે તેમાં પણ કદાચ ફરક પડી જાય. માત્ર વાચકે આ ભાષાંતરના કર્તા જાતે ગુજરાતી નથી એમ સમજવાનું છે. અને કદાચ પ્રુફો જોવામાં મારી ભૂલો રહી ગઈ હોય તો તેની હું ક્ષમા માંગું છું.

લી૦

સંશોધકવિદ્વજ્જનચરણાનુરાગી

(જામનગરનિવાસી) અમૃતલાલ ત્રીકમજી આચાર્ય.

પ્રકાશકઃ—રાજગુરુ પંડિત રવિશંકર જેઠારામ

પ્રસ્તાવના

शिवस्य हृदयं विष्णु र्विष्णोश्च हृदयं शिवः ।
यथा शिवमयो विष्णुः सर्वं विष्णुमयं जगत् ।
शिवो महेश्वरश्चैव रुद्रो विष्णुः पितामहः ।
संसारवैद्यः सर्वज्ञः परमात्मेति मुख्यतः ॥
तदपि तव गुणानामीश पारं नयाति ॥

આ પુસ્તકની મૂળ પ્રત કૈલાસવાસી નાંદોદના વિખ્યાત સ્વામી શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય આત્માનંદ સરસ્વતીના હસ્તાક્ષરની લખેલી મને મારા પિતાશ્રીના મસ્યઇ ભત્રિજા સુરતના વકિલ સ્વર્ગસ્થ ભાઈ વ્રજેન્દ્ર છબીલાનંદ પંડ્યાએ આજથી આશરે બારેક વરસ પહેલાં છપાવી પ્રસિદ્ધ કરવા આપેલી. તે કાર્ય કરવા મેં મારા મિત્ર ધર્મપ્રેમી રાજગુરૂ પંડિત રવિશંકર જ્યેષ્ઠારામને થોડા વર્ષ પર વિજ્ઞપ્તિ કરેલી. તે તેઓશ્રીએ સ્વીકારી આજ રોજ સદર્હુ પુસ્તક પોતે પોતાને ખર્ચે છપાવી પ્રકાશિત કર્યું છે, તે બદલ હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. આ પુસ્તકના પ્રણેતા, સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીના જીવનની રૂપરેખા મને સ્વ. ભાઈ વ્રજેન્દ્ર પાસેથી, તેમજ તેમના ભાઈ શિરીશ છબીલાનંદ પંડ્યા પાસેથી, મળી ન શકવાથી મારે તે સંબંધી હકીકત મેળવવા નાંદોદ સંસ્થાન રાજપીપળા, તથા શ્રીકરનાલી ને વ્યાસતીર્થ જવું પડ્યું હતું. તે કાર્યમાં મને વયોવૃદ્ધ શ્રીમતી રાધિકાબેન લાભશંકર, તે નાંદોદના જાણીતા અગ્નિહોત્રી રા. બેચરલાલ લાભશંકરનાં બ્હેન, કૈલાસવાસી સ્વામીજીની અનન્ય શિષ્યા, તેમજ શ્રીવ્યાસતીર્થમાં સ્થાપેલા યોગાનન્દાશ્રમના અધિપતિ દંડિસ્વામી પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી શ્રી યોગાનન્દ તથા કરનાલીક્ષેત્રના મઠાધિપતિ સન્યાસી સ્વામી ગોવિન્દાશ્રમજીએ મદદ કરી હતી તે બદલ તે સર્વનો પણ હું અત્રે આભાર માનું છું.

સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીનું જીવન

આ પુસ્તકના પ્રણેતા સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતી પુનાના દેશસ્થ બ્રાહ્મણ હતા. તેમના સ્વર્ગસ્થ પિતાની મરતાં પહેલાં સન્યાસ લેવાની તીવ્ર ઇચ્છા હતી પરંતુ તે તેમની ઇચ્છા અમલમાં ન આવી શકેલી હોવાથી સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીએ પોતાના પિતાશ્રીની ઇચ્છાનો અમલ કરવા પોતે ૨૪ વરસની જુવાન વયમાં સન્યાસ લીધો હતો. તેઓ-શ્રીને પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી શ્રી વિશુદ્ધાનંદજીએ સન્યાસ-દીક્ષા શ્રીકાશીક્ષેત્રમાં આપી હતી. સ્વામીશ્રીનો જન્મ સં. ૧૯૧૦ માં થયો હતો. સન્યાસદીક્ષા સં. ૧૯૩૪ માં લીધી હતી ને આશરે અઢારેક વર્ષ પર તેમનો કૈલાસવાસ થયો હતો. સ્વામીશ્રી કુશાગ્રબુદ્ધિ ધરાવતા હતા ને તેમણે ઘણા ઉંચા પ્રકારની વિદ્યા સંપાદન કરી હતી. તેમને સંસ્કૃત, મરાઠી, ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન હતું ને વેદ, ઉપ-નિષદ્, બ્રહ્મસૂત્ર તથા ભગવદ્ગીતાના તેઓ ખાસ નિષ્ણાત હતા. તેઓશ્રીએ ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર તથા શ્રીભગવદ્ગીતાના શ્રી શાંકરભાષ્યનો સુંદર અનુવાદ કર્યો છે. ઉપરાંત તેમને આયુર્વેદનું સારૂં જ્ઞાન હતું ને ઘણા દરદીઓને ઔષ-ધિઓ આપી દરદોમાંથી સત્વર મુક્ત કર્યા હતા. સ્વામીશ્રી ઘણા મીલનસાર સ્વભાવના તથા વ્યવહારદક્ષ હતા ને લોકોના નિકટ સમાગમમાં આવી તેમને ઉત્તમ બોધ આપતા હતા. આ લેખકને તથા તેના કુટુંબીજનોને સ્વામીજીના સમાગમમાં આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. સ્વામીજીએ ઠેઠ શ્રીરામેશ્વર સુધી અનેક પવિત્ર તીર્થોની યાત્રા કરી હતી. તેમજ મહારાષ્ટ્ર, ગુજરાત, કાશી આદિ અનેક સ્થળોએ હિન્દમાં મુસાફરી કરી હતી. સુરતમાં ઘણીવાર સ્વામીજી પધારતા હતા. મારાં બ્હેન અ. સૌ. શ્રીમતી ચંદ્રકળાગૌરી દિન-કરરાવ દીક્ષિતે પોતાને ઘેર મહારૂદ્રમાં સ્વામીશ્રી પધાર્યા હતા તે વખતે તેમનો તેમજ સુરતની વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિએ ઘણો સારો સત્કાર કર્યો હતો. કાઠીયાવાડના રાજ્યોમાં પણ તેમનો ત્યાંના નૃપેન્દ્રો તરફથી સારો સત્કાર કરવામાં આવતો. ભાવનગરના મહારાજા સાહેબ શ્રી તખ્તસિંહજી

તેમજ નવાનગરના તે સમયના જામસાહેબે સ્વામીશ્રીને પોતાના સંસ્થાનોમાં આમંત્રણ આપી તેમનો સારો સત્કાર કર્યો હતો. સ્વામીશ્રીનો દંડ નષ્ટ થવાથી તેઓશ્રીએ નાશક પંચવટીમાં દંડનો ત્યાગ કર્યો હતો. સ્વામીશ્રીએ નાંદોદમાં એક મઠની સ્થાપના કરી હતી જ્યાં પોતે લગભગ ૧૨ વરસ નિવાસ કર્યો હતો ને સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનના પોતે અધિપતિ હતા ને લોકમાં તેઓએ સનાતનધર્મની સારી જાગૃતિ પેદા કરી હતી તેમજ શ્રીમદ્ જગદ્ગુરૂ ભગવાન ભાષ્યકાર શ્રીશંકરાચાર્યના અદ્વૈત સિદ્ધાન્તનો સારો ફેલાવો કર્યો હતો. સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતી પૂ. પા. શ્રીમદ્ શંકરાચાર્ય ભગવાનથી સ્થાપિત દ્વારકા શારદાપીઠના ચુસ્ત અનુયાયી હતા તથા તેમણે તે પીઠના અધિપતિ પૂ. પા. જગદ્ગુરૂ શ્રી માધવતીર્થ શંકરાચાર્ય મહારાજને અનેક ધાર્મિક તથા વ્યાવહારિક કાર્યમાં સારી મદદ કરી હતી. લખતરના દંડિસ્વામી શ્રીયોગાનંદ મહારાજ જેઓએ હાલ થોડા વર્ષ થયાં વ્યાસતીર્થમાં પોતાના નામનો આશ્રમ ખોલ્યો છે તેમની વિદ્યા તથા સુયોગ્યતાની સારી કદર કરાવી તેમના નાંદોદના ગુરૂ સ્વામી શ્રી વાસુદેવતીર્થ પાસે તેમને સન્યાસદીક્ષા અપાવવામાં સ્વામીજીએ સારી મદદ કરી હતી. સ્વામીજી લોકમાન્ય બાલ ગંગાધર તિલકના સહાધ્યાયી તથા મિત્ર હતા. લોકમાન્ય જ્યારે જેલમાંથી છુટી પુના આવ્યા હતા ને તાવથી પીડાતા હતા ત્યારે સ્વામીજી અંગ્રેજ સરકારની ઈતરાજી વ્હોરી લઇને તેમને મળ્યા હતા ને દિલાસો આપ્યો હતો. સ્વામીજી ખાનદેશ જીલ્લામાં પર્યટન કરતાં ત્યાંજ કૈલાસવાસી થયા હતા.

સ્વામીજીએ કયાં કયાં પુસ્તકો રચ્યાં હતાં તે શ્રીમદ્ભગવદ્ગીતા શાંકરભાષ્યાનુવાદની પ્રસ્તાવનામાં સ્વામીજીએ લખેલી કવિતાના નીચેના ઉતારાપરથી સુજ્ઞ વાંચક જાણી શકશે.

"ઓ ભાષા મમ ગુર્જરી ! મન વિષે ના ખેદ કિંચિત ધરો
મૂક્યા છે ગૃહમાં સુરત્ન ગુંથિને તે આપ કંઠે ધરો
સાંખ્ય, ન્યાય, સુતર્કને વળિ જુઓ વેદાન્તના આ હિરા
આજે મુક્ત થયો ત્વદીય ઋણથી હે ગુર્જરી સદ્ગિરા"

ઉપલા કથનાનુસાર, સ્વામીજીએ નીચેનાં પુસ્તકો પ્રકટ કર્યાં છેઃ—

१. *श्रीमद्भगवद्गीता शांकरभाष्यानुवाद.
२. आत्मानन्दीयन्याय.
३. न्यायकरावलंबन
४. सनत्सुजातीयभाष्यानुवाद.
५. *गीतासिन्धुतरंगावली.
६. गीतारहस्य.
७. *धर्माख्यान.

તે ઉપરાંત સ્વામીજીએ નીચે લખેલાં પુસ્તકો રચ્યાં હતાં પણ તે પ્રકટ કરી શકયા ન હતા ૧. **शैवसर्वस्व** નામનું રૂદ્રાધ્યાય ભાષ્ય (પહેલીજ વાર આ સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે) ૨. **आत्मानंदीय सांख्यदर्शन**. **३. श्रीशंकराचार्यप्रणित ईश उ. ४. केन उ. ५. कठ उ. ६. प्रश्न उ. ७. मुंडक उ. ८ मांडुक्य उ. ९. श्रीगौडपादीय मांडूक्यकारिका. १०. तैत्तिरीय उ. ११. ऐतरेय उ. १२. छांदोग्य उ. १३. बृहदारण्यक उ. १४. नृसिंहतापनीय उ. १५. श्रीविष्णुसहस्रनाम** અને **१६. ब्रह्मसूत्रमीमांसा** એટલા નં ૩ થી ૧૬ સુધીના શાંકરભાષ્યના ગુજરાતી અનુવાદ. આ ઉપરાંત સ્વામીજીએ **१७ आत्मानंदीय पाश्चात्य तर्कशास्त्र** નામનું એક પુસ્તક રચ્યું છે પણ તે અદ્યાપિ પર્યંત અપ્રકટિત છે ને તેની હસ્તલિખિત પ્રત મારી પાસે છે. શ્રીશંકરની કૃપા હશે તો તે પુસ્તક હવે પછી પ્રકટ થશે.

શતરૂદ્રીયનું માહાત્મ્ય

શિવ, વિષ્ણુ તથા ઇતર દેવ દેવીઓનાં અનેક નામો જેવાં કે શિવસહસ્રનામ, વિષ્ણુસહસ્રનામ ઇત્યાદિ રૂપે ઇશ્વિરોપાસનાનું મૂળ યજુર્વેદના રૂદ્રાધ્યાયમાં માલમ પડે છે. રૂદ્રાધ્યાય શુકલ યજુર્વેદના ૧૬ મા અધ્યાયમાં છે તેને શતરૂદ્રીય કહેવામાં આવે છે. તેમાં નમક અને ચમકના અનુવાકો મિશ્રિત છે તેમજ વળી શતરૂદ્રીય કૃષ્ણયજુર્વેદની તૈતિરીય સંહિતાના ચોથા અગ્નિકાંડમાં પાંચમા પ્રપાઠકમાં છે. તેમાં નમકના ૧૧ અનુવાક છે

*આ પુસ્તકો હમારે ત્યાં મળે છે. —**પ્રકાશક**

તથા તેજ કાંડના ૭ મા પ્રપાઠકમાં ચમકના ૧૧ અનુવાક છે. કૃષ્ણયજુર્વેદમાં જે શતરૂદ્રીય છે, તે આપસ્તંબીયના નામથી પ્રચલિત છે, ને તે પુના આનંદાશ્રમ ગ્રંથાંકમાં પ્રકાશિત થઈ છે. તેના ઉપર સાયણાચાર્ય તથા ભટ્ટ ભાસ્કરાચાર્ય નામના વિખ્યાત વિદ્વાનોએ ભાષ્ય લખ્યું છે. તેનો સ્વામી શ્રી આત્માનંદ સરસ્વતીએ શુદ્ધ ને સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે, જે આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ શતરૂદ્રીયનું વિપુલ સાહિત્ય છે ને તેમાં એકજ ઈશ્વરની અનેક નામે ઉપાસના કરવામાં આવેલી છે અને તે માત્ર વિશ્વરૂપે અદ્વૈત એકતત્વનુંજ પ્રતિપાદન કરે છે. શતરૂદ્રીય માત્ર યજુર્વેદમાંજ છે. ઋગ્વેદ, સામવેદ અને અથર્વવેદમાં શતરૂદ્રીય નથી છતાં તે શતરૂદ્રીયનું માહાત્મ્ય સર્વત્ર ગવાયું છે. ને તેનો ઉપાસક અભ્યુદય તેમજ નિશ્રેયસ્ પ્રાપ્ત કરી શકે છે. શુકલયજુર્વેદની શાખા શિવાયના તમામ વેદના એટલે ઋગ્વેદ, સામવેદ તથા અથર્વવેદની અન્યશાખાવાળાઓ કૃષ્ણ યજુર્વેદના ચોથા અગ્નિકાંડના ૫ મા તથા ૭ મા અધ્યાયમાં આવેલ શતરૂદ્રીયનોજ થોડા ફેરફાર સાથે ઉપયોગ કરે છે. વડ–નગરા નાગર બ્રાહ્મણો તથા દક્ષિણી બ્રાહ્મણોમાં બહુધા આપસ્તંબીય રૂદ્રાધ્યાયજ પ્રચલિત છે, ને તેનો જપાત્મક, અભિષેકાત્મક અને હોમાત્મક એમ ત્રણ રીતે વિનિયોગ કરવામાં આવે છે. શતરૂદ્રીયમાં શિવની ઉપાસના કોઈ પણ રીતે સાંપ્રદાયિક નથી પણ તે ઈશ્વરનું વ્યાપકસ્વરૂપ દર્શાવે છે. સર રામકૃષ્ણ ભંડારકર લખે છે: "Rudra–Siva was a deity whose worship was common to all Aryans and who was not at first a sectarian God–શરૂઆતમાં રૂદ્ર–"શિવ"ની ઉપાસના તમામ આર્ય પ્રજામાં પ્રચલિત હતી અને તે સાંપ્રદાયિક દેવ ન હતો." શિવનાં બે સ્વરૂપો છે. એક ઉગ્ર તે રૂદ્ર, ને બીજું કલ્યાણકારી તે શિવ. માનવી જીવનમાં અનેક એવા પ્રસંગો આવે છે જેવા કે રોગચાળાઓ, સર્પદંશ, વાવાઝોડાં, તોફાનો, યુદ્ધો વિગેરે કે જેથી સ્વાભાવિક રીતે માણુસને ભય થાય છે ને તેવે સમયે દુઃખથી પીડાયલો માણુસ જે દેવના ગુસ્સાથી દુઃખ ઉપસ્થિત

થયું હોય અને જેની કૃપાથી દુઃખનું નિવારણુ થઈ શકે તેવા દેવની દીનતાથી આરાધના કરે છે. રૂદ્રદેવની પૂર્ણ સત્તા ગામથી દૂર અરણ્યમાં, જંગલોમાં, ખેતરોમાં, સ્મશાનોમાં, પર્વતોમાં, જુના વૃક્ષોમાં તથા નદીઓમાં જોવામાં આવે છે. અને જ્યારે જ્યારે માણસને ભયના પ્રસંગો ઉપસ્થિત થાય છે ત્યારે ત્યારે તે રૂદ્ર દેવની પોતાના રક્ષણને માટે પ્રાર્થના કરે છે. રૂદ્ર—"શિવ"ના ૮ નામો ખાસ કરીને જાણીતાં છે. તેમાંનાં ચાર નામો ૧ રૂદ્ર ૨ શર્વ ૩ ઉગ્ર અને ૪ અશનિ, રૂદ્ર—"શિવ"ની ભયંકર તથા સંહારક શક્તિ પ્રદર્શિત કરે છે જ્યારે તેનાં બાકીનાં ચાર નામો ૫ ભવ, ૬ પશુપતિ, ૭ મહાદેવ યાં મહાન્ દેવ અને ૮ ઈશાન તેના સૌમ્ય કલ્યાણકારી રૂપનો નિર્દેશ કરે છે. રૂદ્ર દરેક પ્રાણિમાત્રનો સ્વામી છે અને તેની સત્તા ઘણીજ વિશાળ ને વ્યાપક છે. તે પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગલોક એમ ત્રણ લોકમાં વ્યાપ્ત છે એટલુંજ નહિં પણ તેની પર પણ તેની સત્તા છે. તે અગ્નિ તથા જળમાં છે. વનસ્પતિમાં તેમજ સર્વ પ્રાણિમાં છે. તે વ્રાત્યોનો પણ પાલક છે ને તેને ઈશાન તથા ઈશ્વર એ નામે સંબોધવામાં આવે છે. વૈષ્ણવ યા ભાગવત ધર્મ પ્રચલિત થયો તે પહેલાં ઘણા પ્રાચીન કાળમાં શૈવધર્મ ભારતવર્ષમાં પ્રચલિત હતો અને તે ઉગ્રદેવની શાંતરૂપે પણ ઉપાસના કરવામાં આવતી હતી. સર રામકૃષ્ણ ભંડારકરના લખવા પ્રમાણે યજુર્વેદ તથા અથર્વવેદ સંહિતાની પૂર્વે રૂદ્ર—શિવની ઉપાસના હિન્દમાં સર્વત્ર પ્રસરી ગઈ હતી. તેને શ્વેતાશ્વતર ઉપનિષદ્‌ની જુનામાં જુની ભક્તિનું પણ મૂળ ગણી શકાય. ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં પતંજલીના સમયમાં, શિવની ધાતુની મૂર્તિઓની શ્રદ્ધાળુ લોકો ભક્તિથી પૂજા કરતા હતા. ને શિવોપાસકોને શિવભાગવત કહેવામાં આવતા હતા. વ્યાપક પરમાત્મા રૂદ્ર—"શિવ"ના ભયંકર રૂપને ઉપાસનાવડે સંતોષી તેના શાંતસ્વરૂપની સ્તુતિઓ એકલા બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય કે શૂદ્રોજ નહિં પણ તે ઉપરાંત દેવો, ગંધર્વો, યક્ષો તથા રાક્ષસો જેવા કે રાવણ, બાણાસુર, ત્રિપુરાસુર, ભસ્માસુર વિગેરે પણ કરતા ને તેની પ્રીતિ સંપાદન કરતા. રૂદ્ર"—શિવ" મહેશ્વર તે ચોર, તસ્કર,

પારધિ, માછીમાર, ભીલ, વ્રાત્ય, ગોપ, જલ ભરનારી પનીહારીઓ, વેપારી, કુંભાર, લુહાર, રથકાર વિગેરે સર્વેના ઉપાસ્ય દેવ હતા, ને તેની ઉપાસના કાશ્મીરથી કન્યાકુમારી અને કરાંચીથી કલકત્તા સુધી સારા ભારતવર્ષમાં આજપર્યંત પ્રચલિત છે. શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ શિવની આરાધના કરી પ્રદ્યુમ્ન તથા સાંબ જેવા પુત્રરત્નો શિવની કૃપાથી પ્રાપ્ત કર્યા હતા. પૂર્વે દેવોએ પણ શતરૂદ્રીયના પાઠ કર્યા હતા અને યજ્ઞમાં રૂદ્રનો ભાગ આપ્યો હતો ત્યારે શંકર પ્રસન્ન થયા હતા. ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ, ઉપનિષદો, પુરાણો વિગેરેમાં શિવના મહાત્મ્યનું પુષ્કળ વર્ણન કરવામાં આવ્યું છે. શિવને વિષ્ણુ આ બન્ને યોગેશ્વરોએ પરસ્પર એક બીજાની ઉપાસના કરેલી આપણા જોવામાં આવે છે, એટલે શિવ વિષ્ણુનું અભેદ સ્વરૂપ છે ને તેમાં પછવાડેથીજ જુદા જુદા સંપ્રદાયવાળાઓએ સ્વાર્થવૃત્તિથી પોતપોતાના દેવનું પ્રાધાન્ય બતાવવા કૃત્રિમ ભેદો પાડ્યા છે. શ્રીકૃષ્ણ પરમાત્મા તે પણ સાક્ષાત્ શિવ–સ્વરૂપ છે ને શિવ તે કૃષ્ણસ્વરૂપ છે અને શિવ ને વાસુદેવ કૃષ્ણ તે એકજ સ્વરૂપ છે. જુઓ ગીતા **रुद्राणां शंकरश्चास्मि.** આવી રીતે આ રૂદ્રાધ્યાયમાં પણ એકજ વ્યાપક પરમાત્માના અભેદ વિશ્વરૂપ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે ને તેમાં કોઈપિણ જાતની સાંપ્રદાયિક સંકુચિત ભાવનાને સ્થાન નથી. કરોડો શિવ–ઉપાસકો આજે પણ જે શિવપંચાક્ષરમંત્રનો અહર્નિશ જપ કરે છે તે મંત્ર પણ શતરૂદ્રીયમાંથી લેવામાં આવ્યો છે ને તેના જપથી ઘણું પુણ્ય મેળવે છે. રૂદ્રાધ્યાયના નમક ભાગના અનુવાકોમાં પહેલા અનુવાકમાં રૂદ્રના ક્રોધને નિવારવા પ્રાર્થના છે, દશમો અનુવાક ઋગ્વેદની રૂચાઓનો રૂદ્રની પ્રાર્થનાઓનો સંગ્રહ કરે છે ને અગિયારમો અનુવાક આગળના અનુવાકમાં આવેલા વિશેષણની સમાલોચનારૂપે છે. બાકીના ૮ અનુવાકોમાં પ્રાર્થનાઓની નમસ્કાર રૂપે રૂદ્ર–"શિવ"નાં નામોની સળંગ યાદિ આપવામાં આવી છે; શિવનું વિશ્વરૂપ વિરાટ સ્વરૂપે વર્ણન કરવામાં આવ્યું છે જે ઘણુંજ સુંદર તથા પુણ્યકારી છે.

રુદ્ર–"શિવ"ની વિશેષતાઓ

રુદ્ર–"શિવ"ની ઉપાસનાનો પ્રચાર ભારતવર્ષમાં બીજા બધા દેવની ઉપાસના કરતાં વધારે પ્રમાણમાં થયેલ છે એ નિર્વિવાદ છે. શિવની આરાધના અમુક યુગને કે કાલને વિષે મર્યાદિત ન હતી પણ તે સર્વવ્યાપક હતી ને પ્રાચીનમાં પ્રાચીન કાળથી તે આજપર્યંત તેની કથા ગવઈ રહી છે. ભરતખંડના લાખ્ખો ગામડાંઓમાં એવું એકેય ગામડું નહીં હોય કે જ્યાં એક નાનુંશું શિવાલય ન હોય. શિવપૂજનની આ લોકપ્રિયતાના કારણોમાં નીચેના કારણો આપણું ખાસ ધ્યાન ખેંચે એવાં છે. તેમાં સહુથી પહેલું કારણ શિવપૂજનની સામગ્રિની સાદાઈ છે. તેને સંતોષવાને મિશ્રી–માખણ, મિષ્ટાન્નના રાજભોગ, કે કીંમતી છપ્પન ભોગોની જરૂર નથી, પણ તે ભોળો દેવ ભક્તિપૂર્વક અર્પણ કરેલા એક કમંડળ પાણીથી, કે એક બિલ્વપત્રથી પ્રસન્ન થાય છે, ને તેના ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. વેદકાલીન બીજા દેવો જ્યારે વૈવિધ્યતાવાળી બહિર્મુખ પ્રકૃતિના સંધ્યા જેવા પરિવર્તનશીલ વિવિધ રંગો, તથા તેની અમૂર્ત શક્તિના અનેરા વિકાસો જેવા કે આકાશ, પૃથ્વી, વાયુ, ઉષા, રાત્રિ, અગ્નિ, ચંદ્ર વિગેરે પ્રદર્શિત કરે છે ત્યારે રુદ્ર દેવની ઉપાસનામાં ભક્ત તેની ભયાનક શક્તિઓમાં પણ શિવનું કલ્યાણમય, શાંત, જ્ઞાનમય તથા પ્રેમમય એક સ્થાયી મૂર્તિમંત સ્વરૂપ જોઈ તેની અનન્ય ભક્તિ કરી શકે છે. પ્રજાપતિનું રૂપ અમૂર્ત–impersonal–છે જે આકર્ષી શકે એવું નથી. ત્યારે રુદ્ર–"શિવ"નું રૂપ અમૂર્ત ને મૂર્ત છે જે ભક્તના ચિત્તને વધારે આકર્ષી શકે છે. જ્યારે વિષ્ણુ ઇત્યાદિ બીજા દેવો ભક્તને એકવાર તો દુઃખની પરાકાષ્ટાએ પહોંચાડે છે–જેવા કે વૈષ્ણવભક્તો પ્રલ્હાદ, ધ્રુવ, અંબરીષ, વિગેરે–ત્યારે શિવજી સહેલાઈથી પ્રસન્ન થઈ ભક્તપર અનુગ્રહ કરી તેને જલદી ફળ આપી મોક્ષ પર્યંતનું સુખ દે છે. જુઓ રુદ્રમંત્ર **मीढुष्टम** (કામનાની વૃષ્ટિ કરનાર, વીર્ય સિંચનાર રુદ્ર) ૧–૧–૧૩; ૧–૧૦–૧૦. શ્રીભગવદ્ગીતા કરતાં પણ વધારે પ્રાચીન એવા શ્વેતાશ્વતરઉપનિષદમાં આપણે આધુનિક ભક્તિમાર્ગનું બીજ જોઈ શકીએ છીએ. ભક્તિમાર્ગમાં અત્યંત ઉપયોગી એવું બીજું

યજનીય ઉમા-મહેશ્વરનું મૂર્તિમંત સ્વરૂપ, આપણને કેનઉપનિષદમાં દૃષ્ટિગોચર થાય છે. રૂદ્ર—"શિવ"ની લોકપ્રિયતાના બીજાં કારણોમાં તેનું ઘણુંજ સાદું તથા નીકટનું સ્વરૂપ છે. બ્રહ્મા પેઠે શિવજી ૧૪ ભુવનની પેલે પાર જેટલા વેગળા નથી. તેમજ વળી સુવર્ણમય તથા રત્નજડિત મહાલયોવાળા વૈકુંઠમાં વસતા વિષ્ણુ પેઠે શિવજી અને આમજનતા વચ્ચે અગમ્ય દુર્ગો નથી, પણ તે સામાન્યવર્ગના ભક્તના પણ હૃદયમંદિરમાં થોડાજ સમયમાં ભક્તની દીનતા ને ભક્તિને પ્રતાપે તેને દર્શન આપે છે. શિવજીના અંગપર વૈરાગ્યપ્રદર્શક યજ્ઞની વિભૂતિ, "ભસ્મ" ચોળેલી જોવામાં આવે છે. એના આભૂષણમાં કાળપ્રદર્શક સર્પની માળા હોય છે. એના મસ્તકપર અગ્નિની જ્વાળારૂપ જટા હોય છે. એના હાથમાં નટલોકનું ડમરૂ છે તથા ભૂખ્યાનું ભિક્ષાપાત્ર છે. તેના કંઠમાં એક ભુરો ડાઘો છે તેથી તેનું નીલકંઠ નામ પડ્યું છે જે અર્થસૂચક છે, ને તે શિવજીનું પરોપકારી સ્વરૂપ બતાવી જણાવે છે કે લોકકલ્યાણને માટે તથા તેઓના દુઃખનું નિવારણ કરવા શિવજી હળાહળ વિષનું પાન કરી ગયા હતા. તેના વાહનમાં ધર્મસ્વરૂપ ખેડુતનો પાલનહાર નન્દી છે. વળી રૂદ્ર—"શિવ"ઉપાસનાની બીજી વિશિષ્ટતા એ છે કે તેમાં આર્યપ્રજાનો વર્ણાશ્રમધર્મ તથા રહેણીકરણી ને આચારવિચાર પુરૂષાર્થવાળા, ઓજસ્વી તથા મર્દાનગી ભરેલા જોવામાં આવે છે કારણ કે રૂદ્રદેવ એ પુરાણો હોવા છતાં જુવાન દેવ છે, તથા તે જુવાનોનો તથા શૂરવીરોનો દેવ છે. જુઓ રૂદ્રમંત્ર **युवानं मृगं न भीमं** ૧—૧૦—૮, જ્યારે બીજા કેટલાક દેવની ઉપાસનામાં સ્ત્રીતત્વને વિશેષ પ્રાધાન્ય અપાવાથી બાયાલાપણું, અતિસુકોમળતા તથા નબળાઈ જોવામાં આવે છે, જેને પરિણામે તેના ઉપાસકોમાં પણ તેવાજ ગુણો આવે છે. અત્યારે આપણા દેશને શૌર્ય તથા વીરતા ઉત્પન્ન કરે એવા શૈવ ધર્મ જેવા ધર્મની જરૂર છે. કરાંચીના અમારા જ્ઞાતિબંધુ શ્રીમાન્ ચંદ્રશંકર અમૃતલાલ બુચ એ બાબતમાં નીચે મુજબ લખે છે તે યથાર્થજ છે:—"એક હાથમાં ખડ્ગ અને એક હાથમાં સુગન્ધિ પુષ્પમાળ લઈ નાયિકાને ભેટવા જતા મરણિયા પ્રેમિજનને રૂદ્રનામથી ઉદ્રેક આવતો. દુશ્મનનાં ધણ ચોરવા નીકળેલા તસ્કરને રૂદ્રના નામથી નિર્ભયતા મળતી. આ પ્રમાણે રૂદ્રની ભયા-

નકતા પાછળ શૌર્ય છે, ઉદ્રેક છે, સાહસ છે, પ્રેમ છે, આશ્વાસન છે, નિર્ભયતા છે, પ્રેમિજનની રસિકતા છે–રૂદ્ર એ તો પ્રેમશૌર્યનો અધિષ્ઠાતા દેવતા છે." શિવોપાસનાની એથી પણ વધારે ઉત્કૃષ્ટ ભાવના શિવજીના પાપનાશક સ્વરૂપમાં તથા રોગનીવારક આરામકર્તા વૈદ્યના રૂપમાં છે. જુઓ રૂદ્ર મંત્રો **तनूरघोराऽपापकाशिनी** ૧–૧–૩; **प्रथमो दैव्यो भिषक्** ૧–૧–૬; **शिवाविश्वाहभेषजी** ૧–૧૦–૨. શિવનું આ ઉત્કૃષ્ટરૂપ નૈતિક વિકાસ બતાવે છે. આને લગતી એક મૃગ ને વ્યાધની આખ્યાયિકા બ્રાહ્મણ ગ્રંથોમાં તેમજ પુરાણોમાં જાણીતી છે. જુઓ ઐ. બ્રા. ૧૩–૯, તૈ. બ્રા. ૧–૧–૧૦, તે અત્રે આપવામાં આવે છે. પ્રજાપતિએ (સૂર્ય–વિરાટે) પોતાની કન્યા (ઉષા)ની અભિલાષા કરી તેથી તે નાસી ગઈ ને રોહિણી થઈ. તેની પછવાડે પ્રજાપતિ મૃગનું રૂપ લઇને દોડ્યા. તેથી દેવોએ ઉપલા અનીતિના કાર્યને માટે પ્રજાપતિને શિક્ષા કરવા ભૂતપતિ–રૂદ્રને ઉત્પન્ન કર્યા. રૂદ્રે વ્યાધનું રૂપ લઇને પ્રજાપતિ મૃગના પેટમાં ત્રિકાંડ બાણ નાંખી તેનો વેધ કર્યો. જુઓ આકાશમાં મૃગશીર્ષ નક્ષત્ર તથા વ્યાધ નક્ષત્ર. ઉપલી આખ્યાયિકા બતાવી આપે છે કે બ્રાહ્મણોએ અનીતિના કૃત્ય સામે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. ને ઉપાસકને રૂદ્ર–"શિવ" પાપનાશક તરીકે માલમ પડ્યા. જુઓ શિવમહિમ્નસ્તોત્ર શ્લોક ૨૨ **त्रसन्तं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः**. એ વિષે લંડનના પ્રાચ્યવિદ્યાના નિષ્ણાત (Orientalist) બારનેટ સાહેબ નીચે મુજબ લખે છે:–"In this is implied an immense moral advance. Henceforth there will be a gradual ennoblement of one of the phases of the God's character. Many of the best minds among the Brahmans will find their imaginations stirred and their consciences moved by contemplation of him—" "શિવઉપાસનામાં નૈતિક વિકાસ હોવાથી તે દેવના સ્વરૂપના અનેક અંશોમાંના એકની ઉત્કૃષ્ટતાનો ધીમે ધીમે પ્રાદુર્ભાવ થશે, અને તેની ઉપાસનાથી ઘણા ઉત્તમ વિદ્વાન્ બ્રાહ્મણોના વિચારો

પ્રેરિત થશે, તથા તેમનાં હૃદયો હલમલી ઉઠશે.'' શિવજી પરબ્રહ્મ પરમાત્મા છે, ને તે નિર્ગુણ છે, તેના અંશરૂપે **બ્રહ્મા, વિષ્ણુ** તથા **રુદ્ર** નાં સ્વરૂપો છે જે સગુણ છે, એટલે ત્રિગુણાત્મિકા માયાન્વિત છે. તેનાથી પર નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત એવા કલ્યાણકારી તથા મોક્ષદાયી નિર્ગુણ શિવ છે ને તેથીજ તે પુરૂષ છે. તેનો સાક્ષાત્કાર વૈરાગ્ય તથા અપરોક્ષ જ્ઞાનથી થઈ શકે છે તેનેજ પુરૂષાર્થ તથા મુક્તિ કહેવામાં આવે છે, અને તેના કર્મ, ઉપાસના, યોગ, વૈરાગ્ય તથા ગુરૂગમ્ય જ્ઞાન, ઉત્તમ સાધનો છે. રૂદ્રાધ્યાયજપ રૂદ્ર—''શિવ''ની ઉત્તમ ઉપાસના છે, એટલુંજ નહીં પણ તેના મંત્રોનો યજ્ઞાનુષ્ઠાનકર્મમાં ખાસ સક્રિય રીતે વિનિયોગ કરવામાં આવે છે ને તે દ્વારા છેવટે ઉપાસકને અપરોક્ષ જ્ઞાન તથા મુક્તિ થાય છે. એ વિષયમાં અમારા જ્ઞાતિબંધુ જુનાગઢ બહાઉદ્દીન કૉલેજના રીટાયર્ડ હેડકલાર્ક રા. રા. જયંતીલાલ દયારામ ત્રિપાઠીએ નીચે મુજબ લખ્યું છે. ''શ્રી શંકરાચાર્યે દિગ્વિજય કરી રામેશ્વર—જગન્નાથ હરદ્વાર અને દ્વારકામાં જે મઠપરંપરાની સ્થાપના કરેલ છે, તે શિવસંપ્રદાયનો પ્રચાર નથી પરંતુ વેદ, વેદાંત, શ્રુતિ—સ્મૃતિની, વ્યવસ્થા મુજબ કર્મ ઉપાસના અને જ્ઞાન એમ ત્રણે કાંડોનું એકત્રિત પરિપાલન છે. તેમજ સનાતન ધર્મનું ખરૂં રહસ્ય સમજાવવા તથા બૌદ્ધ—જૈન પ્રવૃત્તિનો વિરોધ દર્શાવવા તેવા મઠોની સ્થાપના કરી હતી.''

યજ્ઞપુરૂષ, શિવલિંગ—ચારે વેદનું મુખ્ય પ્રયોજન યજ્ઞ આદિ ક્રિયા છે અને તેનું યજુર્વેદમાં પ્રાધાન્ય છે. ઈષ્ટિકાચયન થયા પછી ઋગ્વેદી હોતાએ પુરોનુવાક્યાદિ દેવોનું આવાહન કર્યા પછી **अथा तो शतशीर्षाणं रुद्रं जुहोति** (શ. બ્રા.) તથા **नमस्ते रुद्र मन्यवे** એ યજુર્વેદ સંહિતાના રુદ્રાધ્યાયથી મહારૂદ્ર હોમ કરવામાં આવે છે. વેદકાલના બ્રાહ્મણો નિત્ય અગ્નિહોત્રાધાન તથા મહારૂદ્રાદિ યજ્ઞ કરતા હતા. વૈદિક બ્રાહ્મણો અદ્યાપિ પર્યંત રૂદ્રાધ્યાયથીજ હોમ તથા અભિષેક કરે છે. યજ્ઞોમાં મહારૂદ્રજ પ્રધાન છે. યજુર્વેદના સમયમાં **યજ્ઞ** તેજ સઘળા વિચારો તથા સઘળી ઇચ્છાઓનું કેન્દ્ર થઈ પડ્યો

હતો. તેનો વિધિ સંપૂર્ણ તથા શાસ્ત્રીય રીતે કરવામાં આવે તોજ તેનું ઉત્તમ ફળ મળે, એ હેતુ પાર પડે એવા હેતુથી સ્વામીજીએ પ્રત્યેક રૂદ્રમંત્રના અર્થની નીચે વિગતવાર યજ્ઞનો પુરશ્ચરણ વિધિ તથા તેનું ફળ વિગેરે સમજાવ્યું છે. રૂદ્રયાગના સંબંધમાં જણાવવાનું કે રૂદ્ર–"શિવ" તે યજ્ઞનો **અગ્નિ**, લિંગપુરૂષ છે જ્યારે યજ્ઞકુંડ તે **યોનિ**, પ્રકૃતિરૂપ વિષ્ણુ છે. જુઓ ૠગ્વેદમંત્ર **विष्णुर्योनिं कल्पयतु** તથા શતપથબ્રાહ્મણની શ્રુતિ **विष्णुर्वामनः** એટલે એક વામ જેવડી ૩॥ હાથની યજ્ઞની વેદી (તેજ હાલની જલાધારી) તે વિષ્ણુ છે. જ્યારે શિવલિંગ એ અગ્નિરૂદ્ર છે. લિંગપુરાણમાં વિષ્ણુ બ્રહ્માને કહે છે કે: "પ્રધાન અવ્યક્ત પ્રકૃતિ જગતને ઉત્પન્ન કરનાર ઉપાદાન કારણરૂપ જે હું છું તેનાં નામો છે. મહેશ્વર એ **બીજી** પુરૂષ છે, ને તું બ્રહ્મા પુત્રરૂપ જીવ છે અને હું આ જગતનું સનાતન એવું કારણ **योनिः** પ્રકૃતિ અથવા સ્ત્રી છું" એટલે વિષ્ણુ એ ગૌરી અથવા ઉમારૂપ છે, અને એ વાત ભાગવતમાં વિષ્ણુએ મોહિનીનું રૂપ ધારણ કરીને દર્શાવી આપી છે. રૂદ્ર–"શિવ"નું આ સ્વરૂપ ઘણા ગંભીર અર્થનું સૂચન કરે છે ને તે પ્રકૃતિ–પુરૂષની, ઉમા–મહેશ્વર, શિવ–શક્તિ, તથા હરિ–હરની અભિન્નતા દર્શાવે છે. એટલે પ્રકૃતિ પોતાના સ્વામી ચૈતન્યાત્મક પુરૂષથી ત્રણે કાળમાં ભિન્ન નથી, પણ પુરૂષને અવલંબીને તેના આશ્રયમાં રહે છે ને તેના સહકારથીજ આ જગતનો તમામ વ્યવહાર ચાલે છે. શિવજીના અર્ધનારીશ્વર રૂપમાં ઉપલી વેદાન્તની સુંદર ભાવના સ્પષ્ટરૂપે મૂર્તિમંત થાય છે, ને તે આપણને વેદાંતનું ઉત્તમ અભેદ જ્ઞાન આપે છે, તથા વૈદિક સમયમાં પ્રકૃતિરૂપ સ્ત્રીની કેવી ઉંચી પ્રતિષ્ઠા હતી તે બતાવી આપે છે. પણ વૈદિક સમાજમાં સ્ત્રી, પુરૂષનું વામ અંગ છે તથા તેની અનિવાર્ય સહધર્માનુચારિણી છે, જ્યારે પશ્ચિમમાં લોકો વધુ ભાગે ભૌતિકવાદી હોવાથી સ્ત્રીને better half વધારે ચઢીયાતું અડધું અંગ કહે છે પણ આ ભાવના વૈદિકભાવનાથી ઉલટી છે ને આપણને તે ઈષ્ટ ન હોઈ શકે. જ્યાં જ્યાં રૂદ્રને લિંગરૂપે વર્ણવામાં આવ્યા છે ત્યાં ત્યાં

લિંગને રૂદ્ર–"શિવ"ના પ્રતિક અગ્નિરૂપે સમજવાના છે. શિવલિંગની પૂજામાં શિવના નિરંજન નિરાકાર શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વરૂપની પૂજા કરવામાં આવે છે, જે આપણને પરમાત્માના ખરા સ્વરૂપનું જ્ઞાન આપે છે, જુઓ શ્રુતિ **पुरुषो वाव यज्ञः** છાં. ઉ. (૩–૧૬) તેમજ જુઓ મુંડક ઉપનિષદ ૧–૨–૪. તેમાં કાલી (શિવની પત્ની ઉમા, પાર્વતી,) કરાલી વિ. ૭ અગ્નિની જ્વાળાઓને યજ્ઞના અગ્નિની જીભરૂપે વર્ણવવામાં આવી છે. માટે આજે પણ મહાદેવના લિંગને જ્યોતિર્લિંગ કહેવામાં આવે છે જેનું બીજે ઠેકાણે વેદમાં સ્કંભરૂપે વર્ણન કરવામાં આવ્યું છે. તે સ્તંભનો પર્યાય શબ્દ છે. તેનો અર્થ શિશ્ન થતો નથી, પણ સર્વ જગતના અધિષ્ઠાનરૂપ પરબ્રહ્મ થાય છે જેમાં પ્રાણી માત્રનો લય થાય છે. યજ્ઞનું ખરૂં ચૈતન્યમય, પરાશક્તિવાળું સ્વરૂપ તેને આધિયજ્ઞિક કહેવામાં આવે છે. જેમાં યજ્ઞના આધિભૌતિક, આધિદૈવિક તથા આધ્યાત્મિક સ્વરૂપો અંતર્ગત થઈ જાય છે. વળી વિષ્ણુ પણ રૂદ્રની જેમ યજ્ઞસ્વરૂપ છે. જુઓ શ્રુતિ **यज्ञो वै विष्णुः** એટલે યજ્ઞસ્વરૂપે પૂજનીય વિષ્ણુ તથા રૂદ્ર એ બેઉ એકજ છે. તેમજ શ્રીકૃષ્ણ પણ યજ્ઞસ્વરૂપ છે, યજ્ઞનો આત્મા છે. જુઓ ગીતા **अधियज्ञोऽहमेवात्रदेहे**. રા. જયંતીલાલ ત્રિપાઠી જણાવે છે કે "લિંગોપાસનામાં અશ્લીલ અપવિત્ર વિચાર એક અંશમાત્ર પણ સંભવી શકતો નથી તેનું ખરૂં રહસ્ય સમજવાથી આનંદ થાય છે." ઋગ્વેદના સમયના આર્યો તેવી અનિષ્ટ ભાવનાના વિરોધી હતા. જુઓ ઋગ્વેદ મંત્ર ૭–૨૧–૫ તથા ૧૦–૯૯–૩. તેવો અશ્લીલ ને અપવિત્ર વિચાર માત્ર શિવદ્રોહી સાંપ્રદાયિક લોકો તથા ઇતર પાખંડી લોકોએ પછવાડેના સમયમાં દાખલ કર્યો હોય એમ લાગે છે ને તે ઉપેક્ષાને પાત્રજ છે.

શિવોપાસના આર્યાવર્તમાં કેટલી વ્યાપક હતી તે નીચેના ઐતિહાસિક વૃત્તાંતપરથી કોઇને પણ સમજાશે. જુનામાં જુના યજુર્વેદના સમયથી માંડી ઈ. સ. ની શરૂઆત સુધી શિવોપાસના ઠેર ઠેર હિન્દમાં પ્રચલિત થઈ હતી. ઈ. સ. ના પહેલા ત્રણ સૈકાઓમાં કૂશાન રાજાઓ તથા તેના આશ્રિત ગુજરાતના ક્ષત્રપો શૈવ હતા. તેમજ ઈ. સ. ૮ થી ૧૩ મા

સૈકાના ગુજરાતના ઘણા ખરા રાજાઓ શૈવ હતા. વૈશેષિકસૂત્રના કર્તા શ્રીકણાદમુનિ મહેશ્વરના ઉપાસક હતા. ન્યાયભાષ્યના પર ઉદ્યોત ટીકા લખનાર ભારદ્વાજ પાશુપતાનુયાયી હતા. ઈ. સ. સાતમા સૈકામાં ચીનનો મુસાફર યુએનસેન લખે છે કે તેણે કાશીમાં મહેશ્વરના આશરે ૧૦,૦૦૦ ઉપાસકો જોયા હતા. મહાકવિ કાલિદાસ, સુબંધુ, બાણ, શ્રીહર્ષ ને ભવભૂતિ એઓએ પોતાના કાવ્યોનું મંગળાચરણ શિવની આરાધનાથી કર્યું છે. દક્ષિણમાં આવેલા શિવમંદિરો જેવાં કે એલોરાની ગુફામાં કોતરેલું કૈલાસમંદિર વિ. તેમજ મદ્રાસ ઈલાકામાં આવેલાં જંગી શિવમંદિરો જેવાં કે રામેશ્વરનું મંદિર ઈત્યાદિ તે અમુક શિવસંપ્રદાયને માટે ન હતાં પણ તે સર્વ સામાન્ય હતાં ને તે બતાવી આપે છે કે ઈ. સ. ૭ માથી ૧૦ મા સૈકા સુધીમાં શિવની ઉપાસના મહારાષ્ટ્ર તેમજ મદ્રાસ ઈલાકામાં સામાન્યરીતે પ્રચલિત થયેલી હોવી જોઈએ. કાશ્મીર, નેપાલ, જોડ્યા પ્રાંત, કાશી, ગુજરાત, કાઠીયાવાડ, મહારાષ્ટ્ર, મદ્રાસ ઈલાકો, વિ. સ્થળોમાં આજે પણ ઘણા મોટા પ્રમાણમાં લોકો શિવના ભક્ત છે.

સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતી શતરૂદ્રીયનો અહર્નિશ પાઠ કરતા હતા ને તેનો પાઠ કર્યા વગર કદી તેઓ ભોજન પણ લેતા નહીં. આજે પણ સર્વત્ર બ્રાહ્મણો શતરૂદ્રીયનો પાઠ કરે છે પણ તેનો અર્થ જાણ્યા વગર. માટે ભગવાન્ યાસ્કાચાર્ય નિરૂક્તમાં "**यो अर्थज्ञः सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा ॥** જે પુરૂષ અર્થ સમજીને વેદનો પાઠ કરે છે તે પૂર્ણ સુખ ભોગવે છે તેમજ જ્ઞાનથી તેના પાપનો નાશ થઈ તે સ્વર્ગપ્રાપ્તિ કરે છે." જે કથન કરે છે તે ધ્યાનમાં રાખી સ્વામીશ્રી આત્માનંદ સરસ્વતીએ બ્રાહ્મણો વધારે પુણ્ય પ્રાપ્ત કરી શકે એવા ઉદ્દેશથી શ્રી *શતરૂદ્રીયનો તેના ઉપરના

---

* શતરૂદ્રીયપ્રયોગ પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામીશ્રી જગદીશતીર્થે તૈયાર કરેલો હોવાથી હમોએ છપાવી પ્રસિદ્ધ કર્યો છે તેની કિંમત માત્ર ૦–૪–૦

—પ્રકાશક

એ ભાષ્યસહિતનો *ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે એટલુંજ નહીં પણ દરેક મંત્રની છેવટે તેનું વિધિપૂર્વકનું પુરશ્ચરણ તથા તેનું શું ફળ છે તે વિગતવાર સમજાવ્યું છે કે જેથી તે મંત્રનું અનુષ્ઠાન કરવું કોઇને પણ સુલભ થઈ પડે. આશા છે કે બ્રાહ્મણો આ પુસ્તકનો બહોળો લાભ ઉઠાવશે. इतिशम्

सर्वेऽत्रसुखिनः सन्तु सर्वे सन्तुनिरामयाः
सर्वे भद्राणि पश्यन्तु माकश्चिद्दुःखमाप्नुयात् ॥

કોરોનેશન બિલ્ડીંગ
વિઠ્ઠલભાઈ પટેલ
રોડ મુંબઈ (૪)

મનુભાઈ ચંદ્રવિદ્યાનંદ પંડ્યા
વેદાંતભૂષણ, વિદ્યાસાગર
સોલીસીટર

* રુદ્રાભિષેક. श्रीशुक्लयजुर्वेदीयरुद्राष्टाध्यायीसायणभाष्यानुसारसचित्रशिवपार्थिव पूजाप्रयोगसहित સાયણાચાર્યના ભાષ્યાનુસાર—ગુજરાતી ભાષાંતર–વિદ્વદ્વર્ય યતિશ્રી મુકુંદાશ્રમજીએ તૈયાર કરેલું હમોએ છપાવી પ્રસિદ્ધ કરેલ છે કિંમત માત્ર ૦–૮–૦

—પ્રકાશક

વૈદિકમંત્રોના ચમત્કારિકપ્રયોગોની વિધિ સાથે
વિષયાનુક્રમ

પાનાં

શ્રી શંકરાચાર્ય.



अज्ञानतिमिरान्धस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

Indian Art P. Press, Bombay 2.

श्रीशांकर भाष्यानुवादकार



स्मार्तमतोत्तेजकसभाग्रासनाधिप श्रीमत्परमहंस
परिव्राजकाचार्य स्वामी श्रीआत्मानंदसरस्वती मु० नांदोद.

ધી ઈન્ડીયન આર્ટ પ્રીન્ટીંગ પ્રેસ.—મુંબઈ ૨.

उपोद्घातः ।

॥ ॐ नमः शिवाय सदाशिवोम् ॥

यच्छक्तिः प्रकृतिस्ततो महदभूत्तत्त्वं ततोऽहंकृति-
स्तन्मात्राणि ततश्च भूतनिवहस्तेभ्यः पृथिव्यादिकः ।
भूतेभ्यः करणानि चेति जगदुत्पन्नं यतः सोऽव्ययः
पायाच्चंद्रकलाऽवतंसरुचिरः साऽनुग्रहो वः शिवः ॥

અર્વાચીનકાલમાં એવી ઘણી નવીન શોધ થયેલી છે અને વિલક્ષણ યુક્તિઓ પણ નિકળેલી છે કે, જેના યોગથી મનુષ્યનું મન ક્ષણમાત્ર ચકિત થાય છે. હાલની શોધ અને હાલની યુક્તિઓ એ અજબ છે ખરી; ને તે જેમણે પ્રચારમાં આણી છે, તેઓ સર્વથૈવ સ્તુતિને પાત્ર છે. પરંતુ હાલની શોધોથી જે કાર્ય સિદ્ધ થાય છે કિંવા થવાનો સંભવ છે, તે કાર્ય પૂર્વના લોકો સિદ્ધ કરી શકતા ન્હોતા એમ માનવાનું નથી. હાલના પાશ્ચિમાત્યલોકો જેમ પોતાને ઇષ્ટ-એવાં કાર્યો સિદ્ધ કરે છે, તેમજ આપણા પૂર્વજો પણ પોતાના ઇષ્ટ હેતુ સફળ કરતા હતા એમાં શંકા નથી. માત્ર ઉભયના માર્ગ ભિન્ન ભિન્ન છે. હાલના લોક એક કલાકમાં વીસ કે ત્રીસ ગાઉની મુસાફરી કરે છે તેથી આપણે આશ્ચર્યચકિત થઇયે છીયે, પરંતુ આપણા પૂર્વજો તો અત્યલ્પકાલમાં અત્યંત દૂરના સ્થલે પહોચી શકતા અને પાછા પણ ફરતા હતા. તારાયંત્ર અથવા તાર વિનાનું તારાયંત્ર એ, આજકાલની શોધ અવર્ણનીય છે, એમાં શંકા નથી. જોકે, આપણા પૂર્વજોની પાસે આવા યંત્રો ન્હોતા છતાં તેઓ એકસ્થલના મનુષ્યને અન્યસ્થલના મનુષ્યનો વૃત્તાંત અત્યલ્પકાલમાં આજની માફક જ જણાવી શકતા; માત્ર તેમનો માર્ગ ભિન્ન હતો. પરંતુ આજ બાબતમાં હાલના માર્ગનું અને આપણા પૂર્વજોના માર્ગનું પૃથક્કરણ કરીને જોઇએ તો એમ જણાઈ આવશે કે, હાલનો માર્ગ ભૌતિક છે, અને પૂર્વજોનો માર્ગ માનસિક છે. જલ, વાયુ, વરાળ, વિજલી ઇત્યાદિ જે આ સૃષ્ટિમાંહેલા જડભૂતો છે, તેમના ગુણધર્મોનું અતિસૂક્ષ્મ રીતે પરિશીલન કરીને હાલના પાશ્ચિમાત્ય લોકોએ તેમના ઉપર વિજય મેળવ્યો છે, તેમને પોતાના ગુલામ બનાવ્યા છે,

અને તેમની પાસેથી ઇચ્છાનુસાર તેઓ કામ લે છે. તેવીજ આપણા પુરાણોમાં રાવણાદિક દૈત્યોના અને રાક્ષસોના વૈભવના વર્ણનમાં એવી હકિકત આવે છે કે, તેમના ઘેર વાયુ વાળવાનું કામ કરતો અને સૂર્ય મશાલજીનું કામ કરતો હતો. આજે એ રાવણાદિકના સમયના વર્ણનને આપણા ભ્રમણચંદ્ર વર્ન્યાક્યુલર સાહેબો કેવળ કાલ્પનિક માને છે, તે હાલના સમયની પ્રગતિમાં અક્ષરશઃ સત્ય થઈ પડેલું છે, એમ કહેવામાં હરકત નથી. આ દૃશ્યમાન સર્વ પંચીકૃત પંચમહાભૂતો ઉપરની સત્તાનું ફળ છે. અર્વાચીન લોકોએ આ મહાભૂતોના ગુણધર્મ શોધવામાં જ અપૂર્વ સામર્થ્યનું ખર્ચ કરેલું છે. તેથી પણ અધિક આપણા પૂર્વજોએ પોતાનું સર્વ લક્ષ મનના ગુણ–ધર્મ શોધવામાં યોજેલું હતું અને તે શાસ્ત્રના અભ્યાસથી મનનું સામર્થ્ય તેમના જાણવામાં આવેલું હોવાથી તે સામર્થ્યના બલ ઉપર હાલનાં કરતાં અનંતગુણિત અધિક આશ્ચર્યકારક અનેક કાર્યો આપણા પૂર્વજો કરતા હતા. હાલ પદાર્થવિજ્ઞાનશાસ્ત્રનું જે પ્રાબલ્ય ફાટી પડેલું છે, તેને આપણા પૂર્વજો તો મુખ્યયોગથી જ જાણતા હતા. આજે પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર અને એવાજ પ્રકારના આધિભૌતિકસૃષ્ટિની સાથે વ્યવહાર કરાવનારા ઇતર અર્વાચીનશાસ્ત્રો હીન કોટીના છે, જ્યારે યોગશાસ્ત્ર આપણું અત્યુચ્ચ કોટીનું છે. આજનું પદાર્થવિજ્ઞાનાદિક ઈશ્વરથી અતિવિમુખ છે, જ્યારે આપણું યોગશાસ્ત્ર પરમેશ્વરની અતિસન્મુખ છે. આપણે પરમેશ્વરને કોઇ વાત કરવી હોય તો તે લોઢાના પાટા ઉપર ગજવેલના ચક્ર ફેરવવા બેસતા નથી. પણ કેવળ મનમાં સંકલ્પ કર્યો કે, તરત કામ સફળ થાય છે; એજ મુખ્ય તત્ત્વ યોગશાસ્ત્રમાં અનુસ્યૂત છે. ને તેથી જ તે શાસ્ત્ર ઈશ્વરના અતિસન્મુખ છે. આપણા પૂર્વજોએ એ શાસ્ત્રોનો દીર્ઘવ્યાસંગ કરેલો હતો. એ શાસ્ત્ર અતિવ્યાપક છે. એ એકજ શાસ્ત્ર જેને અવગત થયું એટલે તેને સર્વશાસ્ત્રોનું ફળ કરામલકવત્ થાય છે. જેને આગગાડી કરતાં આવડતી હશે તેને જૂદો અભ્યાસ કર્યા વિના માર્કોનીએ પ્રચારમાં આણેલા તારાયંત્રનું કામ આવડશે નહી. પરંતુ જેણે યોગશાસ્ત્રથી મનમાં સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે, તે અત્યલ્પકાલમાં ત્વરિત સ્થલાંતર કરી શકે છે

અને અતિદૂરનો વૃતાંત પણ અલ્પક્ષણમાં જાણી શકે છે, એ દૃષ્ટિએ જોતાં યોગશાસ્ત્ર એ કેટલું બધું વ્યાપક છે એની ચાહે તેને કલ્પના થઇ શકે છે. આવા દિવ્યશાસ્ત્રોનું સાધન આપણા હાથમાં છતાં આપણે રાંક જેવા બની ગયા છિયે, અને અમુકે અમુક યુક્તિ શોધી તેથી આશ્ચર્યથી ચકિત થઇ, સ્વસ્થિતિનો વિલાપ કરવા બેસીયે છિયે એ અતિશરમની વાત છે. આપણા પૂર્વજોએ આ યોગશાસ્ત્રના જ બલ ઉપર મહત્વ મેળવ્યું હતું. એ યોગશાસ્ત્ર એક અસામાન્યશાસ્ત્ર હોવાથી એમાં સર્વનો સમાવેશ થાય છે. હાલના આ ભ્રમણચંદ્ર વ્હર્નાક્યુલર સાહેબનો 'શું, પૂર્વે આગગાડી ને મશીનગન્સ હતી કે નહીં?' એવો એક મશ્કરી ભરેલો પ્રશ્ન પુછવાનો પરિપાઠ છે. પરંતુ વેદમાં માત્ર આગગાડીજ છે એમ નથી તેમાં તો સર્વ કાંઈ છે. આગગાડી એટલે હાલ આપણે એકાદ રેલવે સ્ટેશન ઉપર જે જોઇએ છિયે તે ઈન્જીન ડબા વિગેરે હોઇને આગગાડી એટલે ત્વરિત સ્થલાંતર કરવાનું કાંઈ પણ એક વિશિષ્ટ સાધન એવો સરલ અર્થ લઇએ તો પ્રાચીન કાલે પણ જે લોકો યોગ સાધન કરતા હતા તેમની પાસે દૈવી અદૃશ્ય આગગાડી હતી, એમ બોલવામાં લેશ માત્ર પણ હરકત નથી. ને એજ દૃષ્ટિએ જોતાં આપણા પૂર્વે આગગાડીને પેઠે મશીનગન્સ પણ હતી. હાલની મશીનગન્સને જેમ એકાદ ચક્ર હોય છે ને તેના યોગથી અનેક તોટીઓમાં એકદમ જેમ ઝપાટાથી કારતુસો પેસે છે, તેવીજ રીતે પૂર્વના મશીનગન્સની યાંત્રિક રચના ન્હોતી; તો પણ અનેક જનનો સંહાર એકદમ કરવો, એ જે કાર્ય હાલની મશીનગન્સ કરે છે, તે કાર્ય પૂર્વની મશીનગન્સ પણ કરતી હતી. દુષ્ટજનોના સંહાર માટે તે જુની મશીનગન્સની યોજના કરેલી હતી ને તે પવિત્ર, તેજસ્વી તથા તપસ્વી એવા દ્વિજાગ્રણીઓ તે તોપોના ગોલંદાજ હતા. એવા અદ્ભૂત પ્રકારની જે એ આપણી મશીનગન્સ તેમના ઉપર હાલ ધૂળ પડીને તે સાવ કટાઈ ગયા જેવી છે, નહિં જેવી થયેલી છે. વેદમાં—અને વિશેષતઃ અથર્વવેદમાં—અનેક પ્રકારના મંત્ર કહેલા છે. તેમના પુરશ્ચરણો કરિને તેઓ મંત્રસિદ્ધિ કરતા અને તેમનાથી

ઈષ્ટ હેતુ સફળ કરતા હતા. આ રૂદ્રાધ્યાયમાં પણ તેવાં અનેક મંત્ર છે. તેમને જોતાં મશીનગન્સ એ નામ કેવું સયુક્તિક છે એ સર્વના લક્ષ્યમાં આવશે. અનેક પ્રકારના અદ્ભુત અને વિલક્ષણ કાર્યો એ મંત્રોના સાધનથી થવા જેવાં છે એ આ ગ્રંથના અવલોકનથી લક્ષ્યમાં આવશે. અને એ પણ ધ્યાનમાં ઉતરશે કે, હાલના મશીનગન્સથી જે કામ થાય છે; તેજ કામ આપણા પૂર્વજો તેમના જુના મશીનગન્સથી કરતા હતા. કિંબહુના જુની મશીનગન્સના પરિણામો હાલના કરતાં વિશેષ ભિન્ન ભિન્ન પ્રકારના છે. આ જુની મશીનગન્સના ગોલંદાજ પોતાની વિદ્યા ભૂલી ગયેલા છે. આજ તો પાશ્ચિમાત્યોએ એક મિનિટમાં હજારો ગોળીઓ ફેંકીને અસંખ્ય માણસો મારવાનું એકાદું જડ અને ભૌતિકયંત્ર જે ઉભું કર્યું તેને જોઇ આપણે આશ્ચર્યથી ડાચું વકાસીને તે વિષેની લવરી કરવા મંડી પડીએ છીએ પરંતુ એજ પરિણામ આપણા પૂર્વજો દિવ્ય માનસિકશક્તિથી સિદ્ધ કરતા હતા. આજે તેઓ બિચારાઓની'એ શક્તિને કોઈ વખતે પણ કોઈ લક્ષમાં લાવતું નથી. જોકે શ્રેષ્ઠત્વને પામેલા અથવા પામતા પ્રત્યેક રાષ્ટ્ર પાસે એવું કાંઈ પણ જડ કિંવા સૂક્ષ્મ, અદ્ભુત સામર્થ્યનું સાધન હોવા વિના તે રાષ્ટ્રને સર્વમાં શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવું કોઈ રીતે પણ શક્ય નથી. એ દૃષ્ટિએ જોતાં હાલના પાશ્ચિમાત્યરાષ્ટ્રો પાસે જેવા યાંત્રિક સાધનો છે, તેથી અધિક આપણા જુના રાષ્ટ્રની પાસે અદ્ભુત શક્તિના માંત્રિક સાધનો હતાં, ને પૂર્વના તેજસ્વી ઋષિઓએ અને પરાક્રમી ક્ષત્રિઓએ યુદ્ધમાં તથા અન્યત્ર તે સાધનોનો ઉપયોગ કર્યાનાં અનેક ઉદાહરણ પ્રાચીન ઇતિહાસોમાં સ્થળે સ્થળે વિદ્યમાન છે. અને એવાં અનેક ઉદાહરણો પણ છે છતાં આજકાલના આ નાસ્તિકત્વના જડવાદના અને વૈષયિકસુખોપભોગના દિવસોમાં તેના ઉપર વિશ્વાસ બેસવો એ મુષ્કેલી ભરેલું થઈ પડયું છે. પરંતુ મનના ધર્મના પ્રમેયો લઇને તે ઉપરથી અનુમાન બાંધતાં એ વાતો અશક્ય છે એમ નથી. પરંતુ એને મનનું દાર્ઢ્ય જોઇએ. અંતઃકરણની વૃત્તિ સ્થિર હોવી જોઇએ. અને સાથે સ્વધર્માચરણરૂપ તપશ્ચર્યાનું બલ, પૂર્ણ પ્રાપ્ત કરવું જોઇએ અને યોગબલનો સંચય અપૂર્વ કરવો જોઇએ. પરંતુ એ

કામ કાંઈ વિશેષ સહેલું નથી. તેમ આજે જુની મશીનગન્સની પેઠે નવીન મશીનગન સાધ્ય કરવી એ પણ કાંઈ વિશેષ સહેલું નથી. તેને પણ અનેક ગુણ અપેક્ષિત છે. આજ એક અર્વાચીન મશીનગનના જો પાંચ હજાર રૂપિયા પડે છે એવી કલ્પના કરિએ, તો એ પાંચ હજાર રૂપિઆમાં ક્યા ક્યા માનસિક ગુણ આવતા નથી ? દ્રવ્યની મોટી રકમ એ એક અનેક ઉત્તમ મનોધર્મનું એક પ્રકારનું દશ્ય રૂપાંતરજ છે. તેથી એવા યાંત્રિક મશીનગનને પણ જો એટલા ઉત્તમ માનસિક ગુણ આવશ્યક છે, તો આપણા માંત્રિક મશીનગનને તેના કરતાં કેટલાગણા માનસિક ગુણ અપેક્ષિત હોવા જોઇએ એ સ્પષ્ટ કરિને કહેવાની જરૂર રહેતી નથી. પરંતુ એટલા ગુણ કવચિત્ જ એકત્ર થાય છે, ને તેથીજ એ વાતો ઘણાઓને અશક્ય જેવી ભાસે છે. પરંતુ જો સ્વધર્માચરણરૂપ દિવ્ય યોગસાધન હોય, સાથે સાથે ઇચ્છાબલ પણ અત્યંત વૃદ્ધિગત થયેલું હોય, તો ત્યાં કોઈ પણ વાત અશક્ય છે જ નહીં. આ ઉપરથી હાલની શોધની દિશા અને આપણા પૂર્વજોની પ્રગતિની દિશામાં રહેલો ભેદ ધ્યાનમાં આવશે અને તે આપણી ઉન્નત્તિને માટે રુદ્રાધ્યાયના અભ્યાસની કેટલી બધી અવશ્યકતા છે એ પણ સ્પષ્ટ જણાશે.

રૂદ્રાધ્યાયનું પઠન સાંપ્રત સર્વત્ર નહિ થતું હોવાથી તે માંહેલા અર્થ ઉપર લોકોનું લક્ષ્ય જવાનું કારણજ રહેતું નથી. પરંતુ રૂદ્રાધ્યાયમાં શું કહેલું છે એ લોકો અજ્ઞાત હોવાથી તેમની મતિ વિપરીત થવા લાગેલી છે. મૂર્તિપૂજાને આજે વેદમાં આધાર નથી; જાતિભેદ પૂર્વે હતો જ નહિ; ઇત્યાદિ બાષ્કલ મતોનો જે પ્રચાર સ્થળે સ્થળે થતો જાય છે તે રૂદ્રાધ્યાયના અજ્ઞાનના લીધેજ છે. રૂદ્રાધ્યાયના આરંભમાંજ એટલે **नमस्ते**ના પહેલા અનુવાકમાંજ રૂદ્રના બાહૂને નમસ્કાર કરેલા છે. અવયવને જે અર્થે નમસ્કાર કરેલા છે તે અર્થે અવયવસમુદાયરૂપ જે મૂર્તિ તેવી પૂજાને વેદમાં આધાર નથી એમ બકવું એ ભસવુંજ છે. ઘોરતનુ અને શાંતતનુ એવા બે પ્રકારની રૂદ્રની તનુ છે એ રૂદ્રાધ્યાયમાંજ કહેલું છે. **नमस्ते** અને **अग्नाविष्णू** એ બે પ્રપાઠક તૈત્તિરીય સંહિતાના ચતુર્થ અષ્ટકમાં પઠિત છે. તેમાં **नमस्ते** એ પાંચમો અને **अग्नाविष्णू** એ

સાતમો પ્રપાઠક છે. **नमस्ते** એ આખો પ્રપાઠક અને **अग्नाविष्णू** પ્રપાઠકના અગિયાર અનુવાક મળીને રૂદ્ર કહેવાય છે. **नमस्ते** એ પ્રપાઠકમાં **नमः** એ પદ વારંવાર આવેલું હોવાથી એ પ્રપાઠક **नमक** એવી સંજ્ઞાથી પ્રસિદ્ધ છે અને **अग्नाविष्णू**ના અગિયાર અનુવાકોમાં **च मे** આ પદ અન્યપદોથી અધિક હોવાથી તે અનુવાકોને **चमक** એ સંજ્ઞા છે. સારાંશ એજ કે, નમક અને ચમક એ રૂદ્રના બે ભાગ છે. નમસ્તેના પેહેલાજ અનુવાકમાંહેલી પેહેલીજ ઋચાનું ફળ અનેક પ્રકારનું દર્શાવ્યું છે. સર્વે પાપક્ષાલન, સપ્તજન્માર્જીત પાતકનાશ, ગાણપત્યપ્રાપ્તિ, પ્રત્યક્ષશિવદર્શન ઇત્યાદિ પ્રથમ મંત્રના અનુષ્ઠાનાદિકના ફલ છે. ક્યા મંત્રના અનુષ્ઠાનથી કયું ફલ પ્રાપ્ત થાય છે એ તે મંત્રભાષ્યમાં કહેલુંજ છે. અને મંત્ર જપવડે પુરશ્ચરણ વિગેરે ન થયેલું હોય તો પણ કેવલ રૂદ્રપઠનનું શું ફલ છે તે પણ ભાષ્યારંભે તથા અંતે સ્પષ્ટ કરીને દર્શાવેલું છે. **'मंत्रो हीनः स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तमर्थमाह । स वाग्वज्रो यजमानं हिनस्ति यथेंद्रशत्रुः स्वरतोऽपराधात्'** એમ કહેલું હોવાથી મંત્રાનુષ્ઠાન યોગ્ય બ્રાહ્મણેજ કરવું. લક્ષ્મીના મદથી અંધ થયેલા પુરૂષોએ વિદ્વાન્ ઉપરના દ્વેષના લીધે પોતાની મેળે ડોકે વળગાડેલા લાલીયા કંકોડીયા જેવા અરણ્યપંડિતો પાસેથી કેવળ રૂદ્રનું પઠનાત્મક કર્મ કરાવવું એ પણ ઉભયના અશ્રેયના કારણભૂત થાય છે. એવા ગ્રામસિંહ પુરૂષો **सूतायाहन्त्याय वनानां पतये नमः** એવા મંત્રોચ્ચાર સમયે **वनानां** એ પદ ભિન્ન છતાં પણ **यवनानां पतये नमः** એવો વિપરીત ઉચ્ચાર કરીને પોતાના જાતિપતિને જ નમસ્કાર કરે છે. અને તેથી વેદમંત્રને વજ્રરૂપ બનાવીને યજમાનનો ઉભયતઃ નાશ કરે છે. **धनलोभात् परार्थं यो विप्रो माममिषिञ्चति । स तु चांडालवज्ज्ञेयो निर्धनः सप्तजन्मसु** એ શિવાનુશાસન જાગૃત હોવાથી કર્તાએ વિચારપૂર્વક પગલું ભરવું ઉચિત છે. ઇત્યલમ્.

સંયોજક—

સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્ય

आत्मानंद सरस्वती.

શૈવસર્વસ્વ ।

ઋગ્વેદીયસભાષ્યસમંત્રકરુદ્રાધ્યાયનું ગુજરાતીભાષાંતર



दृष्ट्वा कौस्तुभमप्सरोगणमपि प्रक्रांतवादा मुहु-
  र्गीर्वाणाः कति वा न सन्ति भुवने भारा दिवः केवलम् ।
निष्क्रांते गरले द्रुते सुरगणे निश्चेष्टिते विष्टपे
  मा भैष्टेति गिराऽऽविरास धुरि यो देवस्तमेव स्तुमः ॥

વેદાર્થપ્રકાશભાષ્ય—ॐ यस्य निश्वसितं वेदा यो वेदेभ्योऽखिलं जगत् । निर्ममे तमहं वंदे विद्यातीर्थमहेश्वरम् ॥ વેદ જેના પ્રાણ છે અને વેદોથી જેણે સર્વ જગત્ નિર્માણ કર્યું તે વિદ્યાતીર્થ મહેશ્વરને હું વંદન કરૂં છું. ચતુર્થ પ્રપાઠકમાં સર્વ ચયન સંપૂર્ણ થઇને આ પાંચમાં રુદ્રાધ્યાયમાં ચયનાગ્નિ ઉપર હોમ કહેલો છે. કર્મપ્રકરણમાં આ

પ્રપાઠકપઠિત હોવાથી આ કર્માંગ હોઇને ઉપનિષદોમાં આને જ્ઞાનજનક હોવાનું પણ કહેલું છે. 'કોના જપથી મુક્તિ થાય છે?' એવો પ્રશ્ન બ્રહ્મચારિઓએ યાજ્ઞવલ્ક્યમુનિને કરતાં 'રુદ્રાધ્યાયના જપવડે;' એવું ઉત્તર તેમણે આપ્યાનું જાબાલોપનિષદ્‌માં કહેલું છે. સ્મૃતિ, આગમ, અને પુરાણોમાં રુદ્રાધ્યાયની પ્રશંસા ઘણી છે, તે વિસ્તારથી રુદ્રકલ્પમાં કહેવામાં આવશે. બ્રાહ્મણભાગમાં વર્ણન કરેલું કર્માંગત્વ સમજવા સારૂ શબ્દોના અર્થનું માત્ર સ્પષ્ટિકરણ અહિં કર્યું છે. **'शतरुद्रीयं जुहोति जर्तिलयवाग्वा वा गवीधुकयवाग्वा वा जर्तिलैर्गवीधुकसक्तुभिः कुशयवसर्पिषाऽजाक्षीरेण मृगीक्षीरेण वाऽर्कपर्णेनोदङ्तिष्ठन्नुत्तरस्य पक्षस उत्तरापरस्यां स्रक्तयां विकर्ण्यां स्वयमातृण्णायामनुपरिचारं वा। नमस्ते रुद्रमन्यव इत्येताननुवाकांस्त्रेधं विभज्यापि वा प्रथमादुपक्रम्य नमस्तक्षभ्य इति जानुदघ्ने धारयमाणो रथकारेभ्यश्च व इत्युपक्रम्य नमः स्वायुधायेति नाभिदघ्ने शेषेण प्रागवतानेभ्य आसदघ्ने हुत्वा सहस्राणि सहस्रश इति दशाऽवतानान्हुत्वाऽन्वारोहाञ्जुहोति नमो रुद्रेभ्यो ये पृथिव्यामिति जानुदघ्ने धारयमाणो नमो रुद्रेभ्यो येऽन्तरिक्ष इति नाभिदघ्ने नमो रुद्रेभ्यो ये दिवीत्यास्यदघ्ने हुत्वैतानेव यजमानं वाचयित्वा एतानेव विपरीतान्प्रत्यवरोहान्हुत्वा सञ्चरे पशूनामर्कपर्णमुदस्यति यं द्विष्यात्तस्य सञ्चरे'** એવું સૂત્ર છે.

ભટ્ટભાસ્કરભાષ્ય—અહિંથી આગળ અગ્નિકાંડ હોઇને તેના ઋષિ અગ્નિ છે. છેલી ઇષ્ટકા માંડ્યા પછી **नमस्ते रुद्रमन्यव** ઇત્યાદિ મંત્રોવડે શતરુદ્રીય હોમ કરવો. **'रुद्रो वा एष यदग्निः स एतर्हि जातः**—ઉત્પન્ન થયેલો અગ્નિ એ રુદ્ર છે' ઇત્યાદિ અને **'रुद्रो वा एष यदग्निस्तस्यैते तनुवौ**—અગ્નિ એ રુદ્ર હોઇને તેની આ તનુ છે' ઇત્યાદિ બ્રાહ્મણ છે. તેમજ **'अजाक्षीरेण जुहोति ग्राम्याणां पशूनां पयसा**

जुहुयात्–બકરીના દુધવડે હોમ કરવો; ગ્રામ્યપશૂના દુધવડે હોમ કરતા' ઇત્યાદિ બ્રાહ્મણ હોઇને '**अर्कपर्णेन जुहोति**–અર્કપર્ણવડે હોમ કરવો' એવો પણ બ્રાહ્મણ છે. '**अङ्गिरसः सुवर्गं लोकं यन्त**–સ્વર્ગે જનારા અંગિરાએ' ઇત્યાદિ પણ બ્રાહ્મણજ છે. એનો પ્રયોગક્રમ આ પ્રમાણે છેઃ–ઉદઙ્મુખ ઉભા રહીને અને મુખપાસે સ્રુચી ધરીને **नमस्ते रुद्रमन्यवे** અહિંથી આરંભ કરીને એ અનુવાક, અને બીજો તથા ત્રીજો અનુવાક સંપૂર્ણ કરીને ચોથા અનુવાકના **नमः क्षत्तृभ्यः** એટલું થયા પછી સ્વાહાકાર કરવો. તદનંતર પૂર્વે તરફ વળીને નાભી પાસે સ્રુચી ધરવી; અને **संग्रहीतृभ्यश्च वः** અહિંથી આખો ચોથો, પાંચમો, અને છઠ્ઠો અનુવાક પૂરા કરી સાતમાના **नमो वर्म्याय च** કહિને સ્વાહાકાર કરવો. તદનંતર દક્ષિણ તરફ વળીને ઢીંચણ પાસે સ્રુચી ધરવી અને અવશિષ્ટ રહેલો સાતમો, આઠમો, નવમો, દશમો, અને અગિયારમાંના **य एतावन्तश्च** અહિં પર્યંત કહીને સ્વાહાકાર કરવો. '**त्रेधा विभक्तं जुहोति**–ત્રણ વિભાગ કરીને હવન કરવું' એમ અને '**इयत्यग्रे जुहोति**–એટલો હોમ પ્રથમ કરવો,' એમ બ્રાહ્મણ છે. એમાંથી એક તૃતીયાંશ એટલે છણું મંત્રનો. તદનંતર પશ્ચિમ તરફ વળીને ઘૂંટીપાસે સ્રુચી ધરવી અને **नमो रुद्रेभ्यो ये पृथिव्यां** આ મંત્રવડે હવન કરીને, એ યજમાન પાસેથી બોલાવવો. '**तिस्र उत्तरा आहुतीर्जुहोति**–ત્રણ આહુતી અંતે આપવી' ઇત્યાદિ અને '**एता वै देवताः सुवर्ग्या या उत्तमा**–આ મંત્રોવડે પ્રતિપાદ્ય એવી જે દેવતા તે સ્વર્ગપ્રદ હોવાથી ઉત્કૃષ્ટ છે' ઇત્યાદિ બ્રાહ્મણ છે. નાભી પાસે સ્રુચી ધરીને **नमो रुद्रेभ्यो ये दिवि** આ મંત્રવડે હવન કરીને તે યજમાન પાસેથી બોલાવવો. આ રુદ્રાધ્યાયના ભગવાન્ ઋષિ, અગ્નિકાંડઋષિ, છંદ મહાવિરાટ્ અને દેવતા શંભુ છે. વ્યાખ્યાન સમયે પ્રત્યેક મંત્રના ઋષ્યાદિ કહેવામાં આવશે. એ યજ્ઞસંબંધિ પ્રયોગ છે. અથવા શ્રુતિ, સ્મૃતિ, પુરાણોમાં મોક્ષ, ધર્મ, પાપક્ષય,

वित्त, આરોગ્ય, આયુષ્ય ઇત્યાદિ ફલ આપનારા યજ્ઞસંબંધિ પ્રસિદ્ધ પ્રયોગ ઘણા છે; તે પૈકી કેટલાએક અમો કહિયે છિયે. પ્રત્યેક મંત્રના વિશેષ પ્રયોગ આગળ કહેવામાં આવશે. '**अथ हैनं ब्रह्मचारिण ऊचुः किं जप्येनैवामृतत्वमश्नुत इति ब्रूहीति स होवाच याज्ञवल्क्यः शतरुद्रीयेणेति । एतानि ह वा अमृतस्य नामधेयानि भवन्ति एतैर्ह वा अमृतो भवतीति**–કોના જપવડે મુક્તિ પ્રાપ્ત થાય છે તે કહો એમ બ્રહ્મચારિઓએ યાજ્ઞવલ્ક્યને પુછતા શતરુદ્રીયવડે, એમ તેમણે ઉત્તર આપ્યો; અને, આ મોક્ષના નામ હોઈને એમના યોગથી પુરૂષ મુક્ત થાય છે એમ પણ તેમણે કહ્યું' એમ જાબાલોપનિષદ્‌માં છે. '**यः शतरुद्रीयमधीते सोऽग्निपूतो भवति स्वर्णस्तेयात्पूतो भवति सुरापानात्पूतो भवति ब्रह्महत्यात्पूतो भवति कृत्याकृत्यात्पूतो भवति तस्मादविमुक्तमाश्रितो भवति अत्याश्रमी सर्वदा सकृद्वा जपेत् । अनेन ज्ञानमाप्नोति संसारार्णवनाशनम् । तस्मादेवं विदित्वैनं कैवल्यं फलमश्नुत इति कैवल्यं फलमश्नुत इति**–જે રુદ્રાધ્યાય જાણે છે તે અગ્નિપૂત થાય છે; અને સુવર્ણસ્તેય, સુરાપાન, બ્રહ્મહત્યા અને સારૂં નરતું કૃત્ય એમના પણ દોષોથી મુક્ત થઇને તે અવિમુક્ત પ્રત્યે જાય છે. માટે મુમુક્ષૂએ સર્વદા અથવા એકવાર પણ એનો જપ કરવો. એના યોગથી સંસારસાગરનાશક જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેના લીધે આ પરમાત્માનું એવા પ્રકારનું જ્ઞાન થઇને મોક્ષરૂપ ફલ પુરૂષને પ્રાપ્ત થાય છે' એમ કૈવલ્યોપનિષદ્‌માં કહેલું છે. '**स्तेयं कृत्वा गुरुदारांश्च गत्वा मद्यं पीत्वा ब्रह्महत्यां च कृत्वा । भस्मच्छन्नो भस्मशय्याशयानो रुद्राध्यायी मुच्यते सर्वपापैः**—સુવર્ણસ્તેય, માતૃગમન, મદ્યપાન, અને બ્રહ્મહત્યા એ પાપો થયા પછી પણ ભસ્માચ્છાદિત થઇને અને ભસ્મશય્યાઉપર પડી રહીને રુદ્રાધ્યાય ભણવાથી પુરૂષ સર્વ પાપોથી મુક્ત થાય છે' એમ શાતાતપ સ્મૃતિમાં કહેલું છે.

'सुरापः स्वर्णहारी च रुद्रजापी जले स्थितः। सहस्रशीर्षाजापी च मुच्यते सर्वकिल्बिषैः। शुक्रियारण्यकजपो गायत्र्याश्च विशेषतः। सर्वपापहरा ह्येते रुद्रैकादशिनी तथा। वेदमेकगुणं जप्त्वा तदह्नैव विशुध्यति। रुद्रैकादशिनी जप्त्वा तदह्नैव विशुध्यति–મદ્યપાન અને સુવર્ણસ્તેય એ પાપ કરેલા પુરૂષે જલમાં ઉભા રહીને રુદ્રનો અને પુરૂષસૂક્તનો જપ કરવાથી તે સર્વે પાપોથી મુક્ત થાય છે. શુક્રિયારણ્યકજપ, વિશેષતઃ ગાયત્રીજપ અને તેમજ રુદ્રૈકાદશિની આ જપ સર્વે પાપહારક છે. વેદની એક આવૃત્તિ કહેવાથી તેજ દિવસે પુરૂષ શુદ્ધ થાય છે' એમ યાજ્ઞવલ્ક્ય મુનિના વચનો છે. '**सुवर्णस्तेनो रुद्राध्यायी मुच्यते**–સુવર્ણની ચોરી કરનારો રુદ્રાધ્યાય ભણે તો મુક્ત થાય છે' એમ શંખ સ્મૃતિમાં કહેલું છે. '**एकादशगुणान्वापि रुद्रानावृत्य धर्मवित्। महापापैरपि स्पृष्टो मुच्यते नात्र संशयः**–અગિઆર વખત રુદ્ર ભણવાથી ધર્મજ્ઞપુરૂષ મહાપાતકો થકી પણ નિઃસંશય મુક્ત થાય છે' એમ અત્રિ તથા અંગિરસમુનિનું વચન છે. '**यश्च रुद्राञ्जपेन्नित्यं ध्यायमानो महेश्वरम्। यश्च सागरपर्यंतां सशैलवनकाननाम्। सर्वान्नात्मगुणोपेतां सुवृक्षजलशोभिताम्। दद्यात्कांचनसंयुक्तां भूमिं चौषधिसंयुताम्। तस्मादप्यधिकं तस्य सकृद्रुद्रजपाद्भवेत्। ममभावं समुत्सृज्य यस्तु रुद्राञ्जपेत्सदा। स तेनैव च देहेन रुद्रः संजायते ध्रुवम्। जपेनानेन विप्रेंद्रा नृपाश्चान्ये द्विजातयः। हित्वैवं सकलं पापं गताः शिवपुरं पुरा। अहं च परमेशस्य सामीप्यं लब्धवाँस्तथा**–પર્વત વન અને અરણ્યથી યુક્ત, સર્વ પ્રકારના અન્નથી સંપન્ન, ઉત્તમ વૃક્ષ અને જલથી સુશોભિત, સુવર્ણ અને ઔષધિથી યુક્ત એવી પૃથ્વીનું દાન અને મહેશ્વરના ધ્યાન પૂર્વક નિત્ય રુદ્રાધ્યાયનું પઠન એ બંનેને તોલી જોતાં પૂર્વોક્ત ભૂમિદાન કરતાં પણ એકવાર રુદ્રપઠનનું પુણ્ય વિશેષ થશે. મમત્વ મુકી દઈને નિરંતર

રુદ્રપઠન કરનારો પુરૂષ વર્તમાન જન્મમાં નિઃસંશય રુદ્ર થાય છે. હે વિપ્રશ્રેષ્ઠ ! આ જપવડે નૃપ અને બીજા પણ દ્વિજો સર્વ પાતકોથી મુક્ત થઇને પૂર્વે કૈલાસમાં ગયેલા છે; અને મને પણ પરમેશ્વરનું સામીપ્ય પ્રાપ્ત થયેલું છે' એમ વાયુપુરાણમાં કહેલું છે. **'चमकं नमकं चैव पौरुषं सूक्तमेव च । नित्यं त्रयं प्रयुंजानो ब्रह्मलोके महीयते ॥ चमकं नमकं होतॄन्पुरुषसूक्तं जपेत्सदा । प्रविशेत्स महादेवं गृहं गृहपतिर्यथा ॥ भस्मदग्धशरीरस्तु भस्मशायी जितेंद्रियः । सततं रुद्रजाप्योऽसौ परां मुक्तिमवाप्स्यति ॥ रोगवान्पापवाँश्चैव रुद्रं जप्त्वा जितेंद्रियः । रोगात्पापाद्विनिर्मुक्तो ह्यतुलं सुखमश्नुते**–નમક, ચમક અને પુરૂષસૂક્ત એ ત્રણ નિત્ય ભણનારો બ્રહ્મલોકમાં માન્ય થાય છે. નમક, ચમક, હોતા અને પુરૂષસૂક્તનો સર્વદા જપ કરનારો ઘરમાં પ્રવિષ્ટ થનારા ઘરધણીની પેઠે મહાદેવમાં પ્રવિષ્ટ થાય છે. શરીરને ભસ્મ ચોપડીને અને ભસ્મઉપર શયન કરીને જીતેંદ્રિય પુરૂષે નિરંતર રુદ્રજપ કરતાં તેને ઉત્કૃષ્ટ મુક્તિ પ્રાપ્ત થાય છે. રોગી અને પાપીએ જીતેંદ્રિય થઇને રુદ્રનો જપ કર્યા છતાં તે રોગથી અને પાપથી મુક્ત થાય છે અને તેને અતુલ સુખ પ્રાપ્ત થાય છે' એમ પણ તે જ પુરાણમાં કહેલું છે. **'रहसि कृतानां महापातकानामपि शतरुद्रीयं प्रायश्चित्तम्**–રહસ્યમાં થયેલા મહાપાતકોનું પણ રુદ્રાનુષ્ઠાન એજ પ્રાયશ્ચિત્ત છે' એમ શંખ સ્મૃતિમાં કહેલું છે. **'यस्य रुद्रः प्रजां पशून्वाऽभिमन्येतोदङ् परेत्य रुद्राञ्जपँश्चरेदित्ययज्ञसंयुक्तः कल्पः**–પ્રજા ઉપર વા સંતતિ ઉપર રુદ્રનો કોપ થતાં ઉત્તર તરફ મુખ કરીને રુદ્રજપ કરવો. પરંતુ એ કાંઈ યજ્ઞ સંબંધિ પ્રકાર નથી' એમ આપસ્તંબમુનિનું વચન છે. **'अत्र रुद्राञ्जपेत्प्रथमोत्तमौ वा**–આ સ્થળે રુદ્ર જપ કરવો' એમ ઇશાનયજ્ઞમાં છે. આ પ્રપાઠક બ્રહ્મવિદ્યારૂપ હોવાથી ઉપનિષદ્રુપ મંત્રસમુદાય છે. ને તેથીજ રહસ્ય પ્રકરણમાં એનો પાઠ છે; તો પણ બ્રાહ્મણ-

ભાગમાં કહેલા વિનિયોગને અનુસરીને અમો વ્યાખ્યાન કરીયે છીયે. એકસો એક અધ્વર્યુશાખા છે; ને તે સર્વમાં રુદ્રોપનિષદ્‌નો પાઠ છે. શતરુદ્ર એ જેની દેવતા તે શતરુદ્રીય. આ રુદ્રોપનિષદ્‌માં બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરેલું છે. બ્રહ્મના ત્રણ રૂપો છે. તે પૈકી એક કાર્યરૂપ હોઇને સર્વનું ઉપાદાનકારણ હોવાથી સર્વાત્મક છે. બીજું પુરૂષસંજ્ઞકરૂપ ઉત્પત્તિસ્થિતિલયનું કારણ છે. એ બન્ને રૂપો અવિદ્યામૂલકજ છે. એમનાથી ભિન્ન એવું જે ત્રીજું રૂપ તે માત્ર નિર્ગુણ અને નિરંજન હોઇને સત્ય, જ્ઞાન, અને આનંદ એ લક્ષણોથી યુક્ત છે. '**विश्वं भूतं भुवनं चित्रं बहुधा जातं जायमानं च यत् सर्वो ह्येष रुद्र इति**—જડવિશ્વ અને સચેતન પ્રાણિસમુદાય એવું ચેતનાચેતનરૂપ જે વિચિત્ર જગત્ અને તેમજ પૂર્વે અનેકવાર થઈ ગયેલું અને હવે પછી થનારૂં જગત્ એ સર્વ રુદ્ર જ છે' એમ નારાયણોપનિષદ્‌માં કહેલું છે. તેમજ '**यो देवानां प्रथमं पुरस्ताद्विश्वाधियो रुद्रो महर्षिरिति**—વિશ્વ કરતા અધિક અને સર્વદેવો કરતા પેહેલો એવો જે મહર્ષિરુદ્ર' એમ પણ તેજ ઉપનિષદ્‌માં કહેલું છે. '**संसारी चिदचिद्भ्योऽन्यः क्वचित्क्वचिदनाविलम् । जयत्यनादिनिधनो महादेवो महार्णवे**—ચેતન અને અચેતન એમનાથી પણ ક્યાંક્ ક્યાંક્ ભિન્ન, ક્યાંક્ ક્યાંક્ સંસારી, ક્યાંક્ ક્યાંક્ નિર્મલ એવા રૂપો વડે આ જન્મ મરણ શૂન્ય મહાદેવ વિશ્વરૂપ મહાસાગરમાં ઝળકે છે' એવું પણ વચન હોઇને '**मूर्त्यष्टकमधिष्ठाय बिभर्तीदं चराचरम् । आत्मत्रयमधिष्ठाय सृष्ट्यादि प्रकरोति सः**—આઠ રૂપો લઇને તે આ ચરાચર ધારણ કરે છે; અને ત્રણ રૂપો લઇને સૃષ્ટિ વિગેરે કરે છે' એવું પણ વચન છે. તે પૈકી જે એ સંહારકર્તા તેના ઉપર દેવનો સર્વદા અધિકાર હોય છે. કાર્યકાલમાં જે અન્યતનુ હોય છે તે દેવની ઘોર તનુ છે. બીજી પણ એક કલ્યાણકારક તનુ છે; '**रुद्रो वा एष यदग्निस्तस्यैते तनुवौ घोरान्या शिवान्या यच्छतरुद्रीयं जुहोति यैवास्य घोरा**

तनूस्तां तेन शमयति—અગ્નિ એ રુદ્ર હોઇને તેની ઘોર અને કલ્યાણ-કારક એવી બે તનૂ છે. શતરુદ્રીય હોમવડે ઘોરતનુ શાંત થાય છે' એમ શ્રુતિમાં કહેલું છે. શક્તિ સર્વદા વિચિત્ર હોઇને સંહારકારિણી છે; અને તેઓ મહાદેવની સંહાર વિગેરે કરનારી ઘોર તનુ છે. તેમના સંબંધે મનમાં ભય થવું સાહજીક છે. તસ્માદ્ પેહેલા અનુવાકથી તેવા પ્રકારના ક્રુદ્ધ દેવને પ્રસન્ન કરીને **नमः** ઇત્યાદિ મંત્રોથી તેના ઉપસંહાર સાધનોને નમસ્કાર કરીને તે પ્રસન્ન કરી લેવા. '**यैवास्य घोरातनूस्तां तेन शमयति यद्वसोर्धारां जुहोति यैवास्य शिवातनूस्तां तेन प्रीणातीति**-શતરુદ્રીયહોમથી ઘોરતનુ શાંત થાય છે ને વસોર્ધારાથી કલ્યાણકારકતનુ પ્રસન્ન થાય છે' એવી શ્રુતિ છે. માટે ઘોરતનુનો ઉપસંહાર કરીને બીજાથી આઠ અનુવાકવડે મહાદેવની વિશ્વરૂપત્વે સ્તુતિ કરીને તેને નમસ્કાર કરવા. આ પ્રમાણે કરતા ઉત્કૃષ્ટ પ્રકારે તે પ્રસન્ન થાય છે. તદનંતર દશમો અને અગિઆરમો એ અનુવાકવડે અભય માગવું. એ આ રુદ્રાધ્યાયનો ગોલાર્થ છે.

"પહેલા અનુવાકથી ક્રુદ્ધદેવ પ્રસન્ન કર્યા પછી કયા સ્થાનનો અવલંબન કરીને દેવ રહે છે એ જાણવામાં ન આવતું હોવાથી સર્વ ચરાચર તેનું નિવાસસ્થાન ધારીને આઠ અનુવાકથી સર્વ ચરાચરને નમસ્કાર કરવા અને છેલા બે અનુવાકથી અભય માંગવું. કારણ કે, દેવ એ સ્વાતંત્ર્યની પરાકાષ્ટા છે. ઇચ્છામાં આવે તેનું અવલંબન કરીને તે જગત્ ઉપર નિગ્રહાનુગ્રહ કરે છે. જેમકે, યક્ષરૂપે પ્રકટ થઇને તેણે દેવોને મોહિત કર્યા; વિટવેષ ધરીને સપત્નીક મુનિયોને ભ્રષ્ટ કર્યા; કિરાતરૂપ ધરીને અર્જુનની સાથે યુદ્ધ કર્યું; ભૈરવરૂપ ધરીને કોઈ એકવેષ ધારણ કરનારી દેવીસહ ગજાનનને ઉત્પન્ન કર્યા; ઈંદ્રરૂપ ધરીને એક સેવકને તપથી ભ્રષ્ટ કરવાનું ધાર્યું; બાલરૂપે દેવીના ખોળામાં શયન પણ કર્યું; ઉલૂકપક્ષિનું રૂપ લઇને એક ઋષિને જ્ઞાનોપદેશ કર્યો; ઉન્મત્તવેષ ધરીને પોતાનું

ભ્રૂષતજનનેંદ્રિયને જગતનું કારણ હોવાનું દર્શાવ્યું; અપરાધી ગણીને સ્વવધ કરવાને પ્રવૃત્ત થયેલા એક ભક્તનું નિવારણ કરવા સારૂ લુગડાં ધોવાની છીપરથી જ રૂપ પ્રકટ કર્યું; અને ભૂમિના વિવરમાંથી ગળી પડતું એકનું હવિ ત્યાં સમીપ જ રહીને તેણે ભક્ષણ પણ કર્યું. આ પ્રમાણે ઇચ્છાનુરૂપ નાના પ્રકારના વેષ ધારણ કરીને ક્રીડા કરનારા દેવાધિદેવની આ વિશ્વલીલા છે. માટે વિશ્વરૂપે સ્તવન કરીને દેવને નમન કરેલું છે. કારણ કે **'चरितानि विचित्राणि गुह्यानि गहनानि च । ब्रह्मादीनां च सर्वेषां दुर्विज्ञेयोऽसि शंकर**—હે શંકર! તારાં ચરિત્રો વિચિત્ર, ગુહ્ય, અને અતકર્ય હોઇને બ્રહ્માદિ સર્વ દેવોને પણ તારૂં જ્ઞાન થવું દુર્ઘટ છે' એવું વચન છે" એમ પણ કેટલાએક કહે છે.

ॐ नम॑स्ते रुद्र म॒न्यव॑ उ॒तो त॒ इष॑वे॒ नम॑: ।

नम॑स्ते अस्तु॒ धन्व॑ने बा॒हुभ्या॑मु॒त ते॒ नम॑: ॥ १ ॥

વે૦ પ્ર૦ ભા૦—હે રુદ્ર તારા ક્રોધને નમસ્કાર હજો. તે ક્રોધ અમારા વૈરીઓને જ વિષે વિસ્તૃત થજો; ને અમારા વિષે ન થજો. તેમજ તારા બાણુને પણ નમસ્કાર હજો. તેમજ તારા ધનુષ્યને પણ નમસ્કાર હજો. વળી તારા ધનુર્બાણયુક્ત હાથોને પણ નમસ્કાર હજો. સારાંશ કે, એ સર્વેની પ્રવૃત્તિ મારે વિષે ન થતાં વૈરીઓનેજ વિષે થાજો ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભા૦—આ ઋચાના ઋષિ કશ્યપ, દેવતા રુદ્ર, ને છંદ અનુષ્ટુપ્ છે. અહિંથી પાંચ મંત્ર પ્રત્યક્ષ શિવને ઉદ્દેશીને છે. પ્રણવ, સ્વાહા, સ્વધા, વષટ્કાર, અને નમઃ એ પાંચ બ્રહ્મનાં નામ છે. કાયા, વાચા, અને મનથી આરાધ્ય દેવતાના અધીન થવું એ **नमः** શબ્દનો અર્થ છે. હે રુદ્ર! તારા સ્વકીય ક્રોધને નમસ્કાર હજો. **अस्तु** એ પદ આગળના મંત્રમાંથી અહિં અધ્યાહૃત લેવું. અંતકાલે જે પ્રાણિમાત્રને રોવડાવે છે તે **रुद्र**. પુરાણોમાં એ શબ્દની વ્યુત્પત્તિ અનેક પ્રકારથી

આપેલી છે. **रुतौ** એટલે નાદના અંતે જે દ્રવે છે તે કિંવા દ્રવિત કરે છે તે **रुद्र** એમ કેટલાએક કહે છે. વેદરૂપ **रुतीथी** જે ધર્માદિકોનું અવલોકન કરે છે કિંવા તેની પ્રાપ્તિ કરી આપે છે તે **रुद्र** એમ પણ કેટલાએક કહે છે. જે વાગ્રૂપ **रुतीना** યોગથી વાચ્યની પ્રાપ્ત કરી આપે તે **रुद्र** એમ કેટલાએક કહે છે. પ્રણવરૂપ શબ્દવડે જે આત્મપ્રાપ્તિ કરી આપે છે તે **रुद्र** એમ પણ કેટલાએક કહે છે. સ્તવન કરતા મનુષ્યોને જે પ્રાપ્ત થાય છે તે **रुद्र** એમ કેટલાએક કહે છે અને એ વ્યુત્પત્તિ માટે **'त्रिधा बद्धो वृषभो रोरवीति महोदेवो मर्त्यां आविवेश'** એ શ્રુતિનો આધાર આપે છે. **रुद्र** એટલે તેજસ્વી. **रोधिका** એટલે બદ્ધ અથવા મોહિત કરનારી શક્તિ જેનાવિષે છે તે **रुद्र**. કિંવા ભક્તો સારૂ તે શક્તિનું જે પાણી પાણી કરે છે તે **रुद्र**. **रुत्** એટલે સંસારદુઃખ; તેનો નાશ જે કરે છે તે **रुद्र** એમ પણ કેટલાએક કહે છે. કારણ કે, **रुत्** એટલે અશુભનાશક **'अशुभद्रावको रुद्रो यज्जहारपुनर्भवम्। तस्माच्छिवस्ततो रुद्रशब्देनात्राभिधीयते**–પુનર્જન્મનો નાશ શિવે કરેલો હોવાથી તેને રુદ્ર એ સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે' એવું વચન છે. **रुति** એટલે શબ્દ જે આપે તે **रुद्र**, અર્થાત્ પ્રાણ; એમ કેટલાએકનો મત છે. કલ્પારંભે વેદસ્વરૂપ શબ્દ જે બ્રહ્માને આપે છે તે **रुद्र** એમ પણ કેટલાએક કહે છે. કારણ કે **'यो वै वेदाँश्च प्रहिणोति तस्मै**–જે તે બ્રહ્મદેવને વેદ આપે છે' એવી શ્રુતિ છે. આ પ્રમાણે શાસ્ત્રકારો પોતપોતાના સિદ્ધાંતને અનુરૂપ એવી રુદ્રપદની વ્યુત્પત્તિ કરે છે. તારી ક્રોધરૂપ શક્તિ ભક્તવધ થવો ન જોઇએ એતદર્થે શાંતિરૂપ થાવો. સારાંશ કે, પ્રથમ ચરણવડે ભક્તસંબંધી ક્રોધશક્તિનો ઉપસંહાર પ્રાર્થ્યો છે. એજ પ્રમાણે બાણાદિકોના સંબંધે પણ સમજવું. **उतो उत उ** એ અવ્યયો હોઇને તે **अपि च** એ અવ્યયોની સાથે સમાનાર્થક છે. મહાદેવનો બાણ **'त इषु समस्कुर्वताग्निमनीकꣳसोमꣳशल्यं विष्णुं तेजसम्**–તેણે બાણ તૈયાર

કર્યું; અગ્નિ એ તેનો પાછળનો ભાગ, ચંદ્ર ફલ, અને વિષ્ણુ ધાર' એવા પ્રકારનું વેદમાં કહેલું છે. અને બીજી શાખામાં પણ '**तस्या अग्निरनीकमासीत्सोमः शल्यो विष्णुस्तेजनं वरुणः पणान्**' એમજ છે. તારા ધનુષ્યને નમસ્કાર હજો. મેરૂપર્વત એ શિવનું ધનુષ્ય એમ પુરાણોમાં કહેલું છે. પરંતુ મહાભારતમાં તો '**स कृत्वा धनुरोंकारं सावित्रीं ज्यां महेश्वरः । हयांश्च चतुरो वेदान्सर्ववेदमयं रथम्**—પ્રણવ ધનુષ્ય, સાવિત્રી પણછ, અને ચારવેદ અશ્વ, એવો સર્વવેદમય-રથ તે મહેશ્વરે કરીને' એમ કહેલો છે. **धन्वन्** એ **धनुः**–શબ્દનો જ પર્યાય છે. તેમજ તારા બાહૂઓને નમસ્કાર હજો. અહિંનુ દ્વિવચન આવશ્યક નથી. કારણ કે, દેવને ઘણા બાહૂઓ છે. કિંવા ધનુષ્યમાં રોકાયેલા જે બે બાહૂ તેમને અનુલાક્ષને દ્વિવચન છે એમ સમજવું. સર્વે સંકટનું મૂળ ક્રોધ હોવાથી તેને પેહેલાં નમસ્કાર કરેલો છે. નંતર સાક્ષાત્ સંકટમાં નાખનાર બાણ હોવાથી તેને નમસ્કાર કરેલો છે. બાણ પછી તે જેનાથી છૂટે છે તે ધનુષ્યને નમસ્કાર કરેલો છે. ને તદનંતર ધનુષ્ય તથા બાણ એમનામાં રોકાએલા બે બાહૂને નમસ્કાર કરેલો છે; એમ પણ કેટલાએક તાત્પર્ય દર્શાવે છે. આ મનુપ્રભૃતિદેવના વિશેષ નામો છે અને જે કાર્યો એમના લીધે થતાં હોય છે તેમના તેમના રૂપે તેનો નિર્દેશ કરેલો છે. આ પ્રમાણે આ મંત્રથી જગત્ સંહારાર્થે પ્રવૃત્ત થયેલી દેવની ઘોરતનુ પ્રસન્ન થાય છે.

હવે આ મંત્રનું પુરશ્ચરણાદિ કહિયે છિયે:—બાર દિવસથી થનારૂં કૃછ્રવ્રત (એટલે ત્રણ દિવસ પ્રાતઃકાલે જ ભોજન કરીને, પછી ત્રણ દિવસ સાયંકાલે જ ભોજન કરીને, ત્યારપછી ત્રણ દિવસ અયાચિત ભોજન કરીને અને ત્યાર પછીના ત્રણ દિવસમાં બિલકુલ ભોજન નહિ કરવું એવા પ્રકારે જે વ્રત કરાય છે તેને દ્વાદશરાત્ર કૃચ્છ્ર કહે છે એવું કૃચ્છ્રવ્રત) કરીને નિરંતર બાર દિવસપર્યંત પ્રતિદિવસે અગિઆર હજાર

પ્રમાણે આ મંત્રનો જપ કરવો એટલે પુરશ્ચરણ થાય છે. નંતર આ મંત્ર-વડે પ્રદક્ષિણા કરવી અને નમસ્કાર કરવા. નંતર દક્ષિણામૂર્તિના સન્નિધ અગિઆર હજાર જપ કરવાથી સર્વે પાપની નિવૃત્તિ થાય છે. નંતર લક્ષ જપ કરવાથી સપ્તજન્મનું પાતક નિવૃત્ત થાય છે. તે જ દક્ષિણામૂર્તિના સાન્નિધ્ય અગ્નિસ્થાપન કરીને ઘૃતયુક્ત પાયસ તયાર કરીને, અને તેનો હોમ કરવો; એટલે દેવનું પ્રત્યક્ષ દર્શન થાય છે. તેજ મૂર્તિની સાન્નિધ્ય ઓરસ ચોરસ ચોવીસ અંગુલનો કુંડ કરવો અને ગૃહ્યાગ્નિ ઉપર એકવર્ણી ગાયના ઘૃતથી એક લક્ષ હોમ કરવો એટલે ગાણપત્ય પ્રાપ્ત થાય છે. હવે આ મંત્રસંબંધમાં રાજાએ શું કરવું તે કહીયે છિયેઃ—પુરશ્ચરણથી મંત્ર-સિદ્ધ થયેલા બ્રાહ્મણ પાસેથી રાજાએ લિંગપૂજન કરાવવું. તે પૂજાનો પ્રકાર આ પ્રમાણેઃ—લિંગના દક્ષિણમાં કુંડ કરીને તેમાં મંથનથી પ્રકટ કરેલા અગ્નિની સ્થાપના કરવી; અને તે અગ્નિમાં ઘી દ્રો, શુદ્ધ ચોખા અને ખીજડાની સમિધ એ પ્રત્યેકનો આઠ હજાર હોમ કરવો, દેવસા-ન્નિધ્ય આઠ હજાર જપ કરવો, મંદિરને આઠ હજાર પ્રદક્ષિણા કરવી, દેવસન્મુખ તાંડવનૃત્ય કરવું. અને પ્રણામ તથા નમસ્કાર આઠ આઠ હજાર કરવા. એમ કરવાથી ભગવાન્ અતિસુપ્રસન્ન થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે 'आकर्णकृष्टे धनुषीहमहाज्वलंतीं देवीमिषुं भास्वति संदधानम् । ध्यायेन्महेशं महनीयवेषं देव्या युतं योवन-तनुं युवानम्' એમ ધ્યાન કરવું ॥ १ ॥

या त॒ इषुः शि॒वत॑मा शि॒वं ब॒भूव॑ ते॒ धनुः॑ ।
शि॒वा श॑र॒व्या॑ या तव॒ तया॑ नो रुद्र मृडय ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—હે રુદ્ર! જે તારૂં બાણ અત્યંત શાંત થયેલું છે તેના યોગથી, તેમજ જે તારૂં ધનુષ્ય શાંત થયેલું છે તેના યોગથી અને તેમજ જે તારો ભાથો છે તેના યોગથી તું અમોને સુખ આપ. ભક્તોને વિષે બાણાદિકોની પ્રવૃત્તિ ન થતી હોવાથી તેમને શાંત કહેલાં છે. ॥ २ ॥

भ० भा० भाष्यः—આ મંત્રના આત્રેય ઋષિ; દેવતા શંભુ અને છંદ અનુષ્ટુપ્ છે. હે રુદ્ર! જે તારાં બાણુ કેવળ હસ્તનેજ અલંકૃત કરનાર ન હોઇને ભક્તોને અત્યંત સુખ આપનારાં છે, તેમજ જે તારૂં ધનુષ્ય કેવળ બીજા હાથને જ ભૂષિત નહિ કરતા ભક્તોને સુખકર છે; તેમજ જે તારો ભાથો સુખકર છે તે સર્વના યોગથી તું અમોને સુખ આપ.

આ મંત્રનું પુરશ્ચરણાદિકઃ—બાર દિવસ સુધી ચરૂભક્ષણ કરીને આ મંત્રનો નિત્ય અગિઆર હજાર જપ કરતા પુરશ્ચરણ થાય છે. ને પછી એ મંત્ર વિનિયોગને યોગ્ય થાય છે. અન્નાર્થી પુરૂષે તલ, ચોખા, જવ, અને આમળાનો કલ્ક એમનો હોમ પ્રત્યેકે અગિઆર અગિઆર હજાર કરવો એટલે અન્નપ્રાપ્તિ થાય છે. દુર્ભિક્ષનિવારણાર્થે રાજાએ પોતાના અગ્નિ ઉપર તલ અને ગોળથી મિશ્રિત કરેલા ચરૂનો આ મંત્રવડે એક લક્ષ હોમ કરવો એટલે રાજ્યમાં સુભિક્ષ થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે '**ध्यायेद्देवं सुस्मितं स्यंदनस्थं देव्या सार्धं तेजसा दीप्यमानम् । इष्विष्वासालंकृताभ्यां कराभ्यां शूराकारं स्तूयमानं सुराद्यैः**' એમ ધ્યાન કરવું ॥ ૨ ॥

या ते॑ रुद्र शि॒वा त॒नूरघो॑रापापकाशिनी ।
तया॑ नस्त॒नुवा॒ शन्त॑मया॒ गिरि॑शन्ता॒भि चा॑कशीहि ३

वे० प्र० भाष्यः—રુદ્રની બે તનૂ છે. એક હિંસા કરનારી અને બીજી અનુગ્રહ કરનારી. '**रुद्रो वा एष यदग्निस्तस्यैते तनुवौ घोराऽन्या शिवाऽन्येति**—અગ્નિ એજ રુદ્ર હોઇને હિંસક અને અનુગ્રાહક એવી આ તેની બે તનૂ છે' એવી શ્રુતિ છે. હે રુદ્ર! અમારા ઉપર અનુગ્રહ કરનારી ને તેથીજ જે ઘાતક નથી એટલે હિંસારૂપ અનિષ્ટ જે ગોચર થવા દેતી નથી તે અત્યંત સુખકર તનુ પ્રકટ કરીને તું મને સુખી કર. કૈલાસમાં રહીને જે નિત્ય પ્રાણિઓને સુખ આપે છે તે **ગિરિશંત** છે ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રના ઋષિ કાશ્યપ, દેવતા શંભુ અને છંદ સ્વરાડનુષ્ટુપ્ છે. ઉત્તરાર્ધમાં બે અક્ષરો અધિક હોવાથી એ બૃહતીછંદ છે એમ પણ કેટલાએક કહે છે. શાંતાતનુ બે પ્રકારની છે. એક સાયુધ અને બીજી નિરાયુધ. પહેલીનું પ્રતિપાદન આગળના મંત્રમાં હોઇને આ મંત્રવડે બીજી તનૂનું પ્રતિપાદન કરેલું છે. હે રુદ્ર! જે તારૂં શાંત એટલે અભયપ્રદ શરીર છે, જે ક્રૂર નથી અને જેના લીધે સંકટ પ્રાપ્ત થતું નથી અથવા પાપમૂલક દુઃખો જેના લીધે પ્રકટ થતાં નથી તે, સ્મરણ કરનારાઓને અત્યંત સુખ આપનારા શરીરવડે તું અમારા ઉપર અનુગ્રહ કર. **तनू** શબ્દ **तनु** શબ્દનો જ પર્યાય છે. પાપ એટલે સંકટ. તે પ્રકટ ન કરનારી જે તે **अपापकाशिनी**. કારણ કે, સંકટ આણુનારા આયુધોનો તે તનુને વિષે અભાવ છે. **शंतम** એટલે સુખનું કારણ અર્થાત્ નિરતિશયાનંદસ્વરૂપ. **चाकशीहि** એટલે જો, એવો પણ અર્થ થાય છે. સારાંશ કે, એવા પ્રકારનો તું સુખમય શરીરથી અમારા ઉપર અનુગ્રહદૃષ્ટિ કર. **गिरि** એટલે કૈલાસ. તેના વિષે સર્વદા પ્રકટ હોઇને જે પ્રાણિઓને સુખ આપે છે તે **गिरिशंत**. અથવા મેઘને વિષે રહીને જે પ્રાણિઓને પર્જન્યરૂપથી સુખ આપે છે તે **गिरिशंत**. **गिरि** એટલે મેઘ. અથવા વેદમાં હોઇને જે અર્થરૂપ વડે સુખ આપે છે તે **गिरिशंत**. **गी** એટલે વાણી અર્થાત વેદ. પ્રણવમાં રહિને ધ્યેયરૂપથી જે સુખ આપે છે તે **गिरिशंत**. **गिरि** એટલે પ્રણવ. કૈલાસાદિ સ્થાનોમાં જે સુખથી રહે છે તે **गिरिशंत**.

હવે આ મંત્રનું પુરશ્ચરણાદિક:—હવિષ્ય ભક્ષણ કરીને ત્રિરાત્રજપ કરતાં પુરશ્ચરણ થાય છે. પછી આ મંત્રવડે ગોશાંતિ કરવી. ગોશાળામાં ઓરસ ચોરસ હસ્તપરિમિત અગ્નિકુંડ કરીને મંથન કરેલા અગ્નિમાં વિકલો અને અઘેડો એમની સમિધોને દહિં, મધ, અને ઘીમાં બોળીને તેનો દશ, દશ, હજાર હોમ કરવો. એજ મંત્રથી અન્ય પ્રકારે પણ ગોશાંતિ થાય છે તે આ પ્રમાણે:—બ્રાહ્મણપાસેથી કલશોદક અભિમંત્રિત

કરીને અને તેમાં સર્વ પ્રકારનું ગંધ ભેળવીને એકલક્ષ જપ કરાવ્યા પછી ગાયો ઉપર પ્રોક્ષણ કરવું એટલે ગૌશાંતિ થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે '**स्मेराननं चंद्रकलावतंसं गंगाधरं शैलसुतासहायम् । त्रिलोचनं भस्मभुजंगभूषणं ध्यायेत्पशूनां पतिमीशितारम्**' । એમ ધ્યાન કરવું ॥ ૩ ॥

यामिषुं गिरिशन्तुहस्ते बिभर्ष्यस्तवे ।
शिवां गिरित्र तां कुरु माहिंसीः पुरुषं जगत् ॥ ४ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે ગિરિશંત ? વૈરી ઉપર નાંખવા સારૂ જે બાણ તું હાથમાં ધારણ કરે છે તે, હે કૈલાસપર્વતપાલક રુદ્ર ! તું અમારા વિષે શાંત કર; અર્થાત્ અમારા મનુષ્યોની અથવા ગવાદિ ઇતર જંગમ પ્રાણિઓની તું હિંસા કરીશ માં ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ચોથી અને પાંચમી ઋચાના ઋષિ ગૌતમ. ગોધૂમ એમ પણ કેટલાએક કહે છે. દેવતા રુદ્ર. ચોથીનો છંદ નિચદનુષ્ટુપ્ અને પાંચમીનો અનુષ્ટુપ્ છે. જે બાણ હાથમાં ધારણ કરે છે. શા સારૂ ? દેવોએ પ્રાર્થના કર્યા પછી વધ્ય અસુરો ઉપર નાખવા સારૂ. '**यामाहुर्देवाः क इमामसिष्यतीति रुद्र इत्यब्रूवन् रुद्रो वै क्रूरः सोऽस्यत्विति सोऽब्रवीद्वरमिति**—કોણ એને નાંખશે ? દેવબોલ્યા રુદ્ર. રુદ્ર એ ક્રૂર છે. તે આ બાણ નાંખશે. પરંતુ, તે બોલ્યો હું વર માંગું છું' એવી શ્રુતિ છે. અથવા તૃણતુલ્યત્રિપુર દગ્ધ કર્યા પછી આજ્ઞાપ્રમાણે વર્તનારો જે કૃતાર્થ બાણ પાછો લેવા સારૂ તું હાથમાં ધારણ કરે છે તે કલ્યાણપ્રદ કર; અર્થાત્ તારી ભક્તિ ન કરનારા એવા જે વધ્ય તેમના ઉપર જ તે બાણનું નિશાન રહેવા દે. તું પોતાના સદ્વર્તની સેવકોની હિંસા કરીશમાં. તારો સદ્વર્તની સેવકજ પુરૂષસંજ્ઞાને પાત્ર છે. વળી પુરૂષવ્યતિરિક્ત જે ગોમહિષપ્રભૃતિજંગમ પ્રાણિઓ અને વૃક્ષાદિક જે સ્થાવર

પ્રાણિઓ તેમની પણ હિંસા તું કરીશ માં. પુરૂષાદિકોને ટાળીને વધ્ય ઉપર જ બાણ તાકેલો હોવાથી તેને **શિવ** એ વિશેષણ યોજેલું છે. કૈલાસનું જે રક્ષણ કરે છે અર્થાત્ નિવાસસ્થાન હોવાથી જે તેનો ગૌરવ કરે છે તે **गिरित्र. गिरि** એટલે કૈલાસપર્વત. અથવા વૃષ્ટિકારક હોવાથી **गिरित्र** એટલે મેઘરક્ષક. અથવા રથાવયવરૂપ દેવોનો રક્ષક હોવાથી **गिरित्र** એટલે ગિરિતુલ્ય રથનો રક્ષક. અથવા **गिरित्र** એટલે ઇપ્સિત વસ્તુ આપીને યાચના પરિપૂર્ણ કરનારો ॥ ૪ ॥

शिवे॑न॒ वच॑सा त्वा॒ गिरि॒शाच्छा॑ वदामसि ।
यथा॑ नः॒ सर्व॒मिज्जग॑दय॒क्ष्मꣳसु॒मना॒ अस॑त् ॥ ५ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—**गिरि** એટલે કૈલાસ. **गिरिश** એટલે કૈલાસ ઉપર રહેનારો. હે ગિરિશ ! તારી પ્રાપ્તિ સારૂ અમો મંગલપ્રદ સ્તુતિરૂપ ભાષણથી તારી પ્રાર્થના કરીયે છિયે. માટે અમારા મનુષ્ય પશ્વાદિક-જંગમ પ્રાણિઓ રોગરહિત તથા સુપ્રસન્ન થાય એમ તું કર ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—કૈલાસ ઉપર શયન કરનારો. નિવાસસ્થાનરૂપે જેને પ્રશસ્ત પર્વત છે તે. કૈલાસાધિપતિ. મેઘાધિપતિ. વાચકવેદ પ્રણવ-રૂપશબ્દનો અધિપતિ. આ **गिरिश** એ શબ્દના અર્થ છે. ગુણસંકીર્ત-નાત્મક કલ્યાણકારક અથવા તને આનંદઆપનારા સ્તોત્રરૂપ વચનથી અમો સર્વૈશ્વર્યગુણસંપન્ન એ વાતનેજ પ્રસન્ન કરવા સારૂ સ્તવિયે છિયે. અશિવવચનથી દેવ ક્રુદ્ધ થશે. તસ્માત્ કલ્યાણકારક વચનથી તારી અમો સ્તુતિ કરીયે છિયે. અમારા પુત્રપૌત્રાદિક, પશ્વાદિક અને વૃક્ષાદિક એવું જે કાંઈ ચરાચર છે તે સર્વ રોગરહિત અને સુપ્રસન્ન થજો. એ માટે અમો તારી સ્તુતિ કરીયે છિયે. અથવા જે પ્રકારે અમોને એવું પ્રાપ્ત થાય તે પ્રકારે અમો તારી સ્તુતિ કરીયે છિયે.

આ મંત્રનું પુરશ્ચરણાદિક—ચોથા અને પાંચમા મંત્રનો એકવિશ દિવસ નિરંતર જપ કરવાથી પુરશ્ચરણ સિદ્ધ થાય છે. પછી આ મંત્ર વડે અકાલમૃત્યુ ટાળવું. મંત્રસિદ્ધ બ્રાહ્મણો દ્વારા રાજાએ અનુષ્ઠાન કરાવતાં તેનું અકાલમરણ થતું નથી. તલ, શાળ, ગહું, અને જવને દહીં, મધ અને ઘીમાં પલાળીને આ મંત્રવડે લક્ષહોમ કરવો એટલે તે રાષ્ટ્રમાં કોઇનું અકાલમરણ થતું નથી. નવ દિવસમાં જ ઉપદ્રવો નિવૃત્ત થાય છે. અઢાર દિવસમાં સર્વ જગત્ અકાલમૃત્યુરહિત થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે '**सांग्रामिकेण वपुषा प्रविराजमानं हप्यत्पुरत्रयतृणाशनिमंदहासम् । दैत्यान्दिधक्षुमचलेश्वरचापपार्णि ध्यायेत्पुरारिममरौघरथाधिरूढम्**' એમ ધ્યાન કરવું ॥ ૫ ॥

अध्यवोचदधिवक्ता प्रथमो दैव्यो भिषक् ।

अहीँश्च सर्वाञ्जम्भयन्त्सर्वाश्च यातुधान्यः ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—સર્વ કરતાં એ અધિક છે એમ મને ઉદ્દેશીને કહેવા જે રુદ્ર સમર્થ છે અને જેણે એમ કહેતાં મને તત્ક્ષણે જ સર્વ કરતાં આધિક્ય પ્રાપ્ત થાય છે તે તેવા પ્રકારનો રુદ્ર મને સર્વ કરતાં અધિક કહો. એ અધિવક્તા રુદ્ર દેવોમાં મુખ્ય છે; સર્વ દેવોનું રક્ષણ કરવાને એ સમર્થ છે અને એના કેવળ ધ્યાનથી સર્વ રોગ નિવૃત્ત થતા હોવાથી એ ચિકિત્સક છે. શું કરતો છતો મને એ સર્વ કરતાં અધિક કહે? સર્વ સર્પ વ્યાઘ્રાદિકોનો અને સર્વ રાક્ષસજાતિનો નાશ કરતો એ મને સર્વથી શ્રેષ્ઠ કહે ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રનો કેટલાએકના મતે અનુષ્ટુપ્ અને કેટલાએકના મતે નિચૃત્ છંદ છે. ઋષિ કણ્વ અને દેવતા શંભુ છે. અહિંથી ચાર મંત્રો ઈશ્વરને પ્રત્યક્ષ ઉદ્દેશીને નથી. પરોક્ષતાથી ઉદ્દેશીને છે,

પક્ષપાતથી થનારૂં જે ભાષણ તે **अधिवचन**. '**ब्राह्मणायाधिब्रूयात्**' આ શ્રુતિમાંહેલા **अधिब्रूयात्** એ ક્રિયાપદનો અર્થ પક્ષપાતથી બોલવું એમ થાય છે ને તેવો જ અહિં કરવો યોગ્ય છે. **अधिवक्ता** એટલે સ્વભાવથી જ ભક્તોનો પક્ષ ધરીને તેમને શ્રેષ્ઠ કહેનારો. પક્ષપાતથી ભક્તોનો નિર્દેશ કરવાને સર્વદા સમર્થ, એવો પણ **अधिवक्ता** શબ્દનો અર્થ થાય છે. અથવા વધુ બોલવાને યોગ્ય. પરતંત્ર પુરુષ વધુ બોલે તો તે ઉપહાસાસ્પદ થાય છે. પરંતુ એ તેવો નથી. સર્વમાં એ મુખ્ય હોવાથી વધુ બોલવાને યોગ્ય છે. દેવોમાં રહેનારો તે **दैव्य** છે, અથવા **दिव्** ધાતુના જે ક્રીડાદિક અનેક અર્થ તે પૈકી પ્રત્યેક; ક્રીડાને વિષે સુખરૂપ; વિજિગીષાને વિષે જયસ્વરૂપ; વ્યવહારને વિષે વિવિક્તરૂપ; ધોતનાને વિષે પ્રકાશરૂપ; સ્તુતિમાં સ્તુત્યરૂપ; અને ગતિમાં ગમ્યસ્થાનરૂપ અથવા વાયુરૂપ. અથવા દિવ્યજ્ઞાનસંપન્ન જે દેવ તેમાં **प्रथम** એટલે દિવ્યજ્ઞાનસંપન્નોમાં મુખ્ય. **भिषक्** એટલે વૈદ્ય અર્થાત્ વ્યાધિ, તાપ, સંસાર ઇત્યાદિકોની ચિકિત્સા કરનારો. '**भिषक्तमं त्वा भिषजां शृणोमि**—વૈદ્યોમાં તું અત્યુત્કૃષ્ટ વૈદ્ય હોવાનું મારા સાંભળવામાં છે' એવા અર્થનો બીજો પણ મંત્ર છે. **भिषज्** એટલે ચિકિત્સા કરવી. એ ધાતુ **कंड्वा**દિકો પૈકી છે. **कंड्वा**દિકધાતુ પ્રાતિપદિક પણ હોય છે. અથવા ક્ષયનો જે નાશક તે **भिषक्**, અથવા અભયરૂપ હોવાથી ભીતિ સમયે જે મનમાં આવે છે તે **भिषक्**, અથવા દેહભેદનોથી એટલે પુનરપિ દેહનો સંબંધ છોડાવનારા શ્રવણમનનાદિકોથી જે પ્રાપ્ત થાય છે કિંવા અનુગ્રહ કરે છે તે **भिषक्**. શું કરતો છતો તે અમોને અધિક કહે ? તો કહે છે કે, સર્વ **अहीन्** તેનો નાશ કરતો કરતો. પાસે આવીને પ્રાણિઓની જે હત્યા કરે છે તે **अहि**. હનનશીલ એટલે પ્રજાજનોની પ્રત્યક્ષ હિંસા કરનારા જે વ્યાઘ્ર સર્પ વૃશ્ચિકાદિ તે સર્વનો નાશ કરતો કરતો. **अहींश्च** એ સ્થલનું **च** પદ નિશ્ચયાર્થક છે. **यातु** એટલે માયા તે જેના વિષે હોય છે

તે **યાતુધાન.** સારાંશ કે, પાસે આવીને પ્રાણિઓની હિંસા કરનારા સર્વ વૃશ્ચિક પ્રભૃતિ, અશાંત સ્વભાવના સિંહ વ્યાઘ્ર ચોરાદિક, પ્રત્યક્ષ મારવાને ઉદ્યુક્ત છતાં દૃષ્ટિગોચર નહિ થતાં પણ પીડા કરનારા માયાવી પિશાચ-રાક્ષસાદિક અને વ્યાધિ, અપસ્માર વિગેરે, એ સર્વેનો નાશ કરતો કરતો 'બીશોમાં; તમારૂં હું રક્ષણ કરીશ' એવું મહત્ત્વનું ભાષણ કરવાને યોગ્ય એવા એ દેવ અમોને શ્રેષ્ઠ કહો.

આ મંત્રનાં પુરશ્ચરણાદિક:—અર્ધકૃચ્છ્ર પ્રથમ કરીને નંતર પાંચ દિવસ પર્યંત શાક, મૂળ, જવ અને ચરૂનું જ ભોજન કરીને પોતાનાં આવશ્યક નિત્ય કર્મો ન તજતાં આ મંત્રનો નિરંતર જપ કરવાથી પુરશ્ચરણ સિદ્ધ થાય છે. નંતર આ મંત્રવડે રાજાએ રક્ષણ કરાવવું. સર્વેનું રક્ષણ થવા સારૂ ધોળા સરસવ, ચોખા, દ્રો અને જવ એમના ઉપર ઘૃતસિંચન કરીને સ્વકીય અથવા મંથનથી ઉત્પન્ન કરેલા અગ્નિમાં નિત્ય આઠ હજાર હોમ કરવો. જો વચમાં આર્દ્રા નક્ષત્ર આવે તો દશ હજાર હોમ કરવો. તેજ અગ્નિ ઉપર તલ, ગોળ, જવ અને દુધ મિશ્ર કરેલા ચરુથી આઠ હજાર હોમ કરવો. એટલે રાજા દીર્ઘાયુ થાય છે. સર્વસ્થળે અને યોગ્ય સમયે દક્ષિણા આપવી. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણપ્રકારની દક્ષિણા છે. દશહજાર નિષ્ક સુવર્ણ એ ઉત્તમ, પાંચ હજાર મધ્યમ, અને ત્રણસો કનિષ્ઠ. અથવા ત્રણસો ઉત્તમ, બસો મધ્યમ અને સો નિષ્ક કનિષ્ઠ. '**यस्मिन्कर्मणि कर्मांगं दक्षिणा तु विधीयते । प्रथमं दक्षिणां दद्यात्पश्चात्कर्मांगदक्षिणाम्**—જે કર્મમાં કર્માંગદક્ષિણા વિહિત હોય તે કર્મમાં પ્રથમ દક્ષિણા આપીને તદનંતર કર્માંગ દક્ષિણા આપવી' એમ જ સર્વ સ્થળે યોગ્ય સમયે દક્ષિણા આપવી. અથવા ચોસઠ ઉત્તમ, બત્રીસ મધ્યમ અને ચોવીસ કનિષ્ઠ, કર્તા અનેક હોય તો પ્રત્યેકને ઉત્તમ દક્ષિણા અને કર્મનો કર્તા એક જ હોય તો એકને જ ઉત્તમ દક્ષિણા આપવી. "**अत्यल्पदक्षिणो यज्ञो यजमानं शमयते**—યજ્ઞની અતિશય ન્યૂન

દક્ષિણા હોય તો યજમાનનો નાશ થાય છે' એવું વચન છે. રાજાએ, રાજતુલ્ય પુરુષોએ ઉત્તમ દક્ષિણા આપવી અને ઇતરોએ મધ્યમ તથા કનિષ્ઠ દક્ષિણા આપવી. **विभवे सति यो मोहान्न कुर्याद्विधिविस्तरम् । नैव तत्फलमाप्नोति प्रलोभाक्रांतमानसः**—વૈભવ છતાં જે મોહથી યથાસાંગ કર્મ કરતો નથી તે લોભાવિષ્ટ પુરુષને તે કર્મનું ફલ પ્રાપ્ત થતું નથી' એમ વચન છે. કર્મમાં દશકર્તા હોય તો હજાર નિષ્ક દક્ષિણા આપવી; પાંચ અથવા ચાર કર્તા હોય તો પાંચસો આપવી અને એક જ કર્તા હોય તો ત્રણસો આપવી. આચાર્યને બમણી દક્ષિણા આપવી. આચાર્ય એ ઈશ્વર જ છે એમ જાણવું. સર્વસ્થળે આપ્રમાણે દક્ષિણા આપવી. અગ્નિસ્થાપન પછી સમંત્રક કલશસ્થાપના કરવી. અગ્નિ આગળ જે સમંત્રક કલશ સ્થાપવો તે સુવર્ણનો અથવા રજતનો હોવો જોઇએ. અગ્નિ સાન્નિધ્ય દેવતાનું આવાહન કરીને તેના સાન્નિધ્ય હોમ કરવો અને હોમ પૂરો થયા પછી કલશોદકથી રાજાને અભિષેક કરવો. આચાર્યનું નિત્ય વિશેષ સન્માન કરવાથી રાજાનું રક્ષણ થાય છે. એ જ મંત્રવડે બીજું એક અનુષ્ઠાન થાય છે તે આ પ્રમાણે:—આ મંત્રથી કપાશીઆ, મીઠું અને સરસવ અગિઆર વાર અભિમંત્રિત કરવા અને જે દિશામાં શત્રુ હોય તે તરફ જતાં ઇતર દિશામાં તે ઉડાડવા અને નંતર શુદ્ધ થઈ જપ કરતા જવું એટલે વાઘ, ચોર, બ્રહ્મરાક્ષસ, યક્ષ, ભૂત ઇત્યાદિકોની બાધા નષ્ટ થાય છે. વળી એ જ મંત્રવડે રોગનાશન અનુષ્ઠાન આપ્રમાણે કરવું:—વ્યાધિગ્રસ્ત પુરુષે આ મંત્રથી સરસવ સાતવાર અભિમંત્રિત કરિને તે પોતાની શિખામાં બાંધવા એટલે તેને આરોગ્ય પ્રાપ્ત થાય છે. એમ જ ધોળા સરસવ અભિમંત્રિત કરીને બાંધી રાખતાં કુમારગ્રહાદિકોની પીડા નષ્ટ થાય છે. ચાર તોલા સુંઠ અભિમંત્રિત કરીને દુધમાં ઉકાળવી અને સ્વકીય અગ્નિ ઉપર તે પાયસનો આઠ હજાર અથવા આઠસો હોમ કરવો અને અવશિષ્ટ રહેલું પાન કરવું એટલે ગર્ભ

સંબંધી રોગની નિવૃત્તિ થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે '**चंद्रार्धमौलिं कालारिं व्यालयज्ञोपवीतिनम् । ज्वलत्पावकसंकाशं ध्यायेद्देवं त्रिलोचनम्**' એમ ધ્યાન કરવું ॥ ૬ ॥

असौ यस्ताम्रो अरुण उत बभ्रुः सुमंगलः ।
ये चेमाᳯरुद्रा अभितो दिक्षुश्रिताः सहस्रशोवैषाᳯहेड ईमहे

વે૦ પ્ર૦ ભાષ્ય:—ઉદયકાલે અત્યંતરક્તવર્ણ, નંતર કિંચિત્ રક્તવર્ણ, નંતર બભ્રૂ, નંતર પિંગલવર્ણ અને એમ જ સમયે સમયે બદલનારા વર્ણોથી યુક્ત એવો આ મંડલસ્થાદિત્યરૂપ રુદ્ર વખતોવખત અંધકાર-નો નાશ કરતો હોવાથી અત્યંત મંગલકારક છે. તેમ જ આ ભૂમિની સર્વે દિશામાં જે કિરણરૂપ ઇતર રુદ્રો સ્થિત છે તે હજારો છે. સૂર્યરૂપ અને કિરણરૂપ એવા આ રુદ્રોનું જે ક્રોધતુલ્ય તીક્ષ્ણત્વ તેનું અમો ભક્તિ નમસ્કારાદિ સાધનોવડે નિવારણ કરિયે છીયે ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રનો છંદ આસ્તારપંક્તિ. '**परौ चेद्द्वादशाक्षरा वास्तारपंक्तिरिति**—આગળના બે ચરણ દ્વાદશાક્ષરી હોયતો આસ્તારપંક્તિછંદ' એવું વચન છે. પંચપદાપંક્તિ એમ કેટલાએક માને છે. આગળના મંત્રના છંદ ષટ્પદાજગતી, એ બંને મંત્રના ઋષિ–કાલ-મરુત્વાન્ એમ પણ કેટલાએક માને છે અને સૂર્યરૂપ રુદ્ર એના દેવતા છે. '**असौ यस्ताम्र इत्यनेनादित्यमुपतिष्ठत**—અસૌ યસ્તામ્ર આ મંત્રથી સૂર્યોપસ્થાન કરવું' એમ શતપથબ્રાહ્મણમાં કહેલું છે. ઈશ્વરની-જગ-દુપસંહારક આઠ મૂર્તિમાં સૂર્યનો પણ અંતર્ભાવ છે. ભક્તને માટે તે સૂર્યમૂર્તિની કૃપા આ મંત્રવડે માંગી છે. **असौ** એ દર્શક સર્વનામથી સૂર્ય તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. આ એટલે ઉર્ધ્વભાગમાં રહેનારો આદિત્ય. કેવો ? ઉદય કાલે અતિરક્તવર્ણ અંધકારના સંપર્કના લીધે તેવો ભાસે છે.

ભૂમિની છાયાના સંપર્કને લીધે તેવો ભાસે છે એમ પણ કેટલાએક કહે છે. ઉદયપછી કિંચિત્ રક્તવર્ણ, નંતર બભ્રુ અને તદનંતર પિંગલ. પિંગલવર્ણને જ કેટલાએક ગૌરવર્ણ કહે છે. અથવા જ્ઞાનદાનાદિકથી જે વિશ્વનું પાલન કરે છે તે **બભ્રુ. સુમંગલ** એટલે સર્વમંગલકારકસમૃદ્ધિથી યુક્ત. કારણકે મંગલસમૃદ્ધિનો હેતુ તે જ છે. એવા પ્રકારનો એ આદિત્ય; અર્થાત્ એવો સૂર્યરૂપ જે રુદ્રવેષથી અને સ્વરૂપથી રુદ્રસમાન એવા જે દેવે ઉત્પન્ન કરેલા છે અથવા જે સર્વદા દેવના સેવક છે અને આ પૃથ્વી ઉપર સર્વદિશામાં જગતમાંહેલા પ્રાણિઓને પુણ્યપાપાનુરૂપ ફલ આપવાને હજાર હજારના સમુદાયથી રહેલા છે. કેટલાએક એમ કહે છે કેઃ—આ સૂર્યાત્મક રુદ્રના જે સ્વરૂપભૂત કિરણરૂપરુદ્ર પૃથ્વી ઉપર સર્વત્ર હોય છે, તેમનો એટલે રુદ્ર અને તેના અનુયાયી એમનો ક્રોધ અથવા અનાદર સ્તુતિ અને નમસ્કારના યોગથી દૂર કરીયે છિયે. **હેડઃ** એ શબ્દથી ક્રોધ અને અનાદર એ બંને લેવા. '**हेडृ अनादरे**' એમ ધાતુપાઠ છે ને '**हेडः क्रोधः**' એમ યાસ્કમુનિયે કહેલ છે. વિહિત કર્મોનું અનુષ્ઠાન ન કરવાથી અમારા વિષે થનારો અનાદર અને નિષિદ્ધ કર્મોનું આચરણ કરવાથી થનારો ક્રોધ એ બંને ને અમો દૂર કરિયે છિયે ॥ ૭ ॥

असौ योऽवसर्पति नीलग्रीवो विलोहितः ।
उतैनं गोपा अदृशन्नदृशन्नुदहार्यः ।
उतैनं विश्वा भूतानि स दृष्टो मृडयाति नः ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—કાલકૂટ વિષ ધારણ કરવાથી જેનો કંઠ નીલવર્ણ થયેલો છે અને જે એ વિશેષતઃ આરક્તવર્ણ છતાં મંડલસ્થ થઇને ઉદયાસ્ત કરવા સારૂ પ્રવૃત્ત થાય છે તે રુદ્ર; મંડલવાર્તિ સૂર્ય સ્વરૂપ કેમ ધારણ કરે છે તેનું કારણ એ છે; વેદશાસ્ત્ર શૂન્ય ભરવાડ પણ આ મંડલસ્થ સૂર્ય

રૂપ રુદ્રને દેખે છે અને પાણી ભરનારી સ્ત્રિયો પણ એનું અવલોકન કરે છે. તેમ જ એ મંડલસ્થ સૂર્યરૂપ રુદ્ર ગોમહિષ પ્રભૃતિ સર્વપ્રાણિયોની દૃષ્ટિએ પડે છે. તાત્પર્ય કે, સર્વને દર્શન થાય એટલા સારૂજ રુદ્રે સૂર્યસ્વરૂપ ધારણ કર્યું છે. કૈલાસાદિકને વિષે રહેનારૂં રુદ્રરૂપ વેદશાસ્ત્રવેત્તાઓના જ જોવામાં આવે છે, બીજાઓને દેખાતું નથી. તેવા પ્રકારનો રુદ્ર ગોચર થઇને અમોને સુખી કરો ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—હવે બીજી ઋચા **असौ** એ દર્શક સર્વનામ યોજીને પ્રત્યક્ષ દેખાડતી શ્રુતિ બોલે છે. એ એટલે આદિત્યરૂપ જે રુદ્ર અસ્તમયસમયે નીચે ગયા જેવો ભાસે છે અથવા દેશાંતરે જાય છે તે. કાલકૂટ વિષથી જેની ગ્રીવા અલંકૃત છે તે **नीलग्रीव. विलोहितः** એટલે સ્વતઃ વિશેષ આરક્તવર્ણ અર્થાત્ બળતા અગ્નિ જેવો. અથવા નીલગ્રીવ અને વિલોહિત એ બંને સૂર્યનાં જ વિશેષણ છે. ઉદક જે ગ્રસ્ત કરે છે તે **ग्रीवा** એટલે કિરણ. ઉદયથી ઉદક આકર્ષણ કરતા હોવાથી અસ્ત પામતી વખતે જેનાં કિરણ અંધકારના સંપર્કથી જેમ કાંઈ નીલવર્ણ થાય છે. અથવા **नीलग्रीव** એટલે નીલ કિરણથી યુક્ત. વિવિધ એટલે અનેક પ્રકારના આરક્તવર્ણથી જે યુક્ત તે **विलोहित.** ઉદયાસ્તમયસમયે તમઃસંપર્કના લીધે સૂર્યમંડલ આરક્તવર્ણ ભાસે છે. એ દેવ અસ્તોદયના યોગથી લોકોના વ્યવહાર ચલાવતો હોવાથી બાલગોપાલ પર્યંત સર્વને પ્રસિદ્ધ છે. દેવની ઇતર મૂર્તિ પ્રમાણે એ મૂર્તિ અદૃશ્ય નથી. એનું જ પ્રતિપાદન આગળ કરેલું છે. એ આદિત્યરૂપદેવને મૂઢ માંહેલા મુખ્ય જે ગોપ એટલે ભરવાડ તે અવલોકન કરે છે; અને તેમ જ જલભરનારી સ્ત્રિયો પણ તેને જુવે છે. તેઓ ભરવાડ કરતાં પણ ક્ષુદ્ર છે. વિભાગથી એ પ્રતિપાદન કેમ કર્યું તેનું કારણ આગળ જ છે. ભરવાડ પ્રભૃતિ સર્વે દેવનું સ્વરૂપ જાણવાને સમર્થ છે એ દર્શાવવા સારૂ '**विश्वा भूतानि स दृष्टो मृडयाति नः**'

એમ કહેલું છે. શ્રુત્યાદિકથી પણ જેનું જ્ઞાન થવું દુર્ઘટ છે તે દેવને પ્રાણિમાત્ર નેત્રથી અવલોકન કરે છે. તસ્માત્, આ પ્રમાણે સર્વના પ્રત્યક્ષ અનુભવમાં આવનારા તે દેવે અમોને સુખી કરવા. અસ્તપામતા ભગવાન્ સૂર્યરૂપ રુદ્ર સંબંધી એ મંત્ર છે એમ કેટલાએક કહે છે. ભગવાન્ અસ્તાચલે જતાં જતાં જગત્ ઉપર જે ઉપકાર કરે છે તે દર્શાવવાનો ઉપક્રમ આ મંત્રમાં કરેલો છે. એ અસ્ત પામતા ભગવાન્ સૂર્યદેવનું ગોપ અવલોકન કરે છે, અને સૂર્યભગવાન્ આથમવા જતાં છુટી થવાની રાહ જોતી બેઠેલી જલભરનારી સ્રિયો પણ ગાયો ગામમાં અને શેહેરમાં આવવાના વખતે તેના તરફ જોતી હોય છે. અથવા આથમ્યા પછી જલ ભરવું નિષિદ્ધ હોવાથી અસ્ત પેહેલાં જ તે લાવવું જોઇએ; માટે જલભરનારી સ્રિયો તેના તરફ જુવે છે. વિશેષ તો શું? સર્વે પ્રાણિમાત્ર એ અસ્તાચલે જતાં જુવે છે. મૃગ પક્ષી સુકર ઇત્યાદિકોનું નિવાસસ્થાને ગમન વિગેરે સૂર્યાસ્ત ઉપર જ અવલંબિને હોય છે. અને હોમના તથા સંધ્યાવંદનના કાલની માર્ગપ્રતીક્ષા કરનારા દ્વિજો પણ અસ્ત પામતા ભગવાન્ સૂર્ય તરફ જુવે છે. સારાંશ કે '**નેક્ષેतोद्यंतमादित्यं नास्तं यन्तं कदाचन**—ઉદયપામતા અને અસ્તપામતા સૂર્યને કોઈ વખતે પણ જોવા નહિ' એવો નિષેધ છતાં પણ એ દેવ અસ્તાચલે જાય છે તે સમયે સર્વે જુવે છે. તેથી એવા સમયે દર્શન નિષિદ્ધ છતાં પણ પ્રમાદના લીધે અથવા ઉપસ્થાનસમયે અમારી તે દૃષ્ટિયે પડતાં અમોને સુખી કરો. સારાંશ કે, પ્રમાદાદિ કારણના લીધે જોકે તે નજરે પડે તો પણ તે પાપ દૂર કરીને અને ઉપસ્થાનનું ફલ આપીને તે અમોને સુખી કરો.

આ મંત્રોનું પુરશ્ચરણાદિક:—પ્રથમ દેહશુદ્ધ્યર્થ એકકૃચ્છ્ર કરીને સોળ દિવસ નિરંતર જપ કરતાં પુરશ્ચરણ સિદ્ધ થાયછે. અવર્ષણ પડતાં પર્જન્યપ્રાપ્તિ સારૂ આ મંત્રોવડે અનુષ્ઠાન કરવું. તેના આરંભને અથવા સમાપ્તિને આર્દ્રા નક્ષત્ર હોવું જોઇએ. પુરશ્ચરણ સિદ્ધ એવા પાંચ બ્રાહ્મ-

ણોને આમંત્રણ કરીને તેમની પાસેથી અનુષ્ઠાન કરાવવું, અને તેમને પાઘડી, વસ્ત્રો, કુંડલ, કંઠી, કડાં વિગેરે આપવા. તેમજ તલ, ચોખા, અને જવ ને દહી, મધ અને ઘીમાં પલાળીને તેનો સમંત્રક એક લક્ષ હોમ કરવો. તેમજ દુધમાં બોળેલી નેતરની સમિધનો હોમ કરવો. પાંચ બ્રાહ્મણોમાંથી એકે જપ કરવો અને ચારે હવન કરવો. અનુષ્ઠાન દીક્ષા અગિઆર દિવસની લઇને છેલ્લા દિવસે પ્રત્યેકે આઠ આઠ હજાર આરક્ત વર્ણ કમલોથી દેવનું આરાધન કરવું. અનુષ્ઠાન સમાપ્ત થતાં સુધી અગ્નિનું રક્ષણ કરવું. છેલ્લા દિવસે ભગવાન આદિત્ય મહાવૃષ્ટિ કરે છે. દશ હજાર નેતરના ફુલનો હોમ કરતાં સવિતા વર આપે છે. ઉગતા અને આથમતા આ મંત્રવડે સૂર્યનું ઉપસ્થાન કરવું. કંઠ સુધી પાણીમાં ઉભા રહીને આ મંત્રનો જપ કરતાંકરતાં સૂર્ય તરફ જલપૂર્ણ અંજલી નાખવી. નિત્ય આઠ હજાર એ પ્રમાણે નવદિવસ કરવું એટલે સવિતા સંવત્સરમાં સર્વ મનોરથ સિદ્ધ કરે છે. મધમાં બોળેલા જાસવંદના ફુલનો એકવીસ હજાર હોમ કરતાં સૂર્યપ્રસાદથી પૂર્વજન્મનું સ્મરણ થાય છે અને ચારે વેદનું અધ્યયન કરનારાના કુલમાં જન્મ પ્રાપ્ત થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **'मंडलांतरगतं हिरण्मयं भ्राजमानवपुषं शुचिस्मितम्। चंडदीधितिमखण्डितद्युतिं चिंतयेन्मुनिसहस्रसेवितम्'** એમ ધ્યાન કરવું ॥ ૮ ॥

नमो॑ अस्तु नील॑ग्रीवाय सहस्राक्षाय॑ मी॒ढुषे॑ ।
अथो॒ ये अ॑स्य॒ सत्वा॑नो॒ऽहं तेभ्यो॑ऽकरं॒ नम॑ः ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—પૂર્વે નિર્દિષ્ટ કરેલા નીલગ્રીવ તેજ ઇંદ્રસ્વરૂપ ધારણ કરતા હોવાથી સહસ્રનયન હોઇને પર્જન્યરૂપ ધારણ કરતા હોવાથી વૃષ્ટિ કરે છે. તસ્માત્, તેવા પ્રકારના રુદ્રને નમસ્કાર હજો. તેમજ જે પ્રાણિઓ આ રુદ્રના સેવક હશે તે સર્વને હું નમસ્કાર કરૂં છું ॥ ૯ ॥

भ० भा० भाष्यः—આ મંત્રનો છંદ અનુષ્ટુપ્, ઋષિ ભગવાન્ શંભુ અને દેવતા પણ શંભુ જ છે. નીલકંઠને, અનેક નેત્રથી યુક્ત એવું ઈંદ્રરૂપ ધારણ કરનારને, વૃષ્ટિદ્વારા ભૂમિસિંચન કરનારાને, અથવા જગદ્રૂપયોનીમાં સ્વવીર્યસિંચન કરનારાને કિંવા પુરુષરૂપથી ગર્ભસ્થાપન કરનારાને નમસ્કાર હજો. તેમ જ આ દેવના જે મહાન્ પ્રથમ ગણ તેમને પણ હું નમસ્કાર કરૂં છું. **मीढुषे** એ પદના અર્થ વૃષ્ટિ દ્વારા ભૂમી સિંચન કરનારાને, જગદ્રૂપયોનીમાં સ્વવીર્યનું સિંચન કરનારાને, પુરુષરૂપે ગર્ભસ્થાપન કરનારાને એવા થાય છે. **सत्वानः** એટલે દેવપાસે નિરંતર રહેનારા.

આ મંત્રનું પુરશ્ચરણાદિઃ—પંદર દિવસ હવિષ્ય ભક્ષણ કરીને આ મંત્રનો નિરંતર જપ કરવો. શિવસમીપ પશ્ચિમદ્વારે ઓરસ ચોરસ ચોવીસ ચોવીસ અંગુલ પ્રમાણનો કુંડ કરવો અને મંથનથી સિદ્ધ કરેલો અગ્નિ તેમાં સ્થાપીને અમાવાસ્યાથી દશ દિવસ પર્યંત નિત્ય અર્કના સહસ્ર પુષ્પનો હોમ કરવો, અને ઘૃતયુક્ત પાયસનું દેવને નૈવેદ્ય ધરવું એટલે ચાહે તે કામના પરિપૂર્ણ થાય છે. આ જ મંત્રવડે પુત્રેચ્છુ પુરુષે કરવાનું અનુષ્ઠાન આપ્રમાણે છેઃ—પાંચ દિવસ દીક્ષા લઇને શિવાલયમાં, નદીકાંઠે અથવા ગૌશાળામાં અનુષ્ઠાન કરવું. દેવાલયમાં કરવું હોય તો દેવની ઉપરની બાજુએ અન્ય સ્થળે કુંભ ઉપર દેવનું આવાહન કરીને તેની પશ્ચિમમાં અગ્નિની સ્થાપના કરવી. અને દહી, મધ તથા ઘીથી પલાળેલી બીજડાની સમિધ તથા તેના પત્રનો નિત્ય અગિઆર અગિઆર હજાર હોમ કરવો. ત્રણ દિવસ કિંવા પાંચદિવસની દીક્ષા લઇને આ અનુષ્ઠાન કરવું. પ્રત્યેક દિવસે હોમ આઠ હજાર, ચાર હજાર કિંવા આઠસો કરવો. ઉપર કમલ પુષ્પ મુકવા અથવા તે ન જડે તો પત્ર મુકવા. આ પ્રમાણે કરીને છેલ્લા દિવસે આઠ હજાર, ચાર હજાર અથવા આઠસો બ્રાહ્મણોને જમાડવા અને દ્રવ્યદાન વિશેષ કરવું. એકાદશ રુદ્રરૂપ બ્રાહ્મણોને ભોજન

આપીને તેમને કાંઇપણ વસ્તુઓ આપવી. અને નિરંતર દક્ષિણમાં દેવના સાન્નિધ્ય આચાર્યને વિશેષ ભોજન આપીને દક્ષિણા આપવી. એ દક્ષિણા એટલે વાવેતર કરેલી ભૂમિ. નવ મુંડ હાથની એક લાંબી લાકડી લઇને તે ઓરસ ચોરસ આઠસો આઠસો ભરીને જેટલી જમીન થાય તેટલી જમીન સારી વાવેતર વાળી આપવી. એ ભૂમિનું પ્રમાણ છે. કુંડલ માટે નિત્ય ચતુર્થાંશ નિષ્ક સુવર્ણ લઇને તેનું કુંડલ કરીને આપવું. પુત્રકામી પુરુષે આ પ્રમાણે અનુષ્ઠાન કરતાં શંભુના પ્રભાવથી તે પુત્રવાન્ થાય છે; જ્યાં સુધી દક્ષિણા અને ભૂમિ આચાર્ય પાસે હોય છે ત્યાં સુધી સંતતી અવિચ્છિન્ન રહે છે. પુત્રપ્રાપ્તિ સંવત્સરમાં જ થાય છે. આ ફલનો સપ્તજન્મની સાથે સંબંધ હોવાથી અનુષ્ઠાનમાં કોઇ-પણ પ્રકારની કસર રહેવા દેવી નહીં. આ મંત્રના અનુષ્ઠાન સમયે 'शरच्चंद्रप्रकाशेन वपुषा शीतलद्युतिम् । ध्यायेत्सिंहासनासीन-मुमया सहितं शिवम् એમ ધ્યાન કરવું ॥ ૯ ॥

प्रमुं॑च॒ धन्व॑न॒स्त्वमु॒भयो॒रार्त्नि॑यो॒र्ज्याम् ।
याश्च॑ ते॒ हस्त॒ इष॑वः॒ परा॒ता भ॑गवो वप ॥ १० ॥

વે૦ પ્ર૦ **ભાષ્ય:**—હે ષડ્ગુણૈશ્વર્યસંપન્ન રુદ્ર ! ધનુષ્યના બંને છેડાએ ભરાવેલી પણછ ઉતારીને તમારા હાથમાં જે બાણ છે તે પણ તજી ધો. ૧૦

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રથી ત્રણ મંત્રનો અનુષ્ટુપ્ છંદ હોઇને નારદ ઋષિ અને રુદ્ર દેવતા છે. **नमस्ते रुद्र** અહિંથી નવમંત્રોવડે ક્રુદ્ધદેવ પ્રસન્ન કર્યા પછી તેના સંહારક સાધનોનો ઉપસંહાર થવા માટે પ્રાર્થના છે. આ ત્રણ મંત્રો પૈકી બે મંત્ર દેવને પ્રત્યક્ષ ઉદ્દેશીને છે અને ત્રીજો મંત્ર પરોક્ષત્વે દેવને ઉદ્દેશીને છે. ધનુષ્યના બંને છેડાએ ચઢાવેલી જે પણછ તે ઉતારો તેમ જ તમારા હાથમાં જે બાણ જગતનો સંહાર કરવા

સારૂ લીધેલા છે તે લજો; એટલે અમારા ઉપર ન આવે એમ કરો સારાંશ કે, ભાથામાં જ રાખી મુકો. અથવા કયાંય પણ ઢાંકી મુકો. અમોને ભય ઉત્પન્ન કરનારા આ ધનુષ્ય વિગેરે શું કરવા જોઇએ? હે **भगवः** એટલે ભગવાન્, સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન, અને વૈરાગ્ય એ છને **भग** એ સંજ્ઞા છે અર્થાત્ એ જેની પાસે હોય છે તે ભગવાન્ ॥ ૧૦ ॥

अवतत्य धनुस्त्वᳫसहस्राक्ष शतेषुधे ।
निशीर्य शल्यानां मुखा शिवो नः सुमना भव ॥ ११ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—ઇંદ્રરૂપવડે સહસ્ર નેત્ર જેને છે તે **सहस्राक्षः** અને **इषुधि** એટલે બાણ રાખવાના ભાથા જેના સેકડો છે તે **शतेषुधि.** તેવા પ્રકારના હે રુદ્ર ! ધનુષ્યની પણછ ઉતારીને અને બાણના ફળ ભાથામાં ઉંધા ભરાવીને તું અમારા ઉપર અનુગ્રહ કર અને શાંત થા ॥ ૧૧ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—**मुखा** એ પદ ઉપર ત્રીજો પાદ પૂરો થાય છે. **सहस्राक्ष** શબ્દની વ્યાખ્યા પૂર્વે થઈ છે. હે **शतेषुधे,** જેનાં બાણ ઘણાં છે તેના ભાથા પણ ઘણા હોવા જોઇએ એ તાત્પર્ય છે. પિનાક ધનુષ્યની પણછ ઉતારીને બાણના મોઢાં કુંઠિત કરીને તું અમો ઉપર શાંત અને પ્રસન્ન થા. સજ્જનોના પણ પ્રમાદની ક્ષમા કરનાર તું શાંત થઇને મારા માટે 'આ મારો ભક્ત છે' એમ સમજીને નિત્ય સુપ્રસન્ન રહે. અથવા આ પ્રમાણે અમો તારી પ્રાર્થના કરતા હોવાથી તું પ્રસન્ન થા. અને બાણાદિકના ઉપસંહારથી ભયનું કારણ નિવૃત્ત કરીને તું શાંત થા ॥ ૧૧ ॥

विज्यं धनुः कपर्दिनो विशल्यो बाणवाᳫउत ।
अनेशन्नस्येषव आभुरस्य निषङ्गधिः ॥ १२ ॥

वे० प्र० भाष्यः—કપર્દસંજ્ઞક જટાજૂટ જેને છે તે રુદ્ર **कपर्दी.** તેનું ધનુષ્ય પણછરહિત હજો; તેનો ભાથો શલ્યરહિત હજો; બાણના ફળ ભાથામાં ઘુસે રાખેલા હોવાથી શલ્ય બહાર ન દેખાય એવું ભાથું હજો; આ રુદ્રના ભાથામાં મુકેલાં બાણ વેધ કરવાને અસમર્થ થાઓ; અને આ રુદ્રનું ભાથું કિંચિત્ સમર્થ હજો; એટલે ખીલી ઉપર લટકાવેલું હોવાથી ફક્ત બાણ ધારણ કરવાને જ સમર્થ હજો; બાણ બહાર કાઢવાને તે યોગ્ય ન હજો. અથવા **निषंगथि** એટલે તરવારનું મ્યાન ઉપર કહ્યા પ્રમાણે કયાંઇ પણ ભરાવેલું રહીને તરવાર ધારણ કરવાને જ સમર્થ હજો; તરવાર બહાર કાઢવાને તે અસમર્થ હજો. ૧૨

भ० भा० भाष्यः—કપર્દસંજ્ઞકજટાજુટથી યુક્ત એવા દેવનું પિનાક ધનુષ્ય પણછરહિત હજો. તેમ જ એ દેવનો ભાથો બાણરહિત થાઓ. પ્રથમ બાણયુક્ત છતાં પણ સાંપ્રત બાણરહિત થાઓ. તેમ જ આ દેવના બાણ નષ્ટ થાઓ. અથવા આ ભાથા માંહેલાં બાણ ભાથા વિના કયાંય પણ અન્યસ્થળે અદૃશ્ય રહો. એટલે એ ભાથું બાણ-રહિત થાશે. સારાંશ કે, આ બીજાનું વ્યાખ્યાન સ્વીકારતાં **विशल्य** પદનું સ્વારસ્ય કાયમ રહે છે. આ દેવની તરવારનું મ્યાન પણ તરવાર રહિત થાઓ. અથવા **निषंगथि** એટલે તરવાર. **आभुरस्य निषंगथिः** આ પદોનો અર્થ આ દેવની તરવારનો પ્રભાવ કુંઠિત થાઓ એમ છે.

આ ત્રણ ઋચાનું પુરશ્ચરણાદિઃ—આત્મશુદ્ધ્યર્થે કૃચ્છ્ર કરીને નવ દિવસ જપ કરતાં પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ ઋચાથી યુદ્ધસમયે રાજાના આયુધો અભિમંત્રિને કુશાગ્રનો હજાર હોમ કરવો. એટલે યુદ્ધાર્થે આવેલા શત્રુનો પરાજય થાય છે. આ મંત્રોના અનુષ્ઠાન સમયે જે ધ્યાન કરવાનું તેમાં પ્રથમ મંત્રનું ‘**उद्यद्भास्करकोटिप्रकाशमादीप्त-वहनमूर्धानम्। भीषणभुजङ्गभूषं ध्यायेद्विविधायुधं रुद्रम्**’ એમ છે

અને 'रुद्रं सुरनियंतारं शूलखड्गवाङ्कधारिणम् । ज्वालामालावृतं ध्यायेद्भक्तानामभयप्रदम्' એમ બીજા મંત્રનું ધ્યાન છે. ॥ ૧૨ ॥

या ते हेतिर्मीढुष्टम हस्ते बभूव ते धनुः ।
तयास्मान्विश्वतस्त्वमयक्ष्मया परिभुज ॥ १३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે અત્યંતમનોરથપૂરક, તારૂં જે આયુધ છે, અને તારા હાથમાં જે ધનુષ્ય છે તે અનુપદ્રવિ આયુધથી અને તેવા જ પ્રકારના ધનુષ્યથી તું અમારૂં સર્વતઃ રક્ષણ કર ॥ ૧૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ ઋચાથી ત્રણે ઋચાનો છંદ અનુષ્ટુપ્, ઋષિ તથા દેવતા ભગવાન્ શંભુ જ છે. **मीढुष्टम** એટલે અત્યંત વૃષ્ટિ કરનારો. ધનુર્નામિક જે આયુધ તારા હાથમાં છે; તે ભક્તોને રોગરહિત કરનારા ધનુર્નામિક આયુધ વડે તું ભયહેતુથી અમારૂં સર્વ બાજુથી રક્ષણ કર. સારાંશ કે, સર્વકાલ સર્વપ્રકારે સર્વસંકટોથીતું અમારૂં રક્ષણ કર. અથવા સર્વ પુત્રપૌત્રો સહ તું અમારૂં પાલન કર. **हेति** પાઠનો અર્થ કેટલાએક હિંસા કરે છે. અને તારા હાથમાં જે હિંસાર્થસાધન ધનુષ્ય છે, તેના યોગથી ઇત્યાદિ એવો આ ઋચાનો અર્થ દર્શાવે છે. ૧૩

नमस्ते अस्त्वायुधायानातताय धृष्णवे ।
उभाभ्यामुत ते नमो बाहुभ्यां तव धन्वने ॥ १४ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે રુદ્ર, તારા બાણરૂપ આયુધને નમસ્કાર હજો, તે તારૂં આયુધ ધનુષ્યને લાગેલું નહિ હોવાથી ફેલાયેલું નથી; અને સ્વરૂપતઃ તે વધ કરવાને સમર્થ છે. તેમજ તારા બંને બાહુઓને નમસ્કાર હજો; ને તારા ધનુષ્યને પણ નમસ્કાર હજો ॥ ૧૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ ત્રણપૈકી બીજી ઋચા. તારા આયુધને નમસ્કાર હજો. **अनातत** એટલે પણછ ન ચઢાવેલું. એજ વિશેષણ ઉપરથી આયુધ શબ્દનો અર્થ આ સ્થળે ધનુષ્ય એવો વિવક્ષિત છે.

घृष्णु એટલે દૃઢ કિંવા મારનારૂં. તેમ જ તારા ડાબા જમણા બંને હાથોને નમસ્કાર હજો. તેનો અમોને ભય લાગે છે. ॥ ૧૪ ॥

परिं ते धन्वनो हेतिरस्मान्वृणक्तु विश्वतः ।

अथो य इषुधिस्तवारे अस्मन्निधेहि तम् ॥ १५ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—હે રુદ્ર, તારા ધનુષ્યને જે બાણાગ્રરૂપ આયુધ છે તેની અમોને કોઇ પણ પ્રકારે બાધા ન થાઓ, અને તું પોતાનું ભાથું અમારાથી આઘું મુક ॥ ૧૫ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્ય-
રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે
માધવીયે વેદાર્થપ્રકાશે ઋક્સંહિતાયાં ચતુર્થકાંડે
પંચમ પ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે પ્રથમોનુવાકઃ ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—तव એ સ્થળે ત્રીજો પાદ પૂર્ણ થાય છે. તારા ધનુષ્ય સંબંધી હિંસાથી અમોને કોઇપણ પ્રકારે બાધા ન થાઓ; અથવા પુત્રપૌત્રાદિકો સહ સર્વપ્રકારે અમોને તારી ધનુષ્ય સંબંધી પીડા વર્જ્ય કરો. વળી બીજી પણ અમોને એક આશા છે. જેમાં ભયંકર બાણ છે એવો જે તારો ભાથો છે, તે તું અમારાથી આઘો મુક. અથવા શત્રુસમુદાયના સાન્નિધ્ય તું તેની સ્થાપના કર. સારાંશ કે, અમારા પાસેથી શત્રુઓને હાંકી મુક ને પુનરપિ તેમને અમારા સન્મુખ આવવા દઇશ નહીં.

આ ઋચાઓનું પુરશ્ચરણાદિઃ—પૂર્વે કહેલી ત્રણ ઋચા પ્રમાણે પુરશ્ચરણ કરવું. આ ઋચાથી અગિઆર હજાર દીવાને પુરતું તેલ એક મોટા વાસણમાં ભરવું; ત્યાં દેવનું આવાહન કરીને લોકપાલ સહ તેનું પૂજન કરવું; અને તેલનો સ્પર્શ કરીને સાતદિવસ પર્યંત નિત્ય આઠ હજાર જપ કરવા. શત્રુ રાષ્ટ્રસમીપ આવતાં એ સિદ્ધ કરેલા તેલના અગિઆર

હજાર દીવા પ્રકટાવીને રાજા વિના સેનાપતિએ આગળ જવું. દીપજ્વાલા નજરે પડતાંજ શત્રુસૈન્ય ઉભું રહેશે નહીં; અને આ કર્મના પ્રભાવથી શત્રુ નષ્ટ થશે. બીજું પણ કર્મ આ ઋચાથી થાય છે તે આ પ્રમાણેઃ— મંત્રસિદ્ધ થયેલા સમર્થ બ્રાહ્મણોએ સિદ્ધવેષ ધારણ કરીને શત્રુના નગરે શત્રુ માટે અભિચારકર્મ કરવું. એટલે રાજા જે વસ્તુનો ઉપભોગ લેતો હોય તે વસ્તુનું આ મંત્રોવડે અવલોકન કરીને તેને સ્પર્શ કરવો; અને તે વસ્તુનું સ્પર્શ અથવા દર્શન અયોગ્ય હોવાનું તેના મુખથી શ્રવણ થતાં જ **अभिचारोऽस्तु** એમ બોલવું. મંત્રના અંતે બીજું એક કર્મ કરવું. તે એ કે, એક ખીલી લઇને તે આ મંત્રોથી હજાર વાર અભિમંત્રિત કરવી, અને નગરના ચૌટામાં, દેવાલયમાં, દેવના ઉપવનમાં, અથવા નગરકોટમાં કિંવા ખાઇમાં તે દાટવી એટલે તે નગર શંભુના કોપથી ત્રણ વર્ષમાં રોગવડે નષ્ટ થાય છે. આ પ્રમાણે કરાવનારા આચાર્યને રાજ્યતુલ્ય દક્ષિણા આપવી. મંત્રપ્રભાવથી જ સર્વત્ર સિદ્ધિ પ્રાપ્ત થાય છે; માત્ર શ્રદ્ધાપૂર્વક તેનું અનુષ્ઠાન કરવું જોઇએ. આ મંત્રોના અનુષ્ઠાન સમયે '**प्रणयदमरलोकमौलिमालाकुसुमरजोरुणपादपद्मयुग्मम् । अनवरतमनुस्मरेद्भवान्या सह जगतां पितरं पिनाकपाणिम्**' એમ ધ્યાન કરવું ॥૧૫॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યે રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે રુદ્રપ્રશ્ને પ્રથમોનુવાકઃ ॥ ૧ ॥



વે૦ પ્ર૦ ભાષ્ય:—ભગવાન્ રુદ્રની જે હાથમાં ધનુર્બાણ ધારણ કરેલી મુખ્યતનુ તેને પહેલા અનુવાકથી અનેક પ્રકારે પ્રસન્ન કરી લીધા પછી જગચ્ચાલક જે તેની લીલાવડે ધારણ કરેલી તનુઓ તે આઠ અનુવાકવડે પ્રસન્ન કરેલી છે. તે અનુવાકોમાં સર્વે યજુર્મંત્ર જ હોઇને તે બે પ્રકારના છે. કેટલાએકમાં બંને બાજુથી નમસ્કાર છે અને કેટલાએકમાં એકજ બાજુથી નમસ્કાર છે. તેમાંથી ત્રણ અનુવાકમાં યજુર્મંત્રના આદ્યંતે નમસ્કાર છે; અને બાકીના પાંચ અનુવાકમાં યજુર્મંત્રના આરંભે જ નમસ્કાર છે. આ બીજા અનુવાકમાં તેર યજુર્મંત્ર છે. તે માંહેલો પહેલો મંત્ર આ પ્રમાણે:—

नमो हिरण्यबाहवे सेनान्यै दिशां च पतये नमः ॥१॥

સુવર્ણનિર્મિત આ ભૂષણો જેના બાહુને વિષે છે તે **હિરણ્યબાહુ.** તે સંગ્રામમાં સેના લઇ જાય છે માટે **સેનાની.** તેવું રૂપ ધારણ કરનારો જે રુદ્ર તેને નમસ્કાર હજો; અને જે દિક્પાલક રુદ્ર તેને પણ નમસ્કાર હજો ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ અનુવાકના ઋષિ મંડૂક; છંદ મહાગાયત્રી અને દેવતા રુદ્ર છે. પહેલા અનુવાકથી ભગવાન્ રુદ્રને અને તેના ઉપસંહાર સાધનોને પ્રસન્ન કરીને તેમનો ઉપસંહાર કરેલો છે. આ અનુવાકથી આઠ અનુવાકવડે તે રુદ્રની વિશ્વરૂપત્વે સ્તુતિ કરીને તેને નમસ્કાર કરેલા છે. એમાંથી પહેલા ત્રણ અનુવાકમાં પ્રત્યેક મંત્રના આદ્યંતે નમસ્કાર છે એમ શાકપૂણીનો મત છે. નમસ્કારાદિ એક મંત્ર અને નમસ્કારાંત બીજો મંત્ર એમ યાસ્કમુનિનો મત છે. આઠ અનુવાક મળીને આઠ યજુર્મંત્ર છે એમ કાશકૃત્સ્ન ઋષિનો મત છે. બે બે રુદ્રોને સ્તુતિપૂર્વક નમસ્કાર કરેલા છે. કારણકે '**દ્વિદ્વિભ્યો જુહોતીતિ**—બબ્બેને ઉદ્દેશીને હવન કરવું' એમ શતપથ બ્રાહ્મણ છે. એકને જ વિષે નિમિત્ત-

ભેદથી ભેદનો આરોપ કરીને દ્વિત્વની વ્યવસ્થા ઘટી શકે છે. ઘણાઓનો ઉલ્લેખ જ્યાં હોય ત્યાં એક બીજાનું વિશેષણ જાણવું. ઉદાહરણાર્થે '**हिरण्यबाहवे सेनान्ये दिशां च पतये नमः**'—એ મંત્ર છે. આ યજુર્મંત્રો પૈકી કેટલાએક મંત્રોના આદ્યંતે નમસ્કાર છે; અને કેટલાએક મંત્ર એક જ બાજુથી નમસ્કાર યુક્ત છે. '**ते हैते घोरतरा रुद्रा उभयतो नमस्काराः । अथैते शान्ततरा येऽन्यतरतो नमस्कारा इति**—આદ્યંતે નમસ્કાર જેમને કરેલો છે તે રુદ્ર અધિક ભયંકર છે અને જેમને કયારેક એક વખત નમસ્કાર કરેલો છે તે અધિક શાંત છે,' આવી શ્રુતિ પણ છે. બ્રહ્મદેવે પૂર્વે સૃષ્ટિ સારૂ પ્રાર્થના કરતાં મહાદેવે આત્મતુલ્ય રુદ્રો ઉત્પન્ન કર્યા. ત્યાં બહુવચનાંત જે પદો છે તે યોજીને તે રુદ્રોને અથવા દેવના અનુયાયિઓને નમસ્કાર છે એમ જાણવું. એકવચનાંત પ્રયોગ જે મંત્રોમાં છે તે મંત્રોના યોગથી દેવના નિવાસસ્થાનની શંકા લઇને સર્વસ્થળે સર્વને નમસ્કાર કરેલા છે. હવે યજુર્મંત્રોના ભિન્ન ભિન્ન છંદ અમો કહીયે છીયેઃ—એકાક્ષરી મંત્રનો છંદ દૈવીગાયત્રી; દ્વયક્ષરી મંત્રોનો દૈવીઉષ્ણિક્; ત્ર્યક્ષરી મંત્રોનો દૈવી અનુષ્ટુપ્; ચતુરક્ષરી મંત્રોનો દૈવીબૃહતી; પંચાક્ષરી મંત્રોનો દૈવીપંક્તિ; ષડક્ષરી મંત્રોનો દૈવી ત્રિષ્ટુપ; કિંવા યાજુષી ગાયત્રી; સપ્તાક્ષરી મંત્રોનો દૈવીજગતી કિંવા યાજુષી ઉષ્ણિક્; અષ્ટાક્ષરી મંત્રોનો પ્રાજાપત્યા ગાયત્રી કિંવા યાજુષી અનુષ્ટુપ્; નવાક્ષરી મંત્રોનો યાજુષી બૃહતી કિંવા આસુરી જગતી; દશાક્ષરી મંત્રોનો યાજુષી પંક્તિ અથવા આસુરી ત્રિષ્ટુપ્; એકાદશાક્ષરી મંત્રોનો યાજુષી ત્રિષ્ટુપ્ કિંવા આસુરી પંક્તિ; દ્વાદશાક્ષરી મંત્રોનો પ્રાજાપત્યા ઉષ્ણિક્, આસુરી બૃહતી કિંવા સામગાયત્રી એમ છે. આ છંદ યથાશાસ્ત્ર જાણી લેવા. આ સર્વે વિશ્વ તારૂં હોઇને તું એમનો સ્વામી છો; પરંતુ, કોઇ પણ સ્વામી પોતાની હિંસા કરતો નથી એ દર્શાવવા સારૂં પ્રથમ દેવનું વિશ્વપતિત્વ પ્રતિપાદન કરેલું છે. વિશ્વ દ્રવ્યપ્રધાન હોવાથી દ્રવ્યવિષયક આધિપત્ય જ પ્રથમ

પ્રતિપાદન કરેલું છે. સુવર્ણનિર્મિત કડાં વિગેરે અલંકાર જેના બાહુને વિષે છે તે **हिरण्यबाहु**. દેહના સર્વ સ્થાનો નાના પ્રકારના અલંકારોવડે ભૂષિત હોવાથી **बाहु** શબ્દ ઉપલક્ષણાર્થે છે. સુવર્ણતુલ્ય બાહુ એવો પણ અર્થ થાય છે. જેનું સર્વ અંગ સુવર્ણતુલ્ય છે તે, એમ પણ અર્થ થાય છે, કારણકે '**आप्रणखात्सर्व एव सुवर्णस्तस्येति**—નખ સુધાં સર્વ સુવર્ણ જ છે' એવી શ્રુતિ હોઇને '**रुक्माभं स्वप्नधीगम्यं विद्यात्तु पुरुषं परम्**—સુવર્ણતુલ્ય દેદીપ્યમાન પરમેશ્વર જાણવો' ઇત્યાદિ સ્મૃતિ પણ છે. અથવા હિત હોઇને જે રમણીય હોય છે તે **हिरण्य**. અથવા હૃદયને જે રમણીય તે **हिरण्य**. તેવા પ્રકારના બાહુથી યુક્ત એવા તને નમસ્કાર હજો. **सेना** એટલે સંઘાત અર્થાત્ સમુદાય. દેવ, મનુષ્ય, પિતર, અસુર, રાક્ષસ, પિશાચ, યક્ષ, કિન્નર, વિદ્યાધર, અપ્સરા ઇત્યાદિ ભોક્તૃસંઘાત અર્થાત્ ઉપભોગ લેનાર પ્રાણિસુમુદાય સચેતન છે; અને પ્રકૃતિથી પૃથ્વી પર્યંતનો તત્ત્વસમુદાય ભોગ્ય હોઇને અચેતન છે. એ સંઘોનું, અધિકારાનુરૂપ સ્વામિત્વવડે જે નિયમન કરનારો તે **सेनानी**. પૂર્વના વિશેષ્યનું એ વિશેષણ કિંવા એ વિશેષ્ય છે. પ્રાચીપ્રભૃતિ દિશાના અધિપતિને એટલે લોકપાલાત્મકને નમસ્કાર હજો. અથવા દિશાનો ઉત્પાદક સૂર્ય હોવાથી **दिशांपति** એટલે સૂર્ય. કારણ કે જ્યાં સૂર્ય ઉગે છે તે પ્રાચી. જ્યાં દૃશ્ય છતાં ગમન કરે છે તે દક્ષિણ, જ્યાં અસ્ત પામે છે તે પશ્ચિમ, જ્યાં દૃશ્ય છતાં ગમન કરે છે તે ઉત્તર. '**सर्वेषामुत्तरो मेरुर्लोकालोकश्च दक्षिणे**—સર્વના ઉત્તરમાં મેરૂ અને દક્ષિણમાં લોકાલોકપર્વત છે' એમ પણ કહે છે. '**अथ य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते**—આદિત્યમાં જે એ હિરણ્મય પુરૂષ દેખાય છે' એવી શ્રુતિ પણ છે. દેવનો નિર્દેશ કર્યા પછી તેની ઉપાસનાનું સ્થાન જે સવિતા તેનો નિર્દેશ કરેલો છે. અથવા **दिशा** એટલે દ્રવ્ય, ગુણ, કર્મ ઇત્યાદિ

વિષયક, ધર્મ અધર્મ ઇત્યાદિ વિષયક અને દિશા દેશ કાલ ઇત્યાદિ વિષયક વ્યવસ્થા તેમનો જે **पति** એટલે પ્રવર્તક તેને, સંઘોનું નિયમન કરનારને અને સુવર્ણબાહુને નમસ્કાર હજો ॥ ૧ ॥

नमो॑ वृ॒क्षेभ्यो॒ हरि॑केशेभ्यः पशू॒नां पत॑ये॒ नमः॑ ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પાંદડાંરૂપ લીલા કેશ જેમને હોય છે તે **वृक्ष हरिकेश.** તેવાં વૃક્ષોને એટલે વૃક્ષાકૃતિ રુદ્રમૂર્તિઓને નમસ્કાર હજો. અને જે રુદ્ર પશુનો પાલક છે તેને નમસ્કાર હજો ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—વૃક્ષરૂપ રુદ્રોને અથવા વૃક્ષોને વિષે રહેનારા રુદ્રોને નમસ્કાર હજો. '**मंचाः क्रोशंति**—માંચડા આક્રોશ કરે છે' એનો અર્થ માંચડા ઉપરની વ્યક્તિ આક્રોશ કરે છે એમ જે પ્રમાણે થાય છે તેમજ વૃક્ષ એટલે વૃક્ષોને વિષે રહેનારા રુદ્ર લીલારંગના પાંદડાં એજ જેના કેશ છે તેમને કિંવા લીલાકેશવાળાઓને. અથવા બ્રહ્મદેવથી તે કીડીપર્યંત બ્રહ્માંડરૂપ પૃથ્વી ઉપર વધેલા સર્વ વૃક્ષ છે. **वृक्ष** એટલે નશ્વર. નશ્વરસ્વરૂપ ધારણ કરનારાઓને નમસ્કાર હજો. હરિતવર્ણ એટલે લીલાકેશ જેમના છે તે **हरिकेश पशुपति** એટલે દ્વિપાદ અને ચતુષ્પાદ પ્રાણિઓનો અધિપતિ. '**येषामीशः पशुपतीशः पशूनां चतुष्पदामुत च द्विपदाम्**—જે ચતુષ્પાદ અને દ્વિપાદ પશુઓનું તે પશુપતિ આધિપત્ય કરે છે' એવી શ્રુતિ છે અને '**ब्रह्माद्याः स्थावरान्ताश्च पशवः परिकीर्तिताः**—બ્રહ્માદિસ્થાવરાંત સર્વે પશુ છે' એવી સ્મૃતિ છે. અને '**विश्वेशो भवः पशुपतिः स्मृतः**—વિશ્વાદિ ભવનાપતિને પશુપતિ કહે છે' એવું પુરાણનું વચન પણ છે. **सर्वदा यत्पशून्पाति तैश्च यद्रमते पुनः । तेषामधिपतित्वाच्च तस्मात्पशुपतिः स्मृतः**—સર્વદા પશુનું પાલન કરતો હોવાથી, તેમની સાથે ક્રીડા કરતો હોવાથી, અને તેમનો અધિપતિ હોવાથી રુદ્ર પશુપતિ છે' એમ મહાભારતમાં પણ કહેલું છે ॥ ૨ ॥

नमः सस्पिञ्जराय त्विषीमते पथीनां पतये नमः ॥ ३ ॥

वे० प्र० भाष्य:—**सस्पि** એટલે કોમલ તૃણ પીત અને રક્ત એવા મિશ્ર વર્ણને **पिंजर** કહે છે. કોમલ તૃણવત્ જેનો વર્ણ છે તે **सस्पिंजर.** તે દીપ્તિમાન્ પણ છે. તેવા પ્રકારની રુદ્રમૂર્તિને નમસ્કાર હજો. શાસ્ત્રોક્ત જે દક્ષિણ, ઉત્તર અને તૃતીયમાર્ગ તેમનો જે પાલક રુદ્ર તેને નમસ્કાર હજો. ॥ ૩ ॥

ભ० ભા० ભાષ્ય:—કોમલ તૃણવત્ જે રક્તવર્ણ તે **सस्पिंजर.** **सस्पितीकाप्रभृति** યજ્ઞઘાતક રાક્ષસ છે; તેમનો જે નાશ કરનારો તે **सस्पिंजर** અર્થાત્ યજ્ઞઘાતકરાક્ષસનાશક. **पिंजर** એટલે રાતું અને પીળું. બાલ તૃણવત્ જે પિંજર તે **सस्पिंजर.** **त्विषीमान्** એટલે અત્યંત દીપ્તિમાન્. અથવા સ્વયંપ્રકાશજ્ઞાનરૂપ. **पथीनां पति** એટલે લૌકિક અને વૈદિક સન્માર્ગનો પ્રવર્તક. અથવા અર્ચિરાદિ માર્ગનો પતિ અર્થાત્ તે માર્ગે લઈ જનાર; અથવા બ્રહ્માદિ વેદદ્રષ્ટાઓનો સ્વામી. રાક્ષસપ્રભૃતિ જે સન્માર્ગના દ્વેષી તેમનો નાશક. **त्विषीमान्** એટલે મહાતેજસ્વી; અને **पथीनां पति** એટલે તે માર્ગનો પ્રવર્તક એવો પણ અર્થ થાય છે ॥ ૩ ॥

नमो बभ्लुशाय विव्याधिनेऽन्नानां पतये नमः ॥ ४ ॥

વે० પ્ર० ભાષ્ય:—**बभ्रु** એટલે વૃષભ. તેના ઉપર જે હોય છે તે **बभ्लुश.** દ્વેષીઓને જે વિશેષે કરીને વીંધે છે તે **विव्याधि.** તેવા પ્રકારના વિવ્યાધિને નમસ્કાર હજો; અને જે અન્નનો પાલક રુદ્ર તેને પણ નમસ્કાર હજો ॥ ૪ ॥

ભ० ભા० ભાષ્ય:—**बभ्रु** એટલે કપિલપિંગલવર્ણ. અથવા જે ભાર ધારણ કરે છે તે **बभ्रु** અર્થાત્ વૃષભ. તે જેની પાસે છે તે **बभ्लुश,** કિંવા જે વૃષભ ઉપર હોય છે તે **बभ्लुश.** બુભુક્ષાદિ રૂપથી જે પીડા

કરે છે તે **बिन्याधि.** તેને નમસ્કાર હજો. **अन्नानां पति** એટલે ભક્ષણ કરવા યોગ્ય એવી ઔષધીઓનો સ્વામી. અર્થાત્ ઔષધીદાનવડે જીવોને તૃપ્ત કરનાર તેને નમસ્કાર હજો ॥ ૪ ॥

नमो हरिकेशायोपवीतिने पुष्टानां पतये नमः ॥ ५ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—हरिकेश એટલે જેના કેશ સર્વ કૃષ્ણવર્ણ છે તે-જરાને લીધે જેના કેશને શુક્લતા આવી નથી તે. **उपवीती** એટલે મંગલાર્થે યજ્ઞોપવીત ધારણ કરનારો રુદ્ર. તેને નમસ્કાર હજો. સર્વગુણ-સંપન્ન પુરૂષોનો જે સ્વામી તેને પણ નમસ્કાર હજો ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—નિત્ય તરૂણને નમસ્કાર હજો. જેનું આચરણ મંગલકારક છે તેને નમસ્કાર હજો. પરિપૂર્ણ ગુણોનો જે સ્વામી તેને નમસ્કાર હજો. અથવા **पुष्ट** એટલે પુષ્ટિ. વાક્પુષ્ટિ, જ્ઞાનપુષ્ટિ, શરીરેંદ્રિય પુષ્ટિ, ગ્રહક્ષેત્રપુષ્ટિ, ધનધાન્યપુષ્ટિ, પ્રજાપુષ્ટિ, પશુપુષ્ટિ, ગ્રામપુષ્ટિ, ધર્મ-પુષ્ટિ અને અણિમાદિપુષ્ટિ. તેમનો જે પાલક તેને નમસ્કાર હજો ॥ ૫ ॥

नमो भवस्य हेत्यै जगतां पतये नमः ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—સંસારછેદક રુદ્રને અને જગત્પાલક રુદ્રને નમસ્કાર હજો ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સંસારછેદકને નમસ્કાર હજો. અથવા સંસાર-નિમિત્તક જે હિંસા તત્સ્વરૂપ રુદ્રને નમસ્કાર હજો. પૃથીવ્યાદિલોકોના અધિપતિને નમસ્કાર હજો. સંસારમાં એ પ્રાણિઓને ખિન્ન કરે છે અને એ ખિન્નનું રક્ષણ કરે છે એ એકંદર ગોલાર્થ છે. કેટલાએક એમ પણ કહે છે કે **नमो हिरण्यबाहवे** ઇત્યાદિ પાંચ મંત્રોવડે ભિન્ન ભિન્ન વર્ણના પંચબ્રહ્મનું વર્ણન પ્રતિપાદન કરેલું હોઇને આ છઠ્ઠા મંત્રવડે સંસારોચ્છેદક પંચાનન દેવનું પ્રતિપાદન કરેલું છે ॥ ૬ ॥

नमो॑ रु॒द्राया॑तता॒विने॒ क्षेत्रा॑णां॒ पत॑ये॒ नम॑: ॥ ७ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—વિસ્તારિત કરેલા ધનુષ્યવડે રક્ષણ કરનાર અને ક્ષેત્રપાલક રુદ્રને નમસ્કાર હજો ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—રુદ્રપદનું વ્યાખ્યાન કરેલું છે. પણછ ચઢાવેલા ધનુષ્યવડે જગતનું રક્ષણ કરનાર કિંવા તેવા પ્રકારનું ધનુષ્ય ધારણ કરનારા રુદ્રને નમસ્કાર હજો; અને શરીરરક્ષકને પણ નમસ્કાર હજો. '**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया**—હે અર્જુન, સર્વ પ્રાણિઓના હૃદયને વિષે ઈશ્વર રહે છે અને શરીરરૂપ યંત્ર ઉપર આરૂઢ થએલા સર્વ પ્રાણિઓને તે માયાવડે ફેરવે છે. એમ ગીતાવચન હોવાથી **क्षेत्राणां पति** એટલે શરીરરક્ષક, અથવા શરીરસ્વામી. અથવા અવિમુક્તાદિ પુણ્યક્ષેત્રનો સ્વામી કિંવા પુણ્યક્ષેત્રોનો પાલક સંસારોચ્છેદક અને સંસારપ્રવર્તક જે રુદ્ર તેને નમસ્કાર હજો એ તાત્પર્યાર્થ છે ॥ ૭ ॥

नम॑: सू॒ताया॒हंन्त्या॑य॒ वना॑नां॒ पत॑ये॒ नम॑: ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—શત્રુઓને અવધ્ય જે સારથી રૂપ રુદ્ર તેને અને જે વનપાલકરુદ્ર તેને નમસ્કાર હજો ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—જગત્સ્વરૂપરથનો જે નિયંતા તેને અથવા પુરાણ-વક્તાને નમસ્કાર હજો. કિંવા કુટીને કાઢેલા સોમરસરૂપ રુદ્રને નમસ્કાર હજો. **अहन्त्य** એટલે મહાશક્તિરૂપ હોવાથી જેનો વધ થવો શકય નથી તે. અથવા હું જ સર્વ કાંઈ છું એવો અહંકાર ધારણ કરનાર. નિર્જન અરણ્યનો અથવા સ્મશાનનો જે અધિપતિ તેને નમસ્કાર હજો. ॥ ૮ ॥

नमो॒ रोहि॑ताय स्थ॒पत॑ये वृ॒क्षाणां॒ पत॑ये॒ नम॑: ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—આરક્તવર્ણ જે પ્રભુ તેને નમસ્કાર હજો; અને વૃક્ષપાલક રુદ્રને નમસ્કાર હજો ॥ ૯ ॥

भ० भा० भाष्य—रोहित એટલે આરક્તવર્ણ. **रो** શબ્દ વાચકરૂપ હોઇને તેને હિતકારક અથવા તેના વિષે વિહિત એટલે મુકેલો તે **रोहित. स्थपति** એટલે કંદોઈ; અથવા ગૃહાદિક બાંધનાર; એમ કોઈ કહે છે. ને બીજા એમ કહે છે કે જે સર્વ સ્થળે હોય છે અને સર્વનું પાલન કરે છે તે **स्थपति**. વૃક્ષના પાલકને નમસ્કાર ॥ ૯ ॥

नमो मन्त्रिणे वाणिजाय कक्षाणां पतये नमः ॥ १० ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—રાજસભામાં મસલત વિષે જે કુશલ તેને અને વ્યાપારિઓના અધિપતિને નમસ્કાર હજો. વન માંહેલાં ગુલ્માદિરૂપ વૃક્ષનો જે અધિપતિ તેને નમસ્કાર હજો ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—બ્રહ્માદિ પાંચ મંત્ર જેની પાસે છે તે **मंत्री**. અથવા **मंत्र** એટલે ગુપ્ત ભાષણ અર્થાત્ ઉપનિષદો, ઉપનિષદોમાં જેનું પ્રતિપાદન કરેલું છે તે **मंत्री**. અથવા સાત કોટી મંત્ર એજ જેનું તત્ત્વ છે તે **मंत्री**. તેને નમસ્કાર હજો. વ્યાપારીરૂપ રુદ્રને નમસ્કાર હજો. સ્વેચ્છાથી કોઈ કોઈ વખતે ઈશ્વર વ્યાપારી થવાનો પણ સંભવ છે. વ્યાપારી જેમ સર્વદેશ માંહેલાં ધંધાનો જાણિતો હોય છે તેમ એ સર્વ પ્રાણિઓના કર્મનો સાક્ષી છે તેથી **वाणिज** એવી સંજ્ઞા પ્રાપ્ત થએલી છે. અથવા વ્યાપારીઓને વિષે રહેનારો તે **वाणिज** કિંવા વાચકાદિ-સ્વરૂપવાણિને વિષે વાચ્યાદિરૂપે જે ઉત્પન્ન થયેલો છે તે **वाणिज**. **कक्ष** એટલે પર્વત નદી, નદ, ગુહા અને ગુલ્માદિક, તેમનો જે સ્વામી કિંવા ત્યાં રહેનારા પ્રાણિઓનો જે રક્ષક તે **कक्षपति** અથવા **कक्ष** એટલે ભાષા અને ધર્માધર્માદિક જેમાં ગહન છે એવા દેશ, તેમનો જે અધિપતિ તે **कक्षपति** ॥ ૧૦ ॥

नमो भुवन्तये वारिवस्कृतायौषधीनां पतये नमः ॥ ११ ॥

वे० प्र० भाष्यः—भूमि विस्तृत करनार, धन उत्पन्न करनार अने ग्राम्य तथा वन्य औषधीनुं पालन करनार रुद्रने नमस्कार हजो. ॥ ११ ॥

भ० भा० भाष्यः— **भुवंति** एटले जेने विषे विश्व उत्पन्न थाय छे ते; अथवा सर्वदा सर्व स्थळे जे होय छे ते; अथवा विस्तृत भूमि जे करे छे ते, एटले तृण, गुल्म, औषधि, वृक्ष इत्यादिकोनो विस्तार करनार. **वारिवस्कृत** एटले धनोत्पादक, अथवा द्रव्यसंपादन करनाराओने साहाय्यकर्तारूपे संबंधी, अथवा भक्तवत्सल, अथवा उदकमां वास करनारो विष्णु किंवा वरुण. ग्राम्य अने वन्य औषधीनुं सोमरूपे रक्षण करनार ते **ओषधिपति** ॥ ११ ॥

नम॑ उ॒च्चैर्घो॑षायाक्र॒न्दय॑ते प॒त्तीनां॒ पत॑ये॒ नमः॑ ॥ १२ ॥

वे० प्र० भाष्यः—युद्धकाले जेनो घोष मोटो होय छे ते **उच्चैर्घोषने**, शत्रुने रडावनार अने पादचारी योद्धाना पालकने नमस्कार हजो ॥ १२ ॥

भ० भा० भाष्य—जेनो ध्वनि अथवा जेनी स्तुति मोटी छे तेने नमस्कार हजो. किंवा उच्चस्वरथी गर्जनाकरनार मेघादिरूप रुद्रने नमस्कार हजो. युद्धमां आह्वान करनारने किंवा शत्रुओने सर्व प्रकारे रडावनारने अर्थात् युद्धमां विजयी थनारने अने पत्तिना अधिपतिने नमस्कार हजो. '**एको रथो गजश्चैको नराः पंच पदातयः । त्रयश्च तुरगास्तज्ज्ञैः पत्तिरित्यभिधीयते**—एक रथ, एक गज, पांच पदाति अने त्रण अश्व एटलानी पत्ति कहेवाय छे.' तेमनो जे स्वामी ते **पत्तीनां पति**, अथवा पायदळनो पति. पदाति रूपे पोते त्रैलोक्य जीतवाने समर्थ पदाति एटले पायदळ किंवा पगपाळो ॥ १२ ॥

नमः॑ कृत्स्नवी॒ताय॒ धाव॑ते॒ सत्व॑नां॒ पत॑ये॒ नमः॑ ॥ १३ ॥

वे० प्र० भाष्यः—संपूर्ण सैन्यने घेरो घालनार, भागता पारका

સૈન્યની પાછળ દોડનાર અને શરણાગતનું રક્ષણ કરનાર રુદ્રને નમસ્કાર હજો ॥ ૧૩ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્ય-રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃ સંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે દ્વિતીયોનુવાકઃ ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—कृत्स्नवीत એટલે સર્વશરીર જેણે અંગરખું વગેરે પહેરીને ઢાંકેલું છે તે; અથવા અંતકાલે સર્વ જગત્ જેણે ભક્ષણ કરેલું છે તે. કારણ કે '**तस्मै उपसंहर्त्रे महाग्रासाय वै नमो नमः**—તે મહાગ્રાસી ઉપસંહારકને નમસ્કાર હજો' એમ અથર્વશિર ઉપનિષદ્માં કહેલું છે. અથવા **कृत्स्नवीत** એટલે ગતીરૂપ, વ્યાપ્તિરૂપ, જાતરૂપ, કાંતિરૂપ, કૃષ્ણરૂપ અને ખાદિતરૂપ. અથવા જગત્ નષ્ટ થયા પછી સર્વ રૂપે જે પોતે જ હોય છે તે **कृत्स्नवीत.** એ વિષે '**न सन्न चासच्छिव एव केवलः**' એ શ્રુતિ પણ છે. વેગથી જનારો કિંવા શીઘ્ર પ્રસન્ન થનારો જે રુદ્ર તેને નમસ્કાર હજો. **धावते** એ પદનો અર્થ ભક્તના પાતક નષ્ટ કરનાર એવો પણ થાય છે. **सत्वानः** એ પદનું વ્યાખ્યાન પૂર્વે થયેલું છે.

આ અનુવાકના પુરશ્ચરણાદિકઃ—અર્ધકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને અને ચરૂભક્ષણ કરીને આઠ હજાર જપ કરવો, અને તેટલો જપ થતાં સુધી પ્રત્યેક સંધિકાલે શિવાલયને અગિઆર પ્રદક્ષિણા કરવી. જપ સમાપ્ત થયા પછી શિવપૂજન કરીને તેના સાન્નિધ્ય અગિઆર બ્રાહ્મણોને જમાડવા એટલે પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ અનુવાકથી રાજાએ કરવાનું અનુષ્ઠાન પ્રથમ કહીયે છિયેઃ—શત્રુવધની ઇચ્છા કરનારા રાજાએ પ્રત્યેક ઋતુમાં તેલમાં પલાળેલા રાતા સરસવનો દશ દશ હજાર હોમ કરવો એટલે શત્રુ નષ્ટ થાય છે. સરસવનો લોટ લઇને તે દેવને ચોપડવું અને શત્રુ

નામોચ્ચારણપૂર્વક આઠ હજાર જપ કરવો એટલે અગિઆર દિવસમાં શત્રુરૂપ રાજાને મહાજ્વર આવે છે ને તેજ જ્વરમાં તેનો અંત થાય છે. યુદ્ધ સમય નજીક આવતાં દેવને મજીઠમાં રંગાવેલું રાતું વસ્ત્ર ઓઢાડીને જમણા હાથનો અંગુઠો તેને અડાડીને પાંચ દિવસપર્યંત નિત્ય આઠ હજાર જપ કરવો અને અનુવાકના અંતે **एतज्जच्छ** એમ કહીને શત્રુનું નામ લેવું એટલે શત્રુરાજા સ્થાનભ્રષ્ટ થાય છે. વશીકરણની ઇચ્છા હોય તો ખાખરો, પીપળ, વિકળો અને અઘેડો એમના ઘી અને મધમાં બોળેલા સમિધનો દશ હજાર હોમ કરવો એટલે યથાનુક્રમે ચારે વર્ણ વશ થાય છે. રાજ્યની ઇચ્છા કરનારા રાજાએ કુમુદ (ધોળું કમળ), સૌગંધિક (નીલકમળ), અને ઉત્પલ (એમનાથી ભિન્ન પ્રકારનું કમળ) એ કમળોનો મધુયુક્ત દશ હજાર હોમ કરવો એટલે રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થાય છે. ધનેચ્છુ પુરુષ દશ હજાર કમલનો હોમ કરતાં શ્રીમાન્ થાય છે. ધારણાશક્તિની ઇચ્છા કરનાર પુરુષે એકવર્ણી ગાયના ઘીમાં બોળેલા દશ હજાર કેસુડાનો હોમ કરવો એટલે તે મેધાવી થાય છે. શત્રુવિજયેચ્છુ પુરુષે અગિઆર હજાર જપ કરતાં તેના શત્રુનો પરાજય થાય છે. એ અનુવાકનો પાઠ કરીને નિત્ય એકસો આઠ કિંવા અઠ્ઠાવીસ પ્રદક્ષિણા અને નમસ્કાર, દેવને ઉદ્દેશીને યાવજ્જીવ ઇહલોકમાં સુખ પ્રાપ્તિ અને અંતે કૈલાસપ્રાપ્તિ થાય છે. આ અનુવાકના અનુષ્ઠાન સમયે '**मुक्तालंकृतसर्वाङ्गमिंदुगंगाधरं हरम्। ध्यायेत्कल्पतरोर्मूले समासीनं सहो मया**' એમ ધ્યાન કરવું ॥ ૧૩ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે રુદ્રપ્રશ્ને દ્વિતીયોऽનુવાકઃ ॥ ૨ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—બીજા અનુવાકમાં આદ્યંત નમસ્કારના કેટલાએક મંત્રો કહ્યા. હવે આ ત્રીજા અનુવાકમાં તેવા જ પ્રકારના બાર મંત્ર છે. તે પૈકી પેહેલો મંત્ર આ પ્રમાણેઃ—

नमः॒ सह॑मानाय निव्या॒धिनं॑ आव्या॒धिनी॑ना॒ं पत॑ये॒ नमः॑ ॥१॥

વિરોધ કરનારાનો પરાજય કરનાર, વિરોધ કરનારને અત્યંત વીંધનાર અને શૂરસેનાનું પાલન કરનાર રુદ્રને નમસ્કાર હજો ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ અનુવાકના ઋષિ મહાદેવ, છંદ બૃહસ્પતિ અને દેવતા મહાદેવ છે. પૂર્વના અનુવાકમાં દેવનું દ્રવ્યવિષયક આધિપત્ય પ્રતિપાદન કરીને આ અનુવાકમાં કર્મવિષયક આધિપત્ય દર્શાવેલું છે. **सहमान** એટલે પોતા વિના સર્વનો પરાજય કરનાર અથવા ક્ષમાશીલ અર્થાત્ અપરાધ કરેલા ભક્તોને પણ ક્ષમા કરનાર. **निव्याधि** એટલે અત્યંત તાડન કરનાર અર્થાત્ અપરાધ વિના પણ અભક્તોને અત્યંત તાડન કરનાર. **आव्याधिनी** એડલે સન્મુખ અથવા સર્વ બાજુથી તાડન કરનારી સેના, તેમનો જે સ્વામી તેને નમસ્કાર હજો ॥ ૧ ॥

नमः॒ क॒कु॒भाय॑ निष॒ङ्गिणे॑ स्ते॒ना॒नां॒ पत॑ये॒ नमः॑ ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—મુખ્ય, હાથમાં ખડ્ગ ધારણ કરનાર અને ગુપ્ત ચોરોનું પાલન કરનાર રુદ્રને નમસ્કાર હજો. રુદ્ર લીલાવડે નટવત્ ચાહે તે વેષ ધારણ કરે છે. અથવા રુદ્ર, સર્વ જગત્સ્વરૂપ હોવાથી જે જે સ્થળે જેવું હોય છે તેના રૂપે તે સ્થળે રુદ્ર જ તેવો હોય છે. એમ હોવાથી રુદ્રનું સર્વાત્મકત્વ લક્ષ્યમાં આવવા સારૂ મંત્રમાં એમ કહેલું છે. ચોરાદિ શરીરોને વિષે રુદ્ર બે પ્રકારે હોય છે; જીવરૂપે અને ઈશ્વરરૂપે. એ પૈકી જે જીવરૂપ છે તે સ્તેનાદિ શબ્દવડે વાચ્ય છે અને એ જ વાચ્યાર્થ શાસ્ત્રમાં નિંદ્ય છે. પરંતુ, જે ઈશ્વરરૂપ છે તે સ્તેનાદિ શબ્દોવડે

લક્ષ્ય છે. ઈશ્વરરૂપનું અનુસંધાન કરવું એજ મુખ્ય પુરુષાર્થ છે. કારણ કે ઈશ્વરાનુસંધાન પાપક્ષયકારક છે; ને તેથી જ લક્ષ્ય જે અર્થ તે દર્શાવવાના ઉદ્દેશથી મંત્રમાં લૌકીક શબ્દનો પ્રયોગ કરેલો હોય છે એમ જાણવું. ઉપલક્ષક જે વાચ્યાર્થ તેના દ્વારા લક્ષ્ય જે અર્થ તે મૂઢોને પણ ઝટ્ સારી પેઠે સમજવો શકય હોય છે; ઉદાહરણાર્થે, શાખાના અગ્રભાગે ચંદ્ર છે; એ સ્થળે લક્ષ્યાર્થ જ દર્શાવવાનો ઉદ્દેશ છતાં પણ મુખ્યાર્થવાચક શબ્દ, સમજવાને સુલભ હોવાથી યોજવા ॥ ૨ ॥

ભ૦ ભા ભાષ્ય:—ककुभ એટલે મુખ્ય, ઉન્નત કિંવા વૃષભની ખાંધ ઉપર ઝળકનારો. **निषंगी** એટલે તલવાર મારવામાં નિપુણ. **स्तेनानां-पति** એટલે આશ્રિત એવા ચોરોનું પણ પાપ દૂર કરીને એ રક્ષણ કરે છે. કારણકે આશ્રિતજન ઉપર એને પ્રેમ હોય છે. અથવા ચોરી કરનારાનો અધિપતિ એટલે ચોરી કરવામાં પણ જેના જેવો બીજો કોઈ નથી તે ॥ ૨ ॥

नमो॑ निष॒ङ्गिण॑ इषुधि॒मते॒ तस्क॑राणां॒ पत॑ये॒ नमः॑ ॥३॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ધનુષ્યને યોજવા સારૂ હાથમાં લીધેલું જે બાણ તે **निषंग** અને પીઠ ઉપર બાંધેલો જે ભાથો તે **इषुधि**. બાણ ભાથાવડે યુક્ત એવા અને પ્રકટ ચોરી કરનારાનું પાલન કરનારા રુદ્રને નમસ્કાર હજો ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—निषंगी એટલે ભક્તોઉપર નિરંતર આસક્ત રહેનારો. **निषंग** અને **इषुधि** આ શબ્દોનું વ્યાખ્યાન પૂર્વે થએલું છે. નિષંગ અને ઇષુધિ એ બંને તેની પાસે હોય છે એ દર્શાવવા સારૂ પુનરપિ **निषंगी** શબ્દ આ મંત્રમાં આવેલો છે. કિંવા **निषंगी** એટલે અત્યંત આસક્તિવાળો, અર્થાત્ ચોરી પ્રિય હોઇને ભાથો રાખનારો. **तस्कर** એટલે અરણ્યાદિકમાં રહિને જેઓ પ્રત્યક્ષ લુંટે છે તે ॥ ૩ ॥

नमो वञ्चते परिवञ्चते स्तायूनां पतये नमः ॥ ४ ॥

वे० प्र० भाष्यः—શેઠનો વિશ્વાસુ બનીને તેના ક્રયવિક્રયાદિ વ્યવહારમાં ક્યાંક તેના દ્રવ્યાદિનો અપહાર કરવો તે **वंचन**; અને તેના સર્વ વ્યવહારમાં કપટ કરવું તે **परिवंचन**, એ બંને જેના રૂપ છે તે રુદ્રને નમસ્કાર હજો. ગુપ્તચોર બે પ્રકારના હોય છે. **स्तेन** અને **स्तायु**. રાત્રે દૂરથી આવીને જાણ ન થવા દેતાં બારણું ઉઘાડીને જે દ્રવ્યનો અપહાર કરે છે તે **स्तेन**; અને ઘરમાંહેલાં જ છતાં જે અન્યને ખબર ન પડવા દેતાં રાત્રે અથવા દિવસે દ્રવ્યનો અપહાર કરે છે તે **स्तायु**, તેમનો જે પાલક તેને નમસ્કાર હજો ॥ ૪ ॥

भ० भा० भाष्यः—ફસાવનારને નમસ્કાર હજો. સર્વગામી રુદ્રને કિંવા ફસાવતો છતાં કોઈ વખતે પણ હરકત ન પામનારા રુદ્રને નમસ્કાર હજો. કપટથી સાધુનો વેષ ધારણ કરીને વસ્ત્રાદિકનો અપહાર કરેછે તે **स्तायु**. સ્તાયુશબ્દનો અર્થ **'उत्तसैनं वस्त्रमथिनस्तायुम्'** ઇત્યાદિ શ્રુતિમાં એવો જ છે. એ શ્રુતિમાં સકારનો લોપ છે એમ જાણવું કિંવા આ મંત્રમાં સકાર અધિક છે એમ સમજવું ॥ ૪ ॥

नमो निचेरवे परिचरायारण्यानां पतये नमः ॥ ५ ॥

वे० प्र० भाष्यः—મને ક્યારે અપહાર કરવા મળશે એવા વિચારથી જે શેઠના ઘેર સચેત રહીને નિરંતર કામકાજ કરતો હોય છે તે **निचेरु**, અને બજાર રસ્તા બાગ ઇત્યાદિ સ્થળે કાંઈ પણ અપહાર કરવાના વિચારથી જે રખડતો હોય છે તે **परिचर**. આ બંને જેના રૂપ છે તે રુદ્રને નમસ્કાર હજો. પ્રવાસીઓને દ્રવ્યાપહારવડે પીડા આપવા સારૂ જે ચોર નિરંતર અરણ્યમાં રહે છે તે **अरण्य**, તેમનો પાલક જે રુદ્ર તેને નમસ્કાર હજો ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**निवेरु** એટલે ગુપ્ત અથવા અત્યંત રખડનાર. **परिचर** એટલે સર્વ સ્થળે અર્થાત્ ઉઘાડો ફરનાર. **अरण्यपति** એટલે અરણ્યવાસી ચોરોનો પતિ કિંવા અરણ્યમાં વાસ્તવ્ય કરનારાનો અધિપતિ ॥ ૫ ॥

नमः सृकाविभ्यो जिघांसद्भ्यो मुष्णतां पतये नमः ॥६॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—વજ્રવડે સ્વશરીરનું રક્ષણ કરનાર અને ચોરરૂપે પ્રાણિઓનો વધ ઇચ્છનાર રુદ્રને નમસ્કાર હજો. તેમજ ખેડુ થઇને ગરાસીયાનું ધાન્ય ચોરનારના પાલકને નમસ્કાર હજો ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**सृक** એટલે વજ્ર, પરંતુ અહિં એ શબ્દ આયુધમાત્રનો વાચક છે. આયુધયુક્ત રુદ્રને કિંવા રુદ્રસેવકોને નમસ્કાર હજો. અથવા વજ્રાદિ આયુધોનું રક્ષણ કરનારા રુદ્રને નમસ્કાર હજો. સ્રક્ નામના આયુધથી પ્રહાર કરવામાં નિપુણ, અસ્ત્ર ઉપર જ ઉપજીવિકા ચલાવનારા એક પ્રકારના સ્રકાદિ સંજ્ઞક લોકો છે એમ કેટલાએક કહે છે. **जिघांसत्** એટલે વધેચ્છુ મનુષ્યજાતિ, એમ કેટલાએકનું માનવું છે. ને વધેચ્છુ રુદ્ર એમ પણ કેટલાએક માને છે. ધનાદિકનો અપહાર કરનારાનો જે અધિપતિ તે **मुष्णतां पति** ॥ ૬ ॥

नमोऽसिमद्भ्यो नक्तं चरद्भ्यः प्रकृन्तानां पतये नमः ॥७॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ખડ્ગ ધારણ કરનારા ચોર અને માર્ગે જતાં લોકોને પીડા કરવા સારૂ રાત્રે રખડનારા ચોર એ બંને જેના રૂપ છે તે રુદ્રને નમસ્કાર હજો. વધ કર્યા પછી જે અપહાર કરે છે તે **प्रकृन्त**, તેમના પાલકને નમસ્કાર હજો ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ખડ્ગ ધારણ કરનારા અને રાત્રે સંચાર કરનારા રુદ્રસેવકોને અને રાત્રે રખડતા હોઇને પ્રાણિઓનો વધ કરીને જ ધનાદિ લુંટનારાના પાલકોને નમસ્કાર હજો ॥ ૭ ॥

नमं उष्णीषिणें गिरिचरायं कुलुञ्चानां पतंये नमंः ॥८॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ગામ માંહેલા લોકોની પેઠે પાઘડી વિગેરે પેહેરીને તેમનામાં ફરનારા જે ચોર તે **उष्णीषी** અને લાકડા વિગેરે વીણનારાના વસ્ત્રો વિગેરે ચોરવા સારૂ જે પર્વત ઉપર રખડે છે તે **गिरिचर.** એ બંને જેના રૂપ છે તેને નમસ્કાર હજો; અને ગૃહક્ષેત્રાદિનો અપહાર કરનારાના પાલકને નમસ્કાર હજો ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પાઘડી કિંવા શિરસ્ત્રાણ પેહેરનાર અને પર્વત સંચારી રુદ્રને નમસ્કાર હજો. **कुलुंच** એટલે પૃથ્વીનો અપહાર કરનારા અર્થાત્ રાજાની ભૂમિનો અપહાર કરનારા અથવા અનેક પ્રકારના સંકટ ઉત્પન્ન કરીને દ્રવ્યાપહાર કરનારા કિંવા કુલોને લુંટનારા ॥ ૮ ॥

नमं इषुमद्भ्यो धन्वाविभ्यंश्च वो नमंः ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ભય દેખાડવા સારૂ હાથમાં જે બાણ ધારણ કરે છે તે **इषुमन्तः** અને જે તે જ માટે ધનુષ્ય ધારણ કરે છે તે **धन्वावी.** એ બંને રૂપ ધારણ કરનાર હે રુદ્રો તમોને નમસ્કાર હજો. બે વિશેષણોથી મંત્રવાક્ય ભિન્ન દર્શાવવા સારૂ બે વાર નમસ્કાર છે ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—અહિંથી દ્વિતીયપુરુષી સર્વનામનો પ્રયોગ હોવાથી આ મંત્ર પ્રત્યક્ષ ઉદ્દેશીને છે અને રુદ્ર સમુદાયને નમસ્કાર કરેલા છે. પૂર્વે પ્રાયઃ તેમના અધિપતિને જ નમસ્કાર કરેલા છે. હાથમાં બાણ અને ધનુષ્ય ધારણ કરનારા તમોને નમસ્કાર હજો ॥ ૯ ॥

नमं आतन्वानेभ्यंः प्रतिदधानेभ्यश्च वो नमंः ॥ १० ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ધનુષ્યને પણછ ચઢાવનારા અને બાણ યોજનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ધનુષ્યો પણછયુક્ત કરનારા અને પણછ ચઢાવેલા ધનુષ્યોને બાણ યોજનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૦ ॥

नम॑ आ॒यच्छद्भ्यो॑ विसृ॒जद्भ्य॑श्च वो॒ नम॑: ॥ ११ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પણછ ખેંચનારા અને બાણ મુકનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ધનુષ્યને બાણ લગાડીને ધનુષ્ય ખેંચનારા અને શત્રુદેહ પ્રત્યે બાણ છોડનારા તમોને નમસ્કાર હજો. ॥ ૧૧ ॥

नमोऽस्य॑द्भ्यो॒ विध्य॑द्भ्यश्च वो॒ नम॑: ॥ १२ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—છોડેલો બાણ લક્ષ્ય પર્યંત પોહોચાડનારા અને લક્ષ્યસમીપ ગયેલો બાણ લક્ષ્યમાં ઘોંચનારા તમોને નમસ્કાર હજો. ૧૨

ભ૦ ભા૦ ભાષ્ય:—બાણ યોજીને શત્રુદેહપ્રત્યે પોહોચાડનારા અને તેના યોગથી શત્રુશરીર તાડિત કરનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૨ ॥

नम॒ आसी॑नेभ्यः॒ शया॑नेभ्यश्च वो॒ नम॑: ॥ १३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય—આ તેરથી સત્તર પર્યંતના અંતના મંત્રો સ્પષ્ટાર્થક હોવાથી તેમનું સ્પષ્ટિકરણ કરવાની જરૂર નથી. ॥ ૧૩ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતેશૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યેગુર્જરાનુવાદેશ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુ:સંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે તૃતીયોનુવાક: ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—બેસનારા અને ઉંઘનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૩ ॥

नम॑: स्व॒पद्भ्यो॒ जाग्र॑द्भ्यश्च वो॒ नम॑: ॥ १४ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—ઉંઘનારા અને જાગતા બેસનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૪ ॥

नम॒स्तिष्ठ॑द्भ्यो धाव॑द्भ्यश्च वो॒ नमः॑ ॥ १५ ॥

ભ૦ ભા ભાષ્યઃ—ઉભા રહેનારા અને દોડનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૫ ॥

नमः॑ स॒भाभ्यः॑ स॒भाप॑तिभ्यश्च वो॒ नमः॑ ॥ १६ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—સમુદાયથી બેસનારા અને સમુદાયના અધિપતિ હોનારા કિંવા સ્થાનાધિપતિ હોનારા તમોને નમસ્કાર હજો ॥ ૧૬ ॥

नमो॒ अश्वे॒भ्योऽश्व॑पतिभ्यश्च वो॒ नमः॑ ॥ १७ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—અશ્વશરીર ધારણ કરનારા તમોને નમસ્કાર હજો. કેટલાએક **अश्व** એ શબ્દનો અર્થ દ્રવ્યપરિગ્રહણ કરનારા એમ કરે છે. અશ્વાધ્યક્ષરૂપ અથવા મહાધનિક રૂપ હોનારા તમોને નમસ્કાર હજો. આ સર્વ દેવના સેવક છે; કિંવા દેવની જ આ લીલાવડે ધારણ કરેલા રૂપ છે એમ પણ કેટલાએક કહે છે.

આ અનુવાકના પુરશ્ચરણાદિકઃ—કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને પાંચ હજાર જપ કરવાથી પુરશ્ચરણ સિદ્ધ થાય છે. દેશ વ્યાધિગ્રસ્ત થતાં રાજાએ શાંતિ કરાવવી. મંત્રસિદ્ધ થયેલા અગિયાર બ્રાહ્મણોએ દેવાલયમાં જપ કરવો. પાંચ જણાએ જપ કરવો, પાંચ જણાએ હોમ કરવો અને એક બ્રાહ્મણે પ્રત્યેક નમસ્કારના અંતે તિલમિશ્રિત ઓદનનો હોમ કરવો. એક લક્ષ જપ કરવો. આ પ્રમાણે કરતાં દેશ માંહેલી વ્યાધિનો નાશ થાય છે. વાહનોને રોગ થતાં તિલપિષ્ટ મિશ્ર અપૂપ આહુતિ પ્રમાણ લઇને અગિયાર હજાર હોમ કરતાં વાહનોની સામાન્યવ્યાધિ નષ્ટ થાય છે. પરંતુ જો વિશેષ વ્યાધિ ઉત્પન્ન થઈ હોય તો વાહનોના સ્થલમાં અખાડાનો

ઘૃતમિશ્રતંદુલનો આઠ હજાર હોમ કરવો એટલે વાહનોનો રોગ નષ્ટ થાય છે. પ્રધાન રોગગ્રસ્ત થયો હોય તો આજ્યસિંચન કરેલા શુદ્ધ તંદુલથી દેવાલયમાં એક લક્ષ હોમ કરવો. અમાત્યને રોગ થયા પછી દૂર્વા અઘેડા એ પૈકી પ્રત્યેકનો આઠ આઠ હજાર હોમ કરવો એટલે તેમનો રોગ દૂર થાય છે. રાજાની વ્યાધિ સંબંધે અનુષ્ઠાન આ પ્રમાણે કરવું:—આ અનુષ્ઠાન, મંત્રનું પુરશ્ચરણ કરેલા એકવીસ બ્રાહ્મણોએ કરવું. તેમાંથી એકે બ્રહ્મા થવું. રાજાના હાથે ચતુરસ્ર અગ્નિકુંડ કરીને તેમાં મંથનાગ્નિની સ્થાપના કરવી. અને બબ્બેએ મળીને હોમ કરવો. તંદૂલ, તિલ, શ્યામાક, નીવાર, અપામાર્ગ, દૂર્વા, કમલકેસર અને શુદ્ધ ઓદન એ હોમદ્રવ્યો છે. પ્રત્યેક દ્રવ્ય ગોઘૃતમિશ્ર હોવા જોઇએ. તે અગ્નિકુંડના નૈર્ઋત્યમાં ઉદકપૂર્ણ કલશને સ્પર્શ કરીને બ્રહ્માએ જપ કરવો. આહુતિ સાત ઘટિકા-સુધી નિરંતર આપવી. આ પ્રમાણે અમાવાસ્યાથી અમાવાસ્યાપર્યંત હોમ કરવો. રાજાનો રોગ પ્રબલ થયો હોય તો ઉદયથી અસ્તપર્યંત હોમ કરવો. સાત ઘટિકા પર્યંતના હવનને પ્રત્યેક દિવસે પ્રત્યેકને અર્ધનિષ્ક દક્ષિણા આપવી. નિષ્ક એટલે એક તોળાભાર સોનું. ઉદયથી અસ્ત સુધીના હોમ વખતે દ્વિગુણિત દક્ષિણા આપવી. આચાર્યને તેમનાથી દ્વિગુણિત આપવી. કલશોદકવડે રાજાના ઉપભોગ્ય પદાર્થો ઉપર પ્રોક્ષણ કરવું. એમ કરવાથી રાજાનો રોગ નષ્ટ થાય છે. બીજું પણ અનુષ્ઠાન આ પ્રમાણે થાય છે:—રાજરોગનાશાર્થે આ અનુવાક વડે પ્રતિદિવસે આજ્યતિલમિશ્રિત શુકલ તંદુલનો આઠ હજાર હોમ કરવો એટલે રાજા નિરંતર રોગ રહિત અને દીર્ઘાયુ થાય છે. બીજાઓને પણ રોગ થતાં તેમણે આ અનુવાકથી પ્રત્યેક નમસ્કારના અંતે ઘૃત ચોપડેલાં અને મધ છાંટેલા તિલ યવનો આઠ હજાર હોમ કરવો એટલે તેમનો રોગ નષ્ટ થાય છે. આ અનુવાકથી થનારો અભિચાર આ પ્રમાણે:—એમાંથી એક શત્રુમાં રોગસમૃદ્ધિ ઇચ્છનારા રાજાએ નામોચ્ચારણપૂર્વક વરાહાદિના માંસોથી લક્ષ હોમ

કરવો, અને મંત્રના અંતે रिपुराष्ट्रं समुद्दिश्याभिचारं करोमि फट् स्वाहा એમ બોલવું. આ પ્રમાણે માંસ હોમ કરતાં પ્રજા સહ શત્રુનું રાષ્ટ્ર નષ્ટ થાય છે. વિકળાની સમિધોને રાતુ સુતર વિટાળીને તેમનો એક લક્ષ હોમ કરવો એટલે શત્રુને મહાજ્વર આવે છે. પરરાષ્ટ્ર માંહેલી પ્રજા જે ઉદકાદિનો ઉપભોગ કરતી હોય તેને સ્પર્શ કરીને અથવા તેના ઉપર દૃષ્ટિ જમાવિને એક લક્ષ જપ કરવો એટલે તે પદાર્થનો જે ઉપભોગ કરશે તે એક વર્ષમાં નષ્ટ થશે. શ્મશાનાગ્નિ ઉપર અર્કસમિધનો એક લક્ષ હોમ કરવો એટલે શત્રુની રાજધાનીનો વ્યાધિથી નાશ થાય છે અને તે સ્થળે અર્કનું અરણ્ય થાય છે. એજ અનુવાકવડે ચામુંડાના મંદિરમાં દક્ષિણાભિમુખ બેસીને તેલમાં બોળેલા અડદથી અને તિલથી અગિયાર હજાર હોમ કરવો એટલે પરરાષ્ટ્ર માંહેલી પ્રજા શીતળાથી પીડાય છે. એજ અનુવાકથી બીજું અનુષ્ઠાન આ પ્રમાણે કરવું:—પશ્ચિમદ્વારના શિવાલયમાં દેવના પાદપીઠ પાસે અપસ્મારી અગ્નિને સ્પર્શ કરીને સાત હજાર જપ કરવો અને શત્રુરાજ્યનું સ્મરણ કરીને મંત્રના અંતે प्रज्वल ज्वालापस्मारिन् એમ બોલવું એટલે રાજશત્રુને અપસ્માર થાય છે. એજ અનુવાકથી શત્રુ સ્થાનભૂતરાજાનું સ્મરણ કરીને શુદ્ધ તંદુલના પિષ્ટથી એક લક્ષ હોમ કરતાં ક્ષયરોગ ઉત્પન્ન થાય છે ને તેથી જ તેનો નાશ થાય છે. આ અનુવાકના અનુષ્ઠાન સમયે ‘रूपयौवनसंपन्ना मूर्तैव वनदेवता । पुष्पिताशोकपुंनागसहकारशिखोपमः । पंचविंशतिनक्षत्रो मायूरकृतशेखरः । अकलंकशरच्चंद्रपूर्णबिंबसमाननः । शांते बद्धकपर्दांतो वसानश्चर्मकोमलम् । सव्यापसव्यविधृतकृत्तमालाविभूषितः । धाराकदंबपुंजेन नाभिदेशप्रलंबिना । आजन्मप्रेक्षणीयेन प्रेक्षणीयोऽपि शत्रुभिः । भार्यास्य चारुसर्वांगी वन्यालंकारभूषिता । आदर्शमूर्तिः शोभानां वन्यानामिव निर्मला । तस्या हस्ते धनुर्दत्त्वा शरमेकं च निर्मलम् । तदीयमंसमालंब्य श्लिष्टं

वामेन बाहुना । सुगंधिपुष्पस्तवकमाघ्रायाघ्रायपाणिना । वीज्यमानो मंदं मंदं नवपल्लवशाखया । समावृतो बालकैश्च श्वभिश्चापि मनोहरैः । गच्छद्भिरग्रतो हृष्टैर्घ्यातव्यो जगतां गुरुः । एवंभूतो महातेजाः किरातवपुरीश्वरः' એમ ધ્યાન કરવું ॥ ૧૭ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે રુદ્રપ્રશ્ને નમકે તૃતીયોનુવાકઃ ॥ ૩ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—ત્રીજા અનુવાકમાં આદ્યંતે નમસ્કારયુક્ત જે મંત્રો કહેલા છે તેમનાથી ભિન્ન પ્રકારના પરંતુ તેવા નમસ્કારના કેટલાએક મંત્ર આ ચોથા અનુવાકમાં કહેલા છે. તે માંહેલો પહેલો મંત્ર આ પ્રમાણેઃ—

नम॑ आव्याधिनी॑भ्यो विविध्य॑न्तीभ्यश्च वो नमः॑ ॥१॥

સર્વ બાજુઓથી વેધ કરવાને સમર્થ અને તેમજ વિશેષતઃ વેધ કરવાને સમર્થ એવી જે સ્ત્રીમૂર્તિઓ તેમને નમસ્કાર હજો ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—આ અનુવાકના ઋષિ દુર્વાસા, છંદ ઉષ્ણિક્ અને દેવતા શંભુ છે. અહિંથી આગળ ક્રિયા, ગુણ અને દ્રવ્ય એતદ્વિષયક આધિપત્ય જાણવું. આ અનુવાકમાં સર્વ મંત્ર પ્રત્યક્ષ ઉદ્દેશીને છે, ને સમુદાયને જ નમસ્કાર કરેલો છે. સર્વ બાજુથી અને તેમજ અનેકપ્રકારથી તાડન કરનારી રુદ્રસેનાને અને રુદ્રજાતિને નમસ્કાર હજો ॥૧॥

नम॒ उग॑णाभ्यस्तृꣳहती॒भ्यश्च॒ वो नमः॑ ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—ઉત્કૃષ્ટ ગણરૂપ જે સપ્ત માતૃકાદિ સ્ત્રિયો તે ઉગણા, તેમને અને હિંસા કરવાને સમર્થ એવી દુર્ગાદિ દેવતાઓને નમસ્કાર હજો ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—ઉગણ એટલે ઉત્કૃષ્ટ અથવા પ્રબલગણ. પત્તિના જે ત્રિગુણિત અંગો તે સર્વને ક્રમથી સેનામુખ, ગુલ્મગણ ઇત્યાદિ સંજ્ઞા છે. પત્તિનું વ્યાખ્યાન પૂર્વે કરેલું છે. હિંસા ઉત્પન્ન કરનારી રુદ્રસેનાને નમસ્કાર હજો ॥ ૨ ॥

नमो॑ गृत्सेभ्यो॑ गृत्सप॑तिभ्यश्च॒ वो॒ नमः॑ ॥ ३ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—વિષયલંપટોને અને તેમના પાલકોને નમસ્કાર હજો ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—બુદ્ધિમત્તાથી ઉપજીવિકા કરનારને અને તેમના અધિપતિને નમસ્કાર હજો ॥ ૩ ॥

नमो॒ व्राते॑भ्यो॒ व्रात॑पतिभ्यश्च॒ वो॒ नमः॑ ॥ ४ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—અનેક જાતિના સમુદાયોને અને તેમના પાલકોને નમસ્કાર હજો ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—જેમની ઉપજીવિકા નિયમિત નથી એવા જે અનેક જાતિના મારાઓના સંઘ તેમને અને તેમના પાલકોને નમસ્કાર હજો ॥ ૪ ॥

नमो॑ ग॒णेभ्यो॑ ग॒णप॑तिभ्यश्च॒ वो॒ नमः॑ ॥ ५ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—દેવસેવક જે વિશેષ ભૂતો તેમને અને તેમના પાલકોને નમસ્કાર હજો ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—પ્રથમ પ્રભૃતિ દેવસેવક રૂપ ભૂતગણોને અને તેમના પાલકોને નમસ્કાર હજો ॥ ૫ ॥

नमो॒ विरू॑पेभ्यो वि॒श्वरू॑पेभ्यश्च॒ वो॒ नमः॑ ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—નગ્નમુંડાદિ વિકૃતરૂપ અને અશ્વગજ ઇત્યાદિ નાના પ્રકારનાં રૂપ ધારણ કરનાર જે સેવક તેમને નમસ્કાર હજો ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—નગ્નમુંડાદિ વિકૃતરૂપ અથવા ન્યૂનાધિક અવયવ ધારણ કરનારને નમસ્કાર હજો, અને સ્વેચ્છાથી ગજ, સિંહ, વ્યાઘ્ર ઇત્યાદિ રૂપ ધારણ કરનારાને નમસ્કાર હજો ॥ ૬ ॥

नमो॑ म॒हद्भ्यः॑ क्षुल्ल॒केभ्य॑श्च वो॒ नमः॑ ॥ ७ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—અણિમાદિ ઐશ્વર્યથી યુક્ત એવા જે તે **महत्**, અને તે ઐશ્વર્ય જેમને નથી તે **क्षुल्लक** ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—જ્ઞાન, આકૃતિ અને સામર્થ્ય એમનાવડે જે મોટા છે તેમને નમસ્કાર હજો. '**सार्कैंदुग्रहनक्षत्रां द्यां कुर्युर्ये महीतले । प्राप्याष्टगुणमैश्वर्यं येन यांति सुविस्मयम् । तेषां विस्मयते नित्यं कर्मभिर्भगवाञ्छिवः**—સૂર્ય, ચંદ્ર, ગ્રહ અને નક્ષત્ર એમના સહવર્તમાન સ્વર્ગ જે ભૂતલે આણશે, અષ્ટવિધ ઐશ્વર્ય પ્રાપ્ત થયા છતાં પણ જેમને વિસ્મય પ્રાપ્ત થતો નથી, અને જેમના કર્મોથી ભગવાન્ શિવ નિત્ય વિસ્મિત થાય છે તે, એવો ઉલ્લેખ જેમના સંબંધે કરેલો છે. જ્ઞાન, આકૃતિ અને પ્રભાવ એ જેમના ક્ષુદ્ર છે તે **क्षुल्लक**. અથવા સંહાર કરીને રહેનારા તે **क्षुल्लक**. કેટલાએક કહે છે કે **क्षुल्लक** એટલે ક્ષુધાનું અથવા નાશનું શમન કરનારા ॥ ૭ ॥

नमो॑ र॒थिभ्यो॑ऽर॒थेभ्य॑श्च वो॒ नमः॑ ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—રથારૂઢ થયેલાને અને રથારૂઢ ન થયેલાને નમસ્કાર હજો ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—રથારૂઢ થયેલાને અને પદાતિઓને નમસ્કાર હજો ॥ ૮ ॥

नमो॒ रथे॑भ्यो॒ रथ॑पतिभ्यश्च वो॒ नमः॑ ॥ ९ ॥

વે૦ મ૦ ભાષ્યઃ—નવથી તેર પર્યંતના મંત્ર સ્પષ્ટાર્થક છે ॥ ૯॥ ૧૦॥ ॥ ૧૧ ॥ ૧૨ ॥ ૧૩ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—રથરૂપોને અથવા રથાવયવભૂત રુદ્રોને નમસ્કાર હજો. 'हयांश्च चतुरो वेदान्सर्वदेवमयं रथम्—ચાર વેદ એ અશ્વ અને સર્વ દેવમય રથ' એમ મહાભારતમાં કહેલું છે. 'अर्कांशनेमिर्वेदाश्वस्त्रयस्त्रिंशन्मरुन्मयः । पुरारेः कल्पितो देवैः स रथो ब्रह्मसारथिः– ચંદ્ર અને સૂર્ય એ પાટા, વેદ એ અશ્વ, એમનાથી અને તેત્રીશ મરુદ્‌ગણોથી યુક્ત એવો રથ દેવોએ શિવના માટે તૈયાર કર્યો. બ્રહ્મા તે રથ ઉપરના સારથી છે' એમ ભવિષ્યપુરાણમાં પણ કહેલું છે. રથપતિઓને પણ નમસ્કાર હજો ॥ ૯ ॥

नमः सेनाभ्यः सेनानिभ्यश्च वो नमः ॥ १० ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—સેના થઇને ક્રીડા કરનારાને અને સેનાનાયકોને નમસ્કાર હજો ॥ ૧૦ ॥

नमः क्षत्तृभ्यः संग्रहीतृभ्यश्च वो नमः ॥ ११ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—રથશિક્ષકોને અને લગામ ઝાલનારા સારથિઓને નમસ્કાર હજો ॥ ૧૧ ॥

नमस्तक्षभ्यो रथकारेभ्यश्च वो नमः ॥ १२ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—तक्ष એટલે સુતાર. સુતાર અને રથકરનાર એતદ્રૂપ જે રુદ્ર તેમને નમસ્કાર હજો. આ સર્વ શિલ્પિલોકોની જાતિ છે, ને તેમના રૂપે પણ દેવ હોવાનો સંભવ છે એમ ધારિને એમને નમસ્કાર કરેલો છે. ॥ ૧૨ ॥

नमः कुलालेभ्यः कर्मारेभ्यश्च वो नमः ॥ १३ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—કુંભાર અને લુહાર એતદ્રૂપ રુદ્રોને નમસ્કાર હજો. कु એટલે મૃત્તિકા, તેનું જે લાલન કરે છે તે **कुलाल** એટલે કુંભાર. **अरं** એટલે પુરતું કામ જેમને હોય છે તે **कर्मार** એટલે લુહાર ॥ ૧૩ ॥

नमः पुञ्जिष्टेभ्यो निषादेभ्यश्च वो नमः ॥ १४ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પક્ષિસમુદાયના જે ઘાતક અને માછીમાર એમને નમસ્કાર હજો ॥ ૧૪ ॥ ૧૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પક્ષી પકડનારાઓને નમસ્કાર હજો. પક્ષી પકડનારા લોકો સમુદાયથી રહેનારા પક્ષીઓને ધરે છે. **निषाद** એટલે માછીમાર. જથ્થાબંધ પ્રાણિઓને મારવાની ઇચ્છા તેમને હોવાથી તેઓ અતિઘાતક છે ॥ ૧૪ ॥

नम इषुकृद्भ्यो धन्वकृद्भ्यश्च वो नमः ॥ १५ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—બાણ અને ધનુષ્ય ઉત્કૃષ્ટ પ્રકારે તૈયાર કરનારાઓને નમસ્કાર હજો ॥ ૧૫ ॥

नमो मृगयुभ्यः श्वनिभ्यश्च वो नमः ॥ १६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—શ્વાનની ડોકે બાંધેલા પાશ જે ધારણ કરે છે તે **श्वनि**. **मृगयु** એટલે પારધી ॥ ૧૬ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—મૃગવ્યાધોને નમસ્કાર હજો. મૃગવ્યાધો વધની ઇચ્છાથી નિરંતર મૃગોની પાછળ જતા હોય છે માટે તે **मृगयु**. અથવા પોતાને માટે મૃગની ઇચ્છા કરનારા તે **मृगयु**. **श्वनि** એટલે કુતરા-પાળનારા ॥ ૧૬ ॥

नमः श्वभ्यः श्वपतिभ्यश्च वो नमः ॥ १७ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—બીજે અનુવાક લીલાથી દેવે જે રૂપ ધારણ કરેલાં છે તેમનું, ત્રીજે અનુવાક મુખ્યતઃ ચોરમૂર્તિરૂપ રુદ્રોનું અને

ચોથો અનુવાક મુખ્યતઃ અનેક જાતિના રૂપો ધારણ કરનારા રુદ્રોનું સ્તવન કરવા પ્રવૃત્ત થયેલા છે એમ સમજવું ॥ ૧૭ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિ-
વ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વ-
સ્વાખ્ય રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે સાયણા-
ચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃ-
સંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે
શ્રીરુદ્રભાષ્યે ચતુર્થોનુવાકઃ ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—શ્વાનરૂપ ધારણ કરનારાઓને નમસ્કાર હજો. **શ્વપતિ** એટલે શ્વાનોના અધિપતિ, અથવા ક્ષેત્રપાલ, એવાં રૂપ ધારણ કરનારા તમોને નમસ્કાર હજો. ‘અનેક પ્રકારના આરાધનના લીધે પરમેશ્વરનો પ્રસાદ પ્રાપ્ત થયેલી આ સર્વે ભિન્ન ભિન્ન જાતિ હોઇને તેમને જ નમસ્કાર કરેલા છે’ એમ પણ કેટલાએકનો મત છે.

આ અનુવાકના પુરશ્ચરણાદિકઃ—સાર્ધ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને નવ હજાર જપ કરવો, પછી શિવાલયને આઠ હજાર પ્રદક્ષિણા કરવી અને પ્રદક્ષિણા સંપૂર્ણ થતાં સુધી નિરંતર જપ કરવો એટલે આ અનુવાકનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આને દિન શુદ્ધિ વિગેરે જોવાની જરૂર નથી. જ્યારે ઇચ્છા થાય ત્યારે જ આરંભ કરવો. ક્ષયરોગગ્રસ્ત પુરુષે મંત્રસિદ્ધ બ્રાહ્મણને ઋત્વિક્ત્વે વરણિ આપીને શાંતિ કરાવવી. વરણ લીધેલા બ્રાહ્મણે યજમાનના જ ઘરમાં એક બાજુએ બાહુ પરિમિત કુંડ કરવું, અને તે કુંડની આગળ વેદી કરવી. ત્યાં ઉદકપૂર્ણ અને તંતુવેષ્ટિત એક નવો કુંભ સ્થાપન કરવો; તેના ઉપર આ અનુવાકથી દેવનું આવાહન કરવું; ગંધાદિકથી દેવની પૂજા કરવી; ગંધ, કર્પૂર, પુષ્પ, કમલ, ધૂપ–ઉશીરાદિ દશ વાનાનો બનાવેલો દશાંગ ધૂપ–અને ઘીનો દીવો

એટલા ઉપચાર અર્પણ કરીને આરાધ્યદેવતાનું આરાધન કરવું અને અગિયાર દિવસની દીક્ષા લઇને અનુષ્ઠાન કરવું. પેહેલા દિવસે મંત્રપુષ્પાંત પૂજા કરીને આ અનુવાકની અગિયાર આવૃત્ત કરવી. અને પ્રત્યેક આવૃત્તિ માંહિલા પ્રત્યેક નમસ્કારના અંતે આજ્યાહુતિ આપવી. નંતર એકવીસ હજાર જપ કરવો. આદ્યથી અંત પર્યંત અગ્નિનું સંરક્ષણ કરવું. નંતર બીજા દિવસે નિત્યકર્મ થયા પછી તલ, ધાની, ધ્રો, સાળ, અને જવ એમના ઉપર ઘી અને મધ છાંટીને તેમના વડે આ અનુવાક માંહિલા નમોંત મંત્રથી હોમ કરવો. અનુવાકની અગિયાર આવૃત્તિ હોમ માટે કરવી. આ પ્રમાણે ત્રણ દિવસ કરવું. નંતર બે દિવસ એટલે પાંચમા અને છઠ્ઠા દિવસે નિત્ય મધ અને ઘીનો હોમ કરવો. નંતર સાતમા અને આઠમા દિવસે પીપળો અને અઘેડો એમનો પૂર્વવત્ હોમ કરવો. નંતર એક દિવસ સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત આવશ્યક જે પોતાના નિત્યકર્મો તેમને વિરોધ ન આણતાં અનુવાકનો નિરંતર જપ કરવો. નંતર નવમા દિવસે મધ અને ઘીનો હોમ કરવો. દસમા દિવસે ઉદયથી અસ્તપર્યંત જપ અને છેલ્લા દિવસે આઠ હજાર કમલ પુષ્પવડે આ અનુવાક માંહિલાં પ્રત્યેક નમસ્કારના અંતે દેવનું પૂજન કરવું. નંતર ગૌરીનું આરાધન કરિને '**व्याधिनिर्मोचनमस्तु**' એમ બ્રાહ્મણોએ બોલવું. દાન સમયે આઠ હજાર, ચાર હજાર અથવા આઠસો તોળા સુવર્ણ રાજાએ આપવું. બીજાઓએ આઠસો, ચારસો, કિંવા પચીસ તોળા સુવર્ણ આપવું. આ પ્રમાણે એકેકને જુદું જુદું દાન આપવું. નંતર કર્મની દક્ષિણા આપવી. તે પ્રતિદિવસે એક તોળા સુવર્ણની હોવી જોઇએ. નંતર સર્વ દક્ષિણા રૂપે ગાય આપવી. આ પ્રમાણે અનુષ્ઠાન પુરૂં કરીને દેવનું વિસર્જન કરવું. દેવાલય વિગેરે બંધાવનારાએ કરવાના અનુષ્ઠાનનો પ્રકાર પણ એ જ છે. પછી કલશોદકથી યજમાનને નવડાવવો અથવા પ્રોક્ષણ કરવું, એટલે ક્ષયરોગની નિવૃત્તિ થાય છે અને તે શંભુપ્રસાદથી દીર્ઘાયુ થાય છે. એ જ

અનુવાકવડે મેહશાંતિ થાય છે તેનું અનુષ્ઠાન આ પ્રમાણેઃ—મેહરોગીએ પોતાના અગ્નિ ઉપર પ્રત્યેક નમસ્કારના અંતે મધ અને ઘીનો નવ હજાર હોમ કરવો એટલે મેહરોગ નષ્ટ થાય છે. કુષ્ઠાદિ અન્ય રોગો માટે આ અનુવાકનો લક્ષ જપ કરવો એટલે તે રોગ દૂર થાય છે. જ્વરાદિ સંનિપાત રોગ હોય તો સશક્ત બ્રાહ્મણે હુંટી સુધી જલ પ્રવાહમાં ઉભું રહેવું અને પ્રત્યેક નમસ્કારના અંતે એક એ પ્રમાણે આઠ હજાર કમળ પાણીમાં મુકવાં અને જે મંત્ર અવશિષ્ટ રહેશે તેમનાવડે ભૃંગી અને રિટીનું પૂજન કરવું. આ પ્રમાણે કરતાં મહાજ્વરની નિવૃત્તિ થાય છે. એ જ મંત્રવડે પૂર્વે ક્ષયરોગશાંતિ કહી છે. અનુષ્ઠાન ઉગ્ર હોવાથી આચાર્ય થનારો બ્રાહ્મણ વિદ્વાન્ જ હોવો જોઇએ, નહિં તો કલહ થશે. માટે અનુષ્ઠાનમાં કિંચિત્માત્ર પણ ન્યૂનતા થવા દેવી નહિ. આ અનુવાકના અનુષ્ઠાન સમયે 'भस्मोद्भासितसर्वांगजटामंडलमंडितम् । ध्यायेत्त्र्यक्षं वृषारूढं गणेश्वरयुतं हरम्' એમ ધ્યાન કરવું ॥ ૧૭ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિ-
વ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વ-
સ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટ-
ભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે શ્રીરુદ્ર-
પ્રશ્ને ચતુર્થોનુવાકઃ ॥ ૪ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ચોથા અનુવાકમાં આદ્યંત નમસ્કાર યુક્ત મંત્રો સંપૂર્ણ થયા. હવે પાંચમાથી નવમા અનુવાક પર્યંત્ આદ્યમાં જ નમસ્કાર યુક્ત મંત્ર કહેલા છે. તે પૈકી આ પાંચમા અનુવાકમાં પંદર મંત્ર છે. તે માંહેલો પહેલો મંત્ર આ પ્રમાણે:—

नमो भवाय च रुद्राय च ॥ १ ॥

જેના થકી પ્રાણિઓ ઉત્પન્ન થાય છે તે **भव**, અને રોદનનું કારણ જે દુઃખ તેનું જે દ્રાવણ એટલે નાશ કરે તે **रुद्र** ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પાંચમાં અને છઠ્ઠા અનુવાકના ઋષિ તથા દેવતા ભગવાન્ શંભુ છે અને છંદ મહાવિરાટ્ છે. આ પ્રમાણે ત્રણ અનુવાકથી દેવનું વિશ્વાધિપત્ય પ્રતિપાદન કર્યું છે. અહિંથી અષ્ટમૂર્તિના ભિન્ન ભિન્ન અધિષ્ઠાનવડે દેવનું સ્તવન કરેલું છે. આદ્યંતે નમસ્કારવાળા મંત્રો પૂર્ણ થયા. હવેથી આદ્યમાં જ નમસ્કારવાળા મંત્ર છે. સર્વ સ્થળે સર્વદા જે હોય છે તે **भव**, જે સર્વદા હોય છે જ અર્થાત્ જે નથી એમ કોઈ વખતે પણ હોતું નથી તે **भव**, જે સર્વ જગતનું પાલન કરે છે તે **भव**, અથવા સર્વને જેનો અનુભવ થતો હોય છે તે **भव**, અથવા જેનાથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે તે **भव**, અષ્ટમૂર્તિ પૈકી ભવ એ ઉદકનો અધિષ્ઠાતા હોઇને રુદ્ર એ સૂર્યનો અધિષ્ઠાતા છે. તેથી જ અધિષ્ઠાતાના પ્રકરણમાં પુનઃ નિર્દેશ કરેલો છે ॥ ૧ ॥

नमः शर्वाय च पशुपतये च ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—જે પાપનો નાશ કરે છે તે **शर्व** અને પશુતુલ્ય અજ્ઞાનિપુરુષોનું જે પાલન કરે છે તે **पशुपति** ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—અંતકાલે જે સર્વ કાંઈ નાશ કરે છે તે **शर्व**, એ અગ્નિનો અધિષ્ઠાતા છે. **पशुपति** એટલે પશુનો પાલક. પુનરપિ નિર્દેશ કરવાનું કારણ પૂર્વવત્ છે, એ ભૂમિનો અધિષ્ઠાતા છે ॥ ૨ ॥

नमो नीलग्रीवाय च शितिकण्ठाय च ॥ ३ ॥

वे० प्र० भाष्यः—કાલકૂટ ધારણ કરવાથી જેના કંઠનો કેટલોએક ભાગ નીલવર્ણ છે તે **नीलग्रीव**, અને જેના કંઠનો અવશિષ્ટભાગ શ્વેતવર્ણ છે તે **शितिकंठ** ॥ ૩ ॥

भ० भा० भाष्यः—**नीलग्रीव** શબ્દનું વ્યાખ્યાન પૂર્વે થયેલું છે. ભગવાન્ શિવના કંઠનો સહસ્રાંશ કાલકૂટ વિષરૂપ અગ્નિથી નીલવર્ણ થયેલો છે. અથવા **शिति** શબ્દનો અર્થ નીલ એમ લઇને આદરાર્થે પુનઃ નિર્દેશ છે એમ જાણવું. **अंबिकापतय उमापतये पशुपतये नमो नमः** એ સ્થળે જેમ આદરાર્થે પુનર્વચન છે તેમજ અહિં પણ છે ॥ ૩ ॥

नमः कपर्दिने च व्युप्तकेशाय च ॥ ४ ॥

वे० प्र० भाष्यः—કપર્દસંજ્ઞક જટાજૂટ જેનો છે તે **कपर्दी**. **व्युप्त** એટલે મુંડેલા જેના કેશ છે તે **व्युप्तकेश**. પાશુપતાદિ વેષે શિવ કપર્દી હોઇને યતિ પ્રભૃતિના વેષે વ્યુપ્તકેશ છે ॥ ૪ ॥

भ० भा० भाष्यः—**कपर्दी** શબ્દ સ્પષ્ટાર્થક છે. **व्युप्तकेश** એટલે મુંડિતકેશ, અર્થાત્ યજમાન રૂપ. અર્ધમુંડિત તે **व्युप्तकेश** એમ પણ કેટલાએકનું માનવું છે. ॥ ૪ ॥

नमः सहस्राक्षाय च शतधन्वने च ॥ ५ ॥

वे० प्र० भाष्यः—શિવને ઇંદ્રવેષે સહસ્રાક્ષત્વ છે; અને સહસ્રભુજાવડે અવતીર્ણ થયેલ હોવાથી સેંકડો ધનુષ્ય હાથમાં છે તેથી તે **शतधन्वा** છે ॥ ૫ ॥

भ० भा० भाष्यः—અનેક નેત્રથી યુક્ત અથવા ઇંદ્રરૂપ રુદ્રને નમસ્કાર હજો. અનેક ધનુષ્ય અથવા આયુધ લીધેલા રૂદ્રને નમસ્કાર હજો ॥ ૫ ॥

नमो गिरिशाय च शिपिविष्टाय च ॥ ६ ॥

वे० प्र० भाष्य:—કૈલાસસંજ્ઞક ગિરિ ઉપર જે શયન કરે છે તે **गिरिश.** **शिपिविष्ट** એટલે વિષ્ણુ મૂર્તિધારી. '**विष्णुःशिपिविष्ट इति**' એવિ શ્રુતિ છે ॥ ૬ ॥

भ० भा० भाष्य:—**गिरिश** શબ્દનું વ્યાખ્યાન પૂર્વે થયેલું છે. **शेप** એટલે પુચ્છ. સર્વદા અથવા દેવદારૂવનમાં વિગેરે જેનું પુચ્છ વીટેલું હોય છે તે **शिपिविष्ट**; કિંવા **शिपिविष्ट** એટલે આદિત્યરૂપ, '**शैत्याच्छयनयोगाद्वा शीति वारि प्रचक्षते । तत्पानाद्रक्षणाद्वापि शिपयो रश्मयो मताः । तेषु प्रविष्टः सविता शिपिविष्टस्ततोच्यते**—શૈત્યના લીધે અથવા શયનના લીધે ઉદકને **शि** કહે છે, તેના પાનના લીધે અથવા રક્ષણના લીધે કિરણને **शिपि** કહે છે, ને તેથી જ કિરણોને વિષે પ્રવિષ્ટ થયેલો જે સૂર્ય તેને **शिपिविष्ट** કહે છે' એમ સ્કંદપુરાણમાં કહેલું છે. કિંવા **शिपि** એટલે પશુ, કારણકે '**यज्ञो वै विष्णुः पशवः शिपिः**—યજ્ઞ એ જ વિષ્ણુ અને પશુ જ શિપિ' એવી શ્રુતિ છે. સારાંશ એ જ કે, સર્વે પ્રાણિઓનો વિષે અંતર્યામિ રૂપે જે પ્રવિષ્ટ થયેલો છે તે **शिपिविष्ट** ॥ ૬ ॥

नमो॑ मी॒ढुष्ट॑माय॒ चेषु॑मते च ॥ ७ ॥

वे० प्र० भाष्य:—મેઘરૂપે જે અત્યંત વૃષ્ટિ કરે છે તે **मीढुष्टम**, અને **इषुमान्** એટલે બાણધારક ॥ ૭ ॥

भ० भा० भाष्य:—**मीढुष्टम** એટલે અત્યંત વૃષ્ટિ કરનાર. અને **इषु** જેના છે અથવા જેના હાથમાં **इषु** એટલે બાણ છે તે **इषुमान्** અર્થાત્ મહાશૂર ॥ ૭ ॥

नमो॑ ह्र॒स्वाय॑ च वाम॒नाय॑ च ॥ ८ ॥

वे० प्र० भाष्य:—**ह्रस्व** એટલે શરીરે અલ્પ, અને **वामन** 'એટલે અંગુલી પ્રભૃતિ અવયવ જેના સંકુચિત છે તે ॥ ૮ ॥

भ० भा० भाष्य:—ह्रस्व એટલે પ્રમાણે અલ્પ, અને वामन એટલે સંકુચિત અવયવથી યુક્ત ॥ ૮ ॥

नमो॑ बृह॒ते च॒ वर्षी॑यसे च ॥ ९ ॥

वे० प्र० भाष्य:—बृहन् એટલે આકારે પ્રૌઢ, અને वर्षीयान् એટલે ગુણોવડે સમૃદ્ધ ॥ ૯ ॥

भ० भा० भाष्य:—આકારે જે મોટો તેને નમસ્કાર હજો. આકારથી અથવા જ્ઞાનાદિકથી જે અત્યંત વૃદ્ધ તેને પણ નમસ્કાર હજો ॥ ૯ ॥

नमो॑ वृ॒द्धाय॑ च स॒ंवृध्व॑ने च ॥ १० ॥

वे० प्र० भाष्य:—वृद्ध એટલે વયથી અધિક, અને શ્રુતિએ જેનું ઉત્તમપ્રકારે વર્ણન કરેલું છે संवृध्वा ॥ ૧૦ ॥

भ० भा० भाष्य:—वृद्ध એટલે વયથી મોટો. संवृध्वा એટલે સ્તુતિના યોગથી નિત્ય વૃદ્ધિંગત થનારો; કારણકે 'वर्धन्तु त्वा सुष्टुतये–ઉત્તમસ્તુતિ તેને વૃદ્ધિંગત કરો' એવી શ્રુતિ છે. અથવા संवृध्वा એટલે ભક્તોની ઉત્તમ પ્રકારે અભિવૃદ્ધિ કરનાર ॥ ૧૦ ॥

नमो॒ अग्रि॑याय च प्रथ॒माय॑ च ॥ ११ ॥

वे० प्र० भाष्य:—જગત્ ઉત્પન્ન થવાના પૂર્વે જે હોય છે તે अग्रिय. અને જે સભામાં મુખ્ય તે પ્રથમ ॥ ૧૧ ॥

भ० भा० भाष्य:—પૂર્વે જે હોનારો તે अग्रिय પ્રથમ એટલે પ્રધાન ॥ ૧૧ ॥

नम॑ आ॒शवे॑ चाजि॒राय॑ च ॥ १२ ॥

वे० प्र० भाष्य:—आशु એટલે વ્યાપી. अजिर એટલે ગમન વિષે નિપુણ ॥ ૧૨ ॥

भ० भा० भाष्य:—आशु એટલે શીઘ્રવ્યાપી અને अजिर એટલે ગમન વિષે નિપુણ ॥ ૧૨ ॥

नमः शीघ्रियाय च शीभ्याय च ॥ १३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**शीघ्रिय** એટલે શીઘ્રગામી. **शीभ** એટલે જલ-પ્રવાહ, અને ત્યાં જે હોય છે તે **शीभ्य** ॥ ૧૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—શીઘ્ર વહેનારા ઉદકને વિષે રહેનાર તે **शीघ्रिय**. **शीभ** એટલે શીઘ્રમાંહેલો એક ભેદ. **शीभ्य** નો પણ અર્થ તે જ છે. ૧૩

नमः ऊर्म्याय चावस्वन्याय च ॥ १४ ॥

વે૦પ્ર૦ભાષ્ય:—ઉર્મિથી એટલે મોજાથી જે યુક્ત તે **ऊर्म्य**. **अवस्वन** એટલે ધ્વનિરહિત. અર્થાત્ સ્થિર જલમાં જે રહે છે તે **अवस्वन्य** ॥૧૪॥

ભ૦ ભા૦ ભાષ્ય:—મોજાઓને વિષે રહેનારો તે **ऊर्म्य**. **अवस्वन** એટલે સ્થિર ઉદક. **अव** શબ્દનો અર્થ **अप** શબ્દવત્ છે. તેથી **अवस्वन** એટલે સ્તિમિત. સ્તિમિત ઉદકમાં જે હોય છે તે **अवस्वन्य**. ॥ ૧૪ ॥

नमः स्रोतस्याय च द्वीप्याय च ॥ १५ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**स्रोतस्** એટલે પ્રવાહ. પ્રવાહમાં જે હોય છે તે **स्रोतस्य**. **द्वीप** એટલે જલમધ્યવર્તિ ભૂમિ, ત્યાં જે હોય છે તે **द्वीप्य**. આ અનુવાકમાંહેલાં એક મંત્રમાં ચતુર્થ્યંત ઉભયપદોની સાથે **नमः** શબ્દનો પૃથક્ અન્વય થવો જોઇએ એટલા સારૂં પ્રત્યેક મંત્રમાં સમુચ્ચયાર્થક બબ્બે **च** કાર પઠિત છે. ॥ ૧૫ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિ-
વ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વ-
સ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે સાયણા-
ચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃ-
સંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે
શ્રીરુદ્રભાષ્યે પંચમોનુવાકઃ ॥૫॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પ્રવાહમાં જે રહેનારો તે स्रोतस्य. જલમાંથી ઉપર આવેલી જે ભૂમિ તેને द्वीप કહે છે. બંને પડખે જે પ્રદેશને ઉદક હોય છે તે द्वीप. ॥ ૧૫ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિ-
વ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વ-
સ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે ભટ્ટભાસ્કર-
વિરચિતે યજુર્વેદભાષ્યે શ્રીરુદ્રપ્રશ્ને
પંચમોનુવાકઃ ॥ ૫ ॥

नमो॑ ज्ये॒ष्ठाय॑ च कनि॒ष्ठाय॑ च॒ ॥ १ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પાંચમાં અનુવાકમાં આરંભે નમસ્કારયુક્ત મંત્રો કહેલા છે. હવે આ છઠ્ઠા અનુવાકમાં પણ તેવા જ કેટલાએક મંત્રો છે ને તેમની સંખ્યા પંદર છે. વિદ્યા, ઐશ્વર્ય ઇત્યાદિકથી જે અધિક તે ज्येष्ठ; ને એ જેને નથી તે कनिष्ठ. ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ज्येष्ठ એટલે અત્યંત વૃદ્ધ અથવા અત્યંત પ્રશસ્ત. कनिष्ठ એટલે અત્યંત તરૂણ અથવા અત્યંત અલ્પ. ॥ ૧ ॥

नमः॑ पू॒र्व॒जाय॑ चापर॒जाय॑ च॒ ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—સૃષ્ટિના આરંભે હિરણ્યગર્ભ રૂપે જે ઉત્પન્ન થાય છે તે पूर्वज; અને સૃષ્ટિના અંતે કાલાગ્ન્યાદિ રૂપે જે ઉત્પન્ન થાય છે તે अपरज. ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પૂર્વકાલે જ હોય છે અર્થાત્ જે જન્મરહિત છે તે पूर्वज. સર્વપ્રાણિઓના પૂર્વ વિદ્યમાન, એ અહિં पूर्वज શબ્દનો અર્થ છે કારણકે, 'अजात इत्येवं कश्चिद्भीरुः प्रपद्यते-રુદ્રને મુખ્ય જન્મ સંભવનીય નથી' એવી શ્રુતિ છે. બીજા વખતે હોનારો અર્થાત્ સર્વ પ્રાણિઓના પછી પણ વિદ્યમાન રહેનારો તે अपरज. ॥ ૨ ॥

नमो मध्यमाय चापगल्भाय च ॥ ३ ॥

वे० प्र० भाष्य:—મધ્ય કાલે દેવ, પશુપક્ષિ ઇત્યાદિના રૂપે જે ઉત્પન્ન થાય છે તે **મધ્યમ** અને **અપગલ્ભ** એટલે જેની ઇંદ્રિયો પ્રગલ્ભાવસ્થામાં આવેલી નથી એવો બાલક. ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—મધ્ય કાલે હોનારા અને અત્યંત શિશુરૂપ હોનારા રુદ્રને નમસ્કાર હજો ॥ ૩ ॥

नमो जघन्याय च बुध्नियाय च ॥ ४ ॥

वे० प्र० भाष्य:—ગવાદિકના પાછલા ભાગમાં વત્સાદિકના રૂપે જે ઉત્પન્ન થાય છે તે **जघन्य**. અને વૃક્ષાદિકના મૂળની પાસે શાખાદિ રૂપે જે ઉત્પન્ન થાય છે તે **बुन्धिय**. ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—કટિપશ્ચાદ્‌ભાગમાં રહેનારા અને મૂળની પાસે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૪ ॥

नमः सोभ्याय च प्रतिसर्याय च ॥ ५ ॥

वे० प्र० भाष्य:—ઉભય સહ એટલે પુણ્યપાપ સહ જે હોય છે તે **सोभ**, એટલે મનુષ્યલોક. એમ હોવાથી જ અથર્વણુવેદમાં કહેલું છે કે **'पुण्येन पुण्यलोकं नयति पापेन पापमुभाभ्यामेव मनुष्यलोकम्**–પુણ્યવડે પુણ્યલોકની, પાપવડે પાપલોકની, અને બંનેના યોગથી મનુષ્યલોકની પ્રાપ્તિ થાય છે.' તે સ્થળે જે હોય છે તે **सोभ्य**. વિવાહાદિ કાર્ય પ્રસંગે હાથે જે રક્ષાબંધન બંધાય છે તે **प्रतिसर**, તે એ પ્રતિસર બાંધવાને જે યોગ્ય છે તે **प्रतिसर्य**. ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**सोभ** એટલે ગંધર્વનગર. કારણકે **'शाल्वः सोभमधिष्ठाय**–શાલ્વ સોભમાં બેસીને' એમ મહાભારતમાં કહેલું છે. એ સર્વનગરોનું ઉપલક્ષણ જાણવું અર્થાત્ પ્રત્યેક નગર માટે એ શબ્દ અહિં યોજેલો છે એમ જાણવું. કેટલાએક એમ કહે છે કે **उभयतः**

શીતોષ્ણાદિ દ્વંદ્વ જે સહન કરે છે તે **સોભ્ય**. પ્રતિકૂલ જે ગમન તે **પ્રતિસર**, અથવા **પ્રતિસર** એટલે રક્ષણ માટે હાથ વિગેરેમાં બંધાતો અભિમંત્રિત કરેલો દોરો. ॥ ५ ॥

नमो याम्याय च क्षेम्याय च ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—યમલોકમાં પાપી જનોને શિક્ષા કરનાર રૂપે ઉત્પન્ન થયેલો તે **યામ્ય**. અને મોક્ષને પાત્ર તે **ક્ષેમ્ય** ॥ ६ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**યમ** એટલે અંતકાલ અથવા પ્રાણનું સંયમન તે જેને હોય છે તે **યામ્ય**. અથવા યમનગરીમાં રહેનારો તે **યામ્ય**. **ક્ષેમ** એટલે રક્ષણ, મોક્ષ, અથવા ગુપ્તસ્થાન. ॥ ६ ॥

नम उर्वर्याय च खल्याय च ॥ ७ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**उर्वरा** એટલે સર્વધાન્યથી સંપન્ન ભૂમિ. ભિન્ન ભિન્ન પ્રકારના ધાન્ય રૂપે જે તે ભૂમિને પાત્ર હોય છે તે **उर्वर्य**. **खल** એટલે ધાન્ય કણુસલામાંથી છુટું કરવાનું સ્થળ અર્થાત્ ખળુ. તરવાયુ વિગેરેના રૂપથી તે સ્થાનને જે પાત્ર હોય છે તે **खल्य** ॥ ७ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સર્વધાન્યથી સંપન્ન એવી ભૂમિમાં રહેનારાને અને ખળામાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ७ ॥

नमः श्लोक्याय चावसान्याय च ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**श्लोक्य** એટલે મંત્રપ્રતિપાદ્ય; અને **अवसान्य** એટલે વેદાંતપ્રતિપાદ્ય. ॥ ८ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**श्लोक** એટલે પાદબદ્ધ અક્ષર સમુદાય, તેમાં જે હોય છે તે **श्लोक्य**. **अवसान** એટલે સર્વ અર્થનો ઉપસંહાર, અથવા જીવિતની સમાપ્તિ, તે સ્થળે જે હોય છે તે **अवसान्य**. કોઇ એમ પણ કહે છે કે **श्लोक्य** એટલે વેદમાં હોનારો અને **अवसान्य** એટલે ઉપનિષદમાં હોનારો. ॥ ८ ॥

नमो वन्याय च कक्ष्याय च ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—વનમાં વૃક્ષાદિ રૂપે અને લતાદિકના રૂપે જે હોય છે, તે અનુક્રમે **वन्य** અને **कक्ष्य**. ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—વૃક્ષાદિ રૂપે વનમાં રહેનારાને અને લતાદિ રૂપે કક્ષમાં રહેનારાને નમસ્કાર હજો. એ ભૂમિના અધિષ્ઠાતાના ભેદ છે. ॥૯॥

नमः श्रवाय च प्रतिश्रवाय च ॥ १० ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**श्रव** એટલે શબ્દ. અને **प्रतिश्रव** એટલે પ્રતિધ્વનિ. ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—શબ્દ રૂપ અથવા અત્યંત પ્રસિદ્ધ રુદ્રને નમસ્કાર હજો. તેમ જ પ્રતિધ્વનિરૂપ કે પ્રતિવચનરૂપ રુદ્રને નમસ્કાર હજો. ૧૦

नमः आशुषेणाय चाशुरथाय च ॥ ११ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—શીઘ્રગમન કરનારી સેના જેની છે તે **आशुषेण**; અને શીઘ્રગામી રથ જેનો છે તે **आशुरथ**. ॥ ૧૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—જેની સેના સત્વર વ્યાપનારી છે તે **आशुषेण**, અને જેનો રથ સત્વર ગમન કરનારો છે તે **आशुरथ**. ॥ ૧૧ ॥

नमः शूराय चावभिन्दते च ॥ १२ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—યુદ્ધમાં જે ધૈર્યવાન્ હોય છે તે **शूर**, અને શત્રુઓને જે પ્રહાર કરે છે તે **अवभिंदन्**. ॥ ૧૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—મહાવીરને એટલે ન બીનારાને નમસ્કાર હજો. સ્વભક્તદ્વેષ્ટાઓનો ઘાતકરનારાને એટલે ધર્મદ્વેષ્ટાઓનું મસ્તક ફોડી નાંખનારાને નમસ્કાર હજો. ॥ ૧૨ ॥

नमो वर्मिणे च वरूथिने च ॥ १३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**वर्मी** એટલે બખતર પેહેરેલો. અને **वरूथी** ગૃહસંપન્ન. ॥ ૧૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—જે કંચુક ધારણ કરે છે તે **वर्मी**. **वरूथ** એટલે સારથીનું સ્થાન. અથવા વિશિષ્ટઘર જેની પાસે છે તે **वरूथी**. ॥ ૧૩ ॥

नमो॑ बि॒ल्मिने॑ च कव॒चिने॑ च॒ ॥ १४ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**बिल्म** એટલે યુદ્ધમાંહેલું શિરસ્ત્રાણ, અને **कवच** એટલે શરીરરક્ષક. શિરસ્ત્રાણ જેની પાસે હોય છે તે **बिल्मी**; અને જેની પાસે કવચ હોય છે તે **कवची**. ॥ ૧૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**बिल्म** એટલે દર જેવું સચ્છત્ર શિરસ્ત્રાણ, અથવા ભસ્મ ભરવાનું બીલું. '**विल्मं भाजनम्**' એમ નિરૂક્તકારે કહેલું છે; તે જેને છે તે **बिल्मी**; અને શરીરરક્ષક કવચ જેને છે તે **कवची**; અથવા ઘુંટી સુધીનો ઝભો. ॥ ૧૪ ॥

नमः॑ श्रु॒ताय॑ च श्रुतसे॒नाय॑ च॒ ॥ १५ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**श्रुत** એટલે વેદમાં પ્રસિદ્ધ. સ્તુતિપાઠકોને જેની સેના વિદિત હોય છે તે **श्रुतसेन**. ॥ ૧૫ ॥

**ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રા-
ધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે સાયણાચાર્યવિરચિતે માધવીયે
વેદાર્થપ્રકાશે યજુ:સંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે
શ્રીરુદ્રભાષ્યે ષષ્ઠોનુવાક: ॥ ૬ ॥**

ભ૦ ભા૦ ભાષ્ય:—**श्रुत** એટલે વિખ્યાત અથવા પ્રસિદ્ધ. '**विश्वस्याधिपतिर्विश्वस्याधिष्ठाता विश्वाकारस्त्वम्**–વિશ્વનો અધિપતિ વિશ્વનો અધિષ્ઠાતા અને વિશ્વાકાર તું જ છો, એવું શ્રુતિ વચન છે. સારાંશ એ જ કે એને વિષે શ્રુતિ જ પ્રમાણ છે.' જેની સેના વિખ્યાત

અથવા શ્રુતિપ્રસિદ્ધ છે તે **श्रुतसेन**. જે તારા બાણુ પ્રભૃતિ આયુધો છે તે પણુ શ્રુતિપ્રસિદ્ધ જ છે એમ **श्रुतसेन** શબ્દથી દર્શાવ્યું છે.

આ અનુવાકનું પુરશ્ચરણાદિ:—ત્રિરાત્ર ચરૂભોજન કર્યા પછી અગિયાર દિવસ નિરંતર જપ કરવો એટલે આ અનુવાકનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. પછી આ અનુવાકમાંહેલા પ્રત્યેક નમસ્કારથી એક માસ ધોળાં કમળ લિંગ ઉપર ચઢાવવાં. એવી રીતે નિત્ય અનુવાકની અગિયાર આવૃત્તિ કરવી, એટલે રાજ્યવૈભવ વૃદ્ધિંગત થાય છે. દક્ષિણા મૂર્તિદેવ સમિપ અગિયાર બ્રહ્મણોને જમાડવા. રાજાના જન્મ દિવસે તેના અથવા મંથનાગ્નિમાં ઘીમાં બોળેલી પીપળાની સમિધનો એકવીસ હજાર હોમ કરવો, અને ધ્રોનો અગિયાર હજાર હોમ કરવો એટલે રાજાનો જય અને આયુષ્ય વૃદ્ધિંગત થાય છે. વિજયાર્થે પ્રત્યેક માસે આ અનુવાકનો એક લક્ષ જપ કરવો. સંગ્રામ ઉપસ્થિત થતાં રાજાના પાકગૃહમાંથી પકવાન્ન, દહિં, મધ અને ઘીમાં પલાળેલો ભાત લઇને પ્રત્યેક નમસ્કારના અંતે હોમ કરવો. એવી રીતે અનુવાકની અગિયાર આવૃત્તિ કરવી. અવશિષ્ટ રહે તે બલિરૂપે ભૂમિ ઉપર મુકવો અને જલમાં પલાળેલો તે માંહેલો કિંચિત્ ભાત લઇને પ્રતિપક્ષિની સેના સામે ઉડાડવો એટલે તે સૈન્ય સત્વર નષ્ટ થાય છે. એ જ અનુવાકથી ઘીમાં બોળેલાં શુદ્ધ તંદુલનો અગ્નિમાં હોમ કરીને જે અવશિષ્ટ રહે તે શત્રુ ઉપર ફેંકવું એટલે શત્રુનો નાશ થાય છે. રાજાનાં સર્વ આયુધોને સ્પર્શ કરીને આ અનુવાકનો સહસ્ર જપ કરવો એટલે તે આયુધોનું તેજ વૃદ્ધિંગત થાય છે, અને એ જ અનુવાકથી આયુધો શત્રુસેના ઉપર નાંખતાં તે સેના સાવ નાશ પામે છે. આ અનુવાકથી શત્રુસેનાનું સ્તંભન થાયછે તેનો પ્રયોગ આ પ્રમાણેઃ— પ્રત્યેક નમસ્કારે એક, એમ અર્કસમિધથી સૂર્યને ઉદ્દેશીને એક લક્ષ હોમ કરવો અને **परसेनास्तंभं करोमि स्वाहा** એમ બોલવું એટલે શત્રુસૈન્યનું સ્તંભન થાય છે. એ જ અનુવાકથી રાજાના ભોજ્ય પદાર્થો

અભિમંત્રિત કરતાં તે અમૃત બને છે. શત્રુસૈન્યનું શોષણ–નાશ–કરવાની ઇચ્છા હોય, તો આ પ્રમાણે અનુષ્ઠાન કરવું:—નદીમાં શૂદ્રે આણેલા અગ્નિમાં હરિણ, વરાહ, શશ, કપિંજલ, કલવિંક અને મૃગ એ પૈકી પ્રત્યેકનો માંસવડે એકેક લક્ષ હોમ કરવો અને અપૂપનો પણ એક લક્ષ હોમ કરવો; અપૂપનો ભાગ આહુતિના પ્રમાણ જેટલો હોવો જોઇએ; તથા પ્રત્યેક નમસ્કારના વખતે **परराष्ट्रप्रजाशोषणं करोमि स्वाहा** એમ બોલવું. આ પ્રમાણે કરવાથી પરરાષ્ટ્ર માંહેલી પ્રજાનું શોષણ થાય છે. સુવર્ણ, રૌપ્ય, ગૌ, ભૂમિ, વસ્ત્રો ઇત્યાદિ દક્ષિણા આ અનુષ્ઠાન માટે હોવી જોઇએ; એ રાજાનો પ્રકાર છે. હવે ઇતરને માટે કહિયે છિયે. વંધ્યા અથવા અપત્યરહિત સ્ત્રિયો હોય તો આ બે અનુવાકવડે અનુષ્ઠાન કરવું. એટલે પ્રત્યેક નમસ્કારવડે એકેક આહુતિ દહી, મધ અને ઘીમાં બોળેલી ઉદુંબર સમિધની એકવીસ હજાર હોમવી. જેટલા નમસ્કાર થશે તેટલા કલશ તંતુવેષ્ટિત હોઇને નવા વસ્ત્રથી આચ્છાદન કરેલા હોવા જોઇએ અને તે જલથી ભરેલા હોવા જોઇએ. પ્રત્યેક નમસ્કાર વખતે એ કલશથી અભિષેક કરવો અને આઠ હજાર જપ કરવો. એ જ અનુવાકોથી મહાદેવને અભિષેક કરવો. જપ કરવાનો તે સાત ઘટિકા પર્યંત જ કરવો. એ જ અનુવાકથી આઠ હજાર પ્રદક્ષિણા કરવી. એ જ અનુવાકથી પિષ્ટપિંડ અભિમંત્રિત કરિને તેનું પ્રાશન કરવું. એજ અનુવાકની અગિયાર આવૃત્તિ કરીને પ્રત્યેક નમસ્કારે નદીના પ્રવાહમાં શમીના પત્ર મુકવાં. શુદ્ધ થયેલી સ્ત્રિયોને આ પ્રયોગથી રુદ્રતુલ્ય પુત્ર થાય છે. સ્ત્રીનું વય આડત્રીસ અને પુરુષનું વય અડતાળીસ વર્ષનું થયું હશે તો પણ આ અનુષ્ઠાનથી તેમને પુત્ર થાય છે. તે પુત્ર વંશ ચલાવનાર અને શિવભક્ત થાય છે ને તેના હાથમાં શૂલચિન્હ હોય છે. એ અનુવાકથી ઘૃત પાયસ રાંધીને આઠ હજાર હોમ કરવાથી અન્ય જન્મ બ્રાહ્મણનો મળે છે. આ અનુવાકથી સૂત્ર અભિમંત્રિત કરીને તે ગર્ભિણીના

હાથે બાંધતાં તેના ગર્ભનો નાશ થતો નથી. સ્કંદ, અપસ્માર ઇત્યાદિ ગ્રહથી બાલકો પીડાતા હોય તો આ અનુવાકનો જપ કરિને ભસ્મનો ચાંદલો કરવો અને ધૂપ દેવો, તથા રાત્રે તે ભસ્મ તેની શિખાએ બાંધવી એટલે બાલકોને સ્કંદ, અપસ્માર ઇત્યાગ્રહનો ભય રહેતો નથી. આ અનુવાકના અનુષ્ઠાન સમયે '**गौरीकरांबुजन्यस्तस्वर्णशैलशरासनम् । इषुहस्तं रथारूढं नरनारीतनुं स्मरेत्**' એમ ધ્યાન કરવું ॥૧૫॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે ભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે શ્રીરુદ્રપ્રશ્ને ષષ્ઠોનુવાકઃ ॥ ૬ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—છઠ્ઠા અનુવાકમાં આદ્યંતમાં નમસ્કારયુક્ત જે મંત્રો કથન કરેલા છે તેમનાથી ભિન્નપ્રકારના કેટલાએક મંત્ર આ સાતમાં અનુવાકમાં કહેલા છે ને તે સોળ છે.—

ભ૦ ભા૦ ભાષ્ય:—દેવનું વિશ્વાધિપત્ય પ્રતિપાદન કર્યા પછી આ અનુવાકમાં તેનો ઘોષ કરેલો છે.—

नमो दुन्दुभ्याँ चाहनन्याँय च ॥ १ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—નૌબતને વિષે જે ધ્વની થાય છે **दुंदुभ्य**. **आहनन्य** એટલે નિબત વગાડવાની દાંડી ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ અનુવાકના ઋષિ હેમકોશ, દેવતા શ્રીરુદ્ર અને છંદ મહાપંક્તિ છે. **दुंदुभ्य** એટલે દુંદુભિશબ્દરૂપ અર્થાત્ જેનો વૈભવ વિખ્યાત છે તે; અથવા દુંદુભિવાદ્ય રૂપે જે રહેનાર તે **दुंदुभ्य**. કારણકે '**सैषा वाग्वनस्पतिषु वदति या दुंदुभौ या तूणवे या वीणायाम्**' એવી શ્રુતિ છે. **आहनन** એટલે દાંડી, તેના વિષે જે હોય છે તે **आहनन्य**. ॥ ૧ ॥

नमो धृष्णवे च प्रमृशाय च ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—**धृष्णु** એટલે યુદ્ધમાં પલાયન ન કરનાર; અને **प्रमृश** એટલે શત્રુસૈન્ય તરફની બાતમી મેળવનાર. ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—**धृष्णु** એટલે સામો ચઢીને જાનારો, અથવા સંપૂર્ણ જગતનું રક્ષણ કરવામાં નિપુણ. સમર્થ છતાં પણ જો કોઈ વિશેષ પ્રકાર તેનામાં નહીં હોય તો ઉપયોગ શો? એવી શંકા ન રહે એટલા સારૂ **प्रमृशाय** એમ કહેલું છે. **प्रमृश** એટલે પંડિત. સર્વ કાંઈ જાણવાને સમર્થ. જેનું શીલ ઉત્કૃષ્ટ છે તે **प्रमृश.** એમ પણ કેટલાએક અર્થ કરે છે. સર્વ લોકો પોતાના માટે ભુક્તિ અથવા મુક્તિની ઇચ્છાથી દેવને ભજે છે. પરંતુ કોઈ ચાહે તે પ્રકારે ભજનારો હોય તો પણ દેવ સ્વકીય દ્રવ્યવત્ તેને ગણીને તેનું રક્ષણ કરે છે. ॥ ૨ ॥

नमो दूताय च प्रहिताय च ॥ ३ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—**दूत** એટલે બાતમી મેળવવામાં નિપૂણ, અને **प्रहित** એટલે ધણીયે મોકલેલો માણસ. ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—વિશેષ તે શું? દૂતાદિકોનું કામ કરીને પણ એ ભક્તોનું રક્ષણ કરે છે એમ દર્શાવવા સારૂ **नमो दूताय च** એમ કહેલું છે. **दूत** એટલે સંદેશો પહોંચાડનાર. દૂતરૂપે પણ ભક્તવત્સલતાના લીધે જે ક્યારેક્ ક્યારેક્ હોય છે; કિંવા અગ્નિરૂપે જે દેવોનું દૂતપણું કરે છે તેને નમસ્કાર હજો. '**अग्निं दूतं वृणीमहे । अग्निर्देवानां दूत आसीत् । त्वं दूतः कविरसि प्रचेता**—અગ્નિરૂપ દૂત અમો માગિયે છિયે; અગ્નિ દેવોનો દૂત હતો; તું જ દૂત, કવિ અને પ્રચેતસ્ છો,' એવી શ્રુતિ છે. **प्रहित** એટલે સંદેશો પહોંચાડનાર અથવા કહેલું કામ કરનાર. ભક્તવત્સલતાના લીધે કદાચિત્ એ કાર્ય પણ તે કરે છે. અથવા અગ્નિનો અભિપ્રાય દર્શાવનાર. કારણ કે અગ્નિ એ દેવોની પાસે યજમાન રૂપે મોકલેલો હોય છે. અથવા **प्रहित** એટલે અત્યંત હિતકારક. ॥ ૩ ॥

नमो॑ निषुङ्गिणे॑ चेषुधिमते॑ च ॥ ४ ॥

वे० प्र० भाष्यः—निषंगी એટલે ખડ્ગયુક્ત; **इषुधिमान्** એટલે ભાથાથી યુક્ત. ॥ ૪ ॥

भ० भा० भाष्यः—निषंगी અને **इषुधिमान्** એ શબ્દોનું વ્યાખ્યાન પૂર્વે થએલું છે. પૂર્વે ચૌર્યકર્મ સંબંધી એ વિશેષણો કહેલા છે અને સાંપ્રત આ વિશેષણો રક્ષણ કર્મ સંબંધી છે; એ ભેદ છે. સારાંશ કે, ભૂતોના રક્ષણાર્થે દેવ આયુધો પણ ધારણ કરે છે ॥ ૪ ॥

नम॑स्तीक्ष्णेषवे चायुधिने॑ च ॥ ५ ॥

वे० प्र० भाष्यः—तीक्ष्णेषु એટલે જેના બાણ તીક્ષ્ણ છે તે. **आयुधि** એટલે જેનાં આયુધો ઘણાં છે તે ॥ ૫ ॥

भ० भा० भाष्यः—જેનાં બાણ ધાર કાઢેલાં છે તે **तीक्ष्णेषु** અને ઘણા અથવા પ્રશસ્ત આયુધોથી જે યુક્ત છે તે **आयुधी.** ॥ ૫ ॥

नम॑: स्वायुधाय॑ च सुधन्व॑ने च ॥ ६ ॥

वे० प्र० भाष्यः—ત્રિશૂલરૂપ ઉત્કૃષ્ટ આયુધ જેનું છે તે **स्वायुध**- અને પિનાક રૂપ ઉત્કૃષ્ટ ધનુષ્ય જેનું છે તે **सुधन्वा.** ॥ ૬ ॥

भ० भा० भाष्यः—ઉત્કૃષ્ટ અથવા અમોઘ આયુધ કિંવા ઉત્કૃષ્ટ આકારનું આયુધ જેનું છે તે **स्वायुध.** આયુધો જે ગ્રહણ કરે છે તે **स्वायुध.** વળી આયુધો ગ્રહણ કરવાને તું જ યોગ્ય હોવાથી તું જ **स्वायुध** છો. કારણ કે '**अर्हन्बिभर्षि सायकानि धन्वेति च**—તું ધનુર્બાણ ધારણ કરે છે, ને તેમને યોગ્ય છો' એવી શ્રુતિ છે. જેનું ધનુષ્ય ઉત્કૃષ્ટ છે તે **सुधन्वा.** આયુધોમાં ધનુષ્ય મુખ્ય હોવાથી અથવા તે ઇતર કરતાં શ્રેષ્ઠ આયુધ હોવાથી તેનો નિર્દેશ પ્રથમ કરેલો છે. **सुधन्वा** એટલે સુવર્ણનું હોવાથી જેનું ધનુષ્ય સર્વોત્કૃષ્ટ છે તે. ॥ ૬ ॥

नमः स्रुत्याय च पथ्याय च ॥ ७ ॥

वे० प्र० भाष्यः—પગ કેડીને જે યોગ્ય તે **स्रुत्य**, અને રથ, અશ્વ ઇત્યાદિકના સંચારને યોગ્ય એવા પ્રૌઢમાર્ગનું અવલંબન કરવાને જે પાત્ર તે **पथ्य.** ॥ ૭ ॥

भ० भा० भाष्यः—સર્વસ્થળે સેવકોના રક્ષણ સારૂ તે તેમનું નિયમ ન કરે છે; એમ આ મંત્રમાં પ્રતિપાદન કરે છે. ક્ષુદ્રમાર્ગમાં હોનારાને અને મ્હોટા માર્ગમાં હોનારાને નમસ્કાર હજો. ॥ ૭ ॥

नमः काट्याय च नीप्याय च ॥ ८ ॥

वे० प्र० भाष्यः—અલ્પ પ્રવાહને જ યોગ્ય જે નેહેર તે **काट.** ત્યાં જે ઉદક રૂપે હોય છે તે **काट्य.** પર્વતના અગ્રથી જ્યાં જલ નીચે પડતું હોય છે તે પ્રદેશ **नीप** કહેવાય છે. **नीप** એટલે પાણિનો ધોધ. ત્યાં જે ઉદકરૂપે હોય છે તે **नीप्य.** ॥ ૮ ॥

भ० भा० भाष्यः—**काट** એટલે કુવો અથવા લિંગ. પ્રથમાર્થ વિષે **'इन्द्रः कुत्सो वृत्रहणं शचीपतिं काठे निवाहळ'** એ શ્રુતિ પ્રમાણ હોઇને બીજા અર્થ માટે **'नता अर्वा रेणुककाटो अश्नुत'** એ શ્રુતિ પ્રમાણ છે. લિંગને વિષે જે સર્વદા હોય છે તે **काट्य.** જેનાથી જલ નિકળે છે તે પ્રદેશ **नीप.** ॥ ૮ ॥

नमः सूद्याय च सरस्याय च ॥ ९ ॥

वे० प्र० भाष्यः—કિચડને વિષે જે ઉદક રૂપે હોય છે તે **सूद्य.** અને સરોવરમાં જે ઉદકરૂપે હોય છે તે **सरस्य.** ॥ ૯ ॥

भ० भा० भाष्यः—જ્યાં કોઇ વખતે પણ જલનો અભાવ ગોચર થતો નથી તે કર્દમમાં જે હોય છે તે **सूद्य.** અને કૃત્રિમ જલાશયમાં જે જલરૂપે હોય છે તે **सरस्य.** ॥ ૯ ॥

नमो नाद्याय च वैशन्ताय च ॥ १० ॥

વે० પ્ર० ભાષ્યઃ—નદી જલરૂપ અને અલ્પ સરોવરરૂપ રુદ્રને મસ્કાર હજો. ॥ ૧૦ ॥

ભ० ભા० ભાષ્યઃ—નદી જલરૂપ રુદ્રને નમસ્કાર હજો; અથવા દીને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. અલ્પ સરોવરમાંહિલા જલરૂપ દ્રને નમસ્કાર હજો. દેવતર્પણાદિક માટે જ્યાં જલ હોય છે તે શાન્ત. ॥ ૧૦ ॥

नमः कूप्याय चावट्याय च ॥ ११ ॥

વે० પ્ર० ભાષ્યઃ—કુવામાંહેલા અને ખાડામાંહેલા જલરૂપ રુદ્રને મસ્કાર હજો. ॥ ૧૧ ॥

ભ० ભા० ભાષ્યઃ—કૂપોદકરૂપ અને ગર્તોદકરૂપ રુદ્રને નમસ્કાર જો. ॥ ૧૧ ॥

नमो वर्ष्याय चावर्ष्याय च ॥ १२ ॥

વે० પ્ર० ભાષ્યઃ—વૃષ્ટ્યુદકરૂપ અને સમુદ્રાદિ, જલરૂપ રુદ્રને મસ્કાર હજો. ॥ ૧૨ ॥

ભ० ભા० ભાષ્યઃ—વૃષ્ટ્યુદકમાં અને સમુદ્રોદકમાં રહેનારા રુદ્રને મસ્કાર હજો. ॥ ૧૨ ॥

नमो मेघ्याय च विद्युत्याय च ॥ १३ ॥

વે० પ્ર० ભાષ્યઃ—મેઘને વિષે રહેનારા અને વિદ્યુલ્લતા સહ સંચાર રનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧૩ ॥

ભ० ભા० ભાષ્યઃ—મેઘમાં રહેનારા અને વિદ્યુલ્લતા સહ સંચાર રનારાને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧૩ ॥

नम ईध्रियाय चातप्याय च ॥ १४ ॥

વે० પ્ર० ભાષ્યઃ—નિર્મલતાએ દેદીપ્ય એવા જે શરદઋતુમાંહેલાં

અભ્ર તેમના વિષે અને તડકાની સાથે વૃષ્ટિરૂપે આવનારા રૂદ્રને નમસ્કાર હજો. ॥ ૧૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ईध्र એટલે નિર્જલતાના લીધે દેદીપ્યમાન એવાં શરદઋતુમાંહેલાં અભ્ર, તેમને વિષે અથવા અગ્નિ પ્રભૃતિના સંયોગથી તપ્ત થયેલા ઉદકને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧૪ ॥

नमो वात्याय च रेष्मियाय च ॥ १५ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—વાયુ સહ વૃષ્ટિરૂપે આવનારા અને પ્રલયકાળે વૃષ્ટ્યુદકરૂપ એવા રૂદ્રને નમસ્કાર હજો. જે સ્થળે ભૂતોનો નાશ થાય છે તે **રેષ્મ**, અર્થાત્ પ્રલયકાળ, તેના વિષે રેતિ, પાષાણુ ઇત્યાદિક સહ થનારી વૃષ્ટિનું જે ઉદક તે **રેષ્મિય.** ॥ ૧૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—વાયુએ કરેલી વૃષ્ટિને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. પાષાણુ અને રેતી એમની વૃષ્ટિ કરનારો જે સંવર્તનામક વાયુ વહે છે તે **રેષ્મા.** કેટલાએક **રેષ્મ** શબ્દનો અર્થ ગ્રીષ્મઋતુ અને કેટલાએક પવનથી ઉડેલી ધૂળ એમ કરે છે; ત્યાં જે હોય છે તે **રેષ્મિય.** ॥ ૧૫ ॥

नमो वास्तव्याय च वास्तुपाय च ॥ १६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ગવાશ્વાદિ પદાર્થોમાં તે તે કાર્યરૂપે સ્થિત એવા અને વાસ્તુપાલકરૂપ એવા રૂદ્રને નમસ્કાર હજો. ઘર બાંધવા સારૂ રાખેલી ભૂમિ **વાસ્તુ** કહેવાય છે. ॥ ૧૫ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે સાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે સપ્તમોનુવાકઃ ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ગવાશ્વાદિ રૂપ ધનને વિષે કાર્યરૂપે રહેનાર અથવા વાસ્તુને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. તેમજ વાસ્તુપાલકને અથવા વાસ્તુસ્વામિને નમસ્કાર હજો. '**નમો રુદ્રાય વાસ્તોષ્પતયે**—વાસ્તુપતિરુદ્રને નમસ્કાર હજો' એવી શ્રુતિ છે.

આ અનુવાકનું પુરશ્ચરણાદિક:—એક ઉપવાસ કરીને આ અનુવાકનો આઠસો જપ કરવાથી પુરશ્ચરણ સિદ્ધ થાય છે. ચાતુર્વર્ણ્ય વશ્ય કરવાની ઇચ્છાવાળાએ પીપળો, ઉંબરો, વડ અને પીપરની સમિધનો દશ હજાર હોમ કરવો એટલે ચારે વર્ણ વશ થાય છે. તે સમિધ દહિ, મધ અને ઘીમાં બોળેલી હોમવી. ધારણાબુદ્ધિની—યાદશક્તિની ઇચ્છાવાળાએ આ અનુવાકવડે કપિલા ગાયના ઘીનો પાંચ હજાર હોમ કરવો એટલે ધારણાશક્તિ પ્રાપ્ત થાય છે. પુષ્ટિની ઇચ્છાકરનારાએ અપૂપનો નવ હજાર હોમ કરવો. આરોગ્યની ઇચ્છાવાળાએ દહિ, મધ અને ઘીમાં બોળેલી ખેરની સમિધનો પાંચ હજાર હોમ કરવો. રૂપની ઇચ્છાવાળાએ દહિ, મધ અને ઘીમાં બોળેલાં આંબાનાં પાંદડાંનો દશ હજાર હોમ કરવો. ઐશ્વર્યની ઇચ્છાવાળાએ દુર્ગમમાર્ગમાં પોતાની આકૃતિના પ્રમાણનો અગ્નિકુંડ બનાવી તેમાં મંથનાગ્નિની સ્થાપના કરીને તેમાં દહી, મધ અને ઘીમાં બોળેલા પાંચ હજાર શ્વેતકમળનો હોમ કરવો એટલે તેના સન્મુખ પ્રત્યક્ષ લક્ષ્મી આવીને ઉભી રહે છે, અને તેના પ્રસાદથી તેનો વંશ જ્યાં સુધી પૃથ્વીપર રહે ત્યાં સુધિ ચઢતી ભોગવે છે. સુતરાઉ વસ્ત્રની કામનાવાળાએ મધમાં બોળેલા કપાશીયાનો દશ હજાર હોમ કરવો એટલે તેને સુતરાઉ વસ્ત્રો મળે છે. ધેનુપ્રાપ્તિની ઇચ્છા કરનારાએ આ અનુવાકના જપ પૂર્વક ગાયોના ધણને દશ હજાર પ્રદક્ષિણા કરવી એટલે ધેનુપ્રાપ્તિ થાય છે. પુત્રની ઇચ્છાવાળાએ દહિ, મધ, અને ઘીમાં બોળેલી ખાખરાની દશ હજાર સમિધનો હોમ કરવો એટલે વંશ ચલાવનારો પુત્ર થાય છે. આયુષ્યની ઇચ્છાવાળાએ પ્રતિ વર્ષે ઘીમાં બોળેલી ધ્રોનો

દશ હજાર હોમ કરવો એટલે તે શતાયુ થાય છે. વિદ્યાની ઇચ્છાકરનારાએ ઘીમાં બોળેલા પીપળાના સમિધનો એક લક્ષ હોમ કરવો એટલે તે સર્વ વિદ્યાપારંગત થાય છે. રાજ્યની ઇચ્છા કરનારાએ મધમાં બોળેલાં કમળનો પાંચ લક્ષ હોમ કરવો એટલે તે અનુષ્ઠાન કરનારો રાજા થાય છે. જેને મુક્તિની ઇચ્છા હોય તેણે આ પ્રમાણે અનુષ્ઠાન કરવું:—પ્રથમ ચાંદ્રાયણ પ્રાયશ્ચિત્ત કરીને આ અનુવાકનો એકવીસ હજાર જપ કરવો પછી પાંચ હજાર પ્રદક્ષિણા પ્રાણાયામ પૂર્વક કરવી, અર્થાત્ એક પ્રદક્ષિણા પુરી થતાં સુધી શ્વાસોચ્છ્વાસ રોકી રાખવો, ત્યાર પછી પોતાના અગ્નિ ઉપર શ્રીશંભુસમીપ ખાખરો અને પીપળો એમની મધ તથા ઘીમાં બોળેલી સમિધનો ત્રણ લક્ષ હોમ કરવો એટલે શંભુકૃપાથી તે પુરુષ મુક્ત થાય છે અને તેના કુલમાં ઉત્પન્ન થયેલા બીજાઓ રૌરવનર્કમાં પડેલા હશે તો પણ તેઓ કૈલાસમાં પાંચ ઇન્દ્ર વ્યતીત થતાં સુધીની અવધિ પર્યંત ક્રીડા કરશે તથા તેના કુલમાહેલા પુરુષો જ્યાં સુધી પૃથ્વી છે ત્યાં સુધી ઉત્તરોત્તર ચઢતી ભોગવશે. આ અનુવાકના અનુષ્ઠાન સમયે **जटाभिर्लम्बमानाभिर्नृत्यंतमभयप्रदम् । देवं शुचिस्मितं ध्यायेद्व्याघ्रचर्मपरिष्कृतम्** એમ ધ્યાન કરવું ॥ ૧૬. ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યે રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે શ્રીરુદ્રપ્રશ્ને સપ્તમોનુવાકઃ ॥ ૭ ॥



વે૦ પ્ર૦ ભાષ્યઃ—સાતમા અનુવાકમાં આદ્યમાં નમસ્કારયુક્ત એવા મંત્ર કથન કરેલા છે. તેમનાથી ભિન્ન પરંતુ તેવાજ પ્રકારના કેટલાએક મંત્ર આ આઠમા અનુવાકમાં છે ને તે સત્તર છે. તે પૈકી પેહેલો મંત્ર આ છેઃ—

नमः सोमाय च रुद्राय च ॥ १ ॥

ઉમાસહવર્તમાન હોનારા અને રોદનકારણ જે દુઃખ તેનો નાશ કરનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—આ અનુવાકના આરંભથી તે નવમા અનુવાકમાંહેલા **नमो वः किरिकेभ्यः** અહિં સુધી એક મંત્ર છે. એના ઋષિ ભગવાન્ રુદ્ર, છંદ મહાનુષ્ટુપ્ અને દેવતા ભગવાન્ રુદ્ર છે. આ સ્થળે દેવતાના અનુગ્રહ રૂપો દર્શાવ્યાં છે. **रुद्र, पशुपति** ઇત્યાદિ શબ્દોનો નિર્દેશ ફરીથી હોવાનું કારણ દેવને અનુગ્રહરૂપો પણ હોય છે એ છે. ઉમાસહવર્તમાન હોનારા રુદ્રને નમસ્કાર હજો. પ્રસાદકાલે શિવ ઉમાસહ હોય છે. કિંવા ચંદ્રરૂપ રુદ્રને નમસ્કાર હજો; કારણ કે, દેવ ચંદ્રરૂપવડે પિતર, દેવ અને માનવને તૃપ્ત કરે છે. અથવા સોમને એટલે સોમયાગરૂપ રુદ્રને, કારણ કે તે રૂપે એ પુરુષોનો અભ્યુદય કરે છે. અંતકાલે પ્રાણિઓને રોવડાવનારાને નમસ્કાર હજો. દેવ સંસારદુઃખના નાશાર્થે કૃપાથી મહાસંહાર કરતા હોય છે. **रुत्** એટલે સંસારદુઃખ, તેનો જે નાશ કરે, તે **रुद्र**; ઇત્યાદિ વિશેષ અર્થ પૂર્વે જ કહેલા છે. ॥ ૧ ॥

नमस्ताम्राय चारुणाय च ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—સૂર્યરૂપે ઉદયકાલે અત્યંત રક્તવર્ણ અને ઉદયાનંતર કિંચિત્ રક્તવર્ણ હોનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—**ताम्र** અને **अरुण** એ શબ્દોનું સૂર્યવિષયક વ્યાખ્યાન પૂર્વે કરેલું છે. દેવ સૂર્યરૂપે જાગ્રદાવસ્થા વિગેરે આપીને જગત ઉપર અનુગ્રહ કરે છે અને પ્રાણિઓના કર્મ જુએ છે. ॥ ૨ ॥

नमः शंगार्य च पशुपर्तये च ॥ ३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—સુખ આપનારા અને પશુઓનું પાલન કરનારે રુદ્રને નમસ્કાર હજો. ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સુખોત્પાદકને અને પશુઓના અધિપતિને નમસ્કાર હજો. ભયંકર રોગ, ચોર ઇત્યાદિ ભયથી રક્ષણુ કરનાર એવો પણુ **पशुपति** શબ્દનો અર્થ થાય છે. ॥ ૩ ॥

नमं उग्राय च भीमार्य च ॥ ४ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—વિરોધિઓનો નાશ કરવા સારૂ ક્રોધયુક્ત હોનારા અને કેવળ દર્શનથી જ વિરોધિઓને ભય ઉત્પન્ન કરનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પાપ રોગાદિ અને નરકાદિકના સપાટામાં જે સપડાતો નથી અને એમનાથી જે પશુઓનું રક્ષણુ કરે છે કિંવા બલાત્કારથી જે રોગ નરકાદિકનો નાશ કરે છે તે **उग्र;** એ યજમાનમૂર્તિનો અધિષ્ઠાતા છે. **भीम** એટલે પાપરોગાદિકને ભય ઉત્પન્ન કરનારો. જેનાથી ભય ઉત્પન્ન થાય છે એવી **भीम** શબ્દની વ્યુત્પત્તિ છે. જગતને ભીતિ હોય છે તેમ પાપરોગાદિ ને પણુ ભય પમાડે છે એ તાત્પર્ય છે. **भीम** એ આકાશ મૂર્તિનો અધિષ્ઠાતા છે. ॥ ૪ ॥

नमों अग्रेवुधार्य च दूरेवुधार्य च ॥ ५ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—આગળ અને આઘેથી વધ કરનારાને નમસ્કાર હજો. ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સન્મુખ રહીને જે વધ કરે છે તે **अग्रेवध;** અથવા હિંસા ઇચ્છનારા લોકોએ હિંસા કરવાના પૂર્વે જ જે તેમનો ઘાત કરે છે તે **अग्रेवध;** અને દૂર હોનારાઓનો પણુ એટલે કાળથી દૂર હોનારા દુષ્ટોનો પણુ જે વધ કરે છે તે **दूरेवध.** ॥ ૫ ॥

नमो हुन्त्रे च हनीयसे च ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—સન્મુખ અથવા દૂર રહેનારા શત્રુનો જે અનાયાસે વધ કરે છે તે **हन्ता**. જગતમાં જે કોઈ પોતાના વિરોધિનો વધ કરે છે તે સ્થળે તેના રૂપે વધ કરનારો એ જ છે. એમ હોવાથી '**मयैवैते निहिताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन्**—હે અર્જુન! તું નિમિત્ત-માત્ર થા. મેં પૂર્વે જ એમનો વધ કરેલો છે' એમ ઈશ્વરે અર્જુનને કહ્યું છે. સંહારસમયે જે સર્વેનો અતિશય વધ કરે છે તે **हनीयान्**. ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—જે કોઈ વધ કરે છે તેના રૂપે રહેનારા તમને નમસ્કાર હજો. વધુ શું કહીયે? કોઈ પણ વધ કરનારો પ્રાણિ ત્વદ્રૂપ બલથી જ વધ કરે છે એ તાત્પર્ય છે. **हनीयान्** એટલે અતિશય વધ કરનારો. જે કોઈ વધ કરે છે તે ઇતર કરતા અધિક ગણાય જ છે. સારાંશ એ જ કે વિશ્વકર્તા તારે વિષે બલ અધિક હોવાથી પશુઓનો અધિપતિ થવાને તું જ યોગ્ય છો. ॥ ૬ ॥

नमो वृक्षेभ्यो हरिकेशेभ्यः ॥ ७ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—કેશતુલ્ય લીલારંગનાં પાંદડાં જેમને હોય છે તે **हरिकेश**. તેવા પ્રકારનાં જે કલ્પતરુપ્રભૃતિ વૃક્ષ છે તેમના રૂપે એ રુદ્ર જ છે એ તાત્પર્ય છે. ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—**वृक्ष** અને **हरिकेश** આ શબ્દોનું વ્યાખ્યાન પૂર્વે આદ્યંતે નમસ્કારયુક્ત મંત્રોમાં કર્યું છે. પરમેશ્વર પોતાને સંમત એવા કોઈ પણ વૃક્ષાદિરૂપ આકારથી પ્રકટ થઇને જગત્ ઉપર અનુગ્રહ કરે છે. ॥ ૭ ॥

नमस्ताराय ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—**तार** એટલે પ્રણવ પ્રતિપાદ્ય. ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—સંસારસાગરમાંથી જે પ્રાણિઓને તારે છે તે

તાર; કારણ કે 'अत्र हि जन्तोः प्राणैरुत्क्रममाणस्य रुद्रस्तारकं ब्रह्म व्याचष्टे—પ્રાણિઓના પ્રાણોત્ક્રમણ સમયે રુદ્ર આ સ્થળે તેને તારક-મંત્રનો ઉપદેશ કરે છે' એમ જાબાલોપનિષદ્‌માં કહેલું છે. અથવા **તાર** એટલે પ્રણવરૂપ. ॥ ૮ ॥

नमः शंभवे च मयोभवे च ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—શં એટલે સુખ. જે સુખનું ચિંતન કરે છે કિંવા ઉત્પન્ન કરે છે તે **શંભુ**મય એટલે સુખ જે ચિંતે છે તે **મયોભુ**. ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—જેનાથી સુખ થાય છે તે **શંભુ** અર્થાત્ સુખનું કારણ કિંવા જે સર્વદા સુખમાં જ હોય છે તે **શંભુ**. અથવા કેવળ સુખનું જ જે ચિંતન કરે છે તે **શંભુ** અર્થાત્ સુખદાયક પ્રકારોનો જે દ્રષ્ટા તે **શંભુ**. **મય** શબ્દનો અર્થ પણ સુખ જ છે. ઐહિક અને પારલૌકિક કિંવા ભુક્તિરૂપ અને મુક્તિરૂપ એવા બે ભેદ હોવાથી અહિં બે શબ્દ છે. અથવા દુઃખશમન એ સુખ અને તદીતર તે **મય**. ॥ ૯ ॥

नमः शंकराय च मयस्कराय च ॥ १० ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—એક વિષયસુખ અને બીજું મોક્ષસુખ એમ ભેદ છે. પિત્રાદિરૂપે જે લૌકિકસુખ આપે છે તે **शंकर**. અને આચાર્ય, શાસ્ત્ર ઇત્યાદિ રૂપે જે મોક્ષસુખ આપે છે તે **मयस्कर**. આ પદોવડે પ્રત્યક્ષ સુખકારિત્વ દર્શાવેલું હોઇને પૂર્વના પદોવડે સુખપ્રયોજકત્વ દર્શાવ્યું છે એમ સમજવું. ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સર્વ પ્રાણિઓને સ્વભાવથી જ જે સુખ આપે છે તે **शंकर**. સુખ આપવું એ પરમેશ્વરનું શીલ જ હોવાથી તેને એ સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે. કિંવા જે સુખ જ કરે છે તે **शंकर**. **मय** શબ્દનું વ્યાખ્યાન થઈ ગયું છે. સ્વભાવ પડી ગયેલો હોવાથી જે સુખ આપે છે તે **मयस्कर**. ॥ ૧૦ ॥

नमः शिवाय च शिवतराय च ॥ ११ ॥

वे० प्र० भाष्यः—**शिव** એટલે કલ્યાણ, અર્થાત્ પોતે નિષ્કલ્મષ. **शिवतर** એટલે અત્યંત કલ્યાણરૂપ. ॥ ११ ॥

भ० भा० भाष्यः—**शिव** એટલે નિષ્કલ્મષ; અર્થાત્ ત્રૈગુણ્યરહિત. ત્રૈગુણ્ય એટલે સત્વ, રજ, અને તમ. સર્વપ્રકારે જે કલ્યાણરૂપ તે **શિવ**, એ સુપ્રસિદ્ધ છે. અભ્યુદય અને મોક્ષ એમ બંને પ્રકારનું કલ્યાણ કરનારાને પણ ગૌણ અર્થે **શિવ** એ સંજ્ઞા છે. જેમ **शिवः पंथाः शिवोऽभ्युपाय इति. 'शिव एको ध्येयः शिवङ्करः सर्वमन्यत्परित्यज्य**—બીજું સર્વ પડતું મુકીને એક કલ્યાણકારક શિવનું જ ધ્યાન કરવું' એમ અથર્વશિખોપનિષદ્‌માં કહેલું છે. અને '**समेधयति यन्नित्यं सर्वार्थान् सर्वकर्मसु। शिवमिच्छन्मनुष्याणां तस्माद्देवः शिवः स्मृतः**—જે અર્થે મનુષ્યોનું કલ્યાણ ઇચ્છનારો એ દેવ, સર્વ કર્મોમાં સર્વને નિત્ય વૃદ્ધિગત કરે છે તેથી એને **શિવ** કહે છે' એમ મહાભારતમાં પણ કહ્યું છે. જે અતિશય કલ્યાણ કરે છે તે **शिवतर.** કિંવા હેરફેર નહિં કરતાં જે કલ્યાણ જ કરે છે તે **शिवतर.** ॥ ११ ॥

नमस्तीर्थ्याय च कूल्याय च ॥ १२ ॥

वे० प्र० भाष्यः—અભક્તોને પણ રુદ્ર નિષ્પાપ કરે છે એ આ મંત્રનું તાત્પર્ય છે. પ્રયાગાદિતીર્થોના સન્નિધ જે હોય છે તે **तीर्थ्य.** અને નદીતીરે સ્થાપિતલિંગરૂપે જે હોય છે તે **कूल्य.** ॥ १२ ॥

भ० भा० भाष्यः—ભિન્ન ભિન્ન આધારના યોગથી દેવ જગત્ ઉપર અનુગ્રહ કરે છે એમ હવે કહે છે. પ્રયાગાદિતીર્થોને વિષે રહેનારા અને કાવેરીપ્રભૃતિના તીરે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. કેટલાએક એમ પણ કહે છે કે, સંસારસંબંધી તીર્થાદિક. તીર્થોના વિષે રહેનારા જે શૈવાદિ સમુદાય તે તીર્થો; તેમના વિષે જે હોય છે તે **तीर्थ्य.** ત્યાં રહિને જે જગત્ ઉપર અનુગ્રહ કરે છે તે. **कूल** એટલે કાલ વિગેરે ત્યાં જે હોય છે તે **कूल्य.** ॥ १२ ॥

नमः पार्याय चावार्याय च ॥ १३ ॥

वे० प्र० भाष्यः—સંસારસમુદ્રના પર તીરે મુમુક્ષુઓને ધ્યેય એવા રૂપે જે હોય છે તે **पार्य**; અને અવરતીરે અર્થાત્ સંસારમાં કામ્ય ફલદાતા રૂપે જે હોય છે તે **अवार्य**. ॥ ૧૩ ॥

भ० भा० भाष्यः—નદ્યાદિકોના પરતીરે અને અવરતીરે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. કેટલાએક એમ પણ કહે છે કે શુદ્ધપક્ષમાં રહેનારો તે **पार्य** અને અશુદ્ધ પક્ષમાં રહેનારો તે **अवार्य**. ॥ ૧૩ ॥

नमः प्रतरणाय चोत्तरणाय च ॥ १४ ॥

वे० प्र० भाष्यः—મંત્ર જપાદિરૂપે જે પાપમાંથી તરવાનું કારણ તે **प्रतरण**. અને તત્ત્વજ્ઞાનરૂપે જે સંસારમાંથી તરવાનું કારણ તે **उत्तरण**. ॥ ૧૪ ॥

भ० भा० भाष्यः—**तरण** એટલે તરવું. ઉત્તમયોનિમાં જન્મ એ **प्रतरण** છે. સંસારપ્રતરણસંબંધી નૌકારૂપ આ સંસારમાં તરવાનું જે ઉત્કૃષ્ટ સાધન તે **तरण**. અને જેના યોગથી આ સંસારમાંથી બહાર નીકળાય છે, તે **उत्तरण**. ॥ ૧૪ ॥

नमः आतार्याय चालाद्याय च ॥ १५ ॥

वे० प्र० भाष्यः—સંસારમાંથી તરવાનું તત્ત્વજ્ઞાન એ સાધન છતાં પણ તેની ઉપેક્ષા કરીને કામ્યકર્માનુષ્ઠાનથી સંસારમાં પુનરપિ આવવાને જે પાત્ર હોય છે તે **आतार्य**. સંપૂર્ણ કર્મફળ ભોગવનારો જે જીવ તે **आलाद** કારણ કે '**तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति**—તે પૈકી એક મધુર ફળ ભક્ષણ કરે છે' એવી શ્રુતિ છે. તેનો પ્રેરક હોવાથી જે તેનો સંબંધિ તે **आलाद्य**. ॥ ૧૫ ॥

भ० भा० भाष्यः—સંસારતીર પ્રાપ્ત થયા પછી પણ અવશિષ્ટ કર્મના યોગથી પુનરપિ પાછું આવવું એ **आतार**. તેમાં અનુગ્રાહક રૂપે જે સ્થિત હોય છે તે **आतार्य**. **आलाद** એટલે સંસારસાગરમાં ભમરડાની પેઠે વારંવાર

પરિભ્રમણ. કેટલાએક એમ પણ કહે છે કે, બીજા સુખની પર્વા નહિ કરતો હોવાથી સ્વર્ગ એ જ **आलाद** શબ્દનો અર્થ છે. ॥ ૧૫ ॥

नमः शष्प्याय च फेन्याय च ॥ १६ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—ગંગાતીરાદિને વિષે ઉત્પન્ન થનારૂં દુર્વાંકુર પ્રભૃતિ જે બાલતૃણ તે **शष्प**. તેનો ઉપભોગ લેવાને જે યોગ્ય તે **शष्प्य**. અને નદીમાંહેલું ફીણ સેવન કરવાને જે યોગ્ય તે **फेन्य** ॥૧૬॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—કુશદર્ભાદિ પવિત્ર તૃણને વિષે અને ફીણને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧૬ ॥

नमः सिकत्याय च प्रवाह्याय च ॥ १७ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—રેતીને જે યોગ્ય તે **सिकत्य**, અને પ્રવાહનો ઉપભોગ લેવાને જે યોગ્ય તે **प्रवाह्य**. જે શ્રદ્ધાવાન્ સ્નાનાદિકને વિષે તત્પર રહીને નિરંતર ગંગાતીરે રહે છે તે રુદ્ર જ છે, એવો **शष्पादि** ચાર શબ્દનો આશય છે. ॥ ૧૭ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રા-
ધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધ-
વીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમ-
પ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે અષ્ટમોનુવાકઃ ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—રેતીને વિષે અને નદી પ્રવાહને વિષે રહેનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧૭ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્ય રુદ્રા-
ધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદ-
ભાષ્યે શ્રીરુદ્રપ્રશ્ને અષ્ટમોનુવાકઃ ॥ ૮ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—આઠમા અનુવાકમાં આદ્યમાં નમસ્કારયુક્ત જે મંત્ર કહેલા છે તેમનાથી ભિન્ન કેટલાએક મંત્ર આ નવમા અનુવાકમાં કથન કરેલા છે ને તે ઓગણીસ છે. તે પૈકી પ્રથમ મંત્ર આ પ્રમાણે:—

नमं इरिण्याय च प्रपथ्याय च ॥ १ ॥

ખારી જમીનમાં અને રૂડા માર્ગમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ખારી જમીનને વિષે રહેનારાને નમસ્કાર હજો.

नमः किंशिलाय च क्षयणाय च ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—નાના નાના પત્થર જે પ્રદેશ ઉપર હોય છે તે પ્રદેશ **किंशिल.** અને **क्षयण** એટલે નિવાસયોગ્ય સ્થાન. ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—કિંશિલને વિષે રહેનારને નમસ્કાર હજો. અથવા પત્થરા છે કે સ્ફાટિકાદિક છે એવો જે પ્રદેશમાં સંશય ઉત્પન્ન થાય છે તે પ્રદેશમાં રહેનારાને નમસ્કાર હજો. નિવાસયોગ્યપ્રદેશમાં રહેનારાને નમસ્કાર હજો. આ સર્વ શષ્પાદિક ભિન્ન ભિન્ન પ્રકારના સંસારી છે એમ કેટલાએકનો મત છે. **शष्प** એટલે શષ્પતુલ્ય અર્થાત્ અલ્પ સામર્થ્યવાન્; **फेन** એટલે ફીણતુલ્ય અર્થાત્ અલ્પાયુ; **सिकत** એટલે સિકતા તુલ્ય અર્થાત્ અતિક્ષુદ્ર; **प्रवाह** એટલે મહાવિભૂતિ; **इरिण** એટલે શૂન્યશક્તિ; **प्रपथ** એટલે મોટા માર્ગે જનારા; **किंशिल** એટલે દુ:શિલ; **क्षयण** એટલે ક્ષયશિલ અર્થાત્ નાશ પામનારૂં; આ સર્વેને વિષે રુદ્ર અનુગ્રાહકરૂપે સમાન હોય છે. કારણ કે, તે સર્વ ઉપર અનુગ્રહ કરનારો છે. ॥ ૨ ॥

नमः कपर्दिने च पुलस्तये च ॥ ३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**कपर्दी** એટલે જટાબંધનથી યુક્ત. **पुलस्ति** એટલે ભક્તોના આગળ ઉભો રહેનારો. ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**कपर्दी** શબ્દનું વ્યાખ્યાન પૂર્વે કરેલું છે. જેના

કેશ છુટા હોય છે તે **कुंतल**. પ્રસાદ સમયે દેવ ક્યારેક જટા બાંધિને આવે છે અને ક્યારેક કેશ છુટા મુકેલા હોય એવા પ્રકારે આવે છે. **पुलस्ति** શબ્દનો અર્થ સર્વદા સર્વેના આગળ ઉભો રહેનાર એમ કેટલાએક કહે છે. આ પ્રમાણે દેવનો પ્રભાવ મોટો છતાં પણ તેની પ્રાપ્તિ થવી સર્વદા સુલભ છે એ આ મંત્રવડે દર્શાવ્યું છે. ॥ ૩ ॥

नमो गोष्ठ्याँय च गृह्याँय च ॥ ४ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—ગોશાળામાં અને ઘરમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—ભગવાનને વિષે રહેલી તે સુલભતા સવિસ્તર કેહેવા સારૂ આગળનો વિષય છે. **गोष्ठ** એટલે ગાયોનું સ્થાન; જ્યાં ગાયો હોય છે તે. ગોશાળામાં અને ઘરમાં રહેનારાને નમસ્કાર હજો. ॥૪॥

नमस्तल्प्याँय च गेह्याँय च ॥ ५ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—ખાટલા ઉપર સુનારાને અને મહેલમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—ઢોલિયા ઉપર અને મહેલમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૫ ॥

नमः काट्याँय च गह्वरेष्ठाय च ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—**काट** એટલે જેમાં પ્રવેશ થવો પણ કઠણ છે એવું અરણ્ય. **कट** એટલે કાંટાવાળાં ઝાડ વિગેરે, તેમનાથી ભરેલો હોવાથી પ્રવેશ થવાને પણ કઠણ થયેલો જે પ્રદેશ તે **काट**. અને ત્યાં જે હોય છે તે **काट्य**. પર્વતની વિષમ ગુહામાં જે હોય છે તે **गह्वरेष्ठ**. ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—**काट्य** શબ્દનું વ્યાખ્યાન થઈ ગયું છે. કિંવા કૂપોદકરૂપે જે જગત્ ઉપર અનુગ્રહ કરે છે તે. પર્વતગુહાદિકને વિષે રહેનારો તે **गह्वरेष्ठ**. ॥ ૬ ॥

नमो ह्रदय्याय च निवेष्प्याय च ॥ ७ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—અગાધ જલમાં રહેનારા અને હીમમાં રહેનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ધરામાં અને હીમમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૭ ॥

नमः पांसव्याय च रजस्याय च ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પરમાણુઓમાં અને ધૂળમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સૂક્ષ્મ અને સ્થૂલ રજકણોમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૮ ॥

नमः शुष्क्याय च हरित्याय च ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—સુકા કાષ્ઠમાં અને લીલા કાષ્ઠમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—નીરસ અને સરસ પદાર્થોમાં રહેનારાને નમસ્કાર હજો. ॥ ૯ ॥

नमो लोप्याय चोलप्याय च ॥ १० ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**लोप** એટલે જ્યાં ખડ વિગેરે પણ ઉગતાં નથી એવો કઠિન પ્રદેશ, ત્યાં હોનારો તે **लोप्य**. અને **उलप** એટલે ખડ વિગેરે, ત્યાં જે હોય છે તે **उलप्य**. ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—**लोप** એટલે જ્યાં ખડ વિગેરે પણ ઉગતાં નથી એવો કઠિન પ્રદેશ, ત્યાં હોનારો તે **लोप्य**. અને **उलप** એટલે ખડ વિગેરે, ત્યાં જે હોય છે તે **उलप्य**. ॥ ૧૦ ॥

नम ऊर्व्याय च सूर्म्याय च ॥ ११ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પૃથ્વીમાં જે હોય છે તે कुल्यं. મોજાંઓથી યુક્ત એવી નદીઓમાં જે હોય છે તે सूर्म्यं. ॥ ૧૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—ભૂતલમાં રહેનારાને નમસ્કાર હજો. सूर्मी એટલે ભિતર પોલાણુવાળી મૂર્તિ; તેના વિષે જે હોય છે તે सूर्म्यं. ॥૧૧॥

नमः पर्ण्याय च पर्णशद्याय च ॥ १२ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—પાંદડાંઓને વિષે અને સુકાં પાંદડાંઓના સમુદાયને વિષે હોનારાને નમસ્કાર હજો. ॥ ૧૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પાંદડાંઓને વિષે અને સુકાં પાંદડાંઓના ઢગલાઓને વિષે હોનારા રુદ્રને નમસ્કાર હજો. આ પ્રમાણે દેવ સુલભ હોઈને તેના અનુગ્રહના પ્રકાર કહેલા છે. ॥ ૧૨ ॥

नमोऽपगुरमाणाय चाभिघ्नते च ॥ १३ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—આયુધ ઉગામી રહેનારા અને ઘા કરનારા રુદ્રને નમસ્કાર હજો. ॥ ૧૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—નિગ્રહ કરવાને યોગ્ય એવા દુષ્ટોની સાથે દેવ કેવી રીતે વર્તે છે તે કહે છે. નિગ્રાહ્યનો વધ કરવા સારૂ આયુધ ઉગામતો અને આયુધ ઉગામીને વધ્યનો સન્મુખ વધ કરતો એવો જે રુદ્ર તેને નમસ્કાર હજો. ॥ ૧૩ ॥

नम आख्खिदते च प्रख्खिदते च ॥ १४ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—અલ્પ અને મહત્ દુ:ખ આપનારને નમસ્કારને હજો. ॥ ૧૪ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—કોઈને પીડાના યોગથી કિંચિત્ દુ:ખ આપનારા અને અપરાધના અનુસારે કોઈને ઘણું દુ:ખ આપનારા રુદ્રને નમસ્કાર હજો. આ પ્રમાણે તે અપરાધિઓનો નિગ્રહ કરે છે.

આ અનુવાકનાં પુરશ્ચરણાદિક:—પ્રથમ બે કૃચ્છ્ર પ્રાયશ્ચિત્તાર્થે કરીને

પાંચસો જપ કરતાં આ અનુવાકનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. પ્રથમ રાજા માટે કહિએ છિયે;—સામ્રાજ્યની ઇચ્છા કરનારા રાજાએ આ પ્રમાણે અનુષ્ઠાન કરવું:—વસંતઋતુમાં પર્વત્ ઉપર, શિવાલયમાં અથવા અરણ્યમાં દેવના સન્નિધ બ્રાહ્મણો પાસેથી કાર્યસિદ્ધિનો ઉલ્લેખ કરાવવો, અને તેમનું પૂજન કરીને આરંભ કરાવવો. આર્દ્રાનક્ષત્ર ઉપર અથવા અમાવાસ્યાએ આરંભ કરવો. અનુષ્ઠાનના બ્રાહ્મણ મંત્રસિદ્ધ થયેલા હોવા જોઇએ. અથવા આચાર્યે જ તત્ક્ષણે કાર્યસિદ્ધિ કરવી. આચાર્ય એટલે અનુષ્ઠાન જાણનારો મંત્રસિદ્ધ બ્રાહ્મણ, તે જે બોલે તે સિદ્ધ થતું હોય. તે પૈકી સદ્યઃસિદ્ધિ આ પ્રમાણે:—તે પવિત્ર આચાર્ય પાસેથી બ્રાહ્મણોએ મંત્રનો ઉપદેશ લઇને પંદર દિવસ પર્યંત્ નિરંતર જપ કરવો, એટલે તેઓ કર્મને યોગ્ય થાય છે. એવી રીતે સિદ્ધ થયેલા બ્રાહ્મણોએ હોમ કરવો, અને પ્રત્યેક નમસ્કારને અંતે આહુતિ આપવી. તિલ, વ્રીહિ, યવ ઇત્યાદિ ઘૃતયુક્ત દ્રવ્યોનો હોમ કરવો. હવે હોમકાલ કહીયે:—ઉદયથી અસ્ત પર્યંત અગિયાર બ્રાહ્મણોએ ત્રીસ દિવસ પર્યંત અવિચ્છિન્ન અનુષ્ઠાન કરવું. હોમકર્તા બ્રાહ્મણોને યોગ્યતા પ્રમાણે વરણદ્રવ્યનું દાન આપવું, આચાર્યને પણ કુંડલાદિક આપવાં, હોમાગ્નિ ઉપર ઘૃતપાત્રથી અખંડ ઝીણી ધાર ચાલુ રાખવી, અને કર્મ સંપૂર્ણ થતાં સુધી દેવને નિત્ય એક હજારને આઠ નૈવેદ્ય ધરાવવાં. તેમ જ નિત્ય એક હજારને આઠ બ્રાહ્મણોને જમાડવા, અને છેલ્લે દિવસે સોળ હજાર બ્રાહ્મણોને ભોજન આપવું. આચાર્યને સાક્ષાત્ ભગવાન્ જાણવા. આચાર્યને સારા પાકવાળી ઉત્તમ જમીન આપવી. ઋત્વિજોને સો સો અથવા પચાસ પચાસ તોલા સુવર્ણદક્ષિણા આપવી. આચાર્યને અમણી આપવી. શિવપૂજનમાં કર્પૂરમિશ્રિતગંધ, કમળનાં ફૂલ, કર્પૂરમિશ્રિત ગુગ્ગુલનો ધૂપ અને ગોઘૃતનો દીપ હોવો જોઇએ. નૈવેદ્ય તો પ્રથમ કહેલું જ છે. આ પ્રમાણે પ્રતિવર્ષે રુદ્રારાધન કરવું એટલે રાજા સાર્વભૌમ થાય છે. સમુદ્રમાં રહેનારા જે

રાજા હશે, તેમનો રુદ્રરૂપના યોગથી વધ થાય છે. વર્તમાન જન્મમાં સર્વભૂમિનો ઉપભોગ લઇને અંતે રુદ્રરૂપનો અનુગ્રહ થતાં અનુષ્ઠાન કરનારો કૈલાસ પ્રત્યે જાય છે. ત્યાં રુદ્રરૂપ ધારણ કરીને દશ હજાર કલ્પ પર્યંત કૈલાસમાં ભોગ ભોગવે છે અને તદનંતર પૃથ્વી ઉપર તે સપ્તદ્વીપાધિપતિ શિવભક્ત રાજા થાય છે. તેના હાથ ઉપર પિનાકનું ચિહ્ન હોય છે. તે ચિહ્ન ઉપરથી એ શિવપૂજા કરનારો છે એમ જાણવું. જો બીજા રાજાના હાથ ઉપર એવું ચિહ્ન હશે, તે પણ રુદ્રારાધન કરનારો છે, એમ જાણવું. આ પ્રમાણે અગિયાર બ્રાહ્મણોએ પ્રતિવર્ષે રુદ્રારાધન કરવું. આ સ્થળે બીજું અનુષ્ઠાન કહીયે છિયે. શત્રુનાશની ઇચ્છાવાળા રાજાએ અતિસમર્થ બ્રાહ્મણો પાસે અનુષ્ઠાન કરાવવું. જે રાજા શત્રુ હોય તેની ખેરના લાકડાની મોટી મૂર્તિ કરવી; અને કોઈ પણ એકાંત સ્થળે જલપૂર્ણ કુંભ ઉપર દેવનું આહ્વાહન કરીને તેના સાન્નિધ્ય અગ્નિની સ્થાપના કરવી; અને કંટકયુક્ત શમીની સમિધોને રક્ત ચોપડીને તેનો એક લક્ષ હોમ કરવો. અહિં માર્જારરક્ત પ્રશસ્ત છે. પછી તે મૂર્તિના પ્રત્યેક અવયવમાં પ્રત્યેક નમસ્કાર સમયે લોઢાની ખિલિઓ ઠોકવી, અને તેના મસ્તક ઉપર રાજાએ પોતાનો પગ મુકવો. પગ મુકવાના સમયે આચાર્યે જપ કરવો. પછી રાજાએ સો બ્રાહ્મણોને ભોજન આપવું અને તદનંતર દેવનું વિસર્જન કરવું. આ પ્રમાણે અનુષ્ઠાન કરતાં પરરાજા ત્રણ વર્ષમાં નષ્ટ થાય છે. તેની જ બીજી મૂર્તિ શૃંખલાયુક્ત કરીને પૂર્વવત્ હોમ કરવો, એટલે તે રાજાના પગમાં થોડા દિવસમાં શૃંખલા પડીને તે આ રાજાને અધીન થાય છે. બીજું પણ અનુષ્ઠાન કહીયે છિયે. જે રાજા શત્રુ હોય તેના નગરમાં કૃત્રિમ વેષ ધારણ કરનારા સિદ્ધ રાજપુરુષોએ પ્રવેશ કરવો અને ચૌટા, ખુટના વૃક્ષ, દેવાલય, રાજસભા અને રાજદ્વાર એ સ્થળે લોઢાના શંકૂ એક લક્ષવાર અભિમંત્રિત કરીને ગુપ્ત ડાટવાં; પછી અભિમંત્રિત કરેલી ભસ્મ ચોતરફ વેરવી અને જલ પણ ચોતરફ

છાંટવું, એમ કરવાથી તે નગર ત્રણ વર્ષમાં નષ્ટ થાય છે અને તે સ્થળે ખેર, બોર વિગેરેનું વન થાય છે. પછી વેષ બદલેલા બ્રાહ્મણોએ જે રાજ શત્રુ હોય તેના નગર માંહેલાં જલાશયમાં કંઠ સુધી પાણીમાં જપ કરત સૂર્ય તરફ મોઢું કરીને નિત્ય આઠસો એમ એકસો આઠ દિવસ જપ કરવો, અને જપકાલે ભગવાન્ રુદ્રના હાલાહલ વિષનું જ હાથ વડે અભિમંત્રણ કરવું. આ પ્રમાણે કરતાં તે જલ સેવન કરનારાં વાહનાદિકને સર્પદંશની પેઠે નાશ થાય છે. આ અનુષ્ઠાન કરનારા બ્રાહ્મણો વિદ્વાન્ હોવ જોઇએ અને તેમણે ગુપ્ત રીતે જ અનુષ્ઠાન કરવું. કારણ કે અનુષ્ઠાન પ્રસિદ્ધ થતાં તેમને તત્ક્ષણે રાજભય ઉત્પન્ન થશે, માટે ગુપ્ત રીતે જ કરવું. આ અનુષ્ઠાન કરનારાઓને અર્ધરાજ્ય જેટલી દક્ષિણા આપવી. આ મંત્રન અનુષ્ઠાન સમયે '**पिनाकपाणिं भूतेशमुद्यत्सूर्यायुतद्युतिम् । भूषितं भुजगैर्ध्यायेत्कण्ठे कालं कपर्दिनम्**' એમ ધ્યાન કરવું. ॥ ૧૪ ॥

नमो॑ वः किरि॒केभ्यो॑ दे॒वाना॒ꣳहृद॑येभ्यः ॥ १५ ॥

વે૦ પ્ર૦ **ભાષ્ય:**—ભક્તોને જે ધન આપે છે, તે **किरिक**. અર્થાત ઉદાર રુદ્રાવતાર. તે દેવોના હૃદયભૂત છે. કારણ કે તે સર્વદેવોને પ્રિય છે, તેવા પ્રકારના તમોને નમસ્કાર હજો. ॥ ૧૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—नमो वः किरिकेभ्यः અહિંથી આ અનુવાક સમાપ્તિ પર્યંત એક જ મંત્ર છે. આ મંત્રના ઋષિ તથા દેવતા ભગવાન શંભુ છે, અને છંદ ષટ્પદા જગતી છે. દ્વિતીયવચની સર્વનામનો પ્રયોગ હોવાથી આ મંત્ર પ્રત્યક્ષ ઉદ્દેશીને છે. આ પ્રમાણે દેવની લીલાવિગ્રહ-મૂર્તિઓના આધારભૂત એવા જે ભિન્ન ભિન્ન ગુણ, કર્મ, જાતિ, અને આકૃતિ તે પૈકી પ્રત્યેકને નમસ્કાર કરેલા છે. તોપણ સાંપ્રત સમૂહરૂપે નમસ્કાર કરેલા છે. દેવને નમસ્કાર કરીને સાંપ્રત તેના અનુયાયીઓને નમસ્કાર કરેલા એમ કેટલાએક કહે છે. પ્રસિદ્ધ વેષ અને રૂપ

એમનાથી યુક્ત એવી જે દેવની મૂર્તિ તેમને નમસ્કાર કરેલો છે. પરંતુ, જેમનો સ્વભાવ અજ્ઞાત છે, એવા જે જગતનું શાસન કરનારા ઇતર રુદ્ર ગુપ્ત હોય, તેમને સાંપ્રત નમસ્કાર કહેલો છે, એવો બીજા કેટલાએકનો મત છે; ને એ જ માનવું યોગ્ય છે. કારણકે, જેના વિષે કાંઈ પણ જ્ઞાન નથી, એવા એક રુદ્ર પૂર્વે નિર્દિષ્ટ થઈ ગયેલા છે. દેવોના હૃદયને એમ કહેલું છે. દેવોના જ હૃદયમાં હોવું એટલું અમો જાણીયે છિયે. નમસ્કાર હોવાથી એ વિશેષણ સર્વેનું છે. જે નિર્દિષ્ટ થયેલા છે તેમનાથી ભિન્ન જે જગતનું શાસન કરનારા કિરિકાદિ સ્વભાવથી યુક્ત હશે, અર્થાત્ ઉદાર સ્વભાવ વિગેરેથી યુક્ત હશે, અને જેમને દેવાદિક જ જાણતા હોઇને મનુષ્યાદિક જાણતા નથી, તેઓને પણ નમસ્કાર હજો; તમો પ્રસન્ન થજો, અને આયુધ પાછાં લેજો, એ આ મંત્રનું તાત્પર્ય છે. સ્વેચ્છાથી જે લોકોની હિંસા કરે છે, તે **किरि**. અથવા સ્વેચ્છાથી જે લોકોને ઉત્પન્ન કરે છે, તે **किरि**. ને જે **किरि** તે જ **किरिक**. દેવોના જ હૃદયમાં રહેનારા તમોને દેવ જ જાણે છે. અથવા અનુગ્રહ માટે દેવોના હૃદયમાં પ્રકટ થનારા તમોને પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવા સારૂ દેવ સર્વદા જેમનું સ્મરણ કરતા હોય છે, તેવા તમો, એ તાત્પર્ય છે. કિંવા દેવોના જ વિશેષતઃ અત્યંત આપ્ત, એવા તમોને. પૃથ્વી, અંતરિક્ષ, અને સ્વર્ગ એ સ્થળે અનુક્રમે અગ્નિ, વાયુ, અને સૂર્ય એ દેવ હોઇને તે વિભૂતિસહ અગિયાર છે. '**ये देवा दिव्येकादशास्थः**—જે તમો દેવ સ્વર્ગમાં અગિયાર છો, ઇત્યાદિ શ્રુતિ છે. આ પ્રમાણે ત્રૈલોક્યમાં તેત્રીસ દેવ છે. તે પૈકી એકેકની વિભૂતિરૂપે સો દેવ છે; અને તેમના તેત્રીસ તેત્રીસના ત્રણ ગણ છે, તે ગણોમાં અગ્નિ, વાયુ, અને સૂર્ય એ પ્રધાન છે, તે સર્વ મળીને નવાણું થાય છે; અને સોમો દેવ એ ગણમાં મુખ્ય છે. આ પ્રમાણે પૃથ્વી ઉપર અગિયાર મુખ્ય છે. તેમને ત્રગણા કરતાં તેત્રીસ થાય છે. તે સંખ્યાથી તેત્રીસ એવા તેત્રીસ

ગણુ છે; અને ગણાધિપતિ એ અગિયારમો છે. '**त्रयो देवा एकादश त्रयस्त्रिंशाः सुराधसः**' એવી શ્રુતિ છે. એ જ તે દેવતા અગ્નિની વિભૂતિઓ છે, વાયુ અને સૂર્ય આ બે અગ્નિના આજ્ઞાધારક છે, એ સર્વે મળીને એક હજાર એકસો ઓગણચાળીસ થાય છે. એટલાં જ અંતરિક્ષમાં વાયુ વિભૂતિરૂપે દેવ છે, અને ત્યાં અગ્નિ તથા સૂર્ય એ વાયુને અનુસરીને વર્તનારા દેવ છે. સ્વર્ગલોકમાં એટલા જ દેવ સૂર્ય વિભૂતિરૂપ હોઇને તે સ્થળે અગ્નિ તથા વાયુ એ બે સૂર્યને અનુસરીને રહેનારા છે. આ પ્રમાણે સર્વ મળીને ત્રણ હજાર ત્રણસો ઓગણચાળીસ દેવ થાય છે. '**त्रीणि शता त्रिसहस्राण्यग्निं त्रिंशच्च देवानव चासपर्यन्**—ત્રણ હજાર ત્રણસો ઓગણચાળીસ દેવ અગ્નિ પાસે ગયા એવી શ્રુતિ છે. આ સર્વે નાના પ્રકારના વેષથી અને અધિકારથી યુક્ત હોઇને ઇષ્ટાપૂર્ત સંબંધિ ભાગ ગ્રહણ કરનારા છે; ને પરમાત્મારૂપ મહાભૂતના તણખા છે. એ એક બ્રહ્માંડની પ્રક્રિયા છે. એવા પ્રકારના બ્રહ્માંડ પિંડ અનંત છે. વિસ્તાર ભયના લીધે એટલું જ વિવેચન ઘણું છે. ॥૧૫॥

नमो विक्षीणकेभ्यः ॥ १६ ॥

વે૦પ્ર૦ભાષ્ય:—સર્વદા ક્ષયરહિત એવા રુદ્રોને નમસ્કાર હજો. ॥૧૬॥

ભ૦ ભા૦ ભાષ્ય:—વ્યાધિ, ચોર, નરક ઇત્યાદિના યોગથી અભક્ત પ્રાણિઓની વિચિત્ર હિંસા કરનારાઓને નમસ્કાર હજો. નાના પ્રકારે જે હિંસા કરે છે, તે **विक्षीणक**. નહિ જણાતાં જે નાના પ્રકારે હિંસા કરે છે, તે **विक्षीणक**, એમ પણ કેટલાએક માને છે. ॥ ૧૬ ॥

नमो विचिन्वत्केभ्यः ॥ १७ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—અપેક્ષિત અર્થ સંપાદન કરનારાઓને નમસ્કાર હજો. ॥ ૧૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—નિગ્રહ અને અનુગ્રહ કરવા સારૂ આ પુણ્યવાન અને આ પાપી, એમ જે પ્રાણિઓની નિવડ કરે છે, તેમને નમસ્કાર હજો. ॥ ૧૭ ॥

नमं आनिर्हतेभ्यः ॥ १८ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—જેમણે સર્વથા પાપ નિઃશેષ નષ્ટ કરેલું છે, તેમને નમસ્કાર હજો. ॥ ૧૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—મર્યાદાથી અને નિશ્ચયથી કોઇનો વધ કરનારા રુદ્રને નમસ્કાર હજો. સારાંશ કે, અન્યાયથી રુદ્ર કોઇનો વધ કરતા નથી, અને અપરાધી વિષે ઉદાસીન પણ રહેતા નથી. મર્યાદાથી અને નિશ્ચયથી તેઓ વધ કરે છે. મર્યાદાથી બહાર ગયેલા, તે **आनिर्हत** એમ પણ કેટલાએક માને છે. ઇતરસહ યાગ, કીર્તન, વિગેરે થવું ઉચિત નથી, એવા ભીતિથી ઇતર દેવતાઓ થકી જે પૃથક્ કરેલા તે **आनिर्हत. 'मा त्वा रुद्र चुक्रुधा मा नमोभिर्मा दुष्टुती वृषभ मा सहूती'** એવો મંત્ર અને **'स्वायामेव दिशि रुद्रं निरवदयते'** એમ બ્રાહ્મણ વચન છે. ॥ ૧૮ ॥

नमं आमीवत्केभ्यः ॥ १९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ચોતરફથી સ્થૂલ થનારાને નમસ્કાર હજો. **विक्षीणक, विचिन्वत्क, आनिर्हत,** અને **आमीवत्क,** એ પૈકી પ્રત્યેકની સાથે **देवानां हृदयेभ्यः** એ પદનો અન્વય કરવો. પાંચમા અનુવાકથી નવમા અનુવાકપર્યંત પ્રથમ નમસ્કારયુક્ત એવા ઘણા મંત્ર કહેલા છે. તે બધાએ પરમેશ્વરનું સર્વાત્મ્ય પ્રતિપાદન કરવા સારૂ એક એક મંત્રવડે પરમેશ્વરનું સ્થાવર અથવા જંગમ એકેક રૂપ કથન કરેલું છે, ક્રતુ વિના ઇતર સ્થળે વિનિયોગ થવાનો હોય, તો મંત્રભેદ થાય છે. માટે

ભિન્ન ભિન્ન અનુવાક કરેલા છે. એકેક અનુવાક એ એક એક મંત્ર
તેમનાં પુરશ્ચરણાદિકનો પ્રકાર રુદ્રકલ્પમાં કહેવામાં આવશે. ॥ ૧૯ ।

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રા-
ધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે
વેદાર્થપ્રકાશે યજુ:સંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે
શ્રીરુદ્રભાષ્યે નવમોનુવાક: ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—સર્વે બાજુથી વિસ્તૃત થનારાને નમસ્કાર હ
आमीवत्क શબ્દનો અર્થ સર્વ બાજુઓથી હિંસા કરનારા, એમ
કેટલાએક કરે છે.

આ મંત્રનું પુરશ્ચરણાદિક:—પરાક્કૃચ્છ્ર કરીને ચાળીસ હજાર
કરતાં, આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. મંત્રશોધનાર્થે ગુરૂસાન્નિધ્ય ચ
હજાર જપ કરવો,એટલે તે કર્મ યોગ્ય થાય છે. આ મંત્રથી કાંઈ પણ દુ:સ
નથી. મંત્રપ્રભાવથી સર્વે કાંઈ મળે છે. હવે કામ્યકર્મો કહીયે છીયે. દક્ષિ
મૂર્તિ સાન્નિધ્ય સ્વકીય અથવા મંથનાગ્નિ ઉપર લાજા અને તીલનો
લક્ષ હોમ કરવો, એટલે સુવર્ણ ઉત્પન્ન થાય છે. અઘેડાનાં બીજ, વાંસ
બીજ અને જવ ને, દહિ, મધ અને ઘીમાં બોળીને તેમનો દશ હ
હોમ કરવો એટલે હજાર તોલા સુવર્ણ ઉત્પન્ન થાય છે. કન્યાની ઇચ્
વાળાએ પોતાને ઇષ્ટ એવી કન્યાની ગુગ્ગુળની મૂર્તિ કરવી, ને તેનો સ
કરીને પાંચ હજાર જપ કરવો, પછી તેના કટકા કરીને છ હજાર હ
કરવો, એટલે સર્વાલંકારભૂષિત ઇષ્ટ કન્યા પ્રાપ્ત થાય છે. પદ્મ, ઉત્પ
અને કુમુદ એ, ત્રણે પ્રકારનાં કમળનો એક લક્ષ હોમ કરવો, એ
રાજ્યલક્ષ્મી પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે. દુધમાં બોળેલી ખાખરાની ટીશીયો
એક લક્ષ હોમ કરવાથી યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ્ચાદિ દશ્ય ચ
વશ્ય થાય છે. મહાઅરણ્યમાં ભૂતલ ઉપર અગ્નિકુંડ કરીને મંત્રના

ઉપર દશ હજાર બિલાંનો હોમ કરવો, અને ઘીમાં બોળેલાં બિલ્વપત્રનો પાંચ હજાર મુષ્ટિ હોમ કરવો, એટલે બિલ્વફલાકાર સુવર્ણ ઉત્પન્ન થાય છે ને તે સ્પર્શવેધી હોય છે. સાર્વભૌમપુત્રની ઇચ્છાવાળાએ દેવને, ગાયના ઘીમાં બોળેલાં ધોળાં કમળ એક લક્ષ ચઢાવવાં એટલે તેને સાર્વભૌમ પુત્ર થાય છે. શમીની સમિધોનું અગ્ર નીચે કરીને રૂપાના પાત્રમાં રાખવું, અને તે સમિધોને દહી, મધ તથા ઘી ચોપડીને તેમનો દશ હજાર હોમ કરવો, એટલે શિવભક્ત પુત્ર પ્રાપ્ત થાય છે. ધોળા વજનું અર્ધપલ ચૂર્ણ, ચાંદીના ઠામમાં ભરીને કપિલા ગાયના ઘીમાં પલાળવું અને દશ હજાર વાર અભિમંત્રિત કરીને સેવન કરવું, એટલે કવિત્વ શક્તિ પ્રાપ્ત થાય છે. દહી, મધ અને ઘીમાં બોળેલી ઉંબરાની સમિધનો દશ હજાર હોમ કરવાથી મહત્ વસ્તુઓ મળે છે. મનોવેગિત્વની ઇચ્છાવાળાએ જાગરણ કરવું; એ સંબંધિ પુરશ્ચરણ પણ વિશેષ છે. તેણે અબ્દકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને દેહશુદ્ધિ કરવી; પછી ચરૂ, શાક, મૂલ અને ફલનો આહાર કરીને અઢાર દિવસ નિરંતર જપ કરવો; વચમાં બિલકુલ ઉંઘવું નહિ; જો, ઉદ્દેશ નહિ છતાં પણ અકસ્માત્ નિદ્રા આવી જાય, તો સ્નાન કરીને જપ કરવો; પછી સમાપ્તિએ મંત્રસિદ્ધિ થવા સારૂ ગુરૂને પાંચ તોલા સુવર્ણ આપવું ને ગુરૂના અથવા દેવના સન્નિધ પચાસ હજાર જપ કરવાથી, સાક્ષાત્ ઉમાપતિ રુદ્રનું દર્શન થાય છે, અને તેમના પ્રસાદથી મનોવેગિત્વ પ્રાપ્ત થાય છે. જે જે સ્થળે જવાની ઇચ્છા હોય તે તે સ્થળનું અને ગુરૂનું સ્મરણ કરીને અષ્ટોત્તર શતવાર મંત્રનું આવર્તન કરવાથી તે સ્થળે જવાય છે. આ પ્રમાણે મનોવેગિત્વ પ્રકાર કથન કર્યો. હવે અદ્રશ્ય પ્રકાર કહીયે છિયે. તેના માટે પણ પૂર્વવત્ પુરશ્ચરણ કરવું. પોતાને જ્યારે અદ્રશ્ય થવાની ઇચ્છા થાય, ત્યારે કપિલા ગાયના દુધમાં રતાંજલી ઘસીને તે ગંધ પીપળાના પાન ઉપર મુકવો અને તેનો સ્પર્શ કરીને આઠ હજાર જપ કરવો. પછી તે પોતાના

અંગે ચોપડીને દેવને સ્પર્શ કરવો, અને તેનું સ્મરણ કરીને પ્રાણાયામ કરવો, એટલે પુરુષ કોઇની પણ દૃષ્ટિગોચર થતો નથી. રાજાને વશ કરવાની ઇચ્છાવાળાએ રતાંજલીનું ચૂર્ણ દશ હજારવાર અભિમંત્રિત કરીને તેની તંતુવેષ્ટિત ગુટિકા કરવી, અને રાજમહેલમાં જવાના વખતે પોતાના લલાટે ધારણ કરીને પ્રવેશ કરવો, એટલે રાજા અને રાજપુરુષો વશ થાય છે. જેનો નાશ કરવાની ઇચ્છા હોય, તેના નામનો ઉચ્ચાર કરીને દેવના સમીપ એક પગે ઉભા રહીને, દશ હજાર જપ કરવો, એટલે એક વર્ષમાં તેનો નાશ થાય છે. દક્ષિણામૂર્તિ સમીપ નિત્ય અષ્ટશત જપ કરવાથી રાજપુરુષોથી ભય પ્રાપ્ત થતો નથી. આ મંત્રના અનુષ્ઠાન સમયે **विश्वतः पाणिपादान्तं विश्वतोक्षिशिरोमुखम्. ज्वलंतं विश्वमावृत्य तेजोराशिं शिवं स्मरेत्** એમ ધ્યાન કરવું. ॥૨૦॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે શ્રીરુદ્રપ્રશ્ને નવમોનુવાકઃ ॥ ૯ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—બીજા અનુવાકથી નવમા અનુવાકપર્યંત આદ્યંતે નમસ્કારયુક્ત અને આદ્યમાં નમસ્કારયુક્ત એવા અનેક પ્રકારના મંત્ર કહેલા છે. હવે આ દશમા અનુવાકમાં ઋક્સ્વરૂપ મંત્ર કહેલા છે. તે આ પ્રમાણેઃ—

द्रापे अन्धसस्पते दरिद्रन्नीललोहित । एषां पुरुषाणामेषां पशूनां मा भेर्माऽरो मो एषां किंचनाममत् ॥ १ ॥

શોચનીય સ્થિતિ જે પ્રાપ્ત કરી આપે છે, તે **द्रापि**; પાપિયોને નરકમાં નાંખીને કલેશ આપનાર. **अंधस्** એટલે અન્ન, તેનો જે પાલક તે

अंधसस्पति, અર્થાત્ ભક્તોના અન્નનું રક્ષણ કરનારો. **दरिद्रत्** એટલે નિષ્કિંચન અર્થાત્ વિરક્ત એટલે કેવલ '**एकमेवाद्वितीयं ब्रह्म नेह नानाऽस्ति किञ्चन**—બ્રહ્મ એ એક જ અદ્વૈત હોઇને ત્યાં અનેક એવું કાંઇ પણ નથી' એમ શ્રુતિ છે. કંઠને વિષે નીલ હોઇને ઇતર સ્થલે જે આરક્ત વર્ણ છે, તે **नीललोहित**. આ શબ્દોવડે સંબોધિત થનાર હે રુદ્ર! આ અમારા પુત્રપૌત્રાદિ પુરુષોને, અને ગોમહિષી પ્રભૃતિ પશુઓને તું ભય ઉત્પન્ન કરીશ મા. નિર્દિષ્ટ કરેલા સર્વમાંથી એકેનો પણ નાશ ન થજો અને કોઈ પણ રોગગ્રસ્ત ન થજો. ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—આ મંત્રના ઋષિ પુલહ, છંદ આસ્તાર પંક્તિ અને દેવતા રુદ્ર છે. આ પ્રમાણે વિશ્વરૂપે દેવની સ્તુતિ કરીને અહિંથી અભયની યાચના કરેલી છે. દુષ્કર્મના લીધે પ્રાપ્ત થનારી નિકૃષ્ટ એટલે યાતના ભોગવનારી અથવા દારિદ્ર્ય રૂપ સ્થિતિ નષ્ટ કરનારો, કિંવા સર્વલોકોની સંહાર રૂપ શોચનીય સ્થિતિ આણનારો તે **द्रापि**. અથવા **द्रापि** એટલે કવચ, તેથી કવચથી જે યુક્ત તે **द्रापि**. હે અન્નાધિપતે, હે નિષ્પરિગ્રહ નીલલોહિત રુદ્ર! દેવના હૃદયથી પ્રકટ થયેલા જે રુદ્ર, તે **नीललोहित** છે. જે ભિક્ષાટન વિગેરે કરે છે, તેનો અર્ધભાગ નીલવર્ણ હોઇને, અર્ધ આરક્તવર્ણ છે. કારણ કે તે નરનારી સ્વરૂપ છે. અથવા **नीललोहित** એટલે નામ રૂપાત્મક. કંઠને વિષે નીલવર્ણ અને ઇતર સ્થળે રક્તવર્ણરૂપ હોવાથી **नीललोहित** એમ એકનું માનવું છે; અને જેના વિષે કલંક બિલકુલ છે જ નહિ તે **नीललोहित** એમ બીજાનો મત છે. આ પ્રમાણે ભગવાનને સંબોધિને તેની પાસે અભયની યાચના કરી છે. આ અમારા પુત્રાદિ પુરુષોને અને આ અમારા ગવાદિ પશુઓને તું ભય દેખાડીશ મા, એમને કોઈ પણ સંકટ અથવા દુઃખ તું આપીશ માં, અને આ પશુ પ્રભૃતિ પૈકી કોઇનો પણ તારા પ્રસાદના લીધે નાસ ન થજો. અથવા આ પશ્વાદિ સંબંધી કોઈ પણ અપત્યાદિ વસ્તુની તું હિંસા ન કર-

આ મંત્રના પુરશ્ચરણાદિક:—એક દિવસ કરીને દશ હજાર જપ કરવો, એટલે આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. કપિલા ગાયના ઘીથી આર્દ્રા નક્ષત્ર ઉપર દશ હજાર હોમ કરવો, એટલે પુરુષ ધનસંપન્ન થાય છે. સન્નિપાત જ્વર હોય, તો તે જ્વરવાળા પુરુષના મસ્તકથી પાંચ હજાર દુર્વાગ્રનો હોમ કરવો, એટલે તે પુરુષ જ્વરથી મુક્ત થઇને દીર્ઘાયુ થાય છે. અભિચારની બાધા ન થવા ઇચ્છાવાળાએ દશ હજાર વિકળાની સમિધનો હોમ કરવો, એટલે અભિચારનો ભય નષ્ટ થાય છે. ઉદુંબર અને તીલનો દશ હજાર હોમ કરતાં કોઈ પણ પ્રાણિનો ભય થતો નથી. ગ્રામમાં અથવા નગરમાં અગ્નિ સ્થાપના કરીને ઘીમાં પલાળેલા તલના લોટનો દશ હજાર હોમ કરવો; પીપળાના પાંદડા ઉપર બલી આપવો અને પ્રથમ પણ એક હજાર ને આઠ હોમ કરવો, એટલે ભૈરવરૂપી રુદ્ર ભૂતો સહ તેને પ્રત્યક્ષ દર્શન આપે છે. જો દર્શનના સમયે અનુષ્ઠાન કરનારો ચલિત થશે, તો તેને ઉન્માદ થાય છે, ને જો તે અચલ રહેશે, તો જ તેને મહાસિદ્ધિ પ્રાપ્ત થાય છે. આપત્કાલે તે સ્વરૂપનું સ્મરણ કરવાથી પુરુષ આપત્તિ થકી મુક્ત થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **आगुल्फासितकुंचुको डमरुकाश्लिष्टो लसत्कुंतली शूली कुंडलितश्रवाः सतिलको मंदं क्वणन्नूपुरः । श्रीमान्निर्मलदंतपंक्तिकिरणैः श्वेतायमानाननो देवो भैरववेषभूषितवपुर्ध्येयो मृडानीपतिः ॥** એમ ધ્યાન કરવું. ॥ ૧ ॥

या ते॑ रुद्र शि॒वा त॒नूः शि॒वा वि॒श्वाह॑भेषजी ।

शि॒वा रु॒द्रस्य॑ भेषजी तया॑ नो मृड जीवसे॑ ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે રુદ્ર, તારી જે શાંતતનુ છે તેના યોગથી તું અમોને જીવતા રાખવા સારૂ સુખ આપ. તનુનું શાંતત્વ કેવું તે **શિવા-વિશ્વાહભેષજી** આ પદોવડે કહેલું છે. ચાહે તેવા દિવસો પ્રાપ્ત થયા છતાં રોગ દારિદ્ર્ય ઇત્યાદિકનો, ઔષધની પેઠે જે અર્થે, તનુ નાશ

કરનારી છે તે અર્થે તે શાંત છે. વળી રુદ્રનું તાદાત્મ્ય પ્રાપ્ત કરી આપવા સારૂ ઔષધરૂપ હોવાથી અર્થાત્ જ્ઞાનપ્રદાનવડે જન્મમરણાદિદુઃખોનું નિવારણ કરતી હોવાથી તે શાંત છે. ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રના ઋષિ સ્કંદ, છંદ અનુષ્ટુપ્ અને દેવતા સ્કંદરૂપી રુદ્ર છે. હે રુદ્ર, તારી જે સુખકારક તનુ છે. તેના યોગથી તું અમોને સુખ આપ. પ્રથમ ચરણ માંહેલા **તનુ** શબ્દનો ચતુર્થચરણની સાથે અન્વય થાય છે. તે તનુવડે તું અમારૂં કલ્યાણ કર. દેવના તનુનું શિવત્વ બે પ્રકારનું છે; સર્વદુઃખ નિવૃત્તિનું ઔષધ હોવાથી અને આત્યંતિકી દુઃખનિવૃત્તિનું સાધન હોવાથી અર્થાત્ મોક્ષદાયક હોવાથી. આ બે પૈકી પેહેલું સ્વીકારતાં ધન, પુત્ર, સ્વર્ગ ઇત્યાદિ કેવળ સાંસારિક જ સુખ આપીને દેવ સુખી કરે છે, અને કેવળ બીજાનો જ સ્વીકાર કરતાં દેવ મોક્ષ રૂપ જ કલ્યાણ કરે છે. માટે ઉભય પ્રકારનું સુખ પ્રાપ્ત થવા સારૂ બીજા ચરણ માંહેલાં પદ છે. સર્વ દિવસોમાં પણ જે ઔષધ હોય છે, અર્થાત્ કોઈ વખતે પણ જે ઔષધત્વ તજતી નથી તે **विश्वाहभेषजी**. અન્ય ઔષધ દેશ, કાલ, શરીરાવસ્થા ઇત્યાદિકોને અનુસરીને કોઈ કોઈ વખતે માત્ર ઔષધ થઈ પડે છે. પરંતુ આ ઔષધની વાત તેવી નથી. એવા પ્રકારના સ્વભાવની તનુ હોવાથી દેવને **शिव** સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે. વળી આ તનુવડે સંસારરોગો થકી તું ભૂતોને મુક્ત કરે છે. ત્રીજા ચરણ માંહેલો **रुद्र** શબ્દ ક્રિયાનિમિત્તક છે. **रुक्** એટલે સંસારસંજ્ઞક રોગ તેનો જે **द्राव** એટલે નાશ કરે છે, તે **रुद्र**. સંસારરોગની નિવૃત્ત કરનારા રુદ્રની જે તનુ તેના યોગથી તું અમોને સુખ આપ, અર્થાત્ અમો ઘણા દિવસ સુધી જીવતા અને સ્વસ્થ રહી શકીએ એવા પ્રકારે તું અમોને સુખ આપ. અથવા અમોને જીવતા રાખવા સારૂ તું સર્વને જીવતા રાખ; અર્થાત્ ઇષ્ટવસ્તુ આપીને તું અમારૂં રક્ષણ કર.

આ મંત્રના પુરશ્ચરણાદિક:—આઠસો પ્રાણાયામ કરીને પાંચ હજાર જપ કરવો, એટલે આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. "अनेन केवलं गर्भरक्षा विधातव्या। नान्यत्। व्यक्ते गर्भे तृतीये मासि रक्षां कुर्यात्। रुद्रमंत्रसिद्धेन ब्राह्मणेन तदभिवृद्धौ स्वविभवानुगुणमलंकृत्य शंभुमिव तं नमस्कुर्यात्। साधुगर्भेऽसाधवो प्रेक्षितव्याः। यदापि रुचिर्भवति तदैव कर्त्तव्यम्। राज्ञो गृहांतराले विविक्ते अर्वागर्वाग्गामिद्वयं स्वीकृत्य ध्वजाद्यलंकारैरलंकृत्य मंत्रद्वयेन प्रस्थशुद्धतंडुलैर्विकीर्य तस्मिन्नग्निकुंडं वेदिकां च कृत्वा वेदिकायां साधारणघटस्योपरि महासेन मंत्रेण स्वर्णपुष्पेण शंभुमावाह्य तस्मिन्नर्वाग्गामिद्वयेन कलशान्बिंदुयुतांस्तंतुवेष्टितान्स्वर्णगर्भाञ्शरावपिहितान्समुद्रगामिनदीजलपूर्णान्नवपटच्छन्नान्निधाय तस्मिन्मध्ये जलपूर्णं घटमेकमाद्रादिदिवसगणने सुवर्णेनान्यत्र नवरत्नपूर्णं कृत्वा त्रीणि नीरघटे प्रक्षिप्य महार्घ्यवसनैः प्रच्छाद्य सुस्थिरान्कृत्वा देवस्याराधनं गंधलेपः श्रीकंठं तामरसपुष्पं शीतारीधूपं दीपं यावदन्तं सर्पिषा सर्वत्र कर्पूरमिश्रमेवमाराध्य तत्र संनिधावुपस्थानमंत्रं जपित्वा ततः पटसंस्कारमंत्रेण होमं कुर्यात्। होमद्रव्यं च तिलदूर्वाप्रलाजतुलस्युशीरदधिमध्वाज्यसंयुक्तं जुहुयात्। ततो हविः पूजा। अर्वाक् प्रस्थतंडुलपक्वं हविस्तेनाग्नौ होमं कुर्यात्। तेन मंत्रेण होतव्यं ततो गंधवासं कर्पूरयुक्तं दद्यादुद्देशितो वान्यो भुंक्ते तदेतं गुर्वोः संभवेन। एवं सायं तद्युगं च स्पृष्ट्वा जपेदाचार्यः। तत्र नित्यवस्त्रपरिवृत्तिर्वसनोत्तरीये च भवतः। एवमर्वाग्द्वयं पूजा। ब्राह्मणानपि तावंतो भोजयेन्नित्यम्। एवं विधानस्य राज्ञः शक्तिः। एवं कृते सदपत्यमायुष्मद्भवेत्। गर्भपातो न विद्यते। सर्वं गंधादन्यदुपदेशतः प्रधानम्। होमदेशं स्त्रीशूद्रा न प्रविशेयुः। न पाखण्डादयो वैदिकत्वान्मंत्रस्य। अंत्यदिने स्नानम्। तद्दण्डदानं रूपेण दद्याद्गुरवे।

ततः कुमारग्रहार्थे गणपूजां कुर्यात् । सद्पत्यमायुष्मद्भवति'—
આ ભાષ્ય માંહેલી પંક્તિ લેખકના પ્રમાદના લીધે અશુદ્ધ હોવાથી એનો અનુવાદ કર્યો નથી. હસ્તલિખિત ત્રણ પુસ્તકોમાં તથા પુનાની આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિની પ્રતમાં પણ આ પંક્તિઓ એવી જ રીતે અશુદ્ધ પ્રકટ થયેલી હોવાથી નિરૂપાયે ભાષાંતર નહિ કરતાં તે જેવીને તેવી જ અહિં મૂલમાત્ર આપી છે. કશ્ચિત્ પંડિતમન્યની દૃષ્ટિએ જો પંક્તિઓ શુદ્ધ હોય, તો અમારી મંદબુદ્ધિ દ્રષ્ટાના અજ્ઞાનના લીધે તેમાં પ્રવેશ કરવા અસમર્થ છે, એમ પણ માની લેવું. હવે પ્રસંગોપાત અનુષ્ઠાન કહીયે છીયે. કન્યાની ઇચ્છાવાળાએ ઘીમાં પલાળેલી લાજાનો હોમ કરવાથી કન્યા પ્રાપ્ત થાય છે. પ્રાજ્ઞજનોએ અઘાડાના સમિધનો હોમ કરીને અલક્ષ્મીનો નાશ કરવો. સર્વપાપક્ષાલનાર્થે તિલ હોમ કરવો. શ્વેત, રક્ત, નીલ અને પીતસૂત્રથી વેષ્ટિત કરેલા ખેરની સમિધનો હોમ કરતાં અનુક્રમે બ્રાહ્મણાદિ વર્ણ વશ થાય છે. લક્ષ આજ્ય હોમ કરતાં સાધકની સર્વ ઇચ્છા પૂર્ણ થાય છે. કુમુદાદિ પુષ્પોથી વસ્ત્રની ઇચ્છાવાળાએ હોમ કરવો. જે વર્ણના પુષ્પનો હોમ કરીએ તે વર્ણનું વસ્ત્ર પ્રાપ્ત થાય છે. વૃષ્ટિની ઇચ્છાવાળાએ લીપેલાં શુદ્ધ સ્થળે આરક્ત દ્રવ્યથી મંડળ કરવું; મંડળના પૂર્વમાં નવા કુંભની સ્થાપના કરવી અને તેને સૂત્રવીંટીને તે ગંધોદકથી ભરવો. પછી એકાગ્રચિત્તે તે કુંભમાં સૂર્યનું આવાહન કરવું અને ઉત્કૃષ્ટ સાધકે તે સ્થળે દેવનું પણ પૂર્વવત્ અર્ચન કરવું; અને પ્રાજ્ઞ પુરુષે ત્યાં એકસો આઠ આહૂતિ દુધની આપવી તથા એકાગ્ર મનથી સૂર્યનું ધ્યાન ધરીને સહસ્રવાર મંત્રનો જપ કરવો. આ પ્રમાણે સાત અથવા બાર દિવસ થતાં ભગવાન્ પ્રસન્ન થઈને મહાવૃષ્ટિ કરેછે. અહોરાત્ર નિર્જલ ઉપોષણ કરીને સદાચારસંપન્ન પુત્રની ઇચ્છાવાળાએ એકસો આઠ આહુતિ પાયસની આપવી; પછી ઋતુસ્નાત થયેલી અને શુદ્ધવસ્ત્ર પેહેરીને અલંકારધારણ કરેલી ભાર્યાને હુતશેષ

પાયસ ખવડાવવું; એકસો આઠ મંત્ર જપ કરાવીને બ્રાહ્મણોને ભોજન આપવું, અને બ્રાહ્મણો પાસેથી સ્વસ્તિવાચન કરાવવું એટલે તેજસ્વી તથા નીરોગી પુત્ર પ્રાપ્ત થાય છે. અનિષ્ટ વસ્તુનું દર્શન થયું હોય, દુઃસ્વપ્ન ભાળ્યું હોય, યુદ્ધાદિ ઉપસર્ગ પ્રાપ્ત થયા હોય, ભય ઉપસ્થિત થયો હોય, ગ્રહપીડા થતી હોય, ભૂતબાધા થઈ હોય, અને આ પ્રમાણે બીજા પણ દોષ જાગ્યા હોય, તો પૂર્વોક્ત મંડળ કરીને ત્યાં નવા કુંભની સ્થાપના કરવી; તે ગંધોદકથી ભરીને સર્વમંગલકારક પદાર્થ તેમાં નાંખવા સારાંશ કે, એલચી, લવિંગ, કપૂર, લિંબડો અને જાયફળ એ પદાર્થોથી તે ભરવો; કલશ ઉપર દેવનું આવાહન કરીને ત્યાં જ પૂજન કરવું અને આ મંત્રવડે અષ્ટોત્તર સહસ્ર હોમ કરવો પછી એ મંત્રથી ઉદકનું અભિમંત્રણ કરીને પોતાને અથવા અન્યને અભિષેક કરવો એટલે અભિષેક થયેલો પુરુષ સર્વદોષોથી મુક્ત થાય છે. જે નિત્ય પ્રાતઃસ્નાન કરીને આ મંત્રનો હજાર જપ કરે છે, તેનો વૈભવ, આરોગ્ય અને તેજ સર્વદા વૃદ્ધિંગત થાય છે. દુગ્ધાહાર કરીને જે એક વર્ષપર્યંત નિત્ય આ મંત્રનો દશ હજાર જપ અને દેવનું યથાશક્તિ પૂજન કરે છે, તેને અણિમાદિગુણોથી યુક્ત અતુલ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ જગદીશ પ્રસન્ન થયા પછી માનુષ ભોગોને શું કરીયે? વિશેષ તે શું કહીયે? શિવનું ધ્યાન નિરંતર કરીને અને શિવપરાયણ થઇને સર્વસ્થળે તેની જ ભાવના કરી મંત્રનો જપ કરવાથી તો પુરુષને મુક્તિ મળે છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે द्रुतचामीकरप्रख्यं शक्तिपाणिं षडाननम् । मयूरवाहनारूढं स्कंदरूपं शिवं स्मरेत् એમ ધ્યાન કરવું. ॥ २ ॥

इमा रुद्राय तवसे कपर्दिने क्षयद्वीराय प्रभरामहे मतिम् । यथा नः शमसद्द्विपदे चतुष्पदे विश्वं पुष्टं ग्रामे अस्मिन्नना-तुरम् ॥ ३ ॥

વે૦ મ૦ ભાષ્ય:—અમારા પુત્ર પૌત્રાદિરૂપ મનુષ્ય સમુદાયને અને ગોમહિષ્યાદિ રૂપ પશુસમુદાયને સુખ થાય, અને આ ગ્રામમાંહેલાં સર્વપ્રાણિઓ સુખવડે પૂર્ણ તથા ઉપદ્રવરહિત રહે એટલા સારૂ અમો રુદ્રનું પૂજન, ધ્યાન વિગેરે કરવાનું મનમાં ધારીયે છીયે. એ રુદ્ર કેવા પ્રકારના છે અમોને જે અપેક્ષિત છે, તે આપવાને સમર્થ છે. એણે જટા ધારણ કરીને તાપસવેષ ધારણ કરેલો છે અને પ્રતિપક્ષિઓના વીરોનો એ ક્ષય કરનારા છે. સારાંશ કે, વસ્તુસ્થિતિ એક છતાં વિપરીત બુદ્ધિ થવી એતદ્રૂપ જે પાપ તેનો નાશ કરનારા એ છે. ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ અને આગળની ઋચાના ઋષિ માંડવ્ય, છંદ જગતી, અને દેવતા રુદ્ર છે. કેટલાએક બંને ઋચા મળીને એક મંત્ર અને અનુષ્ટુપ્ છંદ છે, એમ માને છે. અમો રુદ્રસંબંધી એવા પ્રકારની માનસપૂજાની બુદ્ધિ ઉત્કૃષ્ટ પ્રકારે ધારણ કરીયે છીએ. સારાંશ કે, મનવડે અમો સર્વદા રુદ્રનું પૂજન કરીયે છીયે. **मति** એટલે સ્તુતિ. સર્વદા અમો સ્તુતિવડે રુદ્રનું આરાધન કરીયે છીયે. સ્તુતિ અને હવિર્દાન એમના યોગથી અમો રુદ્રવિષક મતિને ખંડિત થવા દેતા નથી. અથવા સ્તુતિ, ઉપાસના, આશ્રય, દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસ એમને રુદ્ર જ યોગ્ય છે, એમ અમો નિરંતર સમજીયે છીયે. એ રુદ્ર કેવા છે? વૃદ્ધિંગત કરનારા છે. અથવા બલાઢ્ય છે. **कपर्दि** શબ્દનું વ્યાખ્યાન થઈ ગયું છે. જેના આશ્રયથી પરાક્રમી પુરુષો રહે છે તે **क्षयद्वीर**. અથવા જે મળતા વીરોનો નાશ થાય છે તે **क्षयद्वीर**. હવે, મનમાં કેવી બુદ્ધિ ધારણ કરીયે છીયે તે અહિં કહેલું છે. અમારા પુત્રાદિ મનુષ્યો અને ગવાદિ પશુઓને સુખ થાય, અને અમારી સાથે જેમનો સંબંધ નથી, એવા સર્વ, અમો રહીયે છીયો તે ગામ માંહેલો પ્રાણિસમુદાય દુઃખરહિત હોવો જોઇયે, એટલા સારૂ રુદ્રસંબંધી અમો એવા પ્રકારની મતિ ધારણ કરીયે છીએ. પૌરાણિક કહે છે કે '**क्षय**-

ध्यायी वसेद्यत्र ग्रामे वा नगरेऽपि वा । न तत्र क्षुत्पिपासाद्या दुर्भिक्षव्याधयोऽपि च—જે નગરમાં રુદ્રપઠન કરનારો રહે છે, ત્યાં ક્ષુધા, તૃષા ઇત્યાદિકનો અને તેમ જ દુર્ભિક્ષ તથા વ્યાધિનો અભાવ હોય છે.' અથવા આ અમારા ગામ માંહેલા મનુષ્યોને અને પશુઓને સુખ થઇને ધન ધાન્યાદિક સર્વ પદાર્થ સમૃદ્ધ અને આરોગ્યદાયક થાય, એવી અમો મનવડે બુદ્ધિને દેવવિષયક મતિ ધારણ કરીયે છીયે. ॥ ૩ ॥

मृडा नो रुद्रोत नो मयस्कृधि क्षयद्वीराय नमसा विधेम ते । यच्छं च योश्च मनुरायजे पिता तदश्याम तव रुद्र प्रणीतौ ४

વે० પ્ર० ભાષ્ય:—હે રુદ્ર, તું અમોને સુખ આપ, અને પરલોકમાં પણ તું અમોને સુખી કર. અમારા પાપનો નાશ કરનારા એવા તને અમો નમસ્કાર કરીયે છીયે. પ્રજાધિપતિ પાલક મનુએ સુખ આપીને દુઃખથી અમોને અલગ કર્યાં છે; પરંતુ, હે રુદ્ર, અમારા વિષે તારો અતિશય પ્રેમ હોવાથી એ સર્વ અમોને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

ભ० ભા० ભાષ્ય:—હે રુદ્ર, પુત્ર પૌત્રાદિ ધન સમૃદ્ધિવડે તું અમોને સુખી કર અને તેમ જ નિરતિશયાનંદ સ્વરૂપ અર્થાત્ મોક્ષ સ્વરૂપ સુખ તું અમોને આપ. **क्षयद्वीराय** શબ્દનું વ્યાખ્યાન પૂર્વે થઈ ગયેલું છે. તું જે ક્ષયદ્વીર તેની અમો નમસ્કારવડે અથવા ચરૂપુરોડાશાદિ રૂપ અન્નવડે સેવા કરીયે છીયે. સારાંશ કે, અમારાથી સર્વદા તારી સેવા થઈ શકે, એવી રીતે તું અમોને અભ્યુદય સુખ અને મોક્ષ સુખ આપ. આ પ્રમાણે સુખ પ્રાપ્તિ થવા સારૂ પ્રાર્થના કરીને હવે દુઃખ નિવૃત્તિ માટે પ્રાર્થના કરી છે. પ્રાપ્ત થયેલા દુઃખ હેતુઓનું જે શમન, સર્વેશ પ્રજાધિપતિએ કર્યું છે અને ભાવી દુઃખહેતુઓનું પણ જે તેણે અમારાથી દૂરીકરણ કરેલું છે તે સર્વે તારા પ્રસાદથી જ છે. સૃષ્ટિ ઉત્પન્ન કરવા સારૂ તેં પ્રજાપતિની યોજના કરેલી હોઇને તેણે વર્ણાશ્રમાદિ મર્યાદાના યોગથી અમોને પ્રાપ્ત થયેલું દુઃખ નિવૃત્ત કરીને ભાવિ

દુઃખને પણ દૂર જ રાખેલું છે. એ સુખોપભોગ ભોગવતાં તારા પ્રસાદથી અમોને મદ ન થજો. સારાંશ કે, જો કે, પ્રમાદ થાય તો પણ તારા પ્રસાદથી અમારા હાથે મર્યાદાનું અતિક્રમણ ન થજો. કારણ કે; હે રુદ્ર, અમો તારી આજ્ઞામાં રહેનારા છીયે. અથવા તું અને અમો એ ઉભયમાં રહેલી સેવ્યસેવકભાવનાને લીધે જે તું અમારા ઉપર અનુગ્રહ કરે છે તેના લીધે તે સુખ અમોને પ્રાપ્ત થાય છે. કેટલાએક અર્થ કરે છે કે, સ્મૃતિ કરવામાં મનુની તે યોજના કરેલી છે ને તે પ્રજાજનનું હીત કરનારો હોવાથી તેમને પિતા જેવો છે. તેણે દુઃખનાશનનો ઉપાય જે પ્રકારે યોજેલો છે તે જ પ્રકારે તે અમોને પ્રાપ્ત થજો. કારણ કે, અમો તારી સેવા કરીયે છીયે. વળી બીજા કેટલાએક એમ પણ અર્થ કરે છે કે, જગતનો પિતા સર્વજ્ઞ મનુ પણ તારી પાસેથી જ સુખનો સ્વીકાર કરે છે; ને ઉભયપ્રકારનું દુઃખ નિરસન કરવાનો જે તારો પ્રકાર છે તેની તે પ્રશંસા કરે છે તસ્માત્ અમો પણ તેવા પ્રકારના રક્ષણને પાત્ર થઇયે.

આ મંત્રોનું પુરશ્ચરણાદિક:—કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને નવ હજાર જપ કરવો એટલે આ મંત્રોનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. અમાવાસ્યાના દિવસે ચૌટામાં અગ્નિસ્થાપન કરીને દહિની તરનો દશ હજાર હોમ કરવો, એટલે ગવાદિકોની સ્વસ્થતા થાય છે. રાજવાહનોને સ્વસ્થતા પ્રાપ્ત થવા સારૂ જલને સ્પર્શ કરીને આ મંત્રનો દશ હજાર જપ કરવો અને તે જલથી વાહનશાલાને પ્રોક્ષણ કરવું એટલે વાહનોને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. વાહનો જે પદાર્થ ખાય છે તેમાં તે જલ ભેળવીને તેમને ખવડાવવું. પશુઓની શાંતિ સારૂ ઘૃતમિશ્ર તલનો દશ હજાર હોમ કરવો; ને અન્યની શાંતિ સારૂ દશ હજાર દૂર્વાનો હોમ કરવો એટલે તેમની શાંતિ થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **दिव्यसिंहासनासीनं स्तूयमानं महर्षिभिः । प्रसन्नवदनं ध्यायेत्सोमं सोमार्धधारिणम् ॥** એમ ધ્યાન કરવું. ॥ ૪ ॥

मा नो॑ मृहान्त॑मुत मा नो॑ अर्भ॒कं मा न॒ उक्ष॑न्तमुत मा न॑ उक्षितम् । मा नो॑ऽवधीः पि॒तरं॒ मोत मा॒तरं॑ प्रि॒या मा न॑स्त॒नुवो॑ रुद्र रीरिषः ॥ ५ ॥

वे० म० भाष्य:—हे रुद्र, अभारा वृद्ध पुरुषोनो, બાલકોનો, तरुण पुरुषोनो, गर्भनो, पितानो, भातानो अने प्रिय शरीरोनो तुं घात करीश मा. ॥ ५ ॥

भ० भा० भाष्य:—આ મંત્રના ઋષિ દેવરાત, છંદ જગતી, અને નંદીશ્વરરૂપ રુદ્ર દેવતા છે. હે રુદ્ર, અનુગ્રહને પાત્ર એવા અમારા પિતામહાદિ વૃદ્ધ પુરુષોનો તું વધ કરીશ મા, અથવા વિદ્યા અને વય એમનાથી જ્યેષ્ઠ એવા અમારા પુત્રોને તું મારીશ મા. વળી અમારી કૃપાને પાત્ર એવા અમારા અર્ભકોનો એટલે વયથી અત્યંત અલ્પ એવા પુત્રોનો તું વધ કરીશ મા. તેમજ સંતાન ઉત્પન્ન કરનારા અમારા યુવાન પુરુષોની તું હિંસા કરીશ મા. તેમજ અમારા ગર્ભસ્થ બાલકોની તું હિંસા કરીશ મા. પિતાનો અને માતાનો તું વધ કરીશમાં. એ બન્ને અધિકશ્રદ્ધાને પાત્ર છે. તેમ જ અમારા પ્રિય શરીરોને તું રોગાદિકથી પીડિત કરીશ મા. **પ્રિયતનુ** એટલે ભાર્યા પુત્રાદિ.

આ મંત્રનું પુરશ્ચરણાદિક:—ત્રણ ઉપવાસ કરીને પાંચ હજાર જપ કરવો, એટલે આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ મંત્રવડે સ્વજનનું રક્ષણ આ પ્રમાણે કરવું:—ઘીમાં પલાળેલા જવ તલનો દશ હજાર હોમ કરવો, પીપળાની સમિધનો પણ દશ હજાર હોમ કરવો, દશ હજાર આજ્ય હોમ કરવો, અને પ્રતિવર્ષે આર્દ્રા નક્ષત્ર ઉપર દશ હજાર હોમ કરવો, એટલે પોતાની સ્ત્રિયો, બાલક અને વૃદ્ધોને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. અન્ય કોઇને સ્વસ્થતા કરવી હોય, તો દશ હજાર જપ કરવો. વિશેષતઃ રાજાએ પ્રત્યેક માસે આ મંત્રથી શાંતિ સારૂ આર્દ્રાનક્ષત્ર

ઉપર હોમ કરવો એટલે રાજાના અંતઃપુરાદિકોની વૃદ્ધિ થાય છે આ મંત્રના અનુષ્ઠાન સમયે बालेंदुमुकुटं देवं तरुणादित्यविग्रहम् । ध्यायेन्नंदीश्वराकारं गणेश्वरसमावृतम् ॥ એમ ધ્યાન કરવું. ॥ ૫ ॥

मा न॑स्तो॒के तन॑ये॒ मा न॒ आयु॑षि॒ मा नो॒ गोषु॒ मा नो॒ अश्वे॑षु रीरिषः । वी॒रान्मा नो॑ रुद्र भामि॒तोऽव॑धीर्ह॒विष्म॑न्तो॒ नम॑सा विधेम ते ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે રુદ્ર, અમારા અપત્યોની અને વિશેષતઃ પુત્રોની તું હિંસા કરીશ મા. તેમજ ક્રુદ્ધ થઇને અમારા ભૃત્યોનો પણ તું વધ કરીશ માં. અમો હવિર્યુક્ત થઇને તારી નમસ્કારવડે સેવા કરીશું. ૬

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રના ઋષિ ભગવાન્, છંદ જગતી અને દેવતા ભગવાન્ છે. હે રુદ્ર, અમારા પુત્રોની અને પૌત્રોની રોગાદિકથી હિંસા કરીશ મા. **आयुष्य** એટલે એકસો સોળ વર્ષ. કારણ કે, '**आयुः षोडशवर्षशतं प्रह षोडशं वर्षशतमजीवत् । प्र ह षोडशं वर्षशतं जीवति**—આયુષ્ય એટલે એકસો સોળ વર્ષ, કારણ કે એકસો સોળ વર્ષ જીવ્યો, એકસો સોળ વર્ષ જીવે છે' એમ છાંદોગ્ય ઉપનિષદમાં કહેલું છે. '**विंशतिवर्षशतम्**—એકસોવીસ વર્ષ આયુર્માન છે' એમ જ્યોતિષની મત છે. '**सप्तविंशत्यधिकानि शतं वर्षाणि**—એકસો સત્તાવીસ વર્ષ એ મનુષ્યનું પૂર્ણ આયુર્માન છે' એમ પણ કેટલાએક કહે છે. '**शतमेव**–સો વર્ષ એ જ આયુર્માન' એમ પણ ઘણાઓનું માનવું છે. માટે તે આયુર્માનમાં તું અમારી હિંસા કરીશ મા. તેમ જ અમારા ગોમહિષીપ્રભૃતિ અને અશ્વગજાદિક પશુઓની તું હિંસા કરીશ ન.હિ તેમ જ અમારા સત્પુત્રોની તું હિંસા કરીશ મા. અથવા અમારા પરાક્રમી પુરુષોનો તું વધ કરીશ મા. કિંવા અમારા પરાક્રમી પુરુષોના હાથે કાંઈ અપરાધ થયો હોય, તો પણ તું ક્રુદ્ધ થઇને તેમનો વધ

કરીશ માં. એતદર્થે અમો ચરૂપુરોડાશાદિરૂપ હવિવડે યુક્ત થઇને નમસ્કારવડે તારી સેવા કરીશું.

આ મંત્રના પુરશ્ચરણાદિક:—કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને ઉદુંબરપાત્રમાં કપિલા ગાયનું ઘૃત સહસ્રવાર અભિમંત્રિત કરવું, ને તેનાથી પોતાના અથવા મંથનાગ્નિમાં આઠ હજાર હોમ કરીને, મહાવ્યાહૃતિવડે સો આહુતિ આપવી અને અશેષ ભક્ષણ કરીને ત્રિરાત્ર ઉપવાસ કરવો. પછી ચરૂભક્ષણ માત્ર કરીને પચાસ હજાર જપ કરવો, અને ગુરૂને પાંચ તોલા સુવર્ણ દક્ષિણા આપવી એટલે આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આયુષ્યની ઇચ્છા કરનારા રાજા માટે આ મંત્રનું અનુષ્ઠાન કહીયે છીયે. રાજાએ સ્વકીય અથવા મંથનાગ્નિ ઉપર કેવળ ઘીમાં પલાળેલા તલનો દશ હજાર હોમ કરવો. આઠ બ્રાહ્મણોએ રાજાના ફરતા આઠ દિશામાં બેસવું, અને આઠસો વાર અભિમંત્રિત કરેલી ભસ્મ લઇને રાજાને ચાંદલો કરવો ને નિત્ય એમ કરવું. આ મંત્રવડે બીજું અનુષ્ઠાન આ પ્રમાણે કરવું:—દહિ, મધ અને ઘીમાં બોળેલાં શ્વેત કમળનો દશ હજાર હોમ કરવો. એકાદશ રુદ્રરૂપ મંત્રસિદ્ધ અથવા સદ્યઃસિદ્ધ બ્રાહ્મણોએ દશ હજાર જપ કરવો. આચાર્ય પાસેથી મંત્રોપદેશ લઇને ત્રિરાત્ર ઉપોષણ કરીને નિરંતર ત્રિરાત્ર જપ કરવાથી બ્રાહ્મણ સદ્યઃસિદ્ધ થાય છે; અને તે તે કર્મ કરવાની યોગ્યતા તેને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે કરવાથી રાજાનો વૈભવ વૃદ્ધિગત થાય છે. આ મંત્રવડે ઘીમાં બોળેલી દૂર્વાનો નિત્ય દશ હજાર હોમ કરવો એટલે રાજા ચિરાયુઃ થાય છે. આ મંત્રથી એક હજાર આઠ અથવા એકસો આઠ, સુવર્ણ, રજત અથવા તામ્રમય જલપૂર્ણ કલશ અભિમંત્રિત કરીને ગંધાદિકવડે તેનું પૂજન કરવું, પ્રત્યેકને નવું વસ્ત્ર ઓઢાડવું, અને બીજાં પણ મંગલ કરીને આચાર્યે રાજાના જન્મ દિવસે જેટલા કલશ હોય, તેટલાવડે સ્નાન કરાવવું એટલે રાજા પાતકાદિ કાયિકદોષોથી અલિપ્ત થાય છે. અથવા

રાજાની અભિવૃદ્ધિ સારૂ એક બ્રાહ્મણે એક હજાર આઠ જપ નિત્ય કરવો. વાહન અને આયુધ એમની શાલા અને રત્નની ખાણો ઇત્યાદિકોને વિષે પ્રત્યેક માસે સૌમ્ય નક્ષત્ર ઉપર શાંતિ કરવી. પીપળો અને અઘેડો એની દહિ, મધ અને ઘીમાં બોળેલી સમિધોનો દશ હજાર હોમ કરવો, એટલે જેનું આયુષ્ય ખુટ્યું હોય તે પણ દીર્ઘાયુ થાય છે. દ્યૂતના વ્યવહારપ્રસંગે આ મંત્રનો જપ કરવાથી પરાજય થતો નથી. ત્રિરાત્ર ઉપોષણ કરીને નિરંતર જપ કરવો પછી ચરૂભક્ષણ કરીને મધમાં બોળેલાં બિલાંનો દશ હજાર હોમ કરવો એટલે સહસ્ર તોલા સુવર્ણ પ્રાપ્ત થાય છે. દહિ, મધ અને ઘીમાં બોળેલા કમળનો હોમ કરવાથી કન્યા પ્રાપ્ત થાય છે. એજ મંત્રથી એક વર્ષ પર્યંત ચરૂભક્ષણ કરીને કપિલા ગાયના ઘીથી પોતાના અગ્નિ ઉપર એક હજાર આઠ અથવા આઠસો આહુતિ નિત્ય આપવી એટલે સર્વ મહાપાતકોથી પુરુષ મુક્ત થાય છે. આ મંત્રવડે ઘસેલું ચંદન અભિમંત્રિત કરીને લલાટમાં ધારણ કરવાથી સર્વે વશ થાય છે. અઘેડાની સમિધથી પ્રતિજન્મદિવસે આઠ હજાર હોમ કરતાં અપમૃત્યુ ટળે છે. વૃષ્ટિની ઇચ્છા કરનારા પુરુષે રાતું વસ્ત્ર, રાતી પાઘડી અને રાતું ગંધ ધારણ કરીને જાસુનાં દશ હજાર પુષ્પથી સૂર્યનું આરાધન કરવું એટલે ભગવાન્ આદિત્ય મહાવૃષ્ટિ કરે છે. દૂરના પ્રવાસે નિકળનારા પુરુષે દશ કાંકરા લઇને આઠ હજાર મંત્રથી તેમને અભિમંત્રિત કરવા અને તે દશે દિશામાં નાંખીને ગમન કરવું, એટલે પ્રવાસસમાપ્તિપર્યંત તે ક્ષેમયુક્ત રહે છે. કર્મોની નિર્વિઘ્ને સમાપ્તિ કરવાની ઇચ્છાવાળાએ આ મંત્રનો દશ હજાર જપ કરીને પોતાના ઇષ્ટકર્મનો આરંભ કરવો એટલે અનાયાસે નિર્વિઘ્નતાપૂર્વક કર્મ સમાપ્ત થાય છે. પુત્રની ઇચ્છાવાળાએ આ મંત્રથી એક લક્ષ આજ્ય હોમ કરવાથી તેને ત્યાં વંશ ચલાવનારો પુત્ર પ્રાપ્ત થાય છે. જેને જીતવાની ઇચ્છા હોય તેની રેતીની મૂર્તિ કરીને તે મૂર્તિના મસ્તક ઉપર ઉભાં રહીને દશ હજાર જપ કરવો એટલે સર્વત્ર વિજય પ્રાપ્ત થાય છે. અને

આ મંત્રવડે બીજું પણ સર્વ સંભવનીય છે. સાક્ષાત્ દેવના મંત્રપ્રભાવથી જે સિદ્ધ થયેલા હોય તેમને જ અનુષ્ઠાનનું ફળ પ્રાપ્ત થાય છે અને બીજાઓનો પ્રયત્ન વ્યર્થ થાય છે એ ધ્યાનમાં રાખવું. આ મંત્રના અનુષ્ઠાન સમયે **दधानमेकादशधा विभक्तदेहं विशुद्धं स्फटिकप्रकाशम् । तेजोनिधिं शूलिनमिन्दुमौलिं विचिंतयेत्तत्र सदैव रुद्रम् ॥** એમ ધ્યાન કરવું. ॥ ૬ ॥

आरात्ते गोघ्न उत पूरुषघ्ने क्षयद्वीराय सुम्नमस्मे ते अस्तु । रक्षा च नो अधि च देव ब्रूह्यधा च नः शर्म यच्छ द्विबर्हाः ७

વે० પ્ર० ભાષ્ય:—ગવાદિ પશુ, પુત્ર પૌત્રાદિ મનુષ્યો અને ભૃત્ય એમનો વધ કરનારૂં તારૂં ઉગ્રરૂપ અમારાથી દૂર રહેજો; અને તારૂં સુખકર રૂપ અમારા વિષે હજો. એક ઘોર અને બીજું શિવ એવાં જે બે શરીર શ્રુતિમાં કહેલાં છે તે પૈકી ઘોર શરીર દૂર રહેજો. અને શિવ શરીર અહિં આવો. તેમ જ તું અમારૂં સર્વ બાજુથી રક્ષણ કર. હે દેવ, ઇતર યજમાન કરતાં દેવોમાં તું અમારી અધિક પ્રશંસા કર. અને બંને લોક વૃદ્ધિંગત કરનારો તું અમોને સુખ આપ. ॥ ૭ ॥

ભ० ભા० ભાષ્ય:—આ મંત્રના ઋષિ અત્રિ, છંદ ત્રિષ્ટુપ્ અને દેવતા શંભુ છે. આ ઋચા માંહેલાં સર્વ ચતુર્થ્યંત પદો ષષ્ઠ્યર્થે છે. **उत** શબ્દનો અર્થ અને એમ કરવો. પશુ અને મનુષ્યો એમની હિંસાથી થનારી તારી તૃપ્તિ દૂર રહો. અમો થકી અન્યસ્થળે દેવ તેવી ક્રીડા કરો, એ તાત્પર્ય છે. ક્ષયદ્વીર એવું તારૂં સુખકર સ્વરૂપ અમારે વિષે હજો. એટલે તું અમારી હિંસા કરીશ માં. પરંતુ, હિંસા ન કરવાથી જ અમો કૃતકૃત્ય થયા એમ ન સમજતાં તું અમારૂં રક્ષણ કર; અથવા **रूपम्** એ પદ અધ્યાહૃત લેવું. ગવાદિકોનો વધ કરનારૂં જે તારૂં ક્રૂરરૂપ તે દૂર રહો, અને સર્વ ઉપર અનુગ્રહ કરનારૂં જે તારૂં સુખકર રૂપ તે

અમારા વિષે હજો. જેની વિષે પ્રજા વાસ્તવ્ય કરે છે તે **क्षयद्वीर**, અર્થાત્ સર્વ ઉપર અનુગ્રહ કરવો એ જેનો સ્વભાવ છે તે. સારાંશ કે, અનુગ્રહ અને રક્ષણ કરવાથી થનારી તારી તૃપ્તિ અમારા વિષેની થજો. **अधिपति** પદનું વ્યાખ્યાન પૂર્વે કરેલું છે. અમારી પ્રાર્થનાથી દેવ પોતે જ "બીશો માં, હું રક્ષણ કરીશ" એમ અધિપતિ એ સંબંધથી અમોને વારંવાર કહે. કિંવા સર્વ લોકોની પેઠે અમોને ખબર ન પડવા દેતાં પક્ષપાતથી તે અમોને અધિક કહો. તેને જ ઐહિક અને આમુષ્મિક સુખ, હે દેવ, તું અમોને આપ. અથવા **द्विबर्हाः** એ દેવનું વિશેષણ કરીને ઐહિક અને આમુષ્મિક સુખ વૃદ્ધિંગત કરનાર એમ તેનો અર્થ કરવો. ઉભયલોકની વૃદ્ધિ કરનાર એમ પણ એ શબ્દનો અર્થ કેટલાએક કરે છે. અથવા **बर्ह** એટલે પક્ષ, **द्विबर्ह** એટલે બન્ને પક્ષનું અવલંબન કરનારો. બન્ને પક્ષનું અવલંબન કરનારો તું અમોને ઐહિક અને આમુષ્મિક સુખ આપ.

આ મંત્રનું પુરશ્ચરણાદિક:—ત્રિરાત્ર ઉપોષણ કરીને ત્રિરાત્ર નિરંતર જપ કરવાથી આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ મંત્રનું આયુષ્કામપુરુષે જ અનુષ્ઠાન કરવું, બીજાએ કરવું નહિં. '**शतायुः पुरुषः**' એવું શ્રુતિવચન હોવાથી આ જન્મમાં અથવા જન્માંતરોમાં થયેલાં આયુઃક્ષયકારકકર્મના લીધે બાલક આદિ મરે છે તેમનું આયુષ્ય વૃદ્ધિંગત કરવાનો પ્રયોગ આ મંત્રવડે કહેલો છે. આ મંત્રથી સ્વકીયાગ્નિ ઉપર નિત્ય એકસો આઠ અથવા એક હજાર આઠ ઘૃતાહુતિ આપવી અને દહિ, મધ તથા ઘીમાં બોળેલી દૂર્વાનો એક હજાર આઠ નિત્ય હોમ કરવો. સ્વજન્મ નક્ષત્ર ઉપર નિત્ય એક હજાર આઠ જપ કરવો. આર્દ્રા નક્ષત્ર ઉપર વિશેષ અનુષ્ઠાન કરવું તે આ પ્રમાણે:—પ્રત્યેક આર્દ્રા નક્ષત્ર ઉપર દૂર્વા, અઘેડો, ખીજડો અને તલ એને દહિ, મધ અને ઘીમાં બોળીને પ્રત્યેક દ્રવ્યનો દશ દશ હજાર હોમ કરવો અને

રાત્રે પાંચ હજાર જપ થતાં સુધી જેટલી થાય તેટલી પ્રદક્ષિણા કરવી. રાજાએ જન્મદિવસે દૂર્વા, અઘેડો ઇત્યાદિ દ્રવ્યો પૈકી પ્રત્યેકનો દશ દશ હજાર હોમ કરવો એટલે તે દીર્ઘાયુ થાય છે. અશક્ત પુરુષોએ પ્રવાહમાં હોમ કરવો, અને અત્યંત અશક્તોએ તો માત્ર જપ જ કરવો. દહિ, મધ અને ઘીમાં બોળેલા શુદ્ધ તંદુલથી દશ હજાર હોમ કરતાં આયુષ્યની વૃદ્ધિ થાય છે. આ મંત્રથી દેવને દશ હજાર આકડાનાં ફુલ ચઢાવતાં લક્ષ્મી વૃદ્ધિંગત થાય છે. પશ્ચિમદ્વારે ચરૂભક્ષણ કરીને ભૂમિ ઉપર શયન કરવું તથા બ્રહ્મચર્ય પૂર્વક ક્ષાર લવણ રહિત ભોજન કરીને દેવસન્નિધ સહસ્ર જપ કરતાં પુરુષ સાત જન્મ પર્યંત શતાયુ થાય છે. આ કહેલા નિયમપ્રમાણે વર્તવું જેને શક્ય નહિં હશે તેને ભિક્ષાહાર પ્રશસ્ત છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **कुर्वाणं संनिधौ देव्या देवमानंदताण्डवम्। हुताशनधरं ध्यायेत्तप्तकांचनसंनिभम्** એમ ધ્યાન કરવું ॥ ૭ ॥

स्तुहि श्रुतं गर्तसदं युवानं मृगं न भीममुपहत्नुमुग्रम्। मृडा जरित्रे रुद्र स्तवानो अन्यं ते अस्मन्निवपन्तु सेनाः ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે મારા ભાષણ, તું પ્રસિદ્ધ એવા રુદ્રનું સ્તવન કર. એ રુદ્ર ગર્ત તુલ્ય હૃદયકમલમાં સર્વદા વાસ્તવ્ય કરનારો છે. કારણ કે '**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति**' એવું સ્મૃતિ વચન છે. એ નિત્ય તરુણ છે, અને હાથીને ચીરવા સારૂ સિંહ ઉગ્ર થાય છે તેમ પ્રલય કાલે સર્વ જગતનો સંહાર કરવા સારૂ એ ઉગ્ર રૂપ ધારણ કરનારો છે. હે રુદ્ર, અમારા ભાષણથી તારી સ્તુતિ થતાં નિત્ય ક્ષીણ થનારા અમારા શરીરને વિષે તું સુખ ઉત્પન્ન કર, અને અમોથી ભિન્ન જે અમારો વૈરી તેનો તારી સેના નાશ કરો ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રના ઋષિ વૈયાઘ્ર, છંદ ત્રિષ્ટુપ્ અને

દેવતા રુદ્ર છે. દેવનું શરીર અતિ ભયંકર હોવાથી પૂર્વાર્ધમાં દેવને પરોક્ષ માનીને સ્તુતિ કરેલી છે. પોતાના અંતરાત્માને જ એ પ્રૈષ છે તથા અહિં વાક્યભેદ પણ છે. હે મારા અંતરાત્મા, સ્તવન કર. અથવા દ્વિતીય પુરુષને વિષે પ્રથમ પુરુષી ક્રિયાપદ ગણીને, એવા પ્રકારનો તું તે તારી હું સ્તુતિ કરૂં છું, એવો અર્થ કરવો. **શ્રુત** એટલે પ્રસિદ્ધ. **ગર્ત** એટલે રથ. ત્રિપુરદાહાદિસમયે જે ત્યાં હોય છે તે **ગર્તસત્**. અથવા **ગર્ત** એટલે હૃદય માંહેલો ભાગ. કેટલાએક **ગર્ત** એટલે વિશ્વને આવરણ કરનારૂં વિશેષ તેજ, અને કેટલાએક જે વિશ્વ ગળે છે તે **ગર્ત** એમ અર્થ કરે છે. અગ્નિના યોગથી જ્યાં પ્રજાભક્ષણ કરવામાં આવે છે તે **ગર્ત** એટલે સ્મશાન એમ પણ કેટલાએક માને છે અને **ગર્ત** એટલે શબ્દયુક્ત આકાશ એવું પણ કેટલાએકનું મત છે. નિત્ય તરુણ, મૃગરાજ સિંહની પેઠે ભયંકર રૂપ ધારણ કરનાર, શત્રુપ્રભૃતિનો વધ કરવા વિષે ઉદ્યુક્ત, કોઈ વખતે પણ પરાજીત ન થનારો અને મૃત્યુતુલ્ય ઉગ્ર એવા પ્રકારના ભગવાનનું તું સ્તવન કર. દેવની સ્તુતિના લીધે ભય કિંચિત્ ન્યૂન થવાથી ઉત્તરાર્ધ દેવને પ્રત્યક્ષ ઉદ્દેશીને છે. હે દેવ, મને સ્તુતિ કરનારને સુખી કર. સ્તુતિને તું જ પાત્ર છો. વળી તારો સેવકસમુદાય કિંવા જગતને ક્ષોભ કરનારો કિરણસમુદાય અમોને મુકીને અન્યનો વધ કરો.

આ મંત્રનાં પુરશ્ચરણાદિક:—એક રાત્ર ઉપોષણ કરીને ત્રિરાત્ર નિરંતર જપ કરવાથી આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. વિષતેલમાં બોળેલી વિકળાની સમિધનો સ્મશાનાગ્નિમાં લક્ષ હોમ કરવો એટલે શત્રુનો નાશ થાય છે. શત્રુનું નામગ્રહણપૂર્વક હાથમાં ભસ્મ લઈને દેવ સન્નિધ દશ હજાર જપ કરવો એટલે શત્રુને મહાજ્વર ચઢે છે. ધોળા સરસવનો દશ હજાર હોમ કરવાથી શત્રુને ઓરી નિકળે છે ને તે તેથી જ મરે છે. આ મંત્રથી શત્રુના ઘર, ખેતર વિગેરેમાં ખાડો ખોદીને તેમાં કેશ, અસ્થિ, રેતી વિગેરે દાટવાં એટલે તેનો શીઘ્ર નાશ થાય છે.

આ મંત્રના અનુષ્ઠાન સમયે उद्यद्भास्करकोटिप्रकाशमादीप्तदहनमूर्धानम् । अंबरनिलयं भीमं ध्यायेदभयं शिवं सुरौघनुतम् એમ અથવા चंद्रार्काग्निस्त्रिनयनं कालीदुर्गाद्विपक्षम् । विद्युज्जिह्वं वज्रनखं वडवाग्न्युदरं तथा । व्याधिमृत्युरिपुघ्नं च चण्डवातातिवेगिनम् । हृद्भैरवस्वरूपं च वैरिवृंदनिषूदनम् । मृगस्त्वर्धशरीरेण पक्षाभ्यां चंचुना द्विजः । अधोवक्त्रश्चतुष्पादस्तूर्ध्ववक्त्रश्चतुर्भुजः । कालांतदहनप्रख्यो नीलजीमूतनिःस्वनः । अरिर्यद्दर्शनादेव विनष्टबलविक्रमः । सटच्छटोग्ररूपाय पक्षविक्षिप्तभूभृते । अष्टपादाय रुद्राय नमः शरभमूर्तये એમ શરભેશ્વરરૂપ ધ્યાન કરવું. ॥ ૮ ॥

परि॑णो रु॒द्रस्य॑ हे॒तिर्वृ॑णक्तु॒ परि॑ त्वे॒षस्य॑ दु॒र्म॒तिर॑घा॒योः ।
अव॑ स्थि॒रा म॒घव॑द्भ्यस्तनुष्व॒ मीढ्व॑स्तो॒काय॒ तन॑याय मृडय ९

વે૦ પ્ર૦ ભાષ્ય:—જેના યોગથી વધ કરાય છે તે **हेति** અર્થાત્ આયુધ. તે આયુધથી અમારો ક્યારે પણ વધ ન થાઓ. ક્રોધથી પ્રદીપ્ત અને તેથી જ પ્રહારરૂપ પાપ કરવાની ઇચ્છા કરનારો જે રુદ્ર તેની ઉગ્રબુદ્ધિનું પરિણામ અમારા ઉપર ન થાઓ. વિરોધીઓનો નાશ કરવા સારૂ જે ઉગ્રબુદ્ધિ હોય છે તે હવિરૂપ અન્નથી યુક્ત એવા યજમાનથી તું દૂર કર; અને હે મનોરથપૂરક, તું અમારા પુત્રોને અને તેમના પણ પુત્રોને સુખ આપ. ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રનો છંદ ત્રિષ્ટુપ્ છે અને ઋષિ તથા દેવતા ભગવાન્ જ છે. દેવની તનુ પૂર્વવત્ ઉગ્રરૂપ હોવાથી મંત્રનો પૂર્વાર્ધ પરોક્ષને ઉદ્દેશીને છે ને ઉત્તરાર્ધ પ્રત્યક્ષ ઉદ્દેશીને છે, તેમજ વાક્યભેદ પણ છે. જેના યોગથી વધ કરાય છે તે **हेति** અર્થાત્ આયુધ, રુદ્રનું આયુધ સર્વ બાજુથી અમોને તજો. અર્થાત્ પુત્રપૌત્રાદિક સહિત એવા અમોને તેની બાધા ન થાઓ. તેમ જ ક્રોધથી પ્રદીપ્ત ને તેથી જ પાપી લોકો ઉપર સંકટ નાંખવાની ઇચ્છા કરનારો જે દેવ તેની

નિગ્રહરૂપ બુદ્ધિ પણ અમોને તજો. સારાંશ કે, શાસનને યોગ્ય એવા પાપકર્મો અમો ન કરીયે. સ્થિર ધનુષ્ય તું શિથિલ કર અર્થાત્ તેની પણછ ઉતાર. અથવા **स्थिरा** એ શબ્દ બહુવચનાંત માનીને, ધનુષ્યો પણછરહિત કર એવો અર્થ કરવો; કારણ કે, દેવના કાર્યવશથી અનેક પ્રકારનાં ધનુષ્યો સંભવિત છે. તે સર્વે શિથિલ કર. એ **अवस्थिरा तनुष्व** એ પદનો અર્થ છે. અમો ક્ષેમ સારૂ આ પ્રાર્થના કરીયે છીયે. **मघ** એટલે ધન; હવિરૂપ ધનવડે જે યુક્ત છે તે **मघवन्त.** સારાંશ કે, યજ્ઞયાગ કરનારા યજમાન સારૂ તું ધનુષ્ય ઉતારીને મુકી દે; અર્થાત્ તું તેમની હિંસા કરીશ મા. દ્રવ્યવાનની હિંસા કોણ કરે એવી શંકા થવાનો સંભવ છે. તેથી હવિર્યુક્ત એવા અમારાથી નિર્ભયપણે તારો યાગ કરી શકાય એતદર્થે તું ધનુષ્યને ઉતારીને મુકી દે. કેટલાએક એમ માને છે કે, **स्थिरा** એ **दुर्मति** નુ વિશેષણ છે. જે દુર્મતિ સ્થિર એટલે કાંઈક નિશ્ચલ છે તે તું હવિના યોગથી યજ્ઞયાગ કરવાને તયાર થયેલા પુરુષો માટે શિથિલ કર. યજમાનના સંબંધમાં તેવા પ્રકારનો વ્યવસાય તું કરીશ મા. વળી બીજી પણ અમારી એક પ્રાર્થના છે. અમારા પુત્રોને અને પૌત્રોને તું સુખી કર.

આ મંત્રનાં પુરશ્ચરણાદિક:—કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને નવદિવસ પર્યંત નિત્ય એક હજાર આઠ જપ કરવો એટલે આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ મંત્રવડે પુત્રની ઇચ્છાવાળાએ જ અથવા પુત્રની ઇચ્છાવાળાને જ માટે અનુષ્ઠાન કરવું, પરંતુ તે ગુપ્ત કરવું. દાવાનલથી દાઝેલાં ખાખરા ખેર વિગેરે વૃક્ષોની સમિધોને દહિ, મધ અને ઘીમાં બોળવી અને શિવાલયના પશ્ચિમદ્વારે તેનો દશ હજાર હોમ કરવો એટલે શિવતુલ્ય પુત્ર પ્રાપ્ત થાય છે. દેવાલયમાં, પીપળાના નીચે, પોતાના ઘરમાં કિંવા ગૌશાળામાં આર્દ્રાનક્ષત્રે, અમાવસ્યાએ કિંવા કૃષ્ણ-પક્ષની અષ્ટમીયે આરંભ કરવો. આરંભના પૂર્વેદિવસે દંપતિયે ચરૂભો-

જન કરવું. મંત્રાક્ષર જેટલા જ જલપૂર્ણ કલશ તંતુવેષ્ટિત કરીને સ્થાપન કરવા; તેમાં એક કુંભ ઉચ્ચ સ્થાને સ્થાપન કરવો અને તેના ઉપર ઉમાસહ મહાદેવનું આવાહન કરવું. **आयातु भगवान् कैलासात्** એમ કહીને આવાહન કરવું, ગંધાદિકથી પૂજન કરવું; પછી પૂર્વવત્ મધ્યકલશથી આરંભ કરીને પ્રત્યેક કલશને વિષે મંત્રારંભથી એક એક અક્ષરનો ન્યાસ કરવો, તદનંતર નવ હજાર જપ કરવો. ત્યાર પછી ઉદ્દેશક અગ્નિ ઉપર મધ અને ઘીમાં બોળેલી સામાની ધાણીનો એક હજાર આઠ અને આજ્યનો એક હજાર આઠ હોમ કરીને પ્રથમ કલશ લેવો. અને તત્તદક્ષરરૂપ ભગવાન્ છે એમ ચિંતન કરીને તેને સ્નાન કરાવવું. પછી ઉમા અને શિવ એમની એકાસન ઉપર સ્થાપના કરીને કુંભજલથી તેમને નવડાવવાં અને અંતે એક હજાર આઠ, એકસો આઠ કિંવા એકસો એક બ્રાહ્મણોને જમાડવા; ત્યાં કલશ, વસ્ત્રો વ્રીહિ ઇત્યાદિ આચાર્યને આપીને તેને જમાડવા અને દક્ષિણા સમયે પાંચ અથવા ત્રણ તોલા સુવર્ણ દક્ષિણા આપવી. એ કરતા યત્કિંચિત્ પણ દક્ષિણા ન્યૂન આપવી નહિ. આ પ્રમાણે દક્ષિણા આપ્યા પછી દંપતીએ ભોજન કરવું એટલે તેમને શિવતુલ્ય અને દીર્ઘાયુ પુત્ર થાય છે. આ પ્રમાણે અનુષ્ઠાન કરવાનું સામર્થ્ય નહિ હોયતો બીજું અનુષ્ઠાન આ પ્રમાણે કરવું: અસમર્થપુરુષે આ મંત્રનો દેવાલયના પશ્ચિમદ્વારે જપ કરવો અને દેવાલયને અહોરાત્ર પ્રદક્ષિણા કરવી. ઉદયથી અસ્તપર્યંત અને અસ્તથી ઉદયપર્યંત જો વિઘ્ન આવે તો પોતે અશક્ત નથી એમ જાણવું. સામર્થ્ય છતાં પણ પોતાને અસમર્થ માનીને જે અનુષ્ઠાન કરે છે તેનો નાશ થાય છે. માટે પુરશ્ચરણ ગુરુયુક્ત થઈ સાવધાનીપૂર્વક અનુષ્ઠાન કરવું. જે ખરેખર અસમર્થ, સંતાનની ઇચ્છાવાળા અને અગતિક છે એવાને માટે એ જ અનુગ્રહ છે કે, તેમણે એકસો આઠ, એકતાળીસ કિંવા એકવીસ દિવસની દિક્ષા લઇને ચરૂ ભોજન કરવું અને પશ્ચિમ-

દ્વારે નિત્ય એકસો આઠ જપ કરવો તથા એકસો આઠ પ્રદક્ષિણા કરવી. અશ્વત્થવૃક્ષના ઇશાન્ય દિશાના મૂલથી પ્રદક્ષિણાનો નિત્ય આરંભ કરીને નિત્ય એક હજાર આઠ જપ કરવો. અશ્વત્થની ચારે દિશા પૈકી પ્રત્યેક દિશામાં નિત્ય એક હજાર આઠ જપ કરવો. આ પ્રમાણે અનુષ્ઠાન પૂર્ણ કરીને યથાશક્તિ કિંવા તેટલા દિક્ષાયુક્ત બ્રાહ્મણોને જમાડવા. એમ કરવાથી વંશ ચલાવનાર પુત્ર પ્રાપ્ત થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **गजचर्मावृततनुं स्फुरत्प्रहरणोज्ज्वलम् । सर्वपापहरं ध्यायेद्देवं कुंजरमेदिनम्** એમ ધ્યાન કરવું. ॥ ૯ ॥

मीढुंष्टम् शिवंतम शिवो नंः सुमनां भव । परमे वृक्ष आयुंधं निधाय कृत्तिं वसांन आचंर पिनांकं बिभ्रदा गंहि १०

વે૦ પ્ર૦ **ભાષ્ય:**—હે મનોરથપૂરક, હે અત્યંત શાંતસ્વરૂપ, તું અમારા પ્રત્યે શાંત અને સ્નેહયુક્ત થા. ત્રિશૂલ પ્રભૃતિ આયુધોને વટ, અશ્વત્થ ઇત્યાદિ અતિ ઉન્નત વૃક્ષો ઉપર અમારી દૃષ્ટિએ નહિ પડે એમ મુકીને, કેવળ વ્યાઘ્રચર્મનું પરિધાન કરીને અમારા સન્મુખ આવજે. તેમ જ બાણાદિકનો ત્યાગ કરીને તું કેવળ પિનાક ધનુષ્ય ભૂષણ માટે હાથમાં ધારણ કરીને આવજે. ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ **ભાષ્ય:**—આ મંત્રના ઋષિ વૈરાજ, છંદ પંચપદા ત્રિષ્ટુપ્ અને દેવતા શંભુ છે. અષ્ટાક્ષરી ચાર પાદ હોઇને દ્વાદશાક્ષરી પાદ એક હોય તો તેને પંચપદા ત્રિષ્ટુપ્ છંદ કહે છે. આ મંત્ર માહેલા ત્રીજા પાદ વિના ઈતર સર્વપાદ અષ્ટાક્ષરી છે. હે ઉત્કૃષ્ટ પુરુષ, હે અતિશય કલ્યાણકારક, તું અમારો થઇને અમારા સંબંધમાં પોતાનું મન સારૂં કર અને અમારૂં પણ મન ઉત્તમ કર. 'હું ઉપકાર કરીશ' એવી બુદ્ધિથી તું વર્તજે. એ માટે દેવે શું કરવું જોઇએ તે આગળ કહેલું છે. અત્યંત ઉંચા એવા વટકર્ણિકારાદિ વૃક્ષો ઉપર ત્રિશૂલાદિ ભયંકર આયુધો અમારી દૃષ્ટિયે ન પડે એમ તું મુક. અથવા વૃક્ષાદિ દૂરસ્થળે એટલે

અમારી દૃષ્ટિને અગોચર એવા સ્થળે તું પોતાનાં આયુધ મુક અને વ્યાઘ્રચર્મ પરિધાન કરીને અહિં રહે; અથવા અમારી પાસે આવજે. વળી આવવાના સમયે તું પણછ અને બાણ એમનાથી રહિત એવું કેવળ પિનાક ધનુષ્ય ભૂષણ માટે હાથમાં ધારણ કરીને આવજે.

આ મંત્રનાં પુરશ્ચરણાદિક:—એક રાત્ર પંદર હજાર જપ કરવાથી આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. દ્રવ્યનાશ, પ્રાણનાશ, ઘોર સંકટ અને ચોર એ પૈકી કોઈ ભય ઉપસ્થિત થયો હોય તો કેવળ ઘૃતથી પાંચ હજાર હોમ કરવો એટલે તે ભયથી મુક્તતા થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **मंगलायतनं देवं युवानमतिसुंदरम् । ध्यायेद्वनचराकारमागच्छंतं पिनाकिनम्** એમ ધ્યાન કરવું. ॥ ૧૦ ॥

विकिरिद् विलोहित नमस्ते अस्तु भगवः । यास्ते सहस्रं हेतयोऽन्यमस्मन्निवपन्तु ताः ॥ ११ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—ભક્તોના સન્નિધ્ર અનેકપ્રકારથી જે નાખવામાં આવે છે તે **किरि**, એટલે ધન; તેને જે આપે છે તે **किरिद**; અને વિશેષત: જે આપે છે તે **विकिरिद**. **विलोहित** એટલે શ્વેતવર્ણ. એમ હોવાથી જ પંચાક્ષરના ધ્યાનમાં માંત્રિકો **ध्येयो मुक्तापरागामृतरसकलिताद्रिप्रभः** એમ કહે છે. અથવા વિશેષત: જે લોહિતવર્ણ તે **विलोहित**. એમ હોવાથી **कांचनाभो ध्येयः** એમ અષ્ટાક્ષરના ધ્યાનમાં કહેલું છે. **भगवः** એ સંબોધન હોઇને હે ષડ્ગુણસંપન્ન, એ તેનો અર્થ છે. '**ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा**—સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ને **भग** એવી સંજ્ઞા છે' એ સ્મૃતિ વચનમાં ભગશબ્દનું ષડ્ગુણવાચકત્વ દર્શાવેલું છે. **भगवत्** શબ્દની વ્યુત્પત્તિ '**उत्पत्तिं च विनाशं च भूतानामागतिं गतिम् ॥ वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति**—ભૂતોની ઉત્પત્તિ, વિનાશ, આગમન, ગમન, જ્ઞાન અને અજ્ઞાન

જે જાણે છે તે ભગવાન' આ સ્મૃતિવચનમાં અન્યપ્રકાર પણ દર્શાવેલ છે. નિર્દિષ્ટ ત્રણ વિશેષણોથી યુક્ત એવા હે રુદ્ર, તને નમસ્કાર હજો. તારા જે હજારો આયુધ છે તે સર્વ અમોથી ભિન્ન એવા શત્રુનો નાશ કરો. ॥૧૧॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રના ઋષિ પુલહ, છંદ અનુષ્ટુપ્ અને દેવતા શંભુ છે. **विकिरिद्** શબ્દનું વ્યાખ્યાન થઈ ગયેલું છે. અથવા **विकिरिद्** એટલે આયુધરહિત. **किरि** એટલે હિંસા. જેનાથી હિંસાથાય છે તે **किरिद्** એટલે આયુધ. આયુધ જેની પાસેથી ગયેલાં છે તે **विकिरिद्**. ખરેખર બીજાને દુઃખ આપનારા આયુધ તારી પાસે નથી એ આ સંબોધનનું તાત્પર્ય છે. અથવા નાના પ્રકારે જે પ્રાણિઓની હિંસા કરે છે તે **विकिरि** અર્થાત્ સંસારપ્રભૃતિ પાપમૂલક વ્યાધિ, તેમનો જે નાશક તે **विकिरिद्**. અથવા બાણુ ફેંકીને જે વધ્યનો વધ કરે છે તે **विकिरिद्** એમ કેટલાએક કહે છે. જેના શરીરનો અર્ધભાગ આરક્ત થઈ ગયેલો છે તે **विलोहित**. જેનો અર્ધભાગ નીલવર્ણ હોઇને અર્ધ ભાગ આરક્તવર્ણ છે તે **लोहित**. '**दरिद्रन्नीललोहित**' એમ આ જ અનુવાકમાં કહેલું છે. અને '**पुरुषं कृष्णपिङ्गलम्**' એમ બીજા પણ મંત્રમાં કહેલું છે. જેમાંથી વિકાર ગયેલા છે તે **विलोहित** એમ પણ કેટલાએક માને છે. **लौहित्य** એટલે કાલુષ્ય અર્થાત્ વિકાર. વસ્તુતઃ તારે વિશે વિકાર હેતુ છે જ નહિ. ચિત્તમલજન્યક્રોધપ્રભૃતિ વિકાર તો દૂર જ છે. ક્રોધપ્રભૃતિ વિકાર હોત તો આયુધ ધારણ કરીને તેં પ્રાણિઓનો નિગ્રહ તેમના યોગથી કર્યો હોત પરંતુ વિકાર ક્યાં છે? સ્પષ્ટ કરવા સારૂ **भगवः** એમ કહેલું છે. '**उत्पत्तिं च विनाशं च भूतानामागतिं गतिम्। वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति**—ભૂતોની ઉત્પત્તિ, વિનાશ, આગમન, ગમન, જ્ઞાન અને અજ્ઞાન જે જાણે છે તે ભગવાન' આ સ્મૃતિના વચનમાં **भग** શબ્દનું ષડ્ગુણ વાચકત્વ દર્શાવેલું છે. હે ભગવન્, તને નમસ્કાર હજો. '**ऐश्व-**

ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चापि षण्णां भग इतीरणा—સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ને **ભગ** એ સંજ્ઞા છે' એમ પણ સ્મૃતિવચન છે. આ પ્રમાણે વસ્તુતઃ એ કે આયુધ તારી પાસે નથી, તથાપિ, જગત્સંહાર સમયે જે હજારો આયુધ તારાં હોય છે તે તારી કૃપાથી અમારા વિના ઇતરનો વધ કરો. અથવા, વસ્તુતઃ તારે વિષે વિકાર હેતુ છે જ નહિં. તથાપિ કર્મહીન પુરુષોનો નિગ્રહ કરવાને જે હજારો સાધન તારી પાસે છે તેઓ અમારા વિના ઈતરને પીડા કરો. તારા નિગ્રહને અમો પાત્ર ન હોઇયે એવી પ્રાર્થના આ મંત્રમાં કરેલી છે.

આ મંત્રનાં પુરશ્ચરણાદિકઃ—ત્રિરાત્ર ચરૂભક્ષણ કરીને દશ હજાર જપ કરવો અને તે થયા પછી પ્રદક્ષિણા કરતાં કરતાં દશ હજાર જપ કરવો એટલે આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. મોટાની સાથે વિરોધ પ્રાપ્ત થયો હોય તો દહી, મધ અને ઘીમાં બોળેલા હવિર્દ્રવ્યસમુદાયનો દશ હજાર હોમ કરવો એટલે ભય પ્રાપ્ત થતો નથી. સર્વને જીતવાની ઇચ્છા હોય તો કપિલા ગાયના ઘી છાંટેલી અઘેડાની સમિધનો એક લક્ષ હોમ કરવો. આ જ મંત્રવડે સૂકરાદિ વશ થાય છે. પશુપાક્ષઓને જીતવાની ઇચ્છાવાળાયે દહિ, મધ અને ઘીમાં બોળેલી બીલીના સમિધનો લક્ષ હોમ કરવો. જલ જીતવાની ઇચ્છાવાળાયે જલમાં પોતાના અગ્નિની સ્થાપના કરીને કપિલા ગાયના દુધનો એક લક્ષ હોમ કરવો એટલે જલથી ભય પ્રાપ્ત થતો નથી. એમજ બીજું પણ જે જે જીતવાની ઇચ્છા હશે તેનું તેનું નામ લઇને કપિલાગાયના ઘૃતથી એક લક્ષ હોમ કરવો એટલે સર્વ જીતાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **प्रसन्नवदनं सौम्यं रचितोद्वाहमण्डनम् । अंबया सहितं ध्यायेत्सुरसंघैरभिष्टुतम्** એમ ધ્યાન કરવું. ॥ ૧૧ ॥

सहस्राणि सहस्रधा बाहुवोस्तव हेतयः । तासामीशानो भगवः पराचीना मुखा कृधि ॥ १२ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—હે રુદ્ર, તારા હાથમાં હજારો પ્રકારનાં હજારો આયુધ છે. ધનુષ્ય, ખડ્ગ, ત્રિશૂલ ઇત્યાદિ જાતિભેદથી હજારો જાતિનાં આયુધ હોઇને પ્રત્યેક જાતિમાં હજારો પ્રકાર છે. હે ષડ્ગુણસંપન્ન, તું સમર્થ હોવાથી તે આયુધોનાં ફલ અમારાથી પરાવૃત્ત કર. ॥ ૧૨ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકા-
ચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતેશૈવસર્વસ્વાખ્યરુદ્રા-
ધ્યાયભાષ્યેગુર્જરાનુવાદેશ્રીસાયણાચાર્યવિરચિતે માધ-
વીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમ-
પ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે દશમોનુવાકઃ ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ મંત્રના ઋષિ નારદ અથવા કણ્વ, છંદ અનુષ્ટુપ્ અને દેવતા રુદ્ર છે. રાજોપદ્રવશાંતિમાં એનો વિનિયોગ છે. આયુધોના હજારો પ્રકાર બાહૂઓના વિષે છે. અહિંનું દ્વિવચન અમસ્તુ જ છે; અથવા આયુધયુક્ત એવા જો કે ઘણા બાહુ છે તો પણ પ્રહાર કરવામાં બે જ બાહુ રોકાતા હોવાથી બાહ્વોઃ એમ દ્વિવચનાંત પ્રયોગ કરેલો છે. એક એક પ્રકારનાં જ આયુધો હજાર હજાર છે અને એક એક હજાર આયુધો તારા બાહુને વિષે છે. તારા બાહુને વિષે જે હિંસાનાં સાધનો છે તે હજારો હોઇને હજારો પ્રકારનાં છે. હે ભગવાન્, તે આયુધોનાં મુખ અમારા આગળથી વાળીલે; અથવા તે હિંસાનો ઉપક્રમ તું અમારા વિના બીજેથી કર. તું સર્વેશ્વર છો. અથવા તે આયુધોનો પ્રયોગ, ઉપસંહાર કિંવા ઇષ્ટ સ્થળે પ્રવૃત્તિ કરવાને તું સમર્થ છો, માટે તેમનાં મુખ તું વાળીલે.

આ મંત્રનાં પુરશ્ચરણાદિક:—અર્ધકૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને પંદર હજાર જપ કરવાથી આ મંત્રનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ મંત્રવડે પ્રજાનો ઉપદ્રવ રાજાએ નિવૃત્ત કરવો. શિમળો અને વિકળો એમની સમિધ

તથા વ્રીહિ, યવ અને તિલ એમને ઘીમાં પલાળીને દશ હજાર હોમ કરવો એટલે ઉપદ્રવ નષ્ટ થાય છે. ભગવાન્ દક્ષિણામૂર્તિના સન્નિધ એક લક્ષ જપ કરવો. પ્રધાન પુરુષ મરતો હોય, તો રાફડાની માટીનું લિંગ કરીને આ મંત્રથી, ગળી જતાં સુધી તેના ઉપર અભિષેક કરવો. પછી તે મૃતિકા લઈ જઇને નદીમાં નાંખવી અને તે નદીના કાંઠે પોતાના અગ્નિ ઉપર ઘૃતમાં બોળેલા શુદ્ધ તંદુલનો દશ હજાર હોમ કરવો એટલે તેનું મરણ ટળે છે. મહાવનમાં જનારાએ એક હજાર આઠ વાર આ મંત્રથી અભિમંત્રિત કરેલા ભસ્મથી આખું શરીર લેપન કરીને વનમાં જવું એટલે કોઇ પણ પ્રકારનો ભય તેને પ્રાપ્ત થતો નથી. કાળીચૈદસના રાત્રે સ્મશાનમાં ઓદનયુક્ત માર્જાર માંસથી **राक्षसेभ्यो बलिमुपहरामि** એમ કહિને રાક્ષસોને બલિ આપવો એટલે તેમનો ભય રહેતો નથી. રાજાના ક્રોધના લીધે જેઓ હણાયા હોય તેમણે તે રાજાની સુવર્ણ-પ્રતિમા કરીને તેના સન્નિધ આ મંત્રથી એક હજાર આઠ ઘૃતાહુતિ આપવી અને કુક્કુટ માંસનો બલિ આપવો. તે હોમને અંગે નવાં વસ્ત્રો અને સુવર્ણ વિગેરે દક્ષિણા આપવી. ત્રણ તોલા અથવા એક તોલો સુવર્ણ કિંવા રાષ્ટ્રનો સોમો ભાગ દક્ષિણા આપવી. દૈવિકઉપદ્રવથી પીડાતાં બીજાંઓ માટે પણ આ મંત્રથી એક હજાર આઠ ઘૃતાહુતિ આપવી એટલે દૈવિક ઉપદ્રવનો નાશ થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **सर्वपापहरं देवं सर्वाभरणभूषितम् । सर्वायुधधरं ध्यायेत्सर्वलोकमनोहरम्** એમ ધ્યાન કરવું ॥ ૧૨ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે યજુર્વેદભાષ્યે રુદ્રપ્રશ્ને

દશમોનુવાકઃ ॥ ૧૦ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—દશમા અનુવાકમાં કેટલા એક ઋક્સ્વરૂપ મંત્રો કહ્યા. હવે આ અગિયારમામાં અવશિષ્ટ ઋચા અને મંત્ર કહેલા છે. તેમાં પ્રથમ દશઋચા કહેલી છે. તે પૈકી પેહેલી ઋચા આ પ્રમાણેઃ—

सहस्राणि सहस्रशो ये रुद्रा अधि भूम्याम् । तेषां॒ सहस्रयोजनेऽव धन्वानि तन्मसि ॥ १ ॥

ભૂમિ ઉપર જે હજારો જાતિના હજારો રુદ્ર છે તે સર્વનાં ધનુષ્યો અમારાથી સહસ્ર યોજન દૂર અમો પણછરહિત કરીને મુકિયે છીયે. વિનાયક, પ્રથમ, શૈલ ઇત્યાદિ ભિન્ન ભિન્ન જાતિ તે સર્વે રુદ્ર છે. તેમાં અનેક સહસ્ર રુદ્ર ભિન્ન ભિન્ન આકારના છે. ॥ ૧ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—આ અનુવાકમાંહેલી સર્વે ઋચાના છંદ અનુષ્ટુપ્ હોઇને તે ઋચા દશ છે ને આ અનુવાકનું **अवतान** એ નામ છે. **तेषा॑ंसहस्रयोजने** એ અરધી ઋચા પ્રત્યેક વાક્ય આગળ અધ્યાહૃત છે. જપાદિકમાં માત્ર અનુવાકના આરંભે અને અંતે તે ઋચા પઠિત છે. **नमो रुद्रेभ्यः** ઇત્યાદિ ત્રણ યજુર્મંત્ર છે. 'બ્રહ્મદેવે પ્રાર્થના કરતાં શિવે દેવતુલ્ય રૂદ્ર ઉત્પન્ન કરેલા છે. તે રુદ્ર સર્વે ચરાચર પ્રાણિઓનું રક્ષણ, પોષણ, સંહારાદિ કરે છે; કર્માનુરૂપ ફલ આપે છે અને બ્રહ્માંડમાં સર્વ સ્થળે અનેકરૂપો ધારણ કરીને રહે છે. તે વાયુ સ્વરૂપ છે; અને કિરણ, મનુષ્યો ઇત્યાદિકોના રૂપે પણ રહે છે તેમની હમણા પ્રાર્થના કરેલી છે' એમ કેટલાએક કહે છે. કેટલાએક એમ પણ કહે છે કે આ શિવ ભક્તો માટે સેંકડો, હજારો અને લાખો રૂપ ધારણ કરીને પ્રત્યેક રૂપથી દર્શન, મનોરથ પૂરણ ઇત્યાદિ પ્રકારનો અનુગ્રહ કરે છે. તે ભિન્ન ભિન્ન પ્રકારના રુદ્ર અનાદિસંસારમાં જગત ઉપર અનુગ્રહ કરવા સારૂ અસંખ્યાત પ્રવૃત્ત થાય છે. તેમને ઉદ્દેશીને આ મંત્ર પ્રવૃત્ત થયેલા છે. વળી કેટલાએક એમ પણ કહે છે કે, સંહાર કરનારા દેવતા ક્રોધરૂપ તણખા પ્રાણિરૂપે સર્વે લોકોમાં સંચાર કરે છે તેમની આ પ્રાર્થના છે. અને આ

રુદ્ર તુલ્ય ગણાધિપતિ રૂદ્ર છે. એમ પણ કેટલાએક કહે છે. પેહલા ચાર મંત્રોના ઋષિ દુર્વાસા હોઇને અવશિષ્ટ મંત્રોના દેવલઋષિ છે. સર્વેના છંદ અનુષ્ટુપ્ અને દેવતા રુદ્ર જ છે હજાર હજાર થઇને જે રુદ્ર રહેલા છે, એ **सहस्रशः** શબ્દનો અર્થ છે. હજારો પ્રકારના અને પ્રત્યેક પ્રકારમાં હજારો એવા જે અનેક હજાર રુદ્ર ભૂમિ ઉપર વિદ્યમાન છે અથવા ભૂમિના અધિપતિ છે; અર્થાત્ કર્માનુરૂપ પ્રાણિઓનો નિગ્રહ અને તેમના ઉપર અનુગ્રહ કરવા સારૂ જે પૃથ્વિના અધિપતિ થયેલા છે તેમનાં ધનુષ્યો અમો પણછરહિત કરીયે છીયે. સ્તુતિ, નમસ્કાર અને હવિ એમના યોગથી અમો તેમને પ્રસન્ન કરી લઇયે છીયે. એટલે તેઓ ધ્રનુષ્ય ઉતારીને શાંત થાશે. આઠ હજાર ધ્રનુષ્યનું એક યોજન થાય છે. જ્યાં હું છું ત્યાં ચોફેર હજાર હજાર યોજનમાં જે તેમનાં ધ્રનુષ્યો હશે તે અમો પણછરહિત કરીયે છીયે. હજાર યોજનના આગળ જે હશે તે પણછરહિત રહો. અથવા હજાર યોજનના આગળ પણ રહેલાં તેમના ધનુષ્યો અમો પણછરહિત કરીયે છીયે. તો પછી અમારી પાસે રહેનારાં આયુધોને દૂર રાખવાની વાત જ શું કરવી? ॥ ૧ ॥

अस्मिन्महत्यर्णवेऽन्तरिक्षे भवा अधि ॥ २ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—આ મહાસાગરતુલ્યવિશાલઅંતરિક્ષનો આશ્રય કરીને જે રુદ્ર રહે છે તેમના ધનુષ્યો સહસ્ર યોજનપર્યંત અમો પણછરહિત કરીયે છીયે. ઉત્તરાર્ધનો અર્થ પ્રથમ ઋચાની વખતે કહેલો છે. બીજી ઋચાથી તે નવમી ઋચાપર્યંત આઠ ઋચામાં આ ઉત્તરાર્ધ અધ્યાહૃત છે, ને તે દર્શાવવા સારૂ જ દશમી ઋચામાં આ ઉત્તરાર્ધનો ફરીથી પાઠ છે. ॥ ૨ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—આ વૃષ્ટ્યુદકના લીધે યુક્ત એવા અંતરિક્ષમાં અથવા અંતરિક્ષના અધિપતિ જે રુદ્ર છે તેમના ધનુષ્યો ઇત્યાદિ. ભૂમિ અને સ્વર્ગ એમના વચમાં જે રહે છે તે અંતરિક્ષ. ॥ ૨ ॥

नीलग्रीवाः शितिकण्ठाः शर्वा अधः क्षमाचराः ॥ ३ ॥

वे० प्र० भाष्यः—કંઠની એક બાજુએ નીલવર્ણું અને ઇતર સ્થળે શ્વેતવર્ણું. એવા જે રુદ્ર ભૂમિના અધોભાગે પાતાલમાં સંચાર કરે છે તેમના ધનુષ્યો ઇત્યાદિ પૂર્વવત્. ॥ ૩ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—**नीलग्रीव** અને **शितिकण्ठ** એ શબ્દોનું વ્યાખ્યાન કરેલું છે. પાતાલલોકમાં જે અધિપતિરૂપે સંચાર કરે છે તે **अधःक्षमाचर. शर्व** એટલે રૂદ્ર. તેમના ધનુષ્યો ઇત્યાદિ વિષય પ્રથમ મંત્રની પેઠે જ અહિં અધ્યાહૃત લેવો. ॥ ૩ ॥

नीलग्रीवाः शितिकण्ठादिवंरुद्रा उपश्रिताः ॥ ४ ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—**दिवमुपश्रिताः** એટલે સ્વર્ગમાં રહેનારા. ॥ ૪ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—બીજી, ત્રીજી અને ચોથી એ **ऋ**ચામાં **ये** એ પદ અધ્યાહૃત લેવું. **ये** એટલે નીલગ્રીવ અને વિલોહિત એવા રુદ્ર ઇંદ્રલોકાદિમાં અધિપતિરૂપે રહેલા છે તેમના.

આ ચારે મંત્રોનું પુરશ્ચરણાદિકઃ—દેહશુદ્ધ્યર્થે ચાંદ્રાયણ કરીને પાંચ હજાર જપ કરવાથી આ ચારે મંત્રોનું પુરશ્ચરણ સિદ્ધ થાય છે. આ મંત્રોથી અભિચાર કર્મ કરવું. પોતાના દેશમાં અવતરેલા બ્રાહ્મણો પાસે રાજાએ હોમ કરાવવો. શિમળો, સાલ, નેતર અને વાંસ એમનાં બાણ કરીને આકડાના રૂથી વિટવા, અને સસલાના રક્તમાં બોળીને એવાં લક્ષબાણનો હોમ કરવો. અતિ ઝીણા લોટમાં તેલ નાંખીને તેની શત્રુની મૂર્તિ કરવી અને તે મૂર્તિને વિષે પ્રાણપ્રતિષ્ઠા કરવી. પછી તે મૂર્તિના યથાનુક્રમે કટકા કરીને તેનો એક હજાર આઠ હોમ કરવો. અને ત્યાર પછી સસલાના રક્તમાં બોળેલા એક હજાર આઠ કૂર્ચનો હોમ કરવો એટલે આ પ્રયોગથી શત્રુનો નાશ થાય છે. અભિચારનો પ્રતિકાર કરવા સારૂ દહિ, મધ અને ઘીમાં બોળેલી દૂર્વાનો એજ મંત્રોથી પાંચ હજાર

હોમ કરવો, એટલે અભિચાર કરનારા રાજાના પ્રયત્ન નિષ્ફળ થાય છે. આ મંત્રના અનુષ્ઠાન સમયે **दंष्ट्राकरालवदनं ज्वलज्ज्वलनमूर्धजम् । बिभ्राणं त्रिशिखं दीप्तं ध्यायेद्भुजगभूषणम्** એમ ધ્યાન કરવું. ॥ ૪ ॥

ये वृक्षेषु सस्पिञ्जरा नीलग्रीवा विलोहिताः ॥ ५ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—લોકોમાં જેમ રુદ્ર છે તેમ જ તે વૃક્ષોમાં પણ છે. તે પૈકી કેટલાએક કુણા ખડ જેવા પિંજર વર્ણ હોઇને કેટલાએક કંઠને વિષે નીલવર્ણ છે; અને કેટલાએક વિશેષતઃ આરક્તવર્ણ છે. એવા પ્રકારના જે રૂદ્ર છે તેમનાં ધનુષ્યો ઇત્યાદિ પૂર્વવત. ॥ ૫ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—વૃક્ષોને વિષે અથવા ચરાચર પ્રાણિઓને વિષે જે રુદ્ર કોમલ તૃણવત હરિતવર્ણ હોઇને લોકપીડકોનો નાશ કરનારા છે, જેમનો કંઠ નીલવર્ણ હોઇને જે નિષ્પાપ છે અને સ્વામી તથા રક્ષકરૂપે જે શ્રેષ્ઠ છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત. ॥ ૫ ॥

ये भूतानामधिपतयो विशिखासः कपर्दिनः ॥ ६ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—**ભૂત** એટલે ગુપ્ત શરીરથી યુક્ત હોઇને મનુષ્યોને ઉપદ્રવ કરનારો પ્રાણિ સમુદાય. એ ભૂતોનાઃ અધિપતિ જે રુદ્ર છે તે પૈકી કેટલાએકનું માથું મુંડેલું હોઇને કેટલાએકે જટા ધારણ કરેલી છે. તેમનાં ધનુષ્યો ઇત્યાદિ પૂર્વવત. ॥ ૬ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—પંચમહાભૂતોના અધિપતિ જે રુદ્ર છે એટલે પ્રવૃત્તિ અને નિવૃત્તિના કારણ હોઇને ઉભયમાર્ગથી વર્તનારાઓને જે સુખ આપનારા છે અને જે ભૂતોના વિષે વાસ્તવ્ય કરતા હોય છે, તે શિખારહિત છે એવા જે શિખારહિત છે અને જે જટારૂપ મુકુટ ધારણ કરનારા છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત. **विशिखासः** એટલે શિખારહિત, નાના પ્રકારની શિખાથી યુક્ત, અથવા નાના પ્રકારનાં કિરણોથી યુક્ત. ॥ ૬ ॥

ये अन्नेषु विविध्यन्ति पात्रेषु पिबतो जनान् ॥ ७ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—જે રુદ્ર, સેવન કરવામાં આવતા અન્નમાં ગુપ્ત રહિને લોકોને ધાતુ વૈષમ્યાદિ પ્રકારોથી વિશેષતઃ પીડા આપે છે અને દુધ, જલ ઇત્યાદિ પેયદ્રવ્યોમાં ગુપ્ત રહીને જે દુધ જલ વિગેરે પીનારાઓને વિશેષતઃ વેધ કરે છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત્. ॥ ૭ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—જે રુદ્ર, સેવન કરવામાં આવતા ઓદનાદિ પદાર્થોમાં રહીને વેધ કરે છે એટલે તે પદાર્થ સેવન કરનારા પાપીઓને તેમના પાપાનુરૂપ જે ધાતુવૈષમ્ય વિગેરે ઉત્પન્ન કરીને રોગાદિકથી પીડા આપે છે; અને દુગ્ધપ્રભૃતિ પેયદ્રવ્યોમાં રહીને જે પેયદ્રવ્ય સેવન કરનારાઓને પીડા આપે છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત્. **पात्र** શબ્દનો અર્થ ઘડો, પ્યાલો વિગેરે; એમપણ થાય છે.

આ મંત્રોનું પુરશ્ચરણાદિક:—આ ત્રણે મંત્રનું પુરશ્ચરણાદિક સર્વ કાંઈ પૂર્વવત્ કરવું. ॥ ૭ ॥

ये पथां पथिरक्षय ऐलबृदा यव्युधः ॥ ८ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—જે રુદ્ર લૌકિક અને વૈદિક માર્ગના અને તેમાં પણ સર્વ માર્ગના રક્ષક હોઇને તેતે માર્ગે જનારાઓનું અન્નદાનથી પોષણ કરનાર છે, અને જે શત્રુની સાથે યુદ્ધ કરનાર છે એટલે અમારા અનિષ્ટોનું નિવારણ કરનાર છે, તેમનાં ઇત્યાદિ પૂર્વવત્. ॥ ૮ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—લૌકિક અને વૈદિક એવા ઉભય પ્રકારના જે માર્ગ તેમના અધિપતિ જે રુદ્ર છે એટલે તે માર્ગોનો નિરોધ કરવાને અને તેમના યોગથી પ્રાણિઓને સ્થિરસ્થાવર કરવાને જે સમર્થ છે અને સર્વ માર્ગોની સાથે જેમનો સંબંધ છે, સન્માર્ગવર્તિ પુરુષોને આપવા સારૂ જે અન્નધારણ કરતા હોય છે કિંવા અન્ન સમુદાયના જે અધિપતિ છે; જે તરુણનીજ સાથે યુદ્ધ કરે છે, એટલે અતિશય મોટા

છે; અથવા આયુષ્યનો જે સંહાર કરનારા છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત. લૌકિક અને વૈદિક માર્ગે વર્તનારા પૈકી કોઇને તેમના કર્માનુરૂપ એ રુદ્ર અન્ન અને આયુષ્ય આપે છે, કોઈનું અન્ન અને આયુષ્ય હરણ પણ કરે છે, કોઇને અન્ન આપીને આયુષ્ય હરણ કરે છે અને કોઇને આયુષ્ય આપીને અન્ન હરણ કરે છે. **यव्युध** શબ્દનો અર્થ લક્ષ્યને જ વેધ કરનારા એમ પણ કેટલાએક કરે છે. ॥ ૮ ॥

ये तीर्थानि प्रचरन्ति सृकावन्तो निषङ्गिणः ॥ ९ ॥

વે૦ પ્ર૦ ભાષ્ય:—કાશી, પ્રયાગ ઇત્યાદિ તીર્થોને વિષે જે રુદ્ર પોતાના કેટલાએક હાથમાં છુરીઓ લઇને અને કેટલાએક હાથમાં તરવાર લઇને રક્ષણાર્થે સંચાર કરે છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત. **सृक** એટલે છુરી અથવા તીણી અણીવાળું એક આયુધ. ॥ ૯ ॥

ભ૦ ભા૦ ભાષ્ય:—જે રૂદ્ર આયુધો અને તરવારો લઇને અવિમુક્તાદિ તીર્થોને વિષે કોઇને તીર્થફલ આપવાસારૂ અને કોઈ પાસેથી તે હરણ કરવા સારૂ સંચાર કરે છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત. **निषंगी** એટલે તરવાર ધારણ કરેલા અથવા અતિશય અડીને રહેનારા.

આ મંત્રોનું પુરશ્ચરણાદિક:—આ બે મંત્રોનું પુરશ્ચરણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરીને પાંચ હજાર જપ કરવાથી સિદ્ધ થાય છે. આ મંત્રોથી ઋતુગમન દિવસે સ્વકીય અગ્નિ ઉપર કપીલા ગાયના ઘૃતમિશ્ર દુગ્ધનો એક હજાર આઠ હોમ કરવો અને ઋતુકાલે ગમન કરવું એટલે વિદ્વાન અને વંશ ચલાવનારો પુત્ર થાય છે. એ જ મંત્રોથી મહાતીર્થાગમન સમયે સ્વકીય અગ્નિ ઉપર ઘીમાં બોળેલા શુદ્ધ તંદુલનો દશ હજાર હોમ કરવો, અને મૌન ધારણ કરીને જવું તથા સ્નાન કરીને આવ્યા પછી અગ્નિનું પૂજન કરીને મૌન મુકવું એટલે યથાર્થ તીર્થફલ પ્રાપ્ત થાય છે. ધ્યાનાદિ સર્વ પૂર્વવત કરવું. ॥ ૯ ॥

य एतावन्तश्च भूयाꣳसश्च दिशो रुद्रा वितस्थिरे ।
तेषाꣳसहस्रयोजनेऽव धन्वानि तन्मसि ॥ १० ॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—सहस्राणि सहस्रशः ઇત્યાદિ ઋચાથી જે નિર્દિષ્ટ કર્યા તેટલા અને તેમનાથી પણ અધિક જે સર્વ દિશાઓને વિષે પ્રવેશ કરીને રહેલા છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત્. આ પ્રમાણે દશ ઋચા કથન કરી છે. ॥ ૧૦ ॥

ભ૦ ભા૦ ભાષ્યઃ—सहस्राणि सहस्रशः આ મંત્રથી તે **ये तीर्थानि** આ મંત્રના અંત પર્યંત જે રુદ્ર નિર્દિષ્ટ કર્યા તેટલા અને તેમના કરતાં પણ ઘણા જે રુદ્ર સર્વ દિશા વ્યાપીને રહેલા છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત. અથવા એટલા જ છે એમ જેમનો નિર્દેશ પૂર્ણ થવો અશક્ય છે ને તેથી જ એટલા અથવા ઘણા એ શબ્દોથી જેમનો નિર્દેશ થવો અસંભવનિય છે અર્થાત્ જે અસંખ્ય રુદ્ર સર્વ રૂપોથી દિશા વ્યાપ્ત કરીને રહેલા છે તેમનાં ઇત્યાદિ પૂર્વવત.

આ મંત્રોનું પુરશ્ચરણાદિકઃ—આ મંત્રના પુરશ્ચરણાદિક સર્વ પૂર્વવત્ કરવું. ॥ ૧૦ ॥

नमो रुद्रेभ्यो ये पृथिव्यां येऽन्तरिक्षे ये दिवि येषामन्नं वातो वर्षमिषवस्तेभ्यो दश प्राचीर्दश दक्षिणा दश प्रतीचीर्दशोदीचीर्दशोर्ध्वास्तेभ्योनमस्ते नो मृडयन्तु ते यं द्विष्मो यश्च नो द्वेष्टि तं वो जम्भे दधामि ॥ ११ ॥ १२ ॥१३॥

વે૦ પ્ર૦ ભાષ્યઃ—આ સ્થળે પૃથ્વી પ્રભૃતિ ભિન્ન ભિન્ન લોકોના વિષે ભિન્ન ભિન્ન પ્રકારના રુદ્ર હોવાથી ત્રણ મંત્ર છે એમ સમજવું, એટલે એમ પાઠ થાય છેઃ—**नमो रुद्रेभ्यो ये पृथिव्यां येषामन्नमि-**

षवः એ પેહેલો મંત્ર; **नमो रुद्रेभ्यो येऽन्तरिक्षे येषां वात इषवः** એ બીજો મંત્ર અને **नमो रुद्रेभ्यो ये दिवि येषां वर्षमिषवः** એ ત્રીજો મંત્ર. **तेभ्यो दश प्राचीः** ઇત્યાદિ પદ સર્વ સ્થલે સમાન જ છે. જે રુદ્ર પૃથ્વી ઉપર રહે છે, અને તેમાં પણ જે રુદ્રોના બાણ અન્નરૂપ જ છે અર્થાત્ અપથ્ય ભક્ષણ કરવામાં પ્રાણિઓની પ્રવૃત્તિ કરીને કિંવા અન્ન માટે ચોરી કરાવીને જે તેમની હિંસા કરાવે છે તે હિંસક રુદ્રોનાં અન્નરૂપ જ બાણ છે. તે ભૂમિ ઉપરનાં અન્નરૂપ બાણ ધારણ કરનારા રુદ્રોને નમસ્કાર હજો. તેમ જ જે રુદ્ર અંતરિક્ષમાં રહે છે ને તેમાં જેમનાં વાતરૂપ જ બાણ છે અર્થાત્ તીવ્રવાયુથી રોગ ઉત્પન્ન કરીને જે હિંસા કરે છે તે અંતરિક્ષસ્થ અને વાતરૂપ બાણ ધારણ કરનારા રુદ્રોને નમસ્કાર હજો. તેમ જ જે રુદ્ર સ્વર્ગમાં રહે છે ને તેમાં પણ વૃષ્ટિ એ જ જેમનાં બાણ છે અર્થાત્ અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિના યોગથી જે પ્રાણિઓની હિંસા કરે છે તે સ્વર્ગસ્થ અને વૃષ્ટિરૂપ બાણ ધારણ કરનારા રુદ્રોને નમસ્કાર હજો. નમસ્કાર કેવા પ્રકારનો તે આગળ કહેલું છે. દશ આંગળ પૂર્વમાં; પૂર્વ તરફ મુખ કરીને હાથ જોડતાં દશ આંગળ પૂર્વાગ્ર થાય છે. એમ જ દક્ષિણ દિશાથી તે ઉર્ધ્વ દિશા પર્યંત યોજવું. એવા પ્રકારની અંજલીથી તે રુદ્રને નમસ્કાર હજો. તે રુદ્ર અમોને સુખ આપો. અમે તે રુદ્રને નમસ્કાર કરીયે એટલે જે સ્વસ્થ બેસેલા શત્રૂનો અમો દ્વેષ કરીયે છીયે અને સ્વસ્થ થયેલા એવા અમારો જે શત્રૂ દ્વેષ કરે છે તે બંને પ્રકારના શત્રુને, હે રુદ્રો, હું તમારા ફાડેલા મુખમાં મુકું છું. ॥ ૧૧ ॥

આ એકાદશાનુવાકાત્મકરુદ્રાધ્યાયનો વિનિયોગ આ પ્રમાણે છેઃ—**रुद्रो वा एष यदग्निः स एतर्हि जातो यर्हि सर्वश्चितः स यथा वत्सो जातः स्तनं प्रेप्सत्येवं वा एष एतर्हि भागधेयं प्रेप्सति तस्मै यदाहुतिं न जुहुयादध्वर्युं च यजमानं च ध्यायेच्छतरुद्रीयं जुहोति**

भागधेयेनैवैनश्शमयति नार्तिमार्छत्यध्वर्युर्न यजमानः ॥ ચયન થતાં થતાં જ્યારે સર્વ સંપૂર્ણ થાય છે ત્યારે આ અગ્નિ ઉત્પન્ન થાય છે. તે આ ઉત્પન્ન થયેલો અગ્નિ જ રુદ્ર છે. દેવદૈત્યોનું યુદ્ધ ઉપસ્થિત થતાં દેવોએ પોતાનું ઉત્કૃષ્ટ દ્રવ્ય અગ્નિની પાસે મુક્યું. કદાચિત્ અમારો પરાજય થાય તો એટલું પણ અમારા હાથમાં રહેશે એવો તેમનો ઉદ્દેશ હતો. પરંતુ અગ્નિને તે વિષે અભિલાષ ઉત્પન્ન થયો. અને તે દ્રવ્ય લઇને ભાગી ગયો. એટલામાં દેવોનો વિજય થયો, ને દ્રવ્ય પ્રાપ્ત્યર્થે તેઓ અગ્નિના પાછળ પડ્યા. અને અગ્નિને પકડી પાડીને તેની પાસેથી તેમણે તે દ્રવ્ય એકદમ પડાવી લીધું. ત્યારે તે રોવા લાગ્યો, ને જે અર્થે તે રોવા લાગ્યો તે અર્થે તેને રુદ્ર એ સંજ્ઞા પ્રાપ્ત થઈ. સારાંશ કે, દેવ પોતાનું ઉત્કૃષ્ટ દ્રવ્ય લઈ જતાં અગ્નિ રોવા લાગવાથી, કિંવા રોદનનું કારણ જે દુઃખ તે અગ્નિના યોગથી ઓગળી જતું હોવાથી અર્થાત્ નષ્ટ થતું હોવાથી અગ્નિને જ રુદ્ર એ સંજ્ઞા પ્રાપ્ત થએલી છે. ઉત્પન્ન થતાં જ વત્સ જેમ સ્તનપાનની ઇચ્છા કરતો હોય છે તેમ આ ચયન સમાપ્તિ કાલે ઉત્પન્ન થયેલો રૂદ્રનામક અગ્નિ પોતાના હવિર્ભાગની ઇચ્છા કરેછે. તે અગ્નિને જો આહુતિ ન આપીયે તો અધ્વર્યુને અને યજમાનને ભક્ષણ કરવાનું તે મનમાં ધારે છે. માટે તેવો પ્રસંગ નહિ આવે એતદર્થે શતરુદ્રીય હોમ કરવો. **शत** એટલે અપરિમિત, અસંખ્ય રુદ્રોનું પ્રતિપાદન જે અધ્યાયમાં કરેલું છે તે અધ્યાય **शतरुद्रीय**. તે અધ્યાયવડે હોમ કરતાં સ્વકીય ભાગથી રુદ્ર સંતુષ્ટ થાય છે અને તેના લીધે અધ્વર્યુ તથા યજમાન મરતા નથી. ક્રતુમાં પૂર્વક્રતુ, અને ઉત્તરક્રતુ, એવા બે વિભાગ છે. અગ્નિષ્ટોમ એ ક્રતુ પ્રથમ થાય છે અને અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય, અતિરાત્ર ઇત્યાદિ ક્રતુ પાછળથી થાય છે. આ ઉત્તરક્રતુમાં ઇટો મુકીને પક્ષિની આકૃતિ કરવી પડે છે. એ આકૃતિને જ ચયન કહે છે. એ ચયન ઉપર ઉત્તરક્રતુમાં અગ્નિસ્થાપન કરીને હવન કરે છે.

હવે હોમ દ્રવ્ય કહે છેઃ—**यद्ग्राम्याणां पशूनां पयसा जुहुयाद्ग्राम्यान्पशूञ्छुचार्पयेद्यदारण्यानामारण्याञ्जर्तिलयवाग्वा वा जुहुयाद्गवीधुकयवाग्वा वा न ग्राम्यान्पशून्हिनस्ति नारण्यान्** ગામ માંહેલા પશૂઓના દૂધથી જો હવન કરીયે તો અગ્નિ તે પશુઓને રોગયુક્ત કરશે; અને વનપશુના દૂધનું હવન કરિયે તો અગ્નિના લીધે વનપશુરોગી થશે. માટે વગડાઉ તલની કિંવા વગડાઉ ગહુંની યવાગુ બનાવીને તેનો હવન કરવો. એટલે અગ્નિ ગ્રામ્ય પશુઓની હિંસા કરતો નથી અને વનપશુઓની હિંસા પણ કરતો નથી.

હવે પક્ષાન્તર કહે છેઃ—**अथो खल्वाहुरनाहुतिर्वै जर्तिलाश्च गवीधुकाश्चेत्यजक्षीरेण जुहोत्याग्नेयी वा एषा यदजाहुत्यैव जुहोति न ग्राम्यान्पशून्हिनस्ति नारण्यान्** પરંતુ, નિર્દિષ્ટ કરેલા દ્રવ્યનો હવન થાય કે કેમ? મનુષ્યોએ સેવન કરવાને યોગ્ય જે દ્રવ્ય હોય છે તે જ હવનને યોગ્ય ઠરે છે. કારણ કે, જે અન્ન પુરુષોનું તેજ તેમના દેવતાનું એવો ન્યાય છે. વગડાઉ તલ અને વગડાઉ ગહું મનુષ્યો ખાતા નથી. માટે આ ધાન્યો હવનને યોગ્ય નથી એમ કહે છે. એમ હોવાથી, અને ધાન્યનો ત્યાગ કરીને અજાના દુગ્ધથી જ હવન કરવો. કારણ કે અજા અને અગ્નિ એ બંનેની ઉત્પત્તિ પ્રજાપતિના મુખથી થયેલી છે. માટે અગ્નિ અને અજા એમનામાં સજાત્ય હોવાથી અજા એ અગ્નિ સંબંધી જ છે ને તેથી જ હવન યોગ્ય છે. એમ હોવાથી તેના વિષે રહેલું જે ક્ષીરરૂપ દ્રવ્ય તેના યોગથી હવન કરવો; એટલે ગ્રામ્ય પશુનું અને વનપશુનું દુગ્ધ ન લેવાથી તે પશુની હિંસા થતી નથી.

હોમ જુહૂથી કરે છે. કાષ્ટની જે એક મોટી કડછી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે હોમ સારૂ તયાર કરેલી હોય છે તેને જુહૂ કહે છે. જુહૂ એ હોમનું સાધન છે પરંતુ, આ સ્થળે તે સાધનનો ઉપયોગ નહિ કરતાં અન્યસાધનથી હોમ કરવો પડે છે માટે તે **સાધનનું વિધાન આ સ્થળે**

કરે છે:—**'अङ्गिरसः सुवर्गं लोकं यन्तोऽजायां घर्मं प्रासिञ्चन्सा शोचन्ती पर्णं पराजिहित सोऽर्कोऽभवत्तदर्कस्यार्कत्वमर्कपर्णेन जुहोति सयोनित्वाय'** ક્રતુમાં પ્રતિદિવસે પ્રવર્ગ્ય નામનું એક અનુષ્ઠાન હોય છે. તે અનુષ્ઠાનમાં કુડલીની ઉતરેડમાં દૂધ સહ ઘી તપાવાય છે. તે ઉતરેડ અખંડ હોય છે ને તેને **महावीर** કહે છે. એ મહાવીરમાં દૂધ સહ જે ઘૃત તપ્ત થાય છે તેને **घर्म** છે. અંગિરસ મુનિ એક વખતે ઉતાવળથી સ્વર્ગે જવા સારૂ નિકળતાં ઉતાવળના લીધે અજા ઉપર જ તેમણે ધર્મ નાંખી દીધો. ત્યારે ઉનું થયેલું ઘી અંગ ઉપર પડવાથી દાઝેલી તે અજા ચીસો પાડવા લાગી અને ચીસો પાડતાં પાડતાં તેના કેશ ભૂમિ ઉપર ગળી પડ્યા. ને તે કેશ સમુદાય અર્ક વૃક્ષરૂપે પૃથ્વી ઉપર ઉત્પન્ન થયો. અર્ચનીય એટલે પૂજ્ય જે પ્રવર્ગ્ય ઘૃત અને તેવો જ જે અજાનો કેશ સમુદાય તેમનાથી ઉત્પન્ન થયેલો હોવાથી એ વૃક્ષનું **अर्क** એવું નામ પડ્યું. એમ હોવાથી અર્કપર્ણવડે હોમ કરતાં સમાનયોનિત્વ સધાય છે. કારણકે, તપાવેલું દૂધ અને કેશ સમુદાય એ બંનેથી અર્કવૃક્ષરૂપ એક જ કાર્ય ઉત્પન્ન થયેલું છે.

હોમકાલિન કાંઈક વિશેષ વિધાન કહે છે:—'उदङ्. तिष्ठञ्जुहोत्येषा वै रुद्रस्य दिक् स्वायामेव दिशि रुद्रं निरवदयते चरमायामिष्टकायां जुहोत्यन्तत एव रुद्रं निरवदयते' છેલા પ્રદેશ ઉપર રહેલી જે ઇષ્ટકા તે ચરમેષ્ટિકા. પક્ષ્યાકૃતિ જે ચયન તયાર કરેલો હોય છે તેના ડાબા પક્ષના વાયવ્ય છેડે છેલી ઈષ્ટકા હોય છે, ને તે **स्वयमातृण्णा** એટલે પોતાની મેળે કાણું પડેલી હોય છે. **इष्टका** એટલે ઈંટ. ઉત્તરમાં ઉભા રહીને હવન કરવો. કારણ કે, ઉત્તર એ રુદ્રની દિશા છે. તેથી સ્વકીય દિશા પ્રત્યે જ રુદ્રને કાઢ્યા જેવું થાય છે, અને છેલી ઇષ્ટકા ઉપર હોમ કરતાં આ ક્રૂર રુદ્રને છેલો જ કાઢ્યા જેવું થાયછે.

હવે રુદ્રાધ્યાયમાંહેલાં હોમસાધનભૂત મંત્રોનો વિભાગ દર્શાવે

છે:—**'त्रेधा विभक्तं जुहोति त्रय इमे लोका इमानेव लोकान्समावद्वीर्यान्करोति'** ત્રણ વિભાગવડે હવન કરવો. કારણ કે, આ લોક ત્રણ છે. તેથી એક કરતાં આ લોકોનું સામર્થ્ય સરખું થાય છે. ત્રણ પ્રકારથી વિભાગ આ પ્રમાણે કરવો:—**नमस्ते रुद्र** અહિંથી **सभापतिभ्यश्च वो नमः** અહિં સુધી પેહેલો ભાગ, **नमो अश्वेभ्यः** અહિંથી **अवार्याय च** અહિં સુધી બીજો ભાગ, અને **प्रतरणाय च** અહિંથી **य एतावन्तश्च** એ ઋચા સહ ત્રીજો ભાગ.

ત્રણ પ્રકારની આહુતિ ત્રણ સ્થળે સુચી ધરીને આપવાની છે. તેથી ક્રમવડે જાનુદઘ્નાદિપ્રદેશને વિષે સુચી કેમ ધારણ કરવી એ અભિનયથી દર્શાવે છે:—**'इयत्यग्रे जुहोत्यथेयत्यथेयति त्रय इमे लोका एभ्य एवैनं लोकेभ्यः शमयति'** પ્રથમ એટલી ઉંચી સુચી ધરીને હવન કરવો, પછી એટલે અને ત્યાર પછી એટલી. આ લોક ત્રણ છે, ને એવી રીતે હવન કરતાં આ ત્રણ લોકો થકી રુદ્રને શાંત કર્યા જેવું થાય છે.

नमो रुद्रेभ्यः ये पृथिव्यां ઇત્યાદિ ત્રણમંત્રથી સાધ્ય હોમનું વિધાન કહે છે:—**'तिस्र उत्तरा आहुतीर्जुहोति षट् संपद्यन्ते षड्वा ऋतव ऋतुभिरेवैनꣳशमयति'** ત્રણ આહુતિ અંતે આપવી. એટલે પેહેલી ત્રણ અને આ ત્રણ મળીને છ થાય છે, અને ૠતુ પણ છ જ છે. તેથી એમ કરતાં ૠતુના યોગથી આ રુદ્રને શાંત કર્યા જેવું થાય છે.

પૂર્વોત્તરપક્ષ દર્શાવીને સાંપ્રત પરિક્રમણ કરીને હોમ કરવો એમ કહે છે:—**'यदनुपरिक्रामं जुहुयादन्तरवचारिणꣳरुद्रं कुर्यादथो खल्वाहुः कस्यां वा ह दिशि रुद्रः कस्यां वेत्यनुपरिक्राममेव होतव्यमपरिवर्गमेवैनꣳशमयति'** અનુક્રમથી ફરતાં ફરીને જો હવન કરીયે તો અગ્નિનું જે ક્ષેત્ર છે તેમાં રુદ્રનો પ્રવેશ કર્યા જેવું થશે. પરંતુ તે ક્રૂર હોવાથી અંદર પ્રવિષ્ટ થતાં જ ઉપદ્રવ કરશે જ. તસ્માત્ અનુક્રમથી

ફરતા કરવું નહિ, એ પૂર્વપક્ષ છે. શ્રુતિમાંહેલો **अथो** એ શબ્દ સિદ્ધાંતના ઉપક્રમ માટે છે. પ્રાજ્ઞ પુરુષ એમ કહે છે. **खलु** અને **आहुः** આ પદો, દર્શાવેલા પક્ષનું નિરાકરણ કરવા સારૂ છે. પૂર્વપક્ષ કરનારા એ જે દર્શાવ્યું છે તે યોગ્ય નથી, એ તે પદોનો અર્થ છે. આ રુદ્ર જો સર્વત્ર સંચાર કરનારો છે તો એ કઈ દિશામાં હોય છે અને કઈ દિશામાં હોતો નથી, એ જાણવાને કોણ સમર્થ છે? માટે રુદ્રને શોધવા સારૂ અનુક્રમે ફરતા ફરીને જ હોમ કરવો. એમ કરવાથી ચાહે તે દિશામાં જો કે રુદ્ર હોય તો પણ ન તજાતાં તેને શાંત કર્યા જેવું થશે, અને શાંત થવાથી અંદર પ્રવિષ્ટ થઇને સંચાર કરશે તો પણ ઉપદ્રવ કરશે નહિ.

હવે **नमो रुद्रेभ्यः** ઇત્યાદિ મંત્રોનો યજમાન પાસે પાઠ કરાવવો એમ કહે છે:—'**एता वै देवताः सुवर्ग्या या उत्तमास्ता यजमानं वाचयति ताभिरेवैनꣳसुवर्गं लोकं गमयति**' આ મંત્રવડે પ્રતિપાદ્ય એવી જે દેવતાઓ તે સ્વર્ગપ્રાપક હોવાથી ઉત્કૃષ્ટ છે. અથવા અંતના મંત્રોમાં એમનું પ્રતિપાદન કરેલું હોવાથી આ ઉત્તમ છે. માટે તત્પ્રતિપાદક મંત્ર અધ્વર્યુએ યજમાન પાસેથી બોલાવવા. એટલે એ જ દેવતાઓના યોગથી અધ્વર્યુ યજમાનને સ્વર્ગ પ્રત્યે પોહોચાડે છે.

હવે અર્કપત્ર ક્યાં નાખવું તે કહે છે:—'**यं द्विष्यात्तस्य संचरे पशूनां न्यस्येद्यः प्रथमः पशुरभितिष्ठति स आर्तिमार्च्छति**' યજમાન જે પુરુષનો દ્વેષ કરતો હોય તેનાં પશુ ફરવાના સ્થળે તે અર્કપત્ર નાંખવું. એટલે જે પશુ ઇતર પશુ પેહેલાં તે પત્ર ઉપર પગ મુકીને ઉભો રહે છે તે મરે છે.

આ રુદ્રાધ્યાયનો વિનિયોગ સંક્ષેપતઃ આ પ્રમાણે છે:—ચોથા અષ્ટકના પાંચમા પ્રપાઠકમાં શતરુદ્રીય હોમ કહેલો છે. **सभापतिभ्यश्च वो नमः** અહિં એક મંત્ર થાય છે; **अवार्याय च** અહિં બીજો મંત્ર થાય છે અને **तन्मसि** અહિં ત્રીજો મંત્ર થાય છે. **नमो रुद्रेभ्यः** એ પૃથ્વી

પ્રભૃતિ ભેદના લીધે ત્રણ મંત્ર થયેલા છે. એ મળીને હોમ સંબંધી અહિં છ મંત્ર પઠિત છે.

હવે આ અનુવાકને ઉપયોગિ **મીમાંસા:**—'**जर्तिलयवाग्वा वा जुहुयाद्गवीधुकयवाग्वा वा न ग्राम्यान्पशून्हिनस्ति नारण्यानथो खल्वाहुरनाहुतिर्वै जर्तिलाश्च गवीधुकाश्चेत्यजक्षीरेण जुहोत्याग्नेयी वा एषा यदजाहुत्यैव जुहोति**' દશમા અધ્યાયના આઠમા પાદમાં એવો વિચાર કરેલો છે કેઃ—**जर्तिल** એટલે આરણ્યતિલ અને **गवीधुक** એટલે આરણ્ય ગોધુમ એ બંનેનો વિકલ્પ શ્રુતિમાં જ કહેલો છે. પરંતુ, આ બંને ધાન્ય હોમને અયોગ્ય છે; એમ કહેલું હોવાથી હોમનો અભાવ એ ત્રીજો પક્ષ છે. જર્તિલ અને ગવીધુક હોમને અયોગ્ય છે એમ કહેલું હોવાથી તેમનો પર્યુદાસ અહિં સંભવતો નથી. કારણ કે, **अनाहुतिर्वै जर्तिलाश्च गवीधुकाश्च** એમ શ્રુતિ છે. માટે **आहुति** પદની સાથે સંબંધવાળું જે **नञ्** પદ તેનો **जर्तिल** અને **गवीधुक** આ પદો સાથે અન્વય સંભવનીય નથી. પયોવિધિ એ ચતુર્થ પક્ષ છે. તેથી અરણ્યતિલે હોમ કરવો, અરણ્ય ગોધુમવડે હોમ કરવો, હોમ કરવો જ નહિ, અને દુધવડે હોમ કરવો, એ જે પરસ્પર વિરૂદ્ધ એવા ચાર પક્ષ, એમને બીજી ગતી જ નહિ હોવાથી **अतिरात्रे षोडशिनं गृह्णाति नातिरात्रे षोडशिनं गृह्णाति** આ શ્રુતિમાં જેમ ષોડશિગ્રહ લેવો કિંવા ન લેવો એવો વિકલ્પ છે તેમજ આ ચારે પક્ષ વૈકલ્પિક છે; એમ પૂર્વ પક્ષે પ્રાપ્ત થયું છે, માટે હવે એનું ઉત્તર આપીયે. પયોવિધિ સાથે જર્તિલાદિકોની એકવાક્યતા થતી હોવાથી તેમને અર્થવાદત્વ યોગ્ય છે. ગ્રામ્ય અને આરણ્ય પશુઓની હિંસા ન થતી હોવાથી જર્તિલ અને ગવીધુક જો કે પ્રશસ્ત છે તો પણ અગ્નિહોમને તે અયોગ્ય છે. પરંતુ, દૂધની વાત તેવી નથી. આ પ્રકારની દૂધની યોગ્યતા મોટી છે. માટે એ અર્થવાદ છે. **वेदार्थस्य प्रकाशेन तमो हार्दं निवारयन् । पुमर्थांश्चतुरो देया-**

विद्यातीर्थमहेश्वरः—વેદાર્થના પ્રકાશનથી અંતઃકરણ માહેલો અંધઃકાર નાશ કરનારો એ વિદ્યાતીર્થમહેશ્વર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થ આપો.

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિ-
વ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વા-
ખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે સાયણાચાર્યવિરચિતે
માધવીયે વેદાર્થપ્રકાશે યજુ:સંહિતાયાં ચતુર્થકાંડે
પંચમપ્રપાઠકે શ્રીરુદ્રભાષ્યે
એકાદશોનુવાકઃ ॥ ૧૧ ॥

ઇતિ રુદ્રાધ્યાયનામકભાષ્યં સમાપ્તમ્
અહિં શ્રીસાયણાચાર્યવિરચિત રુદ્રાધ્યાયનામકભાષ્ય સમાપ્ત થયું.

ભ૦ ભા૦ ભાષ્ય:—**नमो रुद्रेभ्यः**—એ યજુર્મંત્ર છે. એના ઋષિ તથા દેવતા ભગવાન્ રુદ્ર છે અને છંદ અનુષ્ટુપ્ છે. આ મંત્રથી પૃથ્વી પ્રભૃતિ ત્રણ લોકોને વિષે રહેનારા રુદ્રોને નમસ્કાર કરીને તેમની પાસે પોતાને સુખ આપવા માટે અને પોતાના દ્વેષ્ટાઓનો નાશ કરવા માટે ભક્ત પ્રાર્થના કરે છે. આ મંત્રમાં **नमो रुद्रेभ्यः** એ પદો અને **दश प्राचीः** ઇત્યાદિ પદો સર્વસ્થળે સમાન જ છે. **ये पृथिव्यां येषामन्नमिषवः** આ પહેલામાં, **येऽन्तरिक्षे येषां वात इषवः** આ પદો બીજામાં અને **ये दिवि येषां वर्षमिषवः** આ પદો ત્રીજામાં વિશેષ છે. રુદ્રોને નમસ્કાર હજો. જે પૃથ્વી ઉપર રહે છે અને અન્ન એ જ જેમનાં બાણ છે, એટલે હિંસાનું સાધન છે; અર્થાત્ જે અન્ન કોઇ પાસેથી ગ્રહણ કરાવીને અપથ્ય સેવનાદિકથી વ્યાધિ ઉત્પન્ન કરીને વધ કરે છે, જે કેટલાએકને અન્ન ન આપતાં ક્ષુધાવડે વધ કરે છે, જે ખાવા સારૂ

કેટલાએક લોકો પાસેથી ચોરી કરાવીને તેમનો વધ વિગેરે કરાવે છે, અને એવા પ્રકારે દુષ્કર્મી પુરુષો માટે, અન્ન એજ હિંસાસાધન જેમની પાસે છે તેમને નમસ્કાર હજો. નમસ્કારનો પ્રકાર આગળ કહેલો છે. દશ અંગુલી પ્રાઙ્મુખ, દક્ષિણાભિમુખ, દશ પ્રત્યઙ્મુખ, દશ ઉદઙ્મુખ અને દશ ઊર્ધ્વમુખ. આ પ્રમાણે પ્રત્યેકદિશામાં એ અંગુલીથી કરવામાં આવતો એ એવા પ્રકારનો નમસ્કાર તે રુદ્રોને હજો. અને તે અમોને સુખ આપો. એવા પ્રકારના નમસ્કાર કરનારા અમો જેનો દ્વેષ કરીયે છીયે તેને અને એવા પ્રકારના નમસ્કાર કરનારા અમારો જે દ્વેષ કરે છે તેને હું તમારાં દાંતમાં ઓરૂં છું. સારાંશ કે, તમો તેને જાતે **जंभ** એટલે પડખાના દાંતમાં લ્યો. અર્થાત્ ડાઢોમાં એમ પણ કેટલાએક કહે છે. કેટલાએક એમ કહે છે કે, પ્રથમતઃ **नमो रुद्रेभ्यः** કહિને વાચિક નમસ્કાર કરેલો છે. **तेभ्यो दश प्राचीः** ઇત્યાદિ પદોથી મધ્યમાં કાયિક નમસ્કાર કરેલો છે, અને **तेभ्यो नमः** આ પદો વડે અન્તે માનસ નમસ્કાર કરેલો છે અને આ પ્રમાણે નમસ્કાર કરીને **ते नो मृडयन्तु** ઇત્યાદિ પદોથી પોતાને ઇષ્ટ એવું ભક્ત માગે છે. હવે બીજો મંત્રઃ—જે અંતરીક્ષમાં છે અને વાયુ જ જેમનું હિંસા સાધન છે એટલે વાયુના જ ન્યૂનાધિક સંચારવડે જે પ્રાણિઓની હિંસા કરે છે; અથવા પ્રાણાદિ પંચવાયુને વિષે વિકાર ઉત્પન્ન કરીને જે પ્રાણિઓને પીડા આપે છે તેમને દશ પ્રાગગ્ર ઇત્યાદિ પૂર્વવત્. હવે ત્રીજો મંત્રઃ—રુદ્રોને નમસ્કાર હજો. જે સ્વર્ગમાં રહે છે અને વૃષ્ટિ એ જ જેમનું હિંસા સાધન છે અર્થાત્ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઇત્યાદિકથી જે પ્રજાની હિંસા કરે છે તેમને દશ પ્રાગગ્ર ઇત્યાદિકથી પૂર્વવત્.

આ મંત્રનાં પુરશ્ચરણાદિકઃ—એકવીસ દિવસની દીક્ષા લઇને પાંચ પાંચ દિવસ બીજું કાંઇપણ સેવન ન કરતાં સર્વ કાચું જ સેવન કરવું. તેમાં પેહેલા પાંચ દિવસ દૂધ, બીજા પાંચ દિવસ ફળ, ત્રીજા પાંચ દિવસ

દહિં, ચોથા પાંચ દિવસ ફળ અને પછી એક દિવસ ઉપવાસ. આ પ્રમાણે કર્યા પછી એકવીસ દિવસ હવિષ્યાન્ન ભક્ષણ કરીને સર્વદા જપ કરવો. નંતર પાંચ દિવસ કંઠ સુધી જળમાં ઉભું રહેવું અને એક દિવસ અઘમર્ષણ વિધાનથી જપ કરવો. આચાર્યને દશ તોલા સુવર્ણ દક્ષિણા આપવી; ને તેવા જ પ્રકારની તેની શુશ્રૂષા કરવી એટલે પુરશ્ચરણ સિદ્ધ થાય છે. પછી સ્વકીય અગ્નિ ઉપર આ મંત્રથી એક હજાર આઠ અથવા એકસો આઠ ઘૃતાહુતિ નિત્ય આપવી અને યાવચ્છક્તિ અનન્યમને જપ કરવો. આ પ્રમાણે મંત્રસિદ્ધ થયા પછી અમાવાસ્યાના દિવસે સ્વકીય અગ્નિ ઉપર કપિલા ગાયના ઘીનો એક હજાર આઠ હોમ કરવો. હોમ કર્યા પછી કેશને ઘીમાં બોળીને એકસો આઠ હોમવા. અથર્વશિર્ષમાં કહેલા વિધિયે આરાધન કરવું એટલે આરક્તવર્ણ શરીર, આરક્તવર્ણકેશ અને આરક્તવર્ણ નેત્રથી યુક્ત એવી કૃત્યા પ્રકટ થાય છે. પ્રથમથી જ બકરીના રક્તથી ભરેલા ચાર ઘટથી તેને તૃપ્ત કરવી. નહિ તો તે કર્તાનો નાશ કરે છે. તેના યોગથી સર્વનો નાશ કરાય છે અને સર્વ મનોરથ સિદ્ધને પમાય છે. આ મંત્રથી દશ હજાર આજ્યહોમ કરતાં કાલજ્ઞાન ઉત્પન્ન થાય છે ને સર્વ આયુર્માન પ્રાપ્ત થાય છે. કપિલા ગાયના દુધથી દશ હજાર હોમ કરતાં પૂર્વ જન્મનું સ્મરણ થાય છે. એનું ફલ આ પ્રમાણે કહ્યું છે; ‘રુદ્રપ્રસાદથી સર્વ કાંઈ જેવું છે તેવું શ્રવણ કર્યું. હે નિષ્પાપ, અગિયાર અગિયાર પ્રકારનું દાન કહ્યું છે. પંચગોકર્ણિકદાન, શંભુદાન, સાર્વભૌમકારક ભૂમિદાન, કલશસ્થાપન, શિખાસ્ફુટિત સંસ્કારખંડ નિર્માણદાન, ઉમા અને વાસુકિથી યુક્ત એકાદશ રુદ્રોનું પૂજન, પૂર્વજન્મનું સ્મરણ આપનારૂં પવિત્ર કર્મ, કુલદાન એને રાજાઓને જે કાંઈ જોઈતું હોય તે સર્વ પૂર્ણપણે કથન કર્યું છે. હવે, રુદ્રમંત્રથી સંસારનાશક એવું બીજું કાંઈ કહો. રાજાઓનાં અપમૃત્યુ ટાળવાનું કર્મ, મંત્ર, ઉપદેશ, કાલ અને દેશ એમના સહ કહેલું હોઇને આ રુદ્રમંત્રવડે સર્વ કાંઈ શંભુએ સાધ્ય કહેલું છે. ॥११॥

वृषाधिरूढं देवेशं सर्वलोकैककारणम् । ध्यायेद्ब्रह्मादिभिः स्तुत्यं पार्वतीसहितं शिवम्—સર્વ લોકોનો મુખ્ય ઉત્પાદક જે સુરેશ્વર શિવ તે પાર્વતીસહ નંદિકેશ્વર ઉપર આરૂઢ થયેલા છે અને બ્રહ્માદિદેવ તેમની સ્તુતિ કરે છે એવું ધ્યાન કરવું. આ રુદ્રસમુદાયનો કેવળ જપ કરવાથી જ સર્વસિદ્ધિ થાય છે; ને ત્રિકાલ સ્નાન કરીને જપ કરવાથી પુરુષ પંચમહાપાતકોથી મુક્ત થાય છે. હવે સર્વમનોરથ પરિપૂર્ણ થવા સારૂ શૌનકોક્ત પ્રયોગ કહિયે છીયે. તે આ પ્રમાણેઃ—પૂર્વોક્ત વિધિયે મંત્રન્યાસાદિ કરીને શેર શેરના કલશ, અક્ષત, ગંધ, અને પુષ્પો સહ જલથી ભરવા; પૂર્વોક્ત વિધિયે દેવનું પૂજન કરવું, દેવના પડખે રુદ્રાધ્યાયના પ્રથમાનુવાક માંહેલા મંત્રોવડે આજ્ય હોમ કરીને રુદ્રૈકાદશિનીનો જપ કરવો, અને જપ સમાપ્ત થયા પછી **अग्नाविष्णू** એ પ્રપાઠકના અગિયાર અનુવાકપૈકી એક એકનો જપ કરવો. પછી પંચામૃતવડે સ્નાન કરાવવું. ત્યાર પછી પંચગવ્યથી કરાવવું. તદનંતર **नमस्ते** એ પેહેલી **ऋ**ચાવડે ઉપચાર સમર્પણ કરવા અને નંતર યથાશક્તિ રુદ્રવેત્તા બ્રાહ્મણોને ભોજન આપવું. એટલે સર્વ મનોરથ પરિપૂર્ણ થાય છે. અથવા લઘુરુદ્ર, મહારુદ્ર અને અતિરુદ્ર એ પૈકી એક જપીને પાયસનો હવન કરવો. એટલે સર્વકામના સિદ્ધ થાય છે. અથવા એ જ પ્રમાણે દૂધથી અને ઘીથી અભિષેક કરવો. રુદ્રાધ્યાયથી અભિમંત્રિત કરીને **मा नस्तोके** એ મંત્રવડે ઘૃતયુક્ત પાયસનો દશ હજાર હવન કરવો. પ્રદેશમાં પડદા વિગેરે બાંધીને ભોંયરામાં એ જ ઉચ્ચાટનનો વિધિ છે. **फट्** એ પલ્લવનો ઉચ્ચાર કરીને સર્વકાર્યનો આરંભ કરવો. રાજ્યની ઇચ્છાવાળાએ પદ્મ, સૌગંધિક અને ઉત્પલ એ ત્રણ પ્રકારનાં કમલ પુષ્પોને શ્વેત તથા રક્તચંદનમાં બોળીને પ્રત્યેક એક એક લક્ષ મહેશ્વરના માથે ચઢાવવાં એટલે રાજાને લક્ષ્મી પ્રાપ્ત થાય છે; અને **नमो वः किरिकेभ्यः** એ મંત્રથી ઘૃતમાં બોળેલા તિલતંડુલનું લક્ષ હવન કરતાં રાજ્ય

પ્રાપ્ત થાય છે. હવે બૌધાયન મુનિએ કહેલા પ્રયોગ કહિયે છીયે:— રાષ્ટ્રની ઇચ્છાવાળાએ લઘુરુદ્ર, મહારુદ્ર અને અતિરુદ્ર એ પૈકી એકનો જપ કરીને પાયસનો દશ હજાર હોમ કરવો એટલે વૈભવ પ્રાપ્ત થાય છે. વિત્તની ઇચ્છાવાળાએ **इमाꣳरुद्राय तवसे** એ મંત્રથી એક લક્ષ તિલ હોમ કરવો. કાલિકાપુરાણમાં સનત્કુમાર કહે છે:—પ્રથમ અંગન્યાસ કરીને દ્વિજે સ્નાન કરવું અને નંતર હે વત્સ, મહાદેવનું પૂજન કરવું. નદીતીરે વૃષભાદિપરિવાર રહિત એકલું એકજ લિંગ પશ્ચિમાભિમુખ કરીને તેને જલથી સ્નાન કરાવવું, પછી ચારસો તોલા પંચગવ્યથી સ્નાન કરાવવું અને નંતર તે જગદીશ્વરનું ધ્યાન કરીને તેને જલથી સ્નાન કરાવવું અને ભક્તિપૂર્વક ગોરોચનનો લેપ કરવો. પછી છિદ્ર અને જંતુ રહિત, તાજાં, ચળકતાં અને પ્રોક્ષણ કરેલાં બિલ્વપત્રથી શિવનું પૂજન કરવું. આ પ્રમાણે અગિયાર દિવસ તે મહેશ્વરનું પૂજન કરવું ફરીથી તે સુરેશ્વરના પૂજનનો પ્રકાર તું મારી પાસેથી સાંભળ. પ્રથમ અગિયાર દિવસજ પૂજા કરીને પૂજાના અંતે દક્ષિણદિશામાં બેસીને ઘૃતયુક્ત બિલ્વદલથી પ્રતિ દિવસે હોમ કરવો. એમ જ નીલકમલથી હોમ કરીને સૌગંધિક કમલથી હોમ કરવો. આ પ્રમાણે ત્રણવાર અગિયાર અગિયાર દિવસ હોમ અને પૂજન કરવું. ઘૃતયુક્ત ગુગ્ગુલનો ધૂપ કરવો. એ શિવને અત્યંત પ્રિય છે. એ ધૂપ કરવાનો તે પૂજાના અંતે પરમભક્તિથી કરવો એટલે ધનસંચય થાય છે. વિત્તની ઇચ્છાવાળાએ વૃક્ષને બથમાં ઝાલીને રુદ્રાધ્યાયનો જપ કરતાં કરતાં શિવનું ધ્યાન કરવું એટલે તે વૃક્ષ નિઃસંશય સુવર્ણના થાય છે. પુષ્પયુક્ત વટવૃક્ષને અથવા બિલ્વવૃક્ષને બથ ભરીને રૂદ્રજપની અનેક આવૃત્તિ કરતાં તે વૃક્ષ પણ સુવર્ણનું થાય છે. કનખલતીર્થે જઇને ઘણી વખત જલમાં રૂદ્રજપ કરતાં કૃષ્ણપાષાણ પણ સુવર્ણના થાય છે. મહાપર્વત ઉપર જઇને અગિયાર દિવસ પર્યંત જપ કરતાં છેલ્લે દિવસે મહાનિધિ પ્રાપ્ત થાય છે. નેતરની સમિધોને

ત્રણ સ્થળે મધ અને ઘી ચોપડીને તેનો જે હોમ કરે છે તેને હોમના અંતે ઘણું દ્રવ્ય પ્રાપ્ત થાય છે. મહુડા, બિલ્વ ઇત્યાદિ વૃક્ષને બથમાં લઇને સતત જપ કરવા બેસવું એટલે અગિયારમા દિવસે તે વૃક્ષ સુવર્ણનાં થાય છે એ નિઃસંશય સત્ય છે. અથવા પશ્ચિમાભિમુખ સ્વયંભુ લિંગનો આશ્રય કરીને તે ઉત્કૃષ્ટ કમલોથી આચ્છાદિત કરવું અને અગિ-યાર દિવસ પર્યંત જપ કરવો. નિંદ્ય પશ્વાદિને જોવા નહિ તથા તેમનો સ્પર્શ પણ કરવો નહિ એટલે બારમો દિવસ વ્યતીત થતાં જે દૃષ્ટિએ પડશે તે વસ્તુ સુવર્ણની થશે. હવે બીજો પ્રકાર:—કૃષ્ણાષ્ટમીએ આરંભ કરીને કૃષ્ણચતુર્દશી પર્યંત લિંપેલા સ્થાન ઉપર અથવા અર્કપત્રના ઢગલા ઉપર શુદ્ધબુદ્ધિએ જપ કરવો અને **नमो अस्तु नीलग्रीवाय** આ મંત્રવડે ઘૃતયુક્ત પાયસ સહસ્રવાર અભિમંત્રિત કરીને ઇશ્વરને નિવેદિત કરવું એટલે હજાર તોલા સુવર્ણ ઉત્પન્ન થાય છે. વળી બીજો પ્રકાર:—**प्रमुञ्च धन्वनः** એ મંત્રવડે રાંધેલા અન્નનો પાકાગ્નિ ઉપર એક હજાર આઠ હોમ કરવો એટલે દ્રવ્ય અખંડ અને અક્ષય થાય છે. બીજો પ્રકાર:—**नमो वः किरिकेभ्यः** આ મંત્રથી દશ હજાર તિલ હોમ કરતાં હજાર તોલા સુવર્ણ ઉત્પન્ન થાય છે. આ પ્રયોગો કાલિકાપુરાણમાંહેલાં છે. અન્નની ઇચ્છાવાળા માટે શૌનક કહે છે કે, **असौ यस्ताम्रः** એ બે મંત્રોથી પ્રત્યેક દિવસે ઉદયકાલે તથા અસ્તકાલે સૂર્યોપસ્થાન કરતાં અક્ષય્ય અન્ન પ્રાપ્ત થાય છે. બૌધાયન કહે છે કે, ઔદુંબરની સમિધનો અથવા મધુયુક્ત અક્ષત લઇને તેમના યોગથી લઘુરુદ્ર, મહારુદ્ર અથવા અતિરુદ્ર ભણીને તંત્રોક્ત સંખ્યા એ હોમ કરતાં અન્ન ઉત્પન્ન થાય છે. વૃષ્ટિની ઇચ્છાવાળા એ **असौ यस्ताम्रः** એ મંત્રથી નેતરની સીધી સમિધો અથવા ગોળ તથા દૂધમાં બોળેલી સમિધોનો દશ હજાર હોમ કરવો અને અનુષ્ઠાન સમાપ્ત થતાં સુધી જલ, શાક, અથવા જવનું સેવન કરવું એટલે ભગવાન્ સૂર્ય વૃષ્ટિ કરે છે. આયુષ્યની ઇચ્છાવાળાએ પૂર્વો-

ક્રતવિધિએ દેવનું પૂજન કરીને સર્વદિશાઓમાં આરક્ત, પીત અને કૃષ્ણવર્ણના બલી આપવા અને અગિયાર વાર રુદ્રૈકાદશિનીનો જપ કરીને **आरात्ते गोघ्न** એ મંત્રથી ષોડશોપચાર પૂજા કરીને એજ મંત્રનો સહસ્ર જપ કરવો. વ્યાધિગ્રસ્તે રવિવારે બ્રાહ્મણને દક્ષિણા આપીને સહસ્ર જપ કરાવવો એટલે તે રોગમુક્ત અને શતાયુ થાય છે. પુત્રની ઇચ્છાવાળાએ **परिणो रुद्रस्य** એ મંત્રથી વટસમિધનો દશ હજાર હોમ કરવાથી ચિરાયુ પુત્ર થાય છે. ગોધનની ઇચ્છાવાળાએ **नमो वः किरिकेभ्यः** એ મંત્રથી વિકળો અને ઉંબરો એમની સમિધ દહિંમાં બોળીને તેનો દશ હજાર હોમ કરતાં તેને અનંત ગૌનું આધિપત્ય પ્રાપ્ત થાય છે ને ગાયો ઘટતી નથી. અથવા એજ મંત્રથી અર્કનાં સો પત્રનો હોમ કરીને ગાયના દુધની અગિઆર આહુતિ આપવી એટલે અગિયાર ગાયો પ્રાપ્ત થાય છે. વાક્કામનાવાળા પુરુષે મોટા ચૌટામાં રાફડાની મૃત્તિકાનું લિંગ સ્થાપન કરીને તેને પંચગવ્યથી સ્નાન કરાવવું અને **नमो वः किरिकेभ्यः** એ મંત્રથી અને **मानस्तोके** એ મંત્રથી ઘૃતપાયસ અભિમંત્રિત કરીને બે દિવસ પર્યંત સેવન કરવું. દક્ષિણામૂર્તિ સંનિધ વજનું અર્ધપલ ચૂર્ણ અતિસૂક્ષ્મ કરીને તામ્રપાત્રમાં મુકવું પછી કપિલાગૌના ઘીમાં પલાળીને તર્જનીવડે એક લક્ષવાર અભિમંત્રિત કરીને સેવન કરવું એટલે મુખમાંથી નિકળેલા શબ્દ સત્ય થાય છે. **द्रापे अन्धसस्पते** એ મંત્રથી એક લક્ષ હોમ કરવો એટલે વસ્ત્રની ખોટ પડતી નથી. રુદ્રૈકાદશિની, લઘુરુદ્ર, મહારુદ્ર અને અતિરુદ્ર એ પૈકી એકનો જપ કરીને જે પુરુષ શ્વેત પુષ્પનો હોમ કરે છે તે વિશ્વને વશ કરે છે. સર્વ જગત્ વશ કરવાની ઇચ્છાવાળાએ ડુંટી સુધી જલમાં ઉભા રહીને જપ દ્વારા અનેક લઘુરુદ્ર કરવા. શિવાર્ચન કરીને વ્રત ગ્રહણ કરવું અને સૂર્યાભિમુખ થઇને સર્વદા રુદ્રાવૃત્તિ કરવી એટલે રુદ્રાવૃત્તિ થતાં તે જીતેંદ્રિય અને વિવેકી પુરુષના સન્મુખ ભક્તવત્સલ વરપ્રદ શંકર પ્રકટ થાય છે. શૌનક

કહે છે:—આરોગ્યની ઇચ્છાવાળાએ **मानो महान्तं** એ મંત્રથી તિલનો દશ હજાર હોમ કરવો એટલે બાલકોને અને પરિવારને આરોગ્ય પ્રાપ્ત થાય છે. કોઈ પણ પ્રકારનો ભય ઉપસ્થિત થયો હોય તો પૂર્વોક્ત વિધિએ સમંત્રક ન્યાસાદિ કરીને બલિદાન આપવું અને **मीढुष्टम** એ મંત્રથી પુનઃ ષોડશોપચાર પૂજન કરીને અગિયાર એકાદશિનીઓ કરવી અથવા રુદ્રવેત્તા બ્રાહ્મણ પાસે કરાવવી એટલે સર્વભયથકી મુક્તિ થાય છે. **इमाꣳरुद्राय** એ મંત્રથી દહિં, મધ અને પાયસ એ પ્રત્યેકનો દશ દશ હજાર હોમ કરવો એટલે સર્વપ્રકારનો ભય નષ્ટ થાય છે. શાંતિની ઇચ્છાવાળાએ પૂર્વોક્ત વિધિએ ન્યાસાદિ કરીને દેવની પૂજા કરવી, રુદ્રવેત્તા બ્રાહ્મણને આચાર્યત્વે વરાવીને સ્વયંભૂ લિંગ સંનિધ જવું, ત્યાં પણ એ જ વિધિએ પૂજન કરીને પંચામૃતથી સ્નાન કરાવવું, પેહેલા અનુવાકથી આજ્ય હોમ કરીને દેવનું પૂજન કરવું અને રુદ્રાધ્યાયનો જપ કરવો. આ જપ સમયે દેવઉપર સતતધાર ચાલુ કરવી, રુદ્રાધ્યાય થયા પછી **अग्नाविष्णू**ના અગિયાર અનુવાક પૈકી એક એક અનુવાકનો જપ કરવો, પુનરપિ પંચામૃતે સ્નાન કરાવીને દેવનું આરાધન કરવું અને ભક્ષ્યભોજ્યયુત નૈવેદ્ય અર્પણ કરવું, પછી ચાર કલશ ભરીને પંચમૃત્તિકા, પંચ પલ્લવ અને પંચરત્ન તેમાં નાંખવાં, અક્ષત, ગંધ, ધૂપ ઇત્યાદિકથી પૂજન કરીને શ્વેત વસ્ત્ર પ્રત્યેકના ફરતું વીંટવું **शं नो वातः पवतां** એ શાંતિદેવનું ધ્યાન કરતાં કરતાં ભણવી અને અભિષેક કરવો એટલે શાંતિ થાય છે અને ત્યાર પછી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. આચાર્યને ધોતિજોટો, ગૌ અને સુવર્ણ આપીને બ્રાહ્મણ ભોજન કરાવવું એટલે શાંતિ થાય છે. પુનરપિ શૌનક કહે છે કે:—**मानो महान्त** એ મંત્રથી અશ્વત્થ સમિધનો દશ હજાર હોમ કરવો અને પ્રતિવર્ષે પ્રવાસમાં દશ હજાર હોમ કરવો એટલે પોતાનાં બાલકોને, સ્ત્રિયોને અને વૃદ્ધોને શાંતતા પ્રાપ્ત થાય છે. પાંચમા અને છઠ્ઠા અનુવાકથી ભસ્મ અભિમંત્રિત કરીને

કુમાર ગ્રહાદિકોથી ગ્રસ્ત થયેલાને ચાંદલો કરવો અને રાત્રે શિખાએ ગાંઠ બાંધવી એટલે કુમારાદિ ગ્રહોથી ભય થતો નથી. મહાભય, ચોરભય, અગ્નિભય અથવા પ્રાણસંકટ પ્રાપ્ત થતાં **मीढुष्टम शिवतम** એ મંત્રનો માનસિક જપ કરવો એટલે ક્ષેમપૂર્વક દિવસો વ્યતીત થાય છે. **इमाः रुद्राय** એ મંત્રથી પીતવર્ણ દૂર્વાંકુરનો એક લક્ષ હોમ કરતાં મહાજ્વરથી આયુષ્ય ટુંકું થયેલું હોય તો પણ તે પુરૂષ દીર્ઘાયુ થાય છે. **नमस्ते रुद्र** ઇત્યાદિ ચાર ઋચા પૈકી પ્રત્યેક ઋચાથી યથાનુક્રમે યવ, ગોધૂમ, અરણ્યગોધૂમ અને અરણ્યતિલ દહિં, મધ અને ઘીમાં પલાળીને દશ દશ હજાર હોમ કરવો એટલે અગિયાર બાર દિવસમાં વાયુનું શમન થાય છે. **अध्यवोचदधि वक्ता**એ મંત્રથી સર્વનું રક્ષણ કરવું. સાતવાર સરસવ અભિમંત્રિત કરીને આતુર ઉપરથી ઉતારીને ચારે દિશામાં ફેંકવાં એટલે દશે દિશાથી રક્ષણ થાય છે અને માર્ગે જતાં કાંઈ પણ હરકત નડતી નથી. સરસવના યોગથી બ્રહ્મરાક્ષસ, ભૂત, પિશાચ ઇત્યાદિકથી પુરુષની મુક્તતા કરાય છે. દશમા અનુવાકમાંહેલી **या ते रुद्र शिवा तनूः** આ ઋચાથી નિત્ય પ્રત્યેક સહસ્રવાર અભિમંત્રિત કરીને અગિયાર ગાંઠો વાળવી અને બાલકના અથવા ગર્ભિણીના કાંડે તે સૂત્ર બાંધવું એટલે બાલક અને ગર્ભિણી સુખમાં રહે છે તથા યક્ષરાક્ષસાદિનું ઉચ્ચાટન થાય છે. **सहस्राणि** એ મંત્રથી રક્તવસ્ત્ર, રાતીપાઘડી, રાતીમાળા અને રક્તચંદન એનાવડે દેવનું પૂજન કરવું, શ્મશાનવૃક્ષ નીચે, નદીની રેતીમાં, ચૌટામાં કિંવા વનમાં કપાસ અને તંદુલથી પરિવેષ્ટિત, મહાતૈલ ચોપડેલી, યક્ષરાક્ષસાદિ શત્રુની મૂર્તિ કરવી, તે શ્મશાનાગ્નિ ઉપર શેકેલા અને અગિયાર વખત અભિમંત્રિત કરેલા યવપિષ્ટની કરવી, અને તેના હૃદયને વિષે સરસવતેલની પ્રતિમા કરીને સ્થાપવી અને દક્ષિણ તરફની ભૂમી ઉપર એક એક બાણથી અગિયાર પ્રાણસ્થાનનો વેધ કરવો એટલે અકસ્માત્ પ્રાપ્ત થયેલા અથવા સર્વજગમાં રહેનારા


શત્રુનો નાશ થાય છે. **नमो रुद्रेभ्यः** એ મંત્રથી મધ્યાહ્નસમયે સુવર્ણ-કંટકોથી અને સરસવથી નિત્ય હોમ કરવો એટલે રાષ્ટ્રમાંહેલી ભૂતાદિ-યોનિ પિશાચ સહ નષ્ટ થાય છે અને ખેચરી સ્ત્રિયો કિંવા રાક્ષસ-સમુદાય ભસ્મ થાય છે. હવે શાંતિ કહિયે છીયેઃ—**इमाꣳरुद्राय** એ મંત્રથી, ગાયો ઉપર સંકટ આવતાં ગૌશાળામાં અગ્નિસ્થાપન કરીને દશ હજાર વિકળાની સમિધનો હોમ કરવો એટલે ગાયોને શાંતતા પ્રાપ્ત થાય છે. જેટલાં ચતુષ્પાદ છે તેટલાઓને શાંતિ પ્રાપ્ત્યર્થ એ જ વિધિ છે. **नमस्ते रुद्र** એ મંત્રથી, ગાયો ઉપર સંકટ આવતાં ગૌશાળામાં અગ્નિસ્થાપન કરીને વિકળાના સમિધનો દશ હજાર હોમ કરવો એટલે પશ્વાદિકોની શાંતિ થાય છે અને દ્વિગુણ અનુષ્ઠાન કરતાં મહાશાંતિ થાય છે. શત્રુવધની ઇચ્છા કરનારાએ પૂર્વોક્ત વિધિથી મંત્રન્યાસાદિ કરીને દિક્પાલોને રક્તૌદનનું બલિદાન આપવું, પછી **स्तुहि श्रुतं** એ મંત્રથી ષોડશોપચાર પૂજા કરીને જપ દ્વારા અગિયાર રૂદ્રૈકાદશિની કરવી અને નિત્ય **स्तुहि श्रुतं** એ મંત્રનો સહસ્ર જપ કરવો એટલે સાત દિવસમાં શત્રુનો નાશ થાય છે. કૃત્યા ઉત્પન્ન કરવાની ઇચ્છા હોય તો રક્તવસ્ત્રથી અને રક્તપાઘડી, રક્તપુષ્પ અને રક્તચંદનથી દેવનું પૂજન કરવું અને શ્મશાનમાં પ્રાદેશમાત્ર લાંબી લોહશલાકાને મહાતેલમાં બોળીને તેવી શલાકાનો લક્ષ હોમ કરવો અને **उत्तिष्ठ रक्ताक्षि रक्तनेत्रे रक्तकेशि** એમ બોલવું એટલે કૃત્યા પ્રકટ થાય છે. તે પ્રકટ થતાંજ તેને રક્તોના ઘટથી અને માંસપુરીત પાત્રોથી તૃપ્ત કરવી, નહિ તો તે કર્તાનો જ નાશ કરે છે. પછી 'કોનો ઘાત કરૂં તે બોલ, ત્રૈલોક્યમાં તે કોઈ પણ સ્થલે હોવાનું જો તને ખબર હોય તો પણ હું તેનો ઘાત કરીશ' એમ તે કૃત્યા સત્વર બોલે છે. આ પ્રમાણે એકે એક શત્રુનું શરીર નષ્ટ થવા સારૂ ગામમાં, નગરમાં, અને ઘરમાં અનુષ્ઠાન કરવું જોઇયે. "**शार्क यशास्यमुपयोक्ष्यमुपोष्य द्वादश रात्राणि लघुभ्यो लघूनि महान्ती-**

त्यमहीनानि तुलापुरुषचान्द्रायणानां मध्यम एव विकल्प्य ग्रहणे त्वाचम्य नित्याभिवाद्यावलम्बिनान्यथा पठेदिति" આ પંક્તિનો અર્થ બેસતો નથી. એનું કારણ દશમા અનુવાકના બીજા મંત્રની વ્યાખ્યામાં સ્પષ્ટ કરીને દર્શાવેલું જ છે. **प्रमुञ्च धन्वनः** એ છ મંત્રોથી આયુધ અભિમંત્રિત કરીને હાથમાં ધારણ કરતાં સંગ્રામમાં પ્રાપ્ત થયેલા શત્રુઓ ભાગી જાય છે ને તે સન્મુખ ઉભા રહેતા નથી. દર્ભકંટકનો દશ હજાર હોમ કરવો એટલે તૃતીયાંશ દિવસમાં ક્ષત્રિય, ષષ્ઠાંશ દિવસમાં વૈશ્ય અને ચતુર્થાંશ દિવસમાં શૂદ્રશત્રુ નષ્ટ થાય છે; એને અવ્યાહત કર્મ કહે છે. **विकिरिद्र लोहित** એ મંત્રથી સુપ્તશત્રુના મુખમાં હોમ કરવો એટલે સર્વેની હિંમત ભાંગી પડે છે ને સર્વે શત્રુ પરાઙ્મુખ થઈને ભાગી જાય છે. **"नमो हिरण्यबाहव इत्यनुवाकैः कटुतैलाक्तानां राजाभिशङ्कितानां सर्षपाञ्जुहुयात् । चक्रमुत्सादयति । फट्कारेण देवस्योपरि मालामधोशिरामवलम्ब्य स्वशिरसा वस्त्रेण रुधिरमाप्लाव्य त्रिकटुकेनाभ्यज्य देवकराङ्गुलिना रेखामुत्पाद्य शत्रोर्नामानुस्मरञ्जपेत्"** આ પંક્તિનો પણ અર્થ બેસતો નથી. સૈન્યસમુદાય સહ શત્રુનું ઉચ્ચાટન થાય છે. આ પ્રમાણે ગ્રામનું પણ એક દિવસમાં ઉચ્ચાટન થાય છે. રાજાનો નાશ એક અહોરાત્રમાં થાય છે, ક્ષત્રિયનો અરધા દિવસમાં થાય છે, વૈશ્યનો તૃતીયાંશ દિવસમાં થાય છે અને શૂદ્રનો નાશ ચતુર્થાંશ દિવસમાં થાય છે એ અવ્યાહત કર્મ કહેવાય છે; આ સર્વ શૌનકોક્ત વિધાન હેમાદ્રિમાં કહેલું છે. હવે મેરૂતંત્રોક્ત વિધાન કહિયે છીયેઃ—રૌદ્રીધારા કરવી, તેનું વિધાન આ પ્રમાણે;—**नमस्ते** અને **अग्नाविष्णू** આ બે અધ્યાયને **आवर्तन** કહે છે. આ આવર્તન ગંગાસ્નાનનું ફલ આપનારૂં છે. જે પુરૂષ નિત્ય આવર્તનથી અભિષેક કરે છે, તેના દુર્દૈવના લીધે દિવસે થયેલાં પાપનો નાશ થાય છે. પાતક જો પૂર્વજન્માર્જીત હશે તો તે પણ સંધ્યાવંદનથી ક્ષીણ થયેલું હોય તો નાશ પામે છે. **नमस्ते**

એ અનુવાકનો સંપૂર્ણ પાઠ કરીને **अग्नाविष्णू** નો એક અનુવાક ભણવો, પછી પુનરપિ **नमस्ते** નો એક પાઠ કરીને **अग्नाविष्णू** નો બીજો અનુવાક ભણવો, આ પ્રમાણે **नमस्ते** ના અગિયાર પાઠ કરીને **अग्नाविष्णू** સુધી અગિયાર અનુવાક પૂરાકરવા; એ ઘોર પાપનું નાશ કરનારી **रुद्री** છે; આ રુદ્રીથી જે નિત્ય લિંગ ઉપર અભિષેક કરે છે તેનું સપ્તજન્માર્જીત પાપ એક વર્ષમાં નષ્ટ થાય છે. અગિયાર રુદ્રીથી **लघुरुद्र** થાય છે, એ લઘુરુદ્રથી જેણે લિંગ ઉપર અભિષેક કર્યો હોય તેને યમનું દર્શન થતું નથી. અગિયાર લઘુ રુદ્રથી એક **महारुद्र** થાય છે, એ મહારુદ્ર મહાપાતકોનો નાશ કરનારો હોઇને નિર્ધનને ધન આપનારો છે; આ મહારુદ્રવડે હોમ કરતાં સોમયાગનું ફલ પ્રાપ્ત થાય છે. જેને દિક્ષાનો અધિકાર નહિ હશે એટલે પુરશ્ચરણવડે જેણે મંત્રસિદ્ધિ મેળવેલી નહિ હશે તેને એ પક્ષ ઉત્તમ છે. અગિયાર મહારુદ્રથી એક **अतिरुद्र** થાય છે, એ અતિપાપને હરણ કરનારો છે, અને એનાથી અધિક એવું પાપનાશક સાધન બીજું એકે નથી એમ મેરૂતંત્રોક્ત વિધાન છે. ॥ ૧૧ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રા-
જકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્ય-
રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીભટ્ટભાસ્કરવિરચિતે
યજુર્વેદભાષ્યેઽગ્નિકાંડે શ્રીરુદ્રપ્રશ્નસંજ્ઞિતઃ પંચમઃ
પ્રપાઠકઃ સમાપ્તઃ ॥

અહિં શ્રીભટ્ટભાસ્કરવિરચિતરુદ્રાધ્યાયભાષ્ય સમાપ્ત થયું.



ॐ नमः शिवाय

॥ अथ चमकभाष्यप्रारंभः ॥



વે૦ પ્ર૦ ભાષ્ય:—**यस्य निःश्वसितं वेदा यो वेदेभ्योऽखिलं जगत् । निर्ममे तमहं वंदे विद्यातीर्थमहेश्वरम्** ॥ પરિષેચનપ્રભૃતિ સંસ્કાર છઠા પ્રપાઠકમાં કહેલા હોઇને સાતમામાં વસોર્ધારાદિ અવશિષ્ટસંસ્કાર કહેલા છે. **अग्नाविष्णू सजोषसेति चतुर्गृहीतं हुत्वौदुम्बरीं स्रुचं व्यायाममात्रीं मृदा प्रदिग्धां पश्चादासेचनवती घृतस्य पूरयित्वा वाजश्च मे प्रसवश्च म इति संततां वसोर्धारां जुहोत्यामंत्रसमापनात्** એમ સૂત્ર છે. **अग्नाविष्णू सजोषसा** આ પ્રથમ ઋચાવડે ચાર વાર લીધેલા ઘૃતનો હોમ કરવો, અને વામ લંબાઇની, મૃત્તિકાનું લેપન કરેલી, અને પાછળથી સિંચન કરનારી ઔદુંબરી (સ્રુચા) ઘૃતથી ભરવી; અને **वाजश्च मे प्रसवश्च मे** અહિંથી તે **भुवनश्चाधिपतिश्च** અહિં-સુધીનો જે મંત્ર તે પૂર્ણ થતાં સુધી સતત વસોર્ધારા આપવી એ આ સૂત્રનું તાત્પર્ય છે. ચાર વાર લીધેલા ઘૃતનો હોમ જે મંત્રથી કરવાનો તે મંત્ર:—

ॐ अग्नाविष्णू सजोषसेमा वर्धन्तु वां गिरः । द्युम्नैर्वाजेभिरागतम् ॥ १ ॥

હે અગ્નાવિષ્ણુ, તમો બંનેનો પ્રેમ સરખો હજો. તમારી સ્તુતિ જેમાં છે એવા આ શબ્દ વૃદ્ધિંગત થાવો; અને તમો પણ દ્રવ્યો અને અન્નો સહ અહિં આવો. ॥ ૧ ॥

હવે અગિયાર અનુવાકાત્મક મંત્ર કહે છે. ત્રેતાગ્નિ ઉપર ન થનારૂં જે યજ્ઞયાગ વિના ઇતર અનુષ્ઠાન તે ભિન્ન ભિન્ન મંત્રોથી થતું હોવાથી તે અનુષ્ઠાન સંબંધે આ અનેક મંત્ર છે. તેથી શ્રૌતકર્મમાંહેલો જે એક જ મંત્ર તેના અગિયાર અનુવાકે ભિન્ન ભિન્ન વિભાગ કરેલા છે. તે પૈકી પેહેલા અનુવાકના પાઠ આ પ્રમાણે છેઃ—

वाजश्च मे प्रसवश्च मे प्रयतिश्च मे धीतिश्च मे क्रतुश्च मे स्वरश्च मे श्लोकश्च मे श्रावश्च मे श्रुतिश्च मे ज्योतिश्च मे सुवश्च मे प्राणश्च मेऽपानश्च मे व्यानश्च मेऽसुश्च मे चित्तं च म आधीतं च मे वाक्च मे मनश्च मे चक्षुश्च मे श्रोत्रं च मे दक्षश्च मे बलं च म ओजश्च मे सहश्च म आयुश्च मे जरा च म आत्मा च मे तनूश्च मे शर्म च मे वर्म च मेऽङ्गानि च मेऽस्थानि च मे परूंषि च मे शरीराणि च मे १

वाज એટલે અન્ન. આગળ કહેવામાં આવનારૂં જે દ્રવ્ય તેના માટે **च** કાર સમુચ્ચયાર્થક છે; અર્થાત્ અન્ન મને પ્રાપ્ત થાવો અને આગળ નિર્દિષ્ટ કરેલા પદાર્થો પણ પ્રાપ્ત થાવો, એવો **च** કારના લીધે અર્થ થાય છે. **कल्पतां** એ પદ આગળ દશમા અનુવાકમાં આવેલું છે તેનો **वाजश्च मे** અહિંથી મંત્ર માંહેલાં પ્રત્યેક નામની સાથે સંબંધ છે. **प्रसव** એટલે આપો, ખાઓ ઇત્યાદિ પ્રકારે અન્નની અનુજ્ઞા. **प्रयति** એટલે શુદ્ધિ. **प्रसिति** એટલે બંધન, અર્થાત્ અન્નવિષયક ઔત્સુક્ય. **धीति** એટલે અન્નધારણ. **क्रतु** એટલે અન્નોત્પાદક યજ્ઞ. **स्वर** એટલે મંત્ર માંહેલા ઉદાત્ત, અનુદાત્ત ઇત્યાદિ સ્વર. **श्लोक** એટલે સ્તુતિ. **श्राव** એટલે લોકોને શ્રવણ કરાવવાનું સામર્થ્ય. એ **श्रुति** એટલે શ્રવણસામર્થ્ય.

ज्योति એટલે પ્રકાશ. **सुव** એટલે સ્વર્ગ. **प्राण, अपान, व्यान** એ વાયુની વૃત્તિ છે; તે વૃત્તિઓથી યુક્ત એવો જે વાયુ તે **असु**. મનોજન્ય જે જ્ઞાન તે **चित्त**. તે જ્ઞાનથી સર્વદા જાણવામાં આવનારૂં જે દ્રવ્ય તે **आधीत. वाक्, मन, नेत्र** અને **कर्ण** આ ચાર શબ્દ પ્રસિદ્ધ છે. જ્ઞાનેંદ્રિય સંબંધિ જે કુશલતા તે **दक्ष**. કર્મેન્દ્રિય સંબંધિ જે સામર્થ્ય તે **बल**. **ओज** એટલે બલનું કારણ એવો આઠમો ધાતુ. **सह** એટલે શત્રુવિષયક પરાજય. **आयुः** એટલે આયુષ્ય. **जरा** એટલે કરચલી, પળીયાં વિગેરે આયુષ્યનાં છેલાં ચિન્હ. **आत्मा** એટલે શાસ્ત્રપ્રસિદ્ધ પરમાત્મા. **तनू** એટલે સારૂં ઘાટાળું શરીર. **शर्म** એટલે સુખ. **वर्म** એટલે શરીરરક્ષક કવચાદિ. **अंगानि** એટલે સંપૂર્ણ અવયવ. **अस्थानि** એટલે યથાસ્થાને સ્થિત અસ્થિઓ. **परू** એટલે આંગળીના પેરાં. **शरीराणि** એટલે પૂર્વે નિર્દિષ્ટ ન કરેલા શરીરના અવયવ. અન્ન, અનુજ્ઞા, શુદ્ધિ ઇત્યાદિ મને પ્રાપ્ત થાવો. એ આ અનુવાકનો અર્થ છે. ॥ १ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે સપ્તમપ્રપાઠકે ચમકભાષ્યે પ્રથમોનુવાકઃ ॥ १ ॥

ज्यैष्ठ्यं॑ च म॒ आधि॑पत्यं च मे म॒न्युश्च॑ मे॒ भाम॑श्च मेऽम॑श्च मेऽम्भ॑श्च मे जे॒मा च॑ मे महि॒मा च॑ मे वरि॒मा च॑ मे प्रथि॒मा च॑ मे व॒र्ष्मा च॑ मे द्राघु॒या च॑ मे वृ॒द्धं च॑ मे॒ वृद्धि॑श्च मे स॒त्यं च॑ मे श्र॒द्धा च॑ मे॒ जग॑च्च मे॒ धनं॑ च मे॒ वश॑श्च मे॒

त्विषिश्च मे क्रीडा च मे मोदश्च मे जातं च मे जनिष्यमाणं च मे सूक्तं च मे सुकृतं च मे वित्तं च मे वेद्यं च मे भूतं च मे भविष्यच्च मे सुगं च मे सुपथं च म ऋद्धं च म ऋद्धिश्च मे क्लृप्तं च मे क्लृप्तिश्च मे मतिश्च मे सुमतिश्च मे ॥ २ ॥

શ્રેષ્ઠત્વ, આધિપત્ય, માનસિક સંતાપ, અક્ષમાદિ ચિન્હો ઉપરથી જાણવામાં આવનારો બાહ્યક્રોધ, અતર્ક્યત્વ, શૈત્ય અને માધુર્યાદિ ગુણોયુક્ત એવું જલ, જય, સામર્થ્ય, મહત્વ એટલે જયથી મળેલી ધનાદિ સંપત્તિ, પૂજ્યત્વ, ગૃહક્ષેત્રાદિનો વિસ્તાર, પુત્રપૌત્રાદિ શરીરો, પુત્રપૌત્રાદિ વિષયક દીર્ઘત્વ એટલે અવિછિન્નસંતતિ, વિપુલ અન્ન અને ધન, વિદ્યાદિ ગુણોથી થનારો ઉત્કર્ષ, યથાર્થ ભાષણ, પરલોક છે એવી બુદ્ધિ, ગવાદિ ચરાચર પ્રાણિ, સુવર્ણાદિ ધન, સર્વસ્વાધીનત્વ, દેહકાંતિ, અક્ષદ્યૂતાદિક્રિડા, તેના લીધે થનારો હર્ષ, પૂર્વે પ્રાપ્ત થયેલું અપત્ય, ભાવિમાં પ્રાપ્ત થનારૂં અપત્ય, ઋક્સમુદાયાત્મક સૂક્ત, તેના લીધે પ્રાપ્ત થનારૂં ફળ, પૂર્વેપ્રાપ્ત થયેલું દ્રવ્ય, ભાવિમાં પ્રાપ્ત થનારૂં દ્રવ્ય, પૂર્વેપ્રાપ્ત ખેતરો વિગેરે, ભાવિમાં પ્રાપ્ત થનારાં ખેતરો, વિગેરે, જવાને ઉત્તમ એટલે બંધુજનયુક્ત એવાં બીજાં ગામ આદિ, ચોરાદિથી રહિત એવો માર્ગ, વૃદ્ધિંગત થયેલું ધનાદિક અથવા કરેલા કર્મનું ફળ, ભાવિમાં કરવાના સત્રનું ફળ, સ્વકાર્ય પૂર્ણ કરનારૂં દ્રવ્ય, સ્વકીય સામર્થ્ય, પદાર્થ સંબંધી નિશ્ચય, અને રાજકાર્યાદિ દુર્ઘટ વાતનો નિશ્ચય; એમનો લાભ મને થાવો. ॥ ૨ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે ઽષ્ટમપ્રપાઠકે ચમકભાષ્યે દ્વિતીયોઽનુવાકઃ ॥ ૨ ॥

शं च॑ मे॒ मय॑श्च मे प्रि॒यं च॑ मेऽनुका॒मश्च॑ मे काम॑श्च मे सौमन॒सश्च॑ मे भ॒द्रं च॑ मे॒ श्रेय॑श्च मे॒ वस्य॑श्च मे॒ यश॑श्च मे॒ भग॑श्च मे॒ द्रवि॑णं च मे य॒न्ता च॑ मे ध॒र्ता च॑ मे॒ क्षेम॑श्च मे॒ धृति॑श्च मे॒ विश्वं॑ च मे॒ मह॑श्च मे सं॒विच्च॑ मे॒ ज्ञात्रं॑ च मे॒ सूश्च॑ मे प्र॒सूश्च॑ मे॒ सीरं॑ च मे ल॒यश्च॑ म ऋ॒तं च॑ मे॒ मृतं॑ च मे य॒क्ष्मं च॒ मेऽ-ना॑यमच्च मे जी॒वातु॑श्च मे दीर्घायु॒त्वं च॑ मेऽनमि॒त्रं च॒ मे भ॑यं च मे सु॒गं च॑ मे॒ शय॑नं च मे सू॒षा च॑ मेसु॒दिनं॑ च मे १

ઐહિક સુખ, પારલૌકિક સુખ, આનંદદાયક વસ્તુ, ફાયદાવાળો હોવાથી જોઇતો પદાર્થ, સ્વર્ગાદિવિષયક ઇચ્છા, મનને સ્વસ્થતા આપનારો બંધુવર્ગ, ઐહિકકલ્યાણ, પારલૌકિકહિત, નિવાસયોગ્ય ગૃહાદિ, યશ, સૌભાગ્ય, ધન, નિયમન કરનારા આચાર્યઆદિ, પિત્રાદિ પોષક, વિદ્યમાનધનનું રક્ષણ કરવાની શક્તિ, વિપત્તિમાં પણ ન ડગવા દેનારૂં ધૈર્ય, સર્વેની અનુકુલતા, માન, વેદશાસ્ત્રાદિવિષયક જ્ઞાન, બીજાને સમજાવવાનું સામર્થ્ય, પુત્રાદિકને આજ્ઞા કરવાનું સામર્થ્ય, ભૃત્યાદિકોને પ્રેરણા કરવાનું સામર્થ્ય, હળ વિગેરે ખેડનાં સાધનની સમૃદ્ધિ, તે સમૃદ્ધિને થનારા પ્રતિબંધનો અભાવ, યજ્ઞાદિ કર્મ, યજ્ઞાદિ કર્મોનું ફળ, ક્ષયાદિ પ્રબલવ્યાધિનો અભાવ, જ્વરાદિ અલ્પવ્યાધિનો અભાવ, વ્યાધિનો પરિહાર કરીને જીવાડનારૂં ઔષધ, અપમૃત્યુનો અભાવ, વૈરીનો અભાવ, નિર્ભયતા, બધાએ અનુકરણ કરવા યોગ્ય આચરણ, ગાદલાં ઉશિકાં વિગેરેની સમૃદ્ધિ, સ્નાન સંધ્યાવંદનાદિકથી યુક્ત એવો ઉત્કૃષ્ટ પ્રાતઃકાલ

અને યજ્ઞદાનાધ્યયનાદિકમાં જનારો સંપૂર્ણ દિવસ; એમનો લાભ મને થાવો. ॥ ૩ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્ય-
રુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે
માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે
પંચમપ્રપાઠકે ચમકભાષ્યે તૃતીયોઽનુવાકઃ ॥ ૩ ॥

ऊर्क् च मे सूनृता च मे पयश्च मे रसश्च मे घृतं च मे मधु च मे सग्धिश्च मे सपीतिश्च मे कृषिश्च मे वृष्टिश्च मे जैत्रं च म औद्भिद्यं च मे रयिश्च मे रायश्च मे पुष्टं च मे पुष्टिश्च मे विभु च मे प्रभु च मे बहु च मे भूयश्च मे पूर्णं च मे पूर्णतरं च मेऽक्षितिश्च मे कूयवाश्च मेऽन्नं च मेऽक्षुच्च मे व्रीहयश्च मे यवाश्च मे माषाश्च मे तिलाश्च मे मुद्गाश्च मे खल्वाश्च मे गोधूमाश्च मे मसुराश्च मे प्रियङ्गवश्च मेऽणवश्च मे श्यामाकाश्च मे नीवाराश्च मे ॥ ४ ॥

સામાન્ય અન્ન, પ્રિયભાષણ, દૂધ, તે માંહેલું સાર, ઘી, મધ, બંધુ સહ ભોજન, બંધુવર્ગ સહ પાન, ખેડ, વૃષ્ટિ, સારૂં ખેતર, વૃક્ષગુલ્માદિકોની ઉત્પત્તિ, સુવર્ણ, જવાહિર અત્યંત વૃદ્ધિગત થયેલું સુવર્ણ, શરીરપોષણ; વિભુ, પ્રભુ, પૂર્ણ બહુ, ભૂય, પૂર્ણતર અને અક્ષિતિ આ એકથી એક અધિક એવી સાત ધાન્યવિષયક સમૃદ્ધિ, હલકા જવ, અન્ન, ક્ષુધાનો

પરિહાર, સાળ, જવ, અડદ, તલ, મગ, મોટા મગ અથવા ચણા, ગહું, મસુર, કાંગ, ઝીણી શાળ, શામો, અને વગડાઉ શામો, એમનો મને લાભ થાવ. ॥ ४ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે ચમકભાષ્યે ચતુર્થોઽનુવાકઃ ॥ ४ ॥

अश्मा॑ च मे॒ मृत्ति॑का च मे गि॒रय॑श्च मे॒ पर्व॑ताश्च मे॒ सिक॑ताश्च मे॒ वन॒स्पत॑यश्च मे॒ हिर॑ण्यं च मेऽय॑श्च मे॒ सीसं॑ च मे॒ त्रपु॑श्च मे श्या॒मं च॑ मे लो॒हं च॑ मे॒ऽग्निश्च॑ म॒ आप॑श्च मे वी॒रुध॑श्च म॒ ओष॑धयश्च मे कृष्टप॒च्यं च॑ मेऽकृष्टप॒च्यं च॑ मे ग्रा॒म्याश्च॑ मे प॒शव॑ आर॒ण्याश्च॑ य॒ज्ञेन॑ कल्पन्तां वि॒त्तं च॑ मे॒ वित्ति॑श्च मे भू॒तं च॑ मे॒ भूति॑श्च मे॒ वसु॑ च मे वस॒तिश्च॑ मे॒ कर्म॑ च मे॒ शक्ति॑श्च॒ मेऽर्थ॑श्च म॒ एम॑श्च म॒ इति॑श्च मे॒ गति॑श्च मे ५

પાષાણ, મૃત્તિકા, ટેકરીઓ, પર્વત, રેતિ, વનસ્પતિ, સુવર્ણ, લોઢું, શીસું, કલઈ, ગજવેલ, કાંસ્યતાદ્રાદિ ધાતુ, અગ્નિ, જલ, વેલા ઔષધી, ખેડથી થનારૂં ઉત્પન્ન, ખેડ વિના વનમાં પોતાની મેળે ઉત્પન્ન થનારૂં ધાન્ય અને યજ્ઞ માટે ગ્રામ્ય તથા વનપશુ મને પ્રાપ્ત થાવો. તેમ જ પૂર્વે મેળવેલું દ્રવ્ય, ભાવિમાં થનારો લાભ, ઐશ્વર્યસંપન્ન પુત્રાદિક, સ્વકીય

વૈભવ, ગવાદિધન, ગૃહાદિ વસતિસ્થાન, અગ્નિહોત્રાદિકર્મ, કર્માનુષ્ઠાન સામર્થ્ય, ફળ, પ્રાપ્ત થનારૂં સુખ, ઇષ્ટ પ્રાપ્તિનો ઉપાય અને ઇષ્ટ પ્રાપ્તિ એમનો લાભ મને થાવો. ॥ ૫ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે ચમકભાષ્યે પંચમોઽનુવાકઃ ॥ ૫ ॥

अ॒ग्निश्च॑ म॒ इन्द्र॑श्च मे॒ सोम॑श्च म॒ इन्द्र॑श्च मे सवि॒ता च॑ म॒ इन्द्र॑श्च मे॒ सर॑स्वती च म॒ इन्द्र॑श्च मे पू॒षा च॑ म॒ इन्द्र॑श्च मे॒ बृह॒स्पति॑श्च म॒ इन्द्र॑श्च मे मि॒त्रश्च॑ म॒ इन्द्र॑श्च मे॒ वरु॑णश्च म॒ इन्द्र॑श्च मे॒ त्वष्टा॑ च म॒ इन्द्र॑श्च मे धा॒ता च॑ म॒ इन्द्र॑श्च मे॒ विष्णु॑श्च म॒ इन्द्र॑श्च मे॒ऽश्विनौ॑ च म॒ इन्द्र॑श्च मे म॒रुत॑श्च म॒ इन्द्र॑श्च मे॒ विश्वे॑ च मे दे॒वा इन्द्र॑श्च मे पृथि॒वी च॑ म॒ इन्द्र॑श्च मे॒ऽन्तरि॑क्षं च म॒ इन्द्र॑श्च मे॒ द्यौश्च॑ म॒ इन्द्र॑श्च मे॒ दिश॑श्च म॒ इन्द्र॑श्च मे मू॒र्धा च॑ म॒ इन्द्र॑श्च मे प्र॒जाप॑तिश्च म॒ इन्द्र॑श्च मे ६

આ અનુવાકમાં અગ્નિપ્રભૃતિ પ્રસિદ્ધ દેવતાઓનો જ નિર્દેશ કરેલો છે, અને તે સર્વદેવતા સહ ઇંદ્રનો વિભાગ સરખો જ હોવાથી પ્રત્યેક દેવતાની સાથે ઇંદ્રનો નિર્દેશ કરેલો છે. दिशः એટલે પ્રાચ્યાદિ ચાર-

દિશા; અને **मूर्धा** ઊર્ધ્વદિશા. ઊર્ધ્વદિશા મુખ્ય હોવાથી તેનો નિર્દેશ ભિન્ન કરેલો છે. ॥ ૬ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે ચમકભાષ્યે ષષ્ઠોઽનુવાકઃ ॥ ૬ ॥

अꣳशुश्च मे रश्मिश्च मेऽदाभ्यश्च मेऽधिपतिश्च म उपाꣳशुश्च मेऽन्तर्यामश्च म ऐन्द्रवायवश्च मे मैत्रावरुणश्च म आश्विनश्च मे प्रतिप्रस्थानश्च मे शुक्रश्च मे मन्थी च म आग्रयणश्च मे वैश्वदेवश्च मे ध्रुवश्च मे वैश्वानरश्च म ऋतुग्रहाश्च मेऽतिग्राह्याश्च म ऐन्द्राग्नश्च मे वैश्वदेवश्च मे मरुत्वतीयाश्च मे माहेन्द्रश्च म आदित्यश्च मे सावित्रश्च मे सारस्वतश्च मे पौष्णश्च मे पात्नीवतश्च मे हारियोजनश्च मे ॥७॥

અંશું વિગેરે સોમગ્રહ હોઇને સોમપ્રકરણમાં તે પ્રસિદ્ધ છે. એમાં રશ્મિગ્રહ ગોચર થતો નથી. અદાભ્યગ્રહ લેય છે. તેથી અંશુ ભિન્ન કરીને રશ્મિ શબ્દવડે તેનો જુદો નિર્દેશ કરેલો છે. કારણ કે તે ગ્રહ લેવાનું સાધન રશ્મિ છે. તે ગ્રહ લેવાનો **शुक्रं ते शुक्रेण गृह्णाम्यनो रूपेण सूर्यस्य रश्मिभिः** એ મંત્ર છે. **अधिपति** એટલે દધિગ્રહ. તે શ્રેષ્ઠ હોવાથી અહિં **अधिपति** શબ્દવડે જ તેનો નિર્દેશ કરેલો છે. ને તેથી જ **ज्येष्ठो वा एष ग्रहाणाम्** એવી શ્રુતિ છે. **प्रतिप्रस्थान** એટલે

દ્વિદેવત્ય ગ્રહસાથે રહેનારો પ્રતિનિગ્રાહ્ય. ધ્રુવસંજ્ઞક ગ્રહનું જ અવનયન ચાલતાં વૈશ્વાનરસૂક્તનું પઠન થતું હોવાથી અવનયનાવસ્થા પ્રત્યે પ્રાપ્ત થયેલા ધ્રુવસંજ્ઞક ગ્રહનો જ વૈશ્વાનર શબ્દથી નિર્દેશ કરેલો છે. પેહેલો વૈશ્વદેવગ્રહ પ્રાતઃસવન માંહેલો છે અને બીજો વૈશ્વદેવગ્રહ તૃતીયસવન માંહે છે. અભિષેચનીયસંજ્ઞક વિકૃતિમાં સારસ્વતગ્રહ છે કારણ કે **सारस्वतं ग्रहं गृह्णाति** એમ તે પ્રકરણમાં પઠિત છે એમ જ પૌષ્ણગ્રહ પણ વિકૃતિ માંહેલો છે એમ જાણવું. **सोम** એટલે સોમવલ્લીનો રસ. એ રસનું હવન અને પાન સોમયાગમાં મુખ્ય હોય છે, ને જે દિવસે તેનું હવન અને પાન થાય છે તે દિવસને સુત્યાનો દિવસ કહે છે. હવનને માટે અને પાનને માટે જેટલો રસ એક પાત્રમાં લેવાનો હોય છે તેટલાને **ग्रह** એ સંજ્ઞા છે, અને જે પાત્રમાં સોમરસ લેવાય છે તેને પણ **ग्रह** એ સંજ્ઞા છે. આ છઠા અનુવાકમાં અંશુ, રશ્મિ ઇત્યાદિ ભિન્ન ભિન્ન ગ્રહ કહેલા છે. યાગમાં પ્રકૃતિ અને વિકૃતિ એવા બે ભેદ છે. પ્રકૃતિયાગ એટલે મુખ્યત્વે પઠિત એવો યાગ અથવા આધારભૂતયાગ. વિકૃતિ એટલે વિકાર, ફેરફાર. મુખ્ય યાગમાં જ કેટલોએક ફેરફાર થઇને જે યાગ થાય છે તે વિકૃતિયાગ. દર્શપૂર્ણમાસયાગ એ ઇષ્ટિની પ્રકૃતિ છે; અને અગ્નિ-ષ્ટોમ એ અત્યગ્નિષ્ટોમપ્રભૃતિ સોમયાગની પ્રકૃતિ છે ॥ ૭ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રા-
ધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે
વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે
સપ્તમોઽનુવાકઃ ॥ ૭ ॥

इ॒ध्मश्च॑ मे ब॒र्हिश्च॑ मे॒ वेदि॑श्च मे॒ धिष्णि॑याश्च मे॒ स्रुच॑श्च

मे चमसाश्च मे ग्रावाणश्च मे स्वरवश्च म उपरवाश्च मेऽधिषवणे च मे द्रोणकलशश्च मे वायव्यानि च मे पूतभृच्च म आधवनीयश्च म आग्नीध्रं च मे हविर्धानं च मे गृहाश्च मे सदश्च मे पुरोडाशाश्च मे पचताश्च मेऽवभृतश्च मे स्वगाकारश्च मे ॥ ८ ॥

ઇધ્મ, બર્હિ વિગેરે પદાર્થ યજ્ઞના અંગભૂત છે અને તે યજ્ઞ પ્રકરણમાં પ્રસિદ્ધ છે. गृह એટલે પત્નીશાલા વિગેરે. पचत એટલે શામિત્ર વિગેરે. પશુમારણ કર્મ શામિત્ર કહેવાય છે. स्वगाकार એટલે શંયુવાક. શંયુવાક એટલે હોતાએ ભણવાનું એક સૂક્ત. એના યોગથી જે જે દેવતાનું હવિ તે તે દેવતાપાસે જાય છે. ॥ ૮ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે ચમકભાષ્યે અષ્ટમોઽનુવાકઃ ॥ ૮ ॥

अग्निश्च मे घर्मश्च मेऽर्कश्च मे सूर्यश्च मे प्राणश्च मेऽश्वमेधश्च मे पृथिवी च मेऽदितिश्च मे दितिश्च मे द्यौश्च मे शक्वरीरङ्गुलयो दिशश्च मे यज्ञेन कल्पन्तामृक्च मे साम च मे स्तोमश्च मे यजुश्च मे दीक्षा च मे तपश्च म ऋतुश्च मे व्रतं च मेऽहोरात्रयोर्वृष्ट्या बृहद्रथन्तरे च मे यज्ञेन कल्पेताम् ॥ ९ ॥

અગ્નિ, પ્રવર્ગ્ય, **इन्द्रायार्कवते पुरोडाशं** એ શ્રુતિએ વિહિત એવો અર્કયાગ. **सौर्यं चरुं निर्वपेत्** એ શ્રુતિએ વિહિત સૂર્યયાગ, **प्राणाय स्वाहा** એમ વિહિતહોમ, અશ્વમેધ, પૃથિવી; અદિતિ, દિતિ અને દ્યૌ એ દેવતા, **अंगुलि** એટલે વિરાટ્ પુરુષના અવયવ, **दिशश्च** એટલે દિશા અને વિદિશા, આ સર્વ મારા યજ્ઞના લીધે પોત પોતાનું કર્મકરવા સમર્થ થાવો. ઋક્, સામ, **स्तोम** એટલે સામાવૃત્તિરૂપ સ્તોત્ર, યજમાન સંસ્કારરૂપ દીક્ષા, પાપક્ષયાર્થે અનશનાદિ તપ, યજ્ઞાંગભૂતકાલ, અને એક જ આંચળ માંહેલા દૂધના ઉપર નિર્વાહ કરીને રહેવું વિગેરે પ્રકારનું વ્રત, એમનો લાભ મને થાવો; અહોરાત્રમાં થનારી વૃષ્ટિથી મને ધાન્ય પ્રાપ્ત થાવો, અને બૃહત્ તથા રથંતર એ સામ મારા યજ્ઞના લીધે પોત પોતાનો વ્યવહાર કરવાને સમર્થ થાવો. ॥ ૮ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાગ્રાસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજ-
કાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યેરુદ્રા-
ધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદ શ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે
વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે
ચમકભાષ્યે નવમોઽનુવાકઃ ॥ ૯ ॥

गर्भाश्च मे वत्साश्च मे त्र्यविश्च मे त्र्यवी च मे दित्यवाट् च मे दित्यौही च मे पञ्चाविश्च मे पञ्चावी च मे त्रिवत्सश्च मे त्रिवत्सा च मे तुर्यवाट् च मे तुर्यौहि च मे पष्ठवाच्च मे पष्ठौही च म उक्षा च मे वशा च म ऋषभश्च मे वेहश्च मेऽनड्वान् च मे धेनुश्च म आयुर्यज्ञेन कल्पतां

प्राणो यज्ञेन कल्पतामपानो यज्ञेन कल्पतां व्यानो यज्ञेन कल्पतां चक्षुर्यज्ञेन कल्पताꣳश्रोत्रं यज्ञेन कल्पतां मनो यज्ञेन कल्पतां वाग्यज्ञेन कल्पतामात्मा यज्ञेन कल्पतां यज्ञो यज्ञेन कल्पताम् ॥ १० ॥

ગર્ભ, વત્સ, દોઢ વરસનો વાછડો, દોઢ વરસની વાછડી, બે વરસનો વાછડો, બે વરસની વાછડી, અઢી વર્ષનો, વાછડો, અઢી વર્ષની વાછડી, ત્રણ વર્ષનો ખુટડો, ત્રણ વર્ષની વાછડી, સાડાત્રણ વર્ષનો ખુટડો, સાડા ત્રણ વર્ષની ગાય, ચાર વર્ષનો ખુટડો, ચાર વર્ષની ગાય, શુક્રસિંચન કરવા સમર્થ થયેલો ખુટડો, વાંઝણી ગાય, ગર્ભસ્થાપનસમર્થ ખુટડા કરતાં વધુ વર્ષનો બળદ, ગર્ભઘાતક ગાય, ગાડી ખેંચનારો બળદ અને નવી વીયાયેલી ગાય; એમનો મને લાભ થાવો. આયુષ્ય, પ્રાણ, અપાન, વ્યાન, ચક્ષુરિંદ્રિય, શ્રવણેંદ્રિય, મન, વાણી, શરીર અને ભાવી થનારો અશ્વમેધ એ સર્વને મારા હાથે થનારા યજ્ઞના યોગથી પોત પોતાનું કાર્ય કરવાને સામર્થ્ય પ્રાપ્ત થાવો. ॥ १० ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતેશૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યેગુર્જરાનુવાદેશ્રીસાયણાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુઃસંહિતાયાં ચતુર્થકાંડે પંચમપ્રપાઠકે ચમકભાષ્યે દશમોનુવાકઃ ॥ ૧૦ ॥

एका च मे तिस्रश्च मे पञ्च च मे सप्त च मे नव च म एकादश च मे त्रयोदश च मे पञ्चदश च मे सप्तदश च मे

नवदश च म एकविꣳशतिश्च मे त्रयोविꣳशतिश्च मे पञ्चविꣳशतिश्च मे सप्तविꣳशतिश्च मे नवविꣳशतिश्च म एकत्रिꣳशच्च मे त्रयस्त्रिꣳशच्च मे चतस्रश्च मेऽष्टौ च मे द्वादश च मे षोडश च मे विꣳशतिश्च मे चतुर्विꣳशतिश्च मेऽष्टाविꣳशतिश्च मे द्वात्रिꣳशच्च मे षट्त्रिꣳशच्च मे चत्वारिꣳशच्च मे चतुश्चत्वारिꣳशच्च मेऽष्टाचत्वारिꣳशच्च मे वाजश्च प्रसवश्चापिजश्च क्रतुश्च सुवश्च मूर्धा च व्यश्नियश्चान्त्यायनश्चान्त्यश्च भौवनश्च भुवनश्चाधिपतिश्च ॥ ११ ॥

એકાદિ શબ્દ સંખ્યાવાચક છે. વાજાદિ સર્વ મને પ્રાપ્ત થાવો. **वाज** એટલે અન્ન. **प्रसव** એટલે ઉત્પત્તિ. **अपिज** એટલે તેની જ પુનઃ પુનઃ ઉત્પત્તિ. **क्रतु** એટલે ભોગાદિ વિષયક સંકલ્પ અથવા યાગ. **सुवः** એટલે સૂર્ય. **मूर्धा** એટલે સ્વર્ગ. **व्यश्निय** એટલે સર્વવ્યાપિ આકાશાદિકમાં રહેનારો. **आंत्यायन** એટલે છેલ્લે ઉત્પન્ન થયેલો. **अंत्य** એટલે છેલ્લો. **भौवन** એટલે ભુવન માંહેલા. **भुवन** એટલે જગત્સ્વરૂપ. **अधिपति** એટલે અધિકાર ચલાવીને પાલન કરનારો, અથવા ચૈત્રાદિ માસની યથાનુક્રમે વાજાદિ સંજ્ઞા છે. તે વાજાદિક સર્વ પ્રસન્ન થાવો એટલાં પદ અધ્યાહૃત લેવાં. આ અનુવાકમાંહેલા **च** કાર પરસ્પરનો સમુચ્ચય દર્શાવવા માટે છે, કિંવા અહિં જેમનો પ્રત્યક્ષ નિર્દેશ કરેલો નથી એવા કાલાદિકનો અને દેવતાઓનો અંતર્ભાવ થવા સારૂં છે એમ જાણવું.

નિર્દિષ્ટ કરેલા અગિયાર અનુવાક એ એક જ મંત્ર છે; એ મંત્રવડે સાધ્ય જે હોમ તેનું વિધાન કરે છે:—**वसोर्धारां जुहोति वसोर्मे धाराऽसदिति वा एषा हूयते घृतस्य वा एनमेषा धाराऽमुष्मिꣳल्लोके**

पिन्वमानोपतिष्ठते જેના યોગથી સાંતત્ય એટલે સતતપણું પ્રાપ્ત થાય છે તે આહુતિ **वसोर्धारा.** **वसु** એટલે ધન, ધનની જે ધારા તે **वसो-धारा,** એ નિર્દિષ્ટ કરેલી વ્યુત્પત્તિ શ્રુતિએ આગળ દર્શાવેલી છે. જે યજમાન હવન કરે છે એટલે એ ધારા હોમે છે તે, પ્રથમ મારૂં ધન નિરંતર કાયમ રહે એવી ઇચ્છા કરે છે; તેથી આ આહુતિ તે હોમે છે. તે હોમના યોગથી એ ઘૃતની ધારા, આ યજમાનની સ્વર્ગલોકમાં આનંદ આપતી સેવા કરે છે.

હવે દ્રવ્યનું વિધાન કરે છે:—**आज्येन जुहोति तेजो वा आज्यं तेजो वसोर्धारा तेजसैवाऽस्मै तेजोऽवरुन्धे** આજ્યથી હોમ કરવો, કારણ કે આજ્ય એ તેજ હોઇને વસોર્ધારાએ તેજ જ છે. માટે આજ્યે હોમ કરતા તેજવડે તેજ લીધા જેવું થાય છે. સુવર્ણાદિ ધનની સમૃદ્ધિ પણ તેજોરૂપ હોવાનું પ્રસિદ્ધ છે.

કામપ્રાપ્તિહેતુત્વથી પણ તે આહુતિની પ્રશંસા કરે છે:—**अथो यामा वै वसोर्धारा कामानेवाऽवरुन्धे.**

હવે આ સાંતત્ય અન્વયવ્યતિરેકથી દર્શાવે છે:—**यं कामयेत प्राणानस्यान्नाद्यं विच्छिन्द्यामिति विग्राहं तस्य जुहुयात्प्राणानेवास्यान्नाद्यं विच्छिनत्ति यं कामयेत् । प्राणस्यानाद्यꣳसंतनुयामिति सन्ततां तस्य जुहुयात्प्राणानेवास्यानाद्यꣳसंतनोतीति** જે યજમાનના પ્રાણ અને અન્ન એમનો નાશ થાય એવી અધ્વર્યુને ઇચ્છા હશે તેના માટે અધ્વર્યુએ વચમાં ધારા અટકાવી અટકાવીને હોમ કરવો એટલે તેમ થાય છે. પરંતુ યજમાનના પ્રાણ અને અન્ન એમનો વિચ્છેદ ન થવો જોઇએ એવી ઇચ્છા હોય તો સતત આહુતિ હોમવી એટલે તેમ થાય છે.

वाजश्च मे અહિંથી **अन्नं च मेऽक्षुच्च मे** એ ગ્રંથના પૂર્વ પર્યંતના જે એકસો ચુમાળીસ વાકયો છે તેમના બાર સમુદાયથી વિભાગ કરીને તેમની પ્રશંસા કરે છે:—'**द्वादश द्वादशानि द्वादश मासाः**

संवत्सरः संवत्सरेणैवाऽस्मा अन्नामवरुन्धे' द्वादश એટલે બાર વાક્યોનો સમુદાય, ને એવા બાર સમુદાય એટલે એકંદર એકસો ચુમાળીસ સંખ્યા થાય છે. તદંતર્ગત જે બાર સંખ્યા તે માસના દ્વારા એ સંવત્સરરૂપ હોવાથી સંવત્સરસાધ્ય અન્ન પ્રાપ્ત થાય છે.

હવે ચોથા અનુવાકમાંહેલા વાકયોની પ્રશંસા કરે છે:—'अन्नं च मेऽक्षुच्च म इत्याहैतद्वा अन्नस्य रूपꣳरूपेणैवान्नमवरुन्धे' अन्नं च मे ઇત્યાદિ વાક્યોથી જે પ્રતિપાદ્ય છે તે સર્વે અન્નરૂપ છે. ક્ષુધાનો અભાવ અન્નવડે જ સાધ્ય હોઇને આગળ નિર્દિષ્ટ કરેલા વ્રીહિપ્રભૃતિ પદાર્થ પણ અન્નસાધન છે.

હવે પાંચમા અનુવાકમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:— 'अग्निश्च म आपश्च म इत्याहैषा वा अन्नस्य योनिः स योन्येवान्नमवरुन्धे' અગ્નિના લીધે પાક થાય છે માટે અગ્નિ એ અન્નની યોનિ છે એટલે ઉત્પત્તિસ્થાન છે, અને જલ ઔષધીજનક હોવાથી તે પણ અન્નનું ઉત્પત્તિસ્થાન છે. આ મંત્રનો પાઠ કરતાં અનેક પ્રકારનું અન્ન પ્રાપ્ત થાય છે.

હવે છઠા અનુવાકમાંહેલા વાકયોની પ્રશંસા કરે છે:—'अर्धेन्द्राणि जुहोति देवता एवावरुन्धे यत्सर्वेषामर्धमिन्द्रः प्रति तस्मादिन्द्रो देवतानां भूयिष्ठभाक्तम इन्द्रमुत्तरमाहेन्द्रियमेवास्मिन्नुपरिष्टाद्दधाति' જે વાક્યમાંહેલો અર્ધભાગ ઇંદ્રનો છે તે વાકયો अर्धेन्द्र. તે વાક્યોમાં અગ્નિપ્રોમાદિદેવતા પૂર્વાર્ધમાં કહેલા હોવાથી તેમની પ્રાપ્તિ થાય છે. અને જે અર્થે સર્વ વાક્યોના અર્ધભાગમાં ઇંદ્ર પઠિત છે તે અર્થે એ ઇંદ્ર અતિશય હવિર્ભાગ લેનારો છે. જે અર્થે વેદે જ ઉત્તરાર્ધમાં ઇંદ્રનો નિર્દેશ કરેલો છે તે અર્થે આ યજમાનને ચક્ષુરાદિ ઇંદ્રિયોની પ્રાપ્તિ થાય છે.

હવે સાતમાં અને આઠમાં અનુવાકમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:—'यज्ञायुधानि जुहोति यज्ञो वै यज्ञायुधानि यज्ञमेवाऽवरु-

न्धेऽथो एतद्वै यज्ञस्य रूपꣳरूपेणैव यज्ञमवरुन्धे' अंशु, अदाभ्य ઇત્યાદિ ગ્રહરૂપ યજ્ઞસાધનો પ્રત્યક્ષ યજ્ઞ નિષ્પન્ન કરનારા હોવાથી યજ્ઞસ્વરૂપ છે. इध्म, बर्हि ઇત્યાદિકથી પરંપરાએ યજ્ઞનું નિરૂપણ થાય છે, ગ્રહની પેઠે તે પ્રત્યક્ષ યજ્ઞ નિષ્પન્ન કરનારા નથી. માટે તે યજ્ઞના રૂપ છે. એ अंशु, अदाभ्य ઇત્યાદિ અંતરંગ અને इध्म, बर्हि ઇત્યાદિ બહિરંગ યજ્ઞસાધનો વડે યજમાનને યજ્ઞની પ્રાપ્તિ થાય છે.

અંતે જે स्वगाकार વાક્ય છે તેનું તાત્પર્ય દર્શાવેછે:—'अवभृथश्च मे स्वगाकारश्च म इत्याह स्वगाकृत्यै' स्वगाकृति એટલે સ્વાધીન કરી લેવું.

હવે નવમા અનુવાકના પૂર્વાર્ધમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:—'अग्निश्च मे घर्मश्च म इत्याहैतद्वै ब्रह्मवर्चसस्य रूपꣳरूपेणैव ब्रह्मवर्चसमवरुन्धे' અગ્નિપ્રભૃતિથી બ્રાહ્મણોનું કર્મ નિષ્પન્ન થતું હોવાથી તે બ્રહ્મવર્ચસરૂપ છે.

હવે એજ અનુવાકના ઉત્તરાર્ધમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:—'ऋक् मे साम च म इत्याहै तद्वै छन्दसाꣳरूपꣳरूपेणैव छन्दाꣳस्यवरुन्धे' छंद એટલે વેદ. ઋક્, સામ વિગેરે વેદોનું સ્વરૂપ પ્રસિદ્ધ જ છે.

દશમા અનુવાકના પૂર્વાર્ધમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:—'गर्भाश्च मे वत्साश्च;म इत्याहैतद्वै पशूनाꣳरूपꣳरूपेणैव पशूनवरुन्धे' ગર્ભ, વત્સ ઇત્યાદિ પશુરૂપ હોવાનું પ્રસિદ્ધ જ છે.

એ જ અનુવાકના ઉત્તરાર્ધમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:—'जागताः पशवो जगत्यै वाऽस्मै पशूनवरुन्धे.'

એ જ અનુવાકના ઉત્તરભાગમાંહેલા વાક્યોની પ્રશંસા કરે છે:—'वाजश्च प्रसवश्चेति द्वादशं जुहोति द्वादश मासाः संवत्सरः संवत्सर एव प्रतितिष्ठति.'

આ અગિયાર અનુવાકનો સંક્ષેપતઃ વિનિયોગ આ પ્રમાણે છે:—

अग्नाविष्णू ઇત્યાદિ અગિયાર અનુવાકથી એકસરખી સતત ઘૃતાહુતિ હોમવી.

હવે એમની મીમાંસા:—બારમાં અધ્યાયના તૃતીયપાદમાં વિચાર કરેલો છે તે આ પ્રમાણે:—સંતતવસોર્ધારા હોમવી, એવું કાંઈ કર્મ વિહિત છે. એ શ્રુતિમાં નિર્દિષ્ટ કરેલું સાંતત્ય એટલે અવિચ્છિન્નત્વ છે. એ અવિચ્છિન્નત્વ મંત્ર અને કર્મ એમનો સાથે ઉપક્રમ થતાં સંભવનીય છે. માટે મંત્રના આરંભે જ કર્મ કરવું; એમ પૂર્વપક્ષથી પ્રાપ્ત થયેલું છે. પરંતુ, સિદ્ધાંત આ પ્રમાણે:—બાર મંત્રવાક્યોથી એક આકૃતિ નિષ્પન્ન થનારી છે. ઉદાહરણાર્થે, **वाजश्च मे प्रसवश्च मे प्रयतिश्च मे प्रसितिश्च मे धीतिश्च मे क्रतुश्च मे स्वरश्च मे श्लोकश्च मे श्रावश्च मे श्रुतिश्च मे ज्योतिश्च मे सुवश्च मे** આ બાર મંત્રવાક્યોથી એક આહુતિ હોમવાની છે, અને **प्राणश्च मेऽपानश्च मे** ઇત્યાદિ મંત્રવાક્યોથી એવા જ પ્રકારની આગળની આહુતિઓ આપવાની છે. આ પ્રકારે બાર હોમ થાય છે. તે હોમમાં વિલંબનો અભાવ હોવો એ સાંતત્ય છે. મંત્ર અને કર્મ એમનો સાથે ઉપક્રમ એ સાંતત્ય નથી, તસ્માત્ પૂર્વન્યાયથી મંત્રાંતે કર્મ સંનિપાત થવાને અડચણ નથી ॥ ૧૧ ॥

ઇતિ સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યવર્યઆત્માનંદસરસ્વતીવિરચિતે શૈવસર્વસ્વાખ્યરુદ્રાધ્યાયભાષ્યે ગુર્જરાનુવાદે શ્રીસાયાચાર્યવિરચિતે માધવીયે વેદાર્થપ્રકાશે યજુ:સંહિતાયાં ચતુર્થકાંડે સપ્તમપ્રપાઠકે ચમકભાષ્યે એકાદશોઽનુવાક: ॥ ૧૧ ॥

અહિં ચમકભાષ્યસમાપ્ત થયું ॥

ઇતિ શ્રીસાંબસદાશિવાર્પણમસ્તુ.

|| ॐ नमः शिवाभ्याम् ||

॥ शिवापामार्जनस्तोत्रम् ॥



श्रीगणेशाय नमः । श्रीशिवाय नमः । अथ श्रीशिवापामार्जनस्तोत्रमुच्यते । त्रिलोचनं भस्मजटाभिधारिणं कपालपाणिं शशिखण्डशेखरम् ॥ वृषध्वजं गाङ्गजटाभिमौलिनमुमापतिं तं शरणं प्रपद्ये ॥ १ ॥

॥ जैमिनिरुवाच ॥ अकालमृत्युं जितवान् श्वेतो राजा कथ मुने ॥ तां शान्तिं कृपया विद्वन् यथावद्वक्तुमर्हसि ॥ २ ॥

શ્રીશિવાય નમઃ । અથ શ્રીશિવાપામાર્જનસ્તોત્રના ભાષાન્તરનો પ્રારંભ ॥

ત્રણુ નેત્રવાળા, ભસ્મ અને જટાને ધારણુ કરનાર, અને ગંગાજી જેમણે જટામાં ધારણુ કરેલ છે, કપાલ જેના હાથમાં છે, એવા, અર્ધચન્દ્ર જેમના મુકુટમાં છે તેવા. નન્દિકેશ્વરની ધ્વજાવાળા, એવા ઉમાપતિ શંકરને હું શરણે જાઉં છું ॥૧॥ જૈમિનિઋષિએ પૂછ્યું—હે દુર્વાસામુનિ શ્વેતનામનો રાજા અકાલ મૃત્યુને કેવી રીતે જીત્યો? તે શાંતિથી કૃપા કરીને યથાર્થ રીતે કહેવાને આપ યોગ્ય છો ॥ ૨ ॥

दुर्वासा उवाच ॥ सराजा पापशान्त्यर्थं शिवापामार्जनं सदा ॥ पपाठ परया भक्त्या रक्षायै चात्मनो ध्रुवम् ॥३॥ सर्वरक्षाकरं पुण्यं रक्षोघ्नं शिवभाषितम् ॥ सदाशिवादजः प्राप ब्रह्मणः प्राप्तवान् भृगुः ॥ ४ ॥ भृगोः क्रतुः क्रतोर्गर्गो गर्गाच्छ्वेतो महीपतिः ॥ श्वेताच्च कौशिकश्चेदं तस्मात् संप्राप्तवानहम् ॥ ५ ॥

દુર્વાસામુનિએ કહ્યું—તે શ્વેત રાજા પોતાના પાપની શાંતિ માટે અને પોતાની રક્ષાને માટે અત્યંત ભક્તિવડે શ્રીશિવાપામાર્જનનો પાઠ કરતા હતા. ॥૩॥ આ સ્તોત્ર સર્વ દુઃખોથી રક્ષા કરનારૂં છે, મહાપવિત્ર અને રાક્ષસો વિગેરેનો નાશ કરનારૂં છે, અને સાક્ષાત્ શંકરે પોતાના મુખેથી કહેલું છે. શ્રીસદાશિવ પાસેથી બ્રહ્માજીને પ્રાપ્ત થયું, અને બ્રહ્મા પાસેથી ભૃગુઋષિને મળ્યું ॥ ૪ ॥ ભૃગુ પાસેથી ક્રતુનામના ઋષિયે પ્રાપ્ત કર્યું, ક્રતુ પાસેથી ગર્ગમુનિને મળ્યું, અને ગર્ગ પાસેથી શ્વેતરાજાને પ્રાપ્ત થયું, શ્વેતરાજા પાસેથી કૌશિકમુનિને મળ્યું અને તેમની પાસેથી મેં પ્રાપ્ત કર્યું ॥ ૫ ॥

शिवं शान्तिकरं पुण्यं पठेत्सर्वार्थसाधनम् ॥ आधिव्याधिपरीतानां विघ्नैरुपहतात्मनाम् ॥६॥ सर्वशान्तिकरं पुण्यं शिवापामार्जनं पठेत् ॥ विधिवत्प्रयतो भूत्वा कुशहस्तस्त्वनन्यधीः ॥ ७ ॥ मार्जयेत्सर्वगात्राणि कुशाद्भिः शिवतत्परः ॥ त्रिपुण्ड्रं भस्मना कृत्वा शुचिरीशानमानसः ॥ ८ ॥ रोगग्रहविषार्तानां कुर्याच्छान्तिमिमां शुभाम् ॥

આ સ્તોત્ર કલ્યાણકારક છે, પવિત્ર છે, ધર્મ, અર્થ, કામ, ને મોક્ષ એ સર્વે પુરુષાર્થોને સિદ્ધ કરનાર છે. મનની ચિંતા, શરીરના રોગ, ચારે બાજુથી સંકટે ઘેરાયેલો અને જેમના દરેક કાર્યમાં વારંવાર વિઘ્ન આવ્યા કરે, તેવા લોકોને સર્વે પ્રકારની શાંતિ કરનારૂં આ શ્રીશિવાપામાર્જન સ્તોત્ર છે તેનો હંમેશ પાઠ કરવો. પ્રથમ વિધિપ્રમાણે સ્નાનશૌચાદિ ક્રિયાઓ કરી સન્ધ્યાદિકર્મોથી શુદ્ધ થઈ હાથમાં દર્ભ ધારણ કરી શંકરમાં એકાગ્ર ચિત્ત રાખી તે દર્ભોના અગ્રવડે જલથી પોતાના બધા શરીરને શિવમાં તત્પર થઈ માર્જન કરવું. ભસ્મવડે ત્રિપુંડ્ર કરી પવિત્ર એવા શિવજીમાં મન લગાડી રોગ, દુષ્ટગ્રહો, તથા વિષ (ઝેર) થી પીડાતા મનુષ્યોને માટે આ શુભ એવી શાંતિ કરવી જોઇએ. ॥ ૫-૮ ॥

॥ जैमिनिरुवाच ॥ भगवंस्त्वामहं प्रष्टुमिच्छाम्येकं वदस्व तत् ॥ ९ ॥ विधिना च कथं प्राप्तं गुह्याद्गुह्यतरं महत् ॥ देवदेव महेशानाद्विस्तरात् कथय प्रभो ॥१०॥

॥ दुर्वासा उवाच ॥ सुमेरुशिखरासीनं देवदेवमुमापतिम् ॥ स्कन्दनन्दिमहाकालविघ्नराजगणार्चितम् ॥ ११ ॥ ततो देवगणाः सर्वे मुनयश्च तपोधनाः ॥ तुष्टुवुः परया भक्त्या शङ्करं लोकशङ्करम् ॥ १२ ॥ ऋग्यजुःसामगर्भाभिर्वाग्भिस्तु परया मुदा ॥ तत्र ब्रह्मा सुखासीनं सर्वलोकपितामहः ॥१३॥ सदाशिवं नमस्कृत्य बद्धांजलिरभाषत ॥

જૈમિનિ મુનિ કહેવા લાગ્યા—હે મહામુને, આપની પાસેથી મને એક વાત જાણવાની મહોત્કંઠા છે તેથી હું તે વાત પૂછવાને ઇચ્છું છું, તેનો

મને જવાબ આપો ॥ ૯ ॥ દેવોના દેવ મહેશ્વર પાસેથી ગુપ્તમાં ગુપ્ત એવું આ સ્તોત્ર બ્રહ્માજીએ કેવી રીતે પ્રાપ્ત કર્યું એ વિસ્તારથી મને કૃપા કરીને કહો ॥૧૦॥ દુર્વાસા મુનિએ કહ્યું,—હે જૈમિનિ! મેરૂ પર્વતના શિખર ઉપર વિરાજમાન, દેવતાઓના દેવ, જેની પાસે કાર્તિકેય સ્વામી, નન્દિકેશ્વર, મહાકાલ, ગણેશ, અને પ્રમથગણોએ જેમની પૂજા કરેલી છે ॥ ૧૧ ॥ તેવા ઉમાપતિ શંકરની પાસે દેવતાઓના સમૂહો અને તપોધન ઋષિમુનિયોએ ત્યાં જઇને વાણીઓવડે લોકોનાં કલ્યાણ કરનાર ભગવાન શંકરની અત્યન્ત ભક્તિવડે કરીને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદથી યુક્ત એવી પરમહર્ષથી સ્તુતિ કરવા લાગ્યા. તે ઠેકાણે સુખેથી બેઠેલા ભગવાન્ સદાશિવને નમસ્કાર કરી સર્વ લોકોના પિતામહ બ્રહ્માજી હાથ જોડી કહેવા લાગ્યા. ॥ ૧૨ ॥ ૧૩ ॥

ब्रह्मोवाच ॥ देवदेव महादेव सर्वलोकहितेरत ॥१४॥ रहस्यं किञ्चिदिच्छामि प्रष्टुं त्वां भक्तवत्सल ॥ भूतैर्ग्रहैश्च रोगैश्च विविधैः प्राणिनः सदा ॥ १५ ॥ पीड्यंते दुःखिताः सर्वे महादेव जगत्प्रभो ॥ तेषां शांतिं वदस्व त्वं ग्रहव्याधिविमोचिनीम् ॥ १६ ॥

બ્રહ્માજી બોલ્યા—હે દેવદેવ મહાદેવ, સર્વલોકોનું હિત કરવામાં તત્પર રહેલા, ભક્તવત્સલ આપને કંઇક ગુપ્ત વાત પૂછવાને ઇચ્છું છું. ભૂત, પ્રેત, દુષ્ટગ્રહ, અને અનેક જાતના રોગોવડે હંમેશાં બધાં પ્રાણિયો પીડાય છે. હે જગત્પ્રભુ મહાદેવ ! તેઓને ગ્રહરોગ વિગેરેની પીડામાંથી મુક્ત કરાવનારી કોઇ પ્રકારની શાંતિને કહેવાને યોગ્ય છો. ॥ ૧૪, ૧૫, ૧૬ ॥

ब्रह्मणो वचनं श्रुत्वा देवस्त्रिभुवनेश्वरः ॥ प्राणिपीडादिनिरता ग्रहभूतादिराक्षसाः ॥१७॥ रोगाश्च वि-

विधा ये च लूताविस्फोटकादयः ॥ बालग्रहाश्च ये केचि-
त्केचित्साान्निपातिकाः ॥१८॥ प्राणिनो दुःखदाः संतो
विचरंति महीतले ॥ तानानेतुं गणाः सर्वे ह्यानीताः
शंभुना स्वयम् ॥१९॥ गणैरुक्तस्तदा शंभुः किं कुर्मोऽथ
तवाज्ञया ॥ आज्ञापय महादेव किं कर्तव्यं जगत्प्रभो२०

આ પ્રકારે બ્રહ્માનું વચન સાંભળીને ત્રિલોકના ઇશ્વર મહાદેવે પોતાના ગણોને બોલાવ્યા. તેમને મહાદેવજીએ હુકમ કર્યો, કે દરેક પ્રાણિને પીડા કરવાવાળા દુષ્ટગ્રહો, ભૂત, પ્રેત, રાક્ષસો, કરોળીઆ, વિસ્ફોટક, દુષ્ટ વિગેરે નાનાપ્રકારના જે રોગો, અને પૂતના વિગેરે બાલગ્રહો અને જે સન્નિપાતાદિક રોગો, પ્રાણીઓને દુઃખ આપી, દુનિયામાં ફર્યા કરે છે; તે બધાને પકડી લાવવાને માટે તમને મેં બોલાવ્યા છે. ત્યારે ગણોએ મહાદેવજીને પૂછયું, આપની આજ્ઞાથી બીજું વધારે શું કામ કરીએ, હે મહાદેવ! જે કામ કરવાનું હોય તેની આજ્ઞા કરો. ॥૧૭, ૧૮, ૧૯, ૨૦॥

श्रीमहादेव उवाच ॥ शृण्वंतु च गणाः सर्वे त्रैलोक्ये
विचरन्ति ये ॥ प्राणिपीडाकरा दुष्टा रोगग्रहनिशा-
चराः ॥२१॥ लोकानां विविधं दुःखं प्रयच्छन्ति सदा-
घमाः ॥ यत्र कुत्र स्थिताः सर्वे आनेयास्ते तु सांप्रतम्
॥ २२ ॥ ततः शिवगणाः सर्वे हर्षनिर्भरमानसाः ॥
दुष्टांस्तानानयामासुस्त्रैलोक्यस्थान् शिवाज्ञया ॥ २३ ॥
बद्ध्वा पृथक् दृढैः पाशैर्ग्रहरोगांश्च राक्षसान् ॥ पापा-
धिष्ठांश्च संरुधान् क्रूरान् बालग्रहानपि ॥ २४ ॥ यथा

क्रमंतु ते सर्वे दंडवत्प्रणता भुवि ॥ प्रणिपत्य महेशानमिदमूचुर्वचो गणाः ॥ २५ ॥

શ્રીમહાદેવજી કહેવા લાગ્યા—કે, હે સર્વગણો ! હું તમને કહું તે સાંભળો; દરેક પ્રાણીઓને પીડા કરનારા દુષ્ટરોગો, ગ્રહો, અને રાક્ષસો, તે બધા, લોકોને નાનાપ્રકારનાં દુઃખ આપે છે માટે તેવા અધમોને જ્યાં રહેલા હોય ત્યાંથી તુરત જ લઈ આવો ॥૨૧, ૨૨॥ ત્યાર પછી મહાદેવના બધા ગણો મનમાં હર્ષ પામતા, ત્રણે લોકમાં રહેનારા તે દુષ્ટોને શિવજીની આજ્ઞાથી શિવજી પાસે લઈ આવ્યા. પાપી એવા રોગો, રાક્ષસો, અને નિર્દય એવા બાલકોના ગ્રહોને પણ મજબુત પાશોવડે બાંધી લાવીને હાજર કર્યા. તે બધા જે ક્રમથી આવતા ગયા, તે તે ક્રમથી મહાદેવને પૃથ્વીમાં પડી દંડવત્ પ્રણામ કર્યા, પછી મહાદેવના ગણો પણ શિવજીને નમન કરીને આવા પ્રકારે વચનો કહેવા લાગ્યા. ॥ ૨૩, ૨૪, ૨૫ ॥

देवदेव महेशान सर्वे दुष्टास्तवाज्ञया ॥ त्रैलोक्यस्थाः समानीताः प्राणिपीडाकरा विभो ॥२६॥ देवद्विजग्रहाः सर्वे कूष्माण्डा ब्रह्मराक्षसाः ॥ वेतालाश्च पिशाचाश्च यक्षगन्धर्वराक्षसाः ॥ २७ ॥ क्षुद्राश्च जृम्भकाः प्रेताः भूताः स्कन्दग्रहा अपि ॥ महामारी तथा कृत्या पूतना गर्भघातिनी ॥ २८ ॥ डाकिनी शाकिनी घोरा गदिनी चक्रिणी तथा ॥ अन्तरीक्षचराः क्षुद्रा देव्यस्तु त्रिविधाः स्मृताः ॥ २९ ॥ अपस्मारा महोत्पाता वातपित्तकफोद्भवाः ॥ शस्ता बहुविधा रौद्राः सन्तताद्ययाहिकादयः ॥ ३० ॥

ગણો કહે છે, હે દેવોના દેવ! હે વ્યાપક મહેશ્વર! આપની આજ્ઞાથી ત્રણે લોકમાં રહેલા પ્રાણિમાત્રને પીડા કરનારા બધા દુષ્ટ રોગો તથા ભૂત-પ્રેતાદિકોને અમે લઈ આવ્યા છીએ ॥૨૬॥ સર્વે દેવ અને દ્વિજના ગ્રહો, તથા કુષ્માંડ (નામના દેવ), બ્રહ્મરાક્ષસો, વેતાળ, પિશાચો, યક્ષો, ગંધર્વો, રાક્ષસો, તુચ્છ નીચ દેવો દેવીઓ, જાંભક (જાંભદેવ), પ્રેત, ભૂત, સ્કન્દ ગ્રહો, વિગેરે દ્વેષ કરનાર દેવતાઓ અને દુષ્ટ રોગો જેવા કે કોલેરા, આગ લાગવી, ગર્ભનો અને બાળકોનો નાશ કરનારી પૂતના, ડાકેણ શાકેણ ભયંકર ગદાવાળી દેવી, ચક્ર ધરવાવાળી, આકાશમાં ફરવાવાળી અનેક જાતની ક્ષુદ્ર દેવીઓ, મૃગી (વાઇ આવવી), વાત, પિત્ત અને કફથી ઉત્પન્ન થતા મહારોગો, અનેક પ્રકારના ભયંકર તાવો કે જે હંમેશ રહેવાવાળો, ચોથીયો, વિગેરે ॥ ૨૭, ૨૮, ૨૯, ૩૦ ॥

दोषोत्थाः सन्निपातोत्था ज्वरा आगन्तुका अपि ॥ अतीसाराः शिरोरोगाः प्लीहागुल्मभगन्दराः ॥ ३१ ॥ कुष्ठप्रमेहप्रदरा विद्रवश्च पुरन्दराः । श्वासकासक्षय-च्छर्दिकर्णशूलगलामयाः ॥ ३२ ॥ विस्फोटकालूतिका च मूत्रकृच्छ्रमलीमसाः ॥ पाण्डुहिक्कालालाटस्था मुख-रोगाश्च दारुणाः ॥ ३३ ॥ नेत्ररोगा बहुविधा रोगाश्चै-वौपसर्गिकाः ॥ एते चान्ये बहुविधा व्याधयश्चाधयो ग्रहाः ॥ ३४ ॥ प्रणन्तुं नैव शक्तास्ते किं पुनस्त्वां निरी-क्षितुम् ॥ त्वत्तेजसा दुरात्मानोऽभिभूताः प्रलयं गताः ॥ ३५ ॥

વાત, પિત્ત, કફ વિગેરે દોષોથી ઉત્પન્ન થયેલા અને સન્નિપાત જ્વર તથા સાધારણ જ્વર, ઝાડાના રોગો, મસ્તકના રોગો, બરોળ, ગોળો,

ભગન્દર, કોઢ, પીસાબના રોગો, સ્ત્રીયોના પ્રદર, રક્તસ્રાવ, દમ, ઉધરસ, ક્ષયરોગ, ઉલટી, કાનના રોગો, ગળાનાં દરદો, ॥ ૩૧ ॥ ૩૨ ॥ વિસ્ફોટક તરીકે સંકેત ચાંદાં, મૂત્રરોગો, પાંડુ, હેડકી, કપાળના રોગો, ભયંકર નેત્રરોગો, ચેપી રોગો વિગેરે અનેક પ્રકારના વ્યાધિયો, મનની ચિન્તાઓ, દુષ્ટગ્રહો તે બધા આવ્યા છે. તે દૂરથી પણ આપને પ્રણામ કરવાને સમર્થ નથી તો આપના આગળ આવી દર્શન કરવાને ક્યાંથી શક્તિમાન્ થાય ? કારણ કે આપના તેજથી તે દુરાત્માઓ ભયભીત થઈ નાશ પામવા જેવા થઈ ગયા છે. ॥ ૩૩, ૩૪, ૩૫ ॥

आज्ञापय महादेव किं कुर्मोऽथ तवाज्ञया ॥ स ता-नुवाच भगवानीशः क्रोधसमन्वितः ॥ ३६ ॥ प्राणिनो दुःखिताः सर्वे केन दोषेण वै ग्रहाः ॥ तत्सर्वं निर्भयाः सन्तो यथावद्वक्तुमर्हथ ॥ ३७ ॥ ग्रहा ऊचुर्महेशानं प्रणिपत्य पुनः पुनः ॥ ये ग्रहास्तामसा लोके दुर्वृत्ताश्चा-विवेकिनः ॥ ३८ ॥ सर्वदा दुःखदाः पापाः प्रायोऽनर्थ-कराश्च ये ॥ गृह्णन्ति मनुजान् मूढा वायुभूता जग-त्प्रभो ॥ ३९ ॥ बलिकामाश्च ये केचित् पुनर्वैररताश्च ये ॥ तत्कर्मप्रेरिताश्चैव पीडयन्ति च देहिनः ॥ ४० ॥

ગણો કહે છે કે, હે મહાદેવજી ! આપની આજ્ઞાથી એ બધાને શું કરવું ? આ પ્રમાણે ગણોનાં વચન સાંભળી ભગવાન્ શંકર ક્રોધયુક્ત થઈ કહેવા લાગ્યા ॥ ૩૬ ॥ કે હે ગ્રહો, અને રોગો, કયા દોષવડે ખરેખર બધાં પ્રાણિયો દુઃખી થાય છે તેનું સર્વ કારણ ભય છોડીને સત્ય હોય, તે કહો. ॥ ૩૭ ॥ ભગવાન્ મહેશ્વરને સાચા ગ્રહો આવેલા હતા, તે વારંવાર પ્રણામ કરીને કહેવા લાગ્યા, કે હે જગત્પ્રભુ ! દુષ્ટગ્રહો જેઓ તમો.

ગુણી ને અવિવેકી છે ॥ ૩૮ ॥ તેઓ ઘણું કરી પાપી પ્રાણિયોને દુઃખ આપી અનર્થ કરનારા છે, તે બધા મૂર્ખાઓ વાયુરૂપે મનુષ્યોને હેરાન કરે છે. ॥ ૩૯ ॥ તે ભૂતપ્રેતાદિ બલિદાન લેવાની ઇચ્છાથી, કોઇ પૂર્વ જન્મના વૈરભાવથી, પ્રાણિયોના કર્મોને આધારે અનેક જાતની પીડાઓ કરે છે. ॥ ૪૦ ॥

एतावदेव कथितं देव देव कृपानिधे ॥ आज्ञापय महादेव किं कुर्मोऽतःपरं प्रभो ॥ ४१ ॥ स एवमुक्तो भगवाञ्छङ्करो लोकशङ्करः ॥ भूतसंघानुवाचेदं सन्निधौ त्रिदिवौकसाम् ॥४२॥ एतावत्कालपर्यन्तं ग्रह-रोगैश्च दारुणैः ॥ प्राणिनः पीडिताः सर्वे दुःखितास्त्रि-दिवौकसः ॥४३॥ अतःपरं तु यः कश्चित् प्राणिपीडाकरो भवेत् ॥ सोऽन्तमेष्यति मद्भक्तशान्त्या च परया ध्रुवम् ॥ ४४ ॥ त्रिपुण्ड्रं भस्मना कृत्वा धृत्वा रुद्राक्षमालि-काम् ॥ मदीरितामिमां शान्तिं मद्भक्ता मत्परायणाः ॥४५॥ करिष्यन्ति जना ये च भक्त्या स्तोष्यन्ति येऽपि च ॥ भवद्भिस्ते जनाः सर्वे परिहार्याः सुनिश्चितम् ४६

હે કૃપાનિધિ દેવના દેવ, આટલું જ હમારે કહેવાનું હતું. હવે હે શંકર પ્રભો! હવે પછી હમારે શું કરવું ? ॥ ૪૧ ॥ આપ્રમાણે ગ્રહો અને રોગો વિગેરેએ કહ્યું, ત્યારે લોકનું કલ્યાણ કરનાર ભગવાન્ શંકરે બધા દેવોના સમક્ષ ભૂતરોગાદિકોને આ પ્રમાણે કહ્યું. ॥ ૪૨ ॥ હે દેવો! આટલા કાળ સુધી ગ્રહોએ, ભયંકર રોગોએ, સર્વે પ્રાણિઓને બહુજ પીડા કરી તેથી તેઓ દુઃખી થયા. ॥ ૪૩ ॥ હવે પછી જે કોઈ ગ્રહરોગ ભૂતપ્રેત વિગેરે

કોઈ પણ પ્રાણિને પીડાકરનાર થશે તો તે સારા વિધિથી કરેલી મારી શાંતિથી જરૂર નાશ પામી જશે. ॥ ૪૪ ॥ ભસ્મવડે ત્રિપુંડ્રકરી રૂદ્રાક્ષની માળાને ધારણ કરી મારા ભક્તો મારામાં તત્પર થઈ મારી કહેલી શાંતિને કરે, અથવા જે લોકો પ્રેમ–ભક્તિવડે મારી સ્તુતિ પણ કરે, તેવા મનુષ્યોને તમારે જરા માત્ર પણ દુઃખ દેવું નહિ, નિશ્ચયથી બચાવી લેવા. ॥ ૪૫–૪૬ ॥

अतःपरं प्रवक्ष्यामि सर्वपापहरां शुभाम् ॥ साक्षाच्छिवमयीं शान्तिं सर्वलोकहिताय च ॥ ४७ ॥ कुर्यान्न्यासं प्रथमतस्तदुक्तेन च वर्त्मना ॥ शिवन्यासेन करयोः कुशासन उदङ्मुखः ॥ ४८ ॥ महेशानं न्यसेन्मूर्ध्नि शिखायां शशिशेखरम् ॥ ललाटे शाश्वतं न्यस्य विरूपाक्षं तु नेत्रयोः ॥४९॥ वक्त्रे तत्पुरुषं न्यस्य कर्णयोस्तु भवं न्यसेत् । नासिकायां न्यसेच्छर्वं भूतनाथं तथौष्ठयोः ॥ ५० ॥

હવે પછી સર્વે પાપોને નાશ કરનારી સાક્ષાત્ શંકરની આરાધનાવાલી શાંતિ લોકોના હિતને માટે કહું છું. શંકરે કહેલા પ્રકારવડે પ્રથમ તો ન્યાસ કરવાના છે. દર્ભના આસન ઉપર બેશીને કરન્યાસ કરવા. ૪૭–૪૮ મહેશાન દેવનો મસ્તકમાં ન્યાસ કરવો. શશિશેખર દેવનો શિખામાં ન્યાસ કરવો. કપાળમાં શાશ્વત ભગવાનનો ન્યાસ કરી, વિરૂપાક્ષનો બે નેત્રમાં ન્યાસ કરવો. ॥ ૪૯ ॥ મુખમાં તત્પુરૂષનો ન્યાસ કરી, બે કાનોમાં ભવનામક દેવનો ન્યાસ કરવો. નાસિકામાં સર્વ નામના દેવનો ન્યાસ કરી, ભૂતનાથનો બે ઓષ્ઠોમાં ન્યાસ કરવો. ॥ ૫૦ ॥

चिबुके तु न्यसेत् स्थाणुं गण्डयोश्च वृषाकपिम् ॥

श्रीकण्ठं कण्ठदेशे तु स्कन्धयोश्च वृषाकपिम् ॥ ५१ ॥
कूर्परे मणिबन्धे च ज्योतिर्लिङ्गं भवं क्रमात् ॥ कक्षयो-
र्व्योमकेशं च वक्षस्येव वृषध्वजम् ॥५२॥ न्यसेदघोरं
स्तनयोरुदरे त्रिपुरान्तकम् ॥ कन्दर्पनाशनं नाभौ
कट्यां चाथ कपर्दिनम् ॥५३॥ लिङ्गे न्यसेद्वामदेवं गुदे
कालान्तकं तथा ॥ ऊर्वोस्तु धूर्जटिं न्यस्य जान्वोस्त्रिन-
यनं न्यसेत् ॥५४॥ जङ्घयोर्नीलकण्ठं च गुल्फयोर्नील-
लोहितम् ॥ अङ्गुष्ठयोर्न्यसेदुग्रं शङ्करं त्वङ्गुलीषु च ॥५५॥

દાઢીમાં સ્થાણુદેવનો ન્યાસ કરવો. બે બાજુ ગાલ ઉપર વૃષાકપિ-દેવને, કંઠભાગમાં શ્રીકંઠને. બે ખભાઓ ઉપર વૃષાકપિને, ॥ ૫૧ ॥ કોણીમાં જ્યોતિર્લિંગનો, કાંડામાં અનુક્રમે ભવદેવનો ન્યાસ કરવો. બે બગલોમાં વ્યોમકેશને, છાતીમાં વૃષધ્વજને, ॥ ૫૨ ॥ બે સ્તનો ઉપર અઘોરને, પેટ ઉપર ત્રિપુરાન્તકને, નાભિમાં કંદર્પનાશનદેવને, અને કમ્મ-રમાં કપર્દિભગવાનનો ન્યાસ કરવો. ॥ ૫૩ ॥ લિંગમાં વામદેવને, ગુદામાં કાલાન્તકને, બે સાથળોમાં ધૂર્જટિને ન્યાસ કરી, બે જાનુમાં ત્રિનયનનો ન્યાસ કરવો. ॥ ૫૪ ॥ ઢીંચણની નીચે જંઘામાં નીલકંઠને, પગની ઘુંટી-ઓમાં નીલલોહિતને, પગના અંગુઠાઓમાં ઉગ્રદેવને અને આંગળીયોમાં શંકરનો ન્યાસ કરવો. ॥ ૫૫ ॥

पादयोश्च न्यसेत्सर्वं कवचे च कपालिनम् ॥ अस्त्रे
पाशुपतास्त्रं च श्रीस्थाणुं हुं फट् इत्यथ ॥ ५६ ॥ पूर्वे
सदाशिवः पातु शङ्करः पातु दक्षिणे ॥ पश्चिमायां
त्रिनेत्रश्च शाश्वतश्चोत्तरे तथा ॥ ५७ ॥ ऐशान्यामव-

तादीश आग्नेय्यां च भवस्तथा ॥ नैर्ऋत्यां वामदेवश्च वायव्यां च परात्परः ॥ ५८ ॥ ऊर्ध्वे श्रीकण्ठदेवोऽपि ह्यधस्तान्नीललोहितः ॥ एवं दश दिशो रक्षेत् त्र्यम्बकः पातु सर्वतः ॥ ५९ ॥ एवं न्यासविधिं कृत्वा साक्षाच्छिवमयो भवेत् ॥ अथ ध्यानं प्रवक्ष्यामि सर्वपापहरं शुभम् ॥ ६० ॥

બે પગોમાં સદ્યોજાતદેવને, કવચમાં (બખતરમાં) કપાલિદેવને, અસ્ત્રમાં પાશુપતાસ્ત્રને, શ્રીસ્થાણુદેવને હું ફટ્ એવો ન્યાસ કરવો. ॥૫૬॥ પૂર્વદિશામાં સદાશિવ હમારૂં રક્ષણ કરો અને દક્ષિણદિશામાં શંકર ભગવાન્ હમારૂં રક્ષણ કરો. પશ્ચિમદિશામાં ત્રિનેત્ર અને ઉત્તરમાં શાશ્વતદેવ હમારૂં રક્ષણ કરો. ॥ ૫૭ ॥ ઈશાન કોણમાં ઈશ રક્ષણ કરો. અગ્નિકોણમાં ભવદેવ રક્ષણ કરો. નૈર્ઋત્યમાં વામદેવ, વાયવ્યમાં પરાત્પર ભગવાન્ રક્ષણ કરો. ॥ ૫૮ ॥

ઉપરના ભાગમાં શ્રીકંઠદેવ રક્ષણ કરો. નીચે નીલલોહિત રક્ષણ કરો. અને દશે દિશાઓમાં ચારે બાજુથી ત્ર્યંબક દેવ રક્ષણ કરો. ॥૫૯॥ એપ્રમાણે ન્યાસ કરનાર ન્યાસ કરવા થકી પોતે સાક્ષાત્ શંકરરૂપ બની જાય છે. હવે પછી સર્વે જાતના પાપોને હરણ કરનાર પવિત્ર શિવજીનું ધ્યાન કેમ કરવું તે આગળ ઉપર હું કહીશ. ॥ ૬૦ ॥

ध्यायेच्छिवं च पञ्चास्यं त्रिनेत्रं कमलासनम् ॥ स्फटिकाद्रिनिभं देवं कुठारेण वराभयम् ॥६१॥ दधानं सुप्रसन्नं च चन्द्रालङ्कृतशेखरम् ॥ स्तुतं समन्तादमरैः प्रसादनिरतं सदा ॥६२॥ शिवापामार्जने चास्मिन्नृषि-

माहं सदाशिवः ॥ अनुष्टुप्छन्द इत्येव देवता च महे-
श्वरः ॥ सर्वपीडा सर्वबाधा रोगाश्चैव न संशयः ॥
इत्याद्यरिष्टशान्त्यर्थं क्षिप्रारोग्यार्थमेव च ॥६४॥ अप-
मृत्योर्विनाशाय सुस्वारोग्यार्थमेव च ॥ बह्वायुष्यस्य
प्राप्त्यर्थं विनियोगः प्रकीर्तितः ॥ ६५ ॥

હવે શિવનું ધ્યાન કરવાનું કહે છે. શિવને પાંચ મુખ છે. ચાર દિશામાં ચાર, અને એક સર્વે મસ્તક ઉપર છે. તેવા, પાંચમુખવાલા, અને ત્રણ નેત્રવાળા ચંદ્રમાવડે જેમનો મુકુટ સુશોભિત છે સ્ફટિક મણિના પર્વત જેવા શુભ્રવર્ણવાળા, એક હાથમાં ફરશી અને બીજા હાથવડે ભક્તોને વરદાન અને અભયદાન મુદ્રા ધારણ કરનાર, કમળના આસન ઉપર વિરાજમાન. ચારે બાજુથી દેવોવડે સ્તુતિ કરાયેલા, હમેશાં ભક્તો ઉપર પ્રસન્ન થઈ કલ્યાણ કરવામાં જ તત્પર રહેનાર એવા. ભગવાન્ શિવનું ધ્યાન કરવું. ॥ ૬૧ ॥ ૬૨ ॥ શિવ કહે છે કે આ શિવા-પામાર્જન સ્તોત્રમાં હું સદાશિવ ઋષિ છું, અનુષ્ટુપ્ છન્દ છે, મહેશ્વર દેવતા છે. ॥ ૬૩ ॥ અને સર્વે પ્રકારની પીડા સર્વે પ્રકારના રોગો ઇત્યાદિ દુઃખોની શાંતિ માટે જલદી રોગમાંથી મુક્ત થઈ આરોગ્ય પ્રાપ્ત કરવા માટે, અને અપમૃત્યુ અકાળમૃત્યુનો નાશ થવા માટે. આરોગ્યપૂર્વક સ્વસ્થતા રહે તે માટે, ઘણું લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરવા માટે, આ સ્તોત્રનો પાઠમાં વિનિયોગ કરવો કહેલો છે ॥ ૬૪–૬૫ ॥

नमोऽस्तु स्थाणुरूपाय ज्योतिर्लिङ्गामृतात्मने ॥
चतुर्मुखवपुस्थाय भूषिताङ्गाय शम्भवे ॥ ६६ ॥ नमः
कृत्वा प्रवक्ष्यामि यत्तत्सिध्यतु मे वचः ॥ नमो विरिञ्चि
विश्वेश देवेश परमात्मने ॥६७॥ सर्गस्थितिप्रसंहार-

व्यापृतव्यक्तमूर्तये ॥ मणिमन्त्रौषधादीनां शक्तिरूपाय शम्भवे ॥ ६८ ॥ नमस्ते विश्वरूपाय रक्षोभूतविषच्छिदे ॥ गदागदाय गदिने दुःखादीनां निवारिणे ॥६९॥ सभ्याय श्वेतरूपाय वाग्विशुद्धाय शार्ङ्गिणे ॥ नमः कृत्वा प्रवक्ष्यामि यत्तत्सिध्यतु मे वचः ॥ ७० ॥

સ્થિરરૂપવાળા, સૃષ્ટિના પહેલાં આરંભમાં તેજરૂપ, લિંગસ્વરૂપ, અમૃતરૂપ, ચારમુખવાળા બ્રહ્માના શરીરમાં રહી સૃષ્ટિ રચવાની શક્તિ આપવાવાળા, શંભુ પરમાત્માને નમસ્કાર હો. શંકરને નમસ્કાર કરી હું એટલું જ માગું છું કે જે મારૂં વચન સિદ્ધ થાઓ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એવી ત્રણ મૂર્તિઓ એક હોવા છતાં પણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને માટે, પૂર્વે કહેલી ત્રણમૂર્તિ ધારણ કરનાર, મણિ એટલે ચિંતામણિ (જે પાસે હોવાથી ઇચ્છેલા મનોરથને પ્રાપ્ત કરનાર) અને મંત્રો ઔષધો તેમાં જે કાંઈ વિશેષ શક્તિ છે તે શંકરની જ છે, તેવા શંકરને નમસ્કાર હો. ॥ ૬૬–૬૭–૬૮ ॥ જગત જેમનું સ્વરૂપ છે તેવા, રાક્ષસો, ભૂતપ્રેતો, તથા વિષ, એમની પીડાઓને તુરત છેદી નાંખનાર, રોગોનું નિવારણ કરનાર, ગદા ધારણકરી દુઃખોનું નિવારણ કરનાર એવા, ભગવાન શંકરને નમસ્કાર હો. ॥૬૯॥ સભામાં વિરાજમાન, શ્વેત વર્ણ વાળા, શુદ્ધવાણી સ્વરૂપ, શૃંગનું પિનાક ધનુષ ધારણ કરનાર પ્રભુને નમસ્કાર કરી મારૂં વચન સિદ્ધ થાઓ એમ માગું છું. ॥ ૭૦ ॥

सद्योजाताय देवाय नमस्तेऽस्तु भवोद्भव ॥ नमः कृत्वा प्रवक्ष्यामि यत्तत्सिध्यतु मे वचः ॥ ७१ ॥ नमो ज्येष्ठाय रुद्राय वामाय विष्णुमूर्त्तये ॥ नमः० ॥ ७२ ॥ नमः कालाय चक्राय कारणाय नमो नमः ॥ नमो

बलविकाराय बलप्रमथनाय च ॥ ७३ ॥ मनोन्मनाय महसे सर्वभूतहिताय ते ॥ नमः कृत्वा० ॥७४॥ अघोरायाथ घोराय घोरघोरतराय च ॥ महादेवाय पीताय नमस्तत्पुरुषाय च ॥ ७५ ॥ सर्वतः सर्वगर्वाय रुद्ररूपाय ते नमः ॥ नमः कृत्वा० ॥ ७६ ॥ जगद्बेधाय सोमाय सर्वलोकहिताय वै ॥ नमः० ॥ ७७ ॥ ईशानाय नमस्तुभ्यं पशूनां पतये नमः ॥ द्वात्रिंशदक्षरं सत्यं चतुर्विंशकलात्मकम् ॥ ७८ ॥ स्फटिकाचलवद्गौरं वन्दे त्रिजगतां पतिम् ॥ सर्वदेवमयं देवं सर्ववेदमयं शिवम् ॥ ७९ ॥ सर्वव्याधिहरं नित्यं वन्दे त्रिजगतां पतिम् ॥ द्वात्रिंशदक्षरो घोरस्त्रयोदशपदो ग्रहः ॥ ८० ॥

"હવે સદ્યોજાતાદિ શિવના પાંચ મહામંત્ર છે તેમાં આવેલાં નામોને નમસ્કાર કરે છે" સદ્યોજાતદેવને નમસ્કાર છે, હે ભવોદ્ભવ તમને નમસ્કાર છે. તેમને નમસ્કાર કરી, ॥૭૧॥ જ્યેષ્ઠદેવને, રૂદ્રને, વામદેવને, વિષ્ણુમૂર્તિ ધારણ કરનારને, નમસ્કાર કરી વચનસિદ્ધિ માગું છું ॥ ૭૨ ॥ કાળરૂપ, સુદર્શનચક્રરૂપ, જગતના કારણરૂપ. આપને નમસ્કાર છે. અનેક બળના વિકારરૂપે થનાર દુષ્ટ દૈત્યોના બળોને નાશકરનાર, મનોન્મન જેમનું નામ છે તેવા સર્વે પ્રાણિયોનું હિતકરનાર, તેજરૂપ, આપને નમસ્કાર છે. ॥ ૭૩–૭૪ ॥ અઘોર એટલે ભયંકર અને શત્રુઓને દુષ્ટોને ઘોર અને અતિશય ઘોરરૂપ એવા, કોઈ વખતે પીળું રૂપ ધારણ કરનાર પરમાત્મા પરબ્રહ્મપુરુષ મહાદેવને નમસ્કાર છે. ॥ ૭૫ ॥ સર્વે ઠેકાણે અહંકારરૂપે રહેલા, રુદ્રરૂપે તમને નમસ્કાર છે. નમસ્કાર કરી

વચનસિદ્ધિ માગું છું. ॥ ૭૬ ॥ જગતને ઉત્પન્ન કરનાર, સર્વેલોકોનું હિતકરનાર, સોમરૂપ પરમાત્મા શંકરને નમસ્કાર કરીને, ॥૭૭॥ ઈશાન ભગવાનને નમસ્કાર હો. પણ એટલે અજ્ઞાનીને જ્ઞાન આપી રક્ષણ કરનાર તમને નમસ્કાર છે. જેમના મંત્રોમાં બત્રીશ અક્ષર અને ચોવીસ કલા જે મંત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તે સ્વરૂપવાળા, સ્ફટિકના પર્વત જેવા. ઐશ્વર્યવાળા, ત્રણ જગતના પતિ, સર્વદેવસ્વરૂપ, સર્વવેદસ્વરૂપ, બધી જાતના રોગોનું હરણ કરનાર, ત્રિભુવનના સ્વામિ, ભગવાન્ શંકરને હું વન્દન કરૂં છું. ॥ બત્રીશ અક્ષરવાળો મંત્ર, અને તેર પદવાળો મંત્ર. મંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે છે તેને નમસ્કાર કરૂં છું ॥ ૮૦ ॥

अनुष्टुप् त्वं चतुर्वाक्यं दिशातु प्राणिनां भवः ॥ सर्वशत्रुविषोन्मादवायुक्षतिनिवारिणे ॥ ८१ ॥ पराय बहुरूपाय व्याधिघ्नाय नमो नमः ॥ वेदाक्षरेण रक्ष त्वं प्राणिनां हितकाम्यया ॥ ८२ ॥ रक्ष रक्ष महादेव छिन्धि छिन्धि महेश्वर ॥ छिन्धि देव व्यथां घोरां मर्दमर्दाभिचारिकीम् ॥ ८३ ॥ मृत्युञ्जय जयाराति विषं शोषय शोषय ॥ दुष्टं यद्दुरितं देव फट् फट् रक्ष च शङ्कर ॥८४॥ स्त्रीपुंसयोर्गदानुग्रान् देवमानुषयोस्तथा ॥ शमं नय शिवान्येषां प्रयच्छोमापते सुखम् ॥ ८५ ॥

અનુષ્ટુપ્ છન્દરૂપ તમે છો. ભવ નામના શંકર ॥ तत्त्वमसि ॥ त्वं ब्रह्म । अयमात्मा ब्रह्म ॥ आत्मैवेदं सर्वम् ॥ એ ચાર વાક્યો જેમનો અનુભવ કરવાથી મુક્ત થવાય તેવાં ચાર વાક્યોનું પ્રાણિઓને જ્ઞાન આપો. કારણ કે સર્વવિદ્યાઓના જ્ઞાનદાતા ગુરુ શંકર છે. સર્વશત્રુ, ઘેલાપણું, વાયુરોગ તેમની પીડાને નિવારણ કરનાર, પરથી પર અનેક રૂપવાળા, વ્યાધિનો નાશ

करनार प्रभुने वारंवार नमस्कार छे. प्राणियोनुं हित करवानी इच्छाथी वेदोना अक्षरोवडे सर्वेनुं रक्षण करो ॥ ८२ ॥ हे महादेव हमारुं रक्षण करो. भयंकर व्यथाने छेदी नांखो. मूठचोट विगेरे अभिचार क्रियाने दूर करो. मृत्युरूप महाशत्रुने कृतिने बचावो. विघ्नने सुकाविघो. हमारुं जे दुष्ट पाप होय तेने जलदीथी नाशकरी रक्षण करो. ॥८४॥ हे शंकर. उमाना पति, स्त्रियो अने पुरुषोना जे भयंकर रोगो होय. तेमने अने देवताओना मनुष्योना, बधा रोगोने अने बीजा सर्वे प्राणियोना रोगोने शांत करो, अने सौने सुख आपो. ॥ ८५ ॥

दुःस्वप्नं दुर्निमित्तं च तथोत्पातं च दारुणम् ॥ तत्तद्रूपं समास्थाय भंग्धि भंग्धि जगत्पते ॥८६॥ नमश्चायाय प्रोद्भूतभूतभीतात्मनो भुवः ॥ भूरि भारार्त्तिसंहर्त्रे भूतनाथाय शम्भवे ॥८७॥ शिवविश्वेश्वरानन्दनामोच्चारणभेषजात् ॥ नश्यन्ति सकलारोगाः सत्यं सत्यं वदाम्यहम्॥८८॥ सत्यं सत्यं पुनः सत्यमुद्धृत्य भुजमुच्यते ॥ वेदाच्छास्त्रं परं नास्ति न देवः शङ्करात्परः ॥८९॥ विश्वरूपाय विधिवत्कालकूटविषादिने ॥ नकुलकण्ठाङ्कितग्रीवनीलकण्ठाय ते नमः ॥ ९० ॥

निद्रामां खराब स्वप्न आवतां होय अने खराब अपशकुन थतां होय, दारुण उत्पातो जोवामां आवे, ते सर्वेने. जेने माटे जे रूप जोइए तेवुं धारणकरी जगदीश्वर तेनो नाश करो. ॥ ८६ ॥ सर्वेना आदिमां रहेवा पोताना उपर दुष्ट प्राणियो उत्पन्न थवाथी महाभयभीत थयेली पृथ्वीना घणा वधी पडेला भारने उतारी सुख उत्पन्न करनार भूतपति आपने नमस्कार छे. ॥ ८७ ॥ हे शिव, हे विश्वेश्वर, हे आनंदरूप एवा तमारा

નામનું ઉચ્ચારણ કરવું તે રૂપી ઔષધથી સર્વ જાતના રોગો નાશ પામી જાય છે તે ખરેખર જ સત્ય કહું છું ॥ ૮૮ ॥ હું વારંવાર હાથ ઉંચો કરી બૂમમારીને લોકોને કહું છું કે વેદ કરતાં કોઈ મોટું શાસ્ત્ર નથી. અને શંકર કરતાં મોટા બીજા કોઈ દેવ નથી. ॥૮૯॥ આખા વિશ્વનું રૂપ ધારણ કરનાર, સમુદ્ર મન્થન કરતાં નીકળેલા કાલકૂટ હલાહલ ઝેરને રીતસર વિધિ પ્રમાણે ભક્ષણ કરનાર, નકુલનો કંઠ કે જે સર્પ વિગેરેના વિષનો નાશ કરે છે, તે જેમની ડોકમાં છે અને વિષ પાનકરી જગતનો મહાન્ ઉપકાર કરવાથી, જેમનો કંઠ કાળો થવાથી નીલકંઠ નામ પડેલું છે તેવા, તમને નમસ્કાર છે. ॥ ૯૦ ॥

शिवशङ्करगौरीशनामोच्चारणभेषजात् ॥ नश्यन्ति सकला रोगाः सत्यं सत्यं वदाम्यहम् ॥ ९१ ॥ नमो देहार्धकान्ताय दग्धदक्षाध्वराय च ॥ चतुर्वर्गेष्वभीष्टार्थदायिने पालिने गवाम् ॥९२॥ स्थूलाय मूलभूताय शूलदारितविद्विषे ॥ कालहर्त्रे नमश्चन्द्रखण्डमण्डितमौलये ॥ ९३ ॥ दिग्वाससे कपर्दिने धृताहिसरिदिन्दवे ॥ देवीदैत्यासुरेन्द्रादिमौलिघृष्टाङ्घ्रये नमः ॥९४॥ व्यक्ताव्यक्तस्वरूपाय शङ्कराय नमो नमः ॥ नमोऽन्तकान्धरिपवे त्रिपुरद्विष ते नमः ॥ ९५ ॥

શિવ, શંકર, ગૌરીપતિ એવા નામોના ઉચ્ચારણરૂપી ઔષધથી સકલ રોગો નાશ પામે છે તે સત્ય સત્ય હું કહું છું ॥ ૯૧ ॥ જે ભગવાન્ શંકરના અર્ધા ડાબાઅંગમાં પાર્વતીજી રહ્યાં છે એવા અર્ધનારીશ્વરરૂપ દક્ષ પ્રજાપતિના યજ્ઞને બાળી ભસ્મ કરનાર, ધર્મ, અર્થ, કામ,

મોક્ષ એ ચારે પુરુષાર્થોમાં ભક્તોની ઇચ્છા પ્રમાણે અર્પણ કરવાવાળા, ગૌનું પાલન કરનાર, અથવા ગો એટલે ઇન્દ્રિયોને શક્તિ આપનાર પ્રાણિઓના આત્મારૂપે વ્યાપી રહેલા, સ્થૂલવિરાટ્રૂપવાળા, જગત્ના મૂળ આધાર, ત્રિશૂલવડે શત્રુઓને મારી નાંખનાર, આવેલા કાળ મૃત્યુને પાછો કાઢી ભક્ત માર્કંડેય જેવાને બચાવનાર, અર્ધચન્દ્રવડે જટામુકુટ શોભી રહ્યો છે તેવા, દિશારૂપી વસ્ત્રને ધારણ કરનાર, નગ્નસ્વરૂપ, કપર્દ નામની જટાને ધારણકરી, તેમાં સર્પ ગંગા અને ચંદ્રને રાખનાર, અનેક દેવી, દૈત્યો, અસુરેન્દ્રો વિગેરે સર્વલોકોના મુકુટોવડે જેમના ચરણ ઘર્ષણ થયેલા છે અર્થાત્ પોતાના મુકુટો ચરણમાં નમાવે છે તેવા ભગવાનને નમસ્કાર છે. ॥ ૯૪ ॥ ખુલું સ્વરૂપ ભક્તોને દેખાડનાર, અને અભક્તોને ક્યાંઈ પણ સ્વરૂપ જોવામાં ન આવે તેવા શંકરને નમસ્કાર છે. મૃત્યુ અને અંધકાસુર દૈત્યના શત્રુ, અને ત્રિપુરાસુરદૈત્યનો નાશકરનાર પ્રભુને નમસ્કાર છે. ॥ ૯૫ ॥

नमो द्विरदवरदवराहिभयभेदिने ॥ विषासिक्तमणिकुण्डलवुद्धमूर्तये नमः ॥ ९६ ॥ सदानरकभीतिघ्ने भवमोहरिपुघातिने ॥ सर्वज्ञमूर्तये नित्यं तुभ्यं प्रभवते नमः ॥९७॥ ज्वलत्पावकनेत्राय सर्वग्रहविमोचिने ॥ कल्याणं सर्वलोकानां सुखमायुः समादिश ॥९८॥ शान्तिरस्तु शिवं चास्तु सुप्रसन्नोऽस्तु शङ्करः ॥ मरुतो मारुतो दुर्गा भैरवश्च दिगीश्वराः ॥९९॥ शान्तिं दिशन्तु नः सर्वे शिवाराधनतत्पराः ॥ गणेश्वराश्च रुद्राश्च एकादशविधा अपि ॥ आयुरारोग्यदाः सन्तु प्राणिनां हितकाम्यया ॥ १०० ॥

જે ગજનું ચર્મ ધારણ કર્યું છે તે ગજને વરદાન આપી ઉદ્ધાર કરનાર મોટા સર્પના ભયનો નાશ કરનાર, વિષધર નાગના મણિઓથી જડિત કુંડલવડે સુશોભિત મૂર્તિવાળાને નમસ્કાર છે. ॥૯૬॥ હંમેશ નરકના ભયનો નાશ કરનાર સંસારના મોહરૂપી શત્રુનો નાશકરવા વાળા સર્વજ્ઞ ઇશ્વર આપ સમર્થને નમસ્કાર છે. ॥૯૭॥ સળગતા અગ્નિ જેવાં નેત્રવાળા, દરેક જાતની પીડાઓમાંથી મુક્ત કરનાર આપને નમસ્કાર છે. સર્વ લોકોનું કલ્યાણકરી સુખ અને દીર્ઘાયુષ્ય આપો. ॥ ૯૮ ॥ સર્વલોકોમાં શાંતિ રહો. સર્વ સુખી રહો. ભગવાન્ શંકર પ્રસન્ન થાઓ. સર્વદેવો, વાયુ, દુર્ગા, ભૈરવ, અને દિશાઓ, એ બધા શિવારાધનમાં તત્પર રહી સૌને શાંતિ આપો. ગણોના સ્વામિઓ, અને એકાદશ રુદ્રો પણ સર્વપ્રાણિઓના હિતની ઇચ્છા કરી, સૌને આયુષ્ય આરોગ્ય આપવાવાળા થાઓ. ॥૧૦૦॥

यत एवागतं पापं तत्रैव प्रतिगच्छतु ॥ एतद्ग्रहादि-पीडासु जन्तूनां हितमिच्छता ॥ १०१ ॥ अपामार्जनकं शस्त्रं शिवनामाभिरक्षितम् ॥ कुर्याच्छिवाज्ञया तस्य ग्रहरोगादिनाशनम् ॥ १०२ ॥ भवेत्तु निश्चितं तस्मा-त्कुर्यात्सर्वप्रयत्नतः ॥ दुर्वासा उवाच ॥ इत्येषा देवदेवेन शम्भुना च स्वयम्भुवे ॥१०३॥ उपदिष्टा परा शान्तिः प्राणिपीडाहरा सदा ॥ देवैश्च मुनिभिः सर्वैः कृत्वा भक्तिसमन्वितैः ॥१०४॥ गृहीता परया भक्त्या सर्व-लोकहिताय च॥ यक्षराक्षसवेताला भूतापस्मारखेचराः ॥१०५॥ डाकिनी शाकिनी कृत्या महामारी च पूतना ॥ बालानां ये ग्रहाः केचिद् यूनां स्त्रीणां च ये ग्रहाः

॥ १०६ ॥ ते सर्वे च पलायन्ते गजामीकं हरेर्यथा ॥ तस्मात्सर्वप्रयत्नेन कुर्याच्छान्तिमिमां शुभाम् ॥१०७॥

જે બાજુથી પાપ તથા દુઃખ આવ્યું હોય તે ત્યાંજ પાછું જાય. આ સ્તોત્રનો ક્યારે પાઠ કરવો તે કહે છે. જ્યારે ગ્રહ અથવા રોગ, ભૂતપ્રેત વિગેરેની પીડાથતી હોય, તેથી દુઃખ પામતા પ્રાણિયોનું ભલું ઇચ્છનાર વિદ્વાન બ્રાહ્મણે શિવનામવડે રક્ષણ કરાયેલા, આ શિવાપામાર્જનસ્તોત્રનો પાઠ, જપ વિગેરે કહેલો વિધિ કરવો. શિવની આજ્ઞાવડે, પાઠ કરનાર માણસ ગ્રહરોગો વિગેરેની પીડાઓનો નાશ કરી શકે છે. ॥૧૦૨॥ માટે દરેક પ્રયત્નથી પણ સ્તોત્રનો જપ કરવો, તેથી ઉપર કહેલું ફળ જરૂર જરૂર થાય છે. દુર્વાસા મુનિએ કહ્યું કે એપ્રમાણે દેવોના દેવ સાક્ષાત્ શંકર ભગવાને, પ્રાણિમાત્રની પીડાને હરણ કરનારી, સારામાં સારી, આ શાંતિ બ્રહ્માજીને ઉપદેશકરી સંભળાવી છે. બ્રહ્માજી પાસે બેઠેલા દેવો મુનિયો બધાઓએ પરમ ભક્તિયુક્ત થઇને ગ્રહણ કરી છે, સર્વેલોકોના ભલામાટે ધારણ કરી છે. યક્ષ રાક્ષસ વેતાલ ભૂતપ્રેત વિગેરે દુષ્ટ દેવો, વાઈ વિગેરે રોગો, ડાકેણ શાકિની યોગિનીયો, મહામારી (કોલેરા) પૂતના વિગેરે બાલકોને ભય આપનાર દુષ્ટ ભૂતો, યુવાનોને અને સ્ત્રીયોને જે જે પીડા દેનાર દુષ્ટ ગ્રહો હોય તે બધા આ શાંતિ કરવાથી સિંહની ગર્જનાથી જેમ હાથીઓનું ટોળું નાશી જાય તેમ સર્વે પીડાઓ પલાયન કરી જાય છે. તે કારણથી ગમે તેમ પ્રયત્ન કરીને પણ શુદ્ધ, પવિત્ર, તત્કાલ ફળ આપનારી, આ શાંતિને જરૂર કરવી. ॥ ૧૦૭ ॥

अकालमृत्युं जितवाञ्छ्वेतो राजा पठन् पुरा ॥ पश्येमां परमां विद्यां शिवरूपां तु जैमिने ॥१०८॥ सर्वज्वरादिपीडानां विद्यया जैमिनेऽनया ॥ भक्त्या भावितया नाशः सम्यक् समुपजायते ॥१०९॥ सम्यक् शिवा-

र्चनं कृत्वा जनाः शान्तिं पठन्ति ये ॥ शृण्वन्ति च न तेषां वै ग्रहपीडाभयं क्वचित् ॥११०॥ शिवां शान्तिमिमां भक्त्या शृणुयाच्छ्रावयेच्च यः॥ सम्प्राप्नोति शिवान्कामान् प्रकृष्टारोग्यमेव च ॥ १११ ॥ न तस्य विग्रहो घोरो नमते यः सदा शिवम् ॥ मन्त्राणां परमो मन्त्रो न भयं दुःखदुर्मती ॥ ११२ ॥

દુર્વાસામુનિએ કહ્યું કે હે જૈમિનિઋષિ. શ્વેતનામનો રાજા જે વિધાનો પાઠકરવાથી અકાલ મૃત્યુને પૂર્વકાલમાં જીત્યો હતો, એવા પ્રકારની ઉત્તમ શિવરૂપ પ્રાપ્ત કરનારી આ વિદ્યાને તમે જુવો. એટલે અનુભવ કરી જુવો. ॥૧૦૮॥ હે મુને ! આ વિદ્યાનો પરમભક્તિ અને પ્રેમવડે પાઠ કરી સિદ્ધ કરી હોય તો સર્વેજાતની જ્વર રોગ ભૂતપ્રેતાદિ પીડાઓનો સમૂળથી નાશ થઈ જાય છે. ॥૧૦૯॥ જે લોકો પ્રેમપૂર્વક શિવપૂજન કરી આ શિવાપામાર્જનશાંતિનો પાઠ કરે. અથવા શ્રવણકરે તેમને ગ્રહપીડાથી કોઇ પ્રકારનો ભય થાતો જ નથી. ॥ ૧૧૦ ॥ કલ્યાણકારક આ શાંતિને ભક્તિવડે શ્રવણ કરે, અથવા બીજાને સંભળાવે, તે પોતાના શુભ મનોરથોને અને ઉત્તમ પ્રકારના આરોગ્યને પ્રાપ્ત કરે છે. ॥૧૧૧॥ જે માણસ શિવને પ્રણામ કરે, અને ઉત્તમ મંત્ર શિવપંચાક્ષરનો જપ કરે. તેને કોઈ સાથે ભયંકર કજીઓ અથવા દુઃખ કે દુર્બુદ્ધિ થતી નથી. ॥ ૧૧૨ ॥

हिताय सर्वलोकानां सुखमायुः समादिशेत् ॥ स ब्रह्मा स हरिश्चैव स शक्रो वरुणो यमः ॥११३॥ धनाध्यक्षः स भगवानिदं हि सकलं जगत् ॥ सुखाराध्यो महातेजास्तपसा यः सुतोषितः ॥११४॥ ददाति कृत्स्नं

त्रैलोक्यं त्रैलोक्यादधिकं च यत् ॥ गुणाञ्शम्भोर्न शक्तास्ते यस्य वक्तुमजादयः ॥११५॥ मन्वन्तरशतेनापि तं शिवं शरणं व्रज ॥ कामस्य नाशनं शुद्धं सर्वतोमुखमव्ययम् ॥११६॥ तमाराध्येह तत्कोऽत्र प्राप्नुयान्न परं सुखम् ॥ शिवः सर्वं शिवः सर्वं शिवःसर्वं पुनः पुनः ॥११७॥ सर्वं शिवमयं ज्ञेयं वक्ता वाच्यं च तन्मयम् ॥ शान्तिरस्तु शिवं चास्तु दुःखमस्य प्रशाम्यतु ॥११८॥ दुःखस्य प्रशमनमस्तु ॥ हर ॐ ॥ श्रीरस्तु ॥ इति श्रीसदाशिवाजसंवादे शिवापामार्जनस्तोत्रं सम्पूर्णम् ॥

જે ભગવાન્ શંકર, સર્વલોકોના હિતને માટે દીર્ઘ આયુષ્ય, પરમ સુખ તથા મોક્ષ આપે છે. તેજ શંકર સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે બ્રહ્મા થાય છે પાલનને માટે હરિરૂપ ધારણ કરે છે. તેમજ ઇન્દ્ર, વરૂણ, યમરાજ, કુબેર એ બધા દેવરૂપે થઈ સમગ્ર જગતનું પાલન કરે છે. જે ભગવાન્ શિવ સુખથી આરાધન કરી શકાય એટલે જલદી પ્રસન્ન થાય છે. મનુષ્યના તપ કરવાથી, મહાતેજસ્વી છતાં તરત પ્રસન્ન થઈ ત્રૈલોકયનું રાજ્ય જોઇતું હોય, તો પણ તે આપે છે અથવા તે કરતાં અધિક જોઇએ તો પણ આપે છે. એવા ભોળા શંકરના ગુણોને ગણવા માટે બ્રહ્માદિ દેવો અને સરસ્વતી પણ પાર પામવાને શક્તિમાન્ નથી. ॥૧૧૫॥ ચારયુગ એકોતેર "૭૧" વખત ફરી જાય, ત્યારે એક મન્વન્તર થાય છે. તેવા સેંકડો મન્વન્તરો સુધી દુનીઆમાં જન્મ મરણ લીધા કરો પણ કામને બાળી ભસ્મ કરનાર સર્વજ્ઞ પંચમુખવાળા શિવજીને શરણે જઈશ તો જ તારૂં કલ્યાણ થશે. ॥ ૧૧૬ ॥ તેવા ભગવાન્ શંકરની આરાધના કરનાર કયો મનુષ્ય આ લોકમાંથી પાર ઉતરી પરમ સુખ મોક્ષ સુખને નથી પામ્યો?

અર્થાત્ જરૂર મોક્ષ મેળવી શકે છે. આ જગત્ બધું શિવરૂપ છે. વારંવાર કહેવાનો મતલબ કે, જે કાંઈ વિશ્વમાં જોવામાં આવે છે તે બધું શિવરૂપ જ છે. જડ, ચેતન, બોલનાર અને કહેવાની વસ્તુ, એ બધુંએ શિવમય છે આ પ્રમાણે સ્તોત્રનો જપ કરવાથી જે રોગી અથવા દુઃખી હોય, તેને શાંતિ થાય. તેનું કલ્યાણ થાય અને સર્વ જાતનું દુઃખ શાંત થઈ જાય. હે પ્રભો! આ મનુષ્યના દુખને શાંત કરો. 'ૐ હરહરમહાદેવ' એ પ્રમાણે સદાશિવ અને બ્રહ્માના સંવાદમાં શિવાપામાર્જનનામનું સ્તોત્ર સમાપ્ત થયું.

शिवापराधक्षमापनस्तोत्रम् ॥

आदौ कर्म्मप्रसङ्गात्कलयति कलुषं मातृकुक्षौ स्थितं मां विमूत्रामेध्यमध्ये व्यथयति नितरां जाठरो जातवेदाः ॥ यद्यद्वै तत्र दुःखं व्यथयति नितरां शक्यते केन वक्तुं क्षन्तव्यो मेऽपराधः शिव शिव शिव भोः श्रीमहादेव शम्भो ॥ १ ॥

